



## શતાવધાની પંડિત

# શ્રી ધીરજલાલ શાહ

# જીવન દર્શન





પ્ર. પં. શ્રી ધીરજલાલ શાહ સન્માન સમિતિ - મુંબઈ.

રમણિક

શતાવધાની પંડિત

## શ્રી ધીરજલાલ શાહ

# જીવન-દર્શન

સંપાદકો :

શ્રી શાંતિકુમાર જે. ભટ્ટ એમ. એ. એલ. એલ. બી.
શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા
ડૉ. રમણલાલ સી. શાહ એમ. એ. પીએચ. ડી.
ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી એમ. એ. પીએચ. ડી.
પ્રા. કુમારપાળ દેસાઈ એમ. એ.

પ્રકાશક :

**શ્રી જયંત એમ. શાહ**

**શ્રી સુરેન્દ્ર એ. છેડા**

મંત્રીઓ :

**પંડિત શ્રી ધીરજલાલ શાહ સન્માનસમિતિ**

કે. જયંત એમ. શાહ એન્ડ કું.

લક્ષ્મી હાઉસ, ચોથે માળે,

૧૭૭-૭૯ કાલબાદેવી રોડ.

**મુંબઇ-૪૦૦૦૦૨**

પ્રાપ્તિસ્થાન :

**પ્રજ્ઞા પ્રકાશન મંદિર**

સધાભાઈ ગણપત બીલ્ડીંગ, બીજે માળે

૧૧૩-૧૫ કેશવજી નાયક રોડ (ચીંચબંદર).

**મુંબઇ-૪૦૦૦૦૯**

**પ્રકાશન મિતિ :**

વિ. સં. ૨૦૩૨ના કારતક વદિ ૫, રવિવાર

તા. ૨૩-૧૧-૭૫

પહેલી આવૃત્તિ


**મૂલ્ય રૂપિયા દશ**

મુદ્રક :

મણિલાલ છગનલાલ શાહ

ધી નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ

ઘીકાંટા રોડ, અમદાવાદ.



# પ્રકાશન અંગે

**મુંબઈ**-પાટકર હૉલમાં તા. ૨૪-૪-૭૫ રવિવારના રોજ ‘શ્રી પાર્શ્વ-પદ્માવતી આરાધના સમારોહ’ની ભવ્ય ઉજવણી થઈ હતી. એ વખતે મુંબઈના અનેક આગેવાનો, વિદ્વાનો, કાર્યકર્તાઓ તથા ધર્મ-સંસ્કારપ્રિય નર-નારીઓની ચિક્કાર હાજરી હતી. તેમાં પાંચ વિદ્વાનોના સન્માનનો પણ કાર્યક્રમ રખાયો હતો. એ પૂરો થયા પછી સમારોહના અધ્યક્ષ શ્રીમાન્ દીપચંદ એસ. ગાર્ડી ઊભા થયા. તેમણે ધીર ગંભીરભાવે કહ્યું : ‘જેમની વિદ્વત્તા અને કાર્યકુશલતાથી આપણે સહુ પ્રભાવિત છીએ, એવા શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહે સીત્તેરમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેમની દીર્ઘકાલીન સાહિત્ય અને સમાજસેવાને આપણે બિરદાવવી જોઈએ અને તેમનું જાહેર સન્માન કરવું જોઈએ.’ આ વસ્તુ આવશ્યક અને સમયસરની હતી, એટલે સહુએ તેને હર્ષનાદથી વધાવી લીધી.

તે પછી સમારોહના મંત્રી શ્રી જયંતભાઈ એમ. શાહે પ્રસ્તાવ કર્યો : ‘શ્રી ધીરજલાલભાઈના જાહેર સન્માનની સર્વ વ્યવસ્થા કરવા માટે આપણે ‘પંડિત શ્રી ધીરજલાલ શાહ સન્માનસમિતિ’ આજે જ નીમીએ. તેનો પણ સહુએ સાનંદ સ્વીકાર કર્યો, એટલે શ્રી જયંતભાઈએ સમિતિના ૫૧ સભ્યોની નામાવલી રજૂ કરી. મુંબઈના શ્રીમાન્, ધીમાન્ તથા કાર્યકુશલ અનેક મહાનુભાવોનો તેમાં સમાવેશ થતો હતો, એટલે સહુએ તેને સંમતિની મહોર મારી અને આ સમિતિનો યોગ્ય પ્રમાણમાં વિસ્તાર કરવાનું સૂચન કર્યું. શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા તથા શ્રી જયંતભાઈ તેના કન્વીનરો નિમાયા.

બંને કન્વીનરોએ આ કાર્યને આગળ ધપાવવા માટે તા. ૩-૫-૭૫ના રોજ સમિતિની સામાન્ય સભા બોલાવી તેમાં ૧૬ સભ્યોની કાર્યવાહક સમિતિની તથા પાંચ મંત્રીઓની નિમણૂક થઈ અને તેમને આ કાર્ય આગળ ધપાવવાની સત્તા આપવામાં આવી. અનુક્રમે આ સમિતિની સભ્યસંખ્યા ૧૦૧ સુધી પહોંચી.

કાર્યવાહક સમિતિની સભામાં સન્માન-સમારોહ ક્યાં કરવો ? ક્યારે કરવો ? કેવી રીતે કરવો ? એ બાબતની વિચારણા થતાં બિરલા માતુશ્રી સભાગાર અને તા. ૨૩-૧૧-૭૫ રવિવારની પસંદગી થઈ તથા એ વખતે અન્ય કાર્યક્રમ ઉપરાંત ‘**શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહ જીવન-દર્શન**’ ગ્રંથ પ્રકટ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. આ કાર્ય સફલતાથી કોણ પાર પાડી શકશે ? એ પ્રશ્નની વિચારણા થતાં નીચેના પાંચ મહાનુભાવોને તે માટે વિનંતી કરવાનો નિર્ણય થયો :-

(૧) **શ્રી શાંતિકુમાર જે. ભટ્ટ** એમ. એ., એલએલ બી.
(૨) **શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા**
(૩) ડૉ. **રમણલાલ સી. શાહ** એમ. એ., પી એચ. ડી.
(૪) ડૉ. **રુદ્રદેવ ત્રિપાઠી** એમ., એ. પી.એચ. ડી.
(૫) **પ્રા. કુમારપાળ દેસાઈ** એમ. એ.

આ રીતે વિનંતિ થતાં એ મહાનુભાવોએ પંડિતશ્રી પ્રત્યેના અત્યંત સદ્ભાવથી પ્રેરાઈને ગ્રંથ-સંપાદનની જવાબદારીનો સ્વીકાર કર્યો. અમને જણાવતાં આનંદ થાય છે કે આ મહાનુભાવો અન્ય

ઘણાં કાર્યોમાં રોકાયેલા હોવા છતાં તેમણે પોતાનો કિંમતી સમય આ માટે ફાજલ પાડયો અને ખૂબ જ પરિશ્રમ કરીને નિયત સમયમાં આ કાર્ય પૂરું કરી આપ્યું, તેથી જ આજે અમે આ ગ્રન્થનું પ્રકાશન કરી શકીએ છીએ. આ પાંચેય મહાનુભાવોનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

આ ગ્રન્થના તથા સમારોહના અન્ય ખર્ચને પહોંચી વળવા માટે આ ગ્રન્થના પાછલા ભાગમાં વિજ્ઞાપનો લેવાનો નિર્ણય કરવામાં આવ્યો અને તે અંગે પ્રવૃત્તિ શરૂ થઈ. પંડિત શ્રી ધીરજલાલભાઈ પ્રત્યે જૈન સમાજમાં ભારે આદરની લાગણી હોવાથી અમને ટૂંક સમયમાં જ જોઈતાં વિજ્ઞાપનો મળી ગયાં અને અમારો ઉત્સાહ વૃદ્ધિ પામ્યો. આ ગ્રન્થમાં વિજ્ઞાપન આપનાર સહુના અમે અત્યંત આભારી છીએ.


આ ગ્રન્થનું મુદ્રણકાર્ય સમયસર કેવી રીતે થશે? એ ચિંતાનો વિષય હતો, પરંતુ પંડિતશ્રીના ગાઢ સંબંધમાં આવેલા અમદાવાદના 'શ્રી નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ' અને મુંબઈના 'જવાહીર પ્રીન્ટીંગ પ્રેસ' એ જવાબદારી ઉપાડી લઈ અમને ચિંતામાંથી મુક્ત કર્યા, તે માટે તેમના પણ આભારી છીએ.

લગભગ ૧૭ રૂપિયાની પડતરનો આ ગ્રંથ અમે માત્ર રૂા. ૧૦ના મૂલ્યથી વિતરણ કરવાનો નિર્ણય કર્યો છે, જેથી સહુ કોઈ તેનો લાભ લઈ શકશે. સાહિત્યસર્જન, ચિત્રકલા, શતાવધાન, ગણિતસિદ્ધિના પ્રયોગો તથા જૈન સમાજની વિવિધ પ્રવૃત્તિઓમાં જેમને રસ છે, તેમણે આ ગ્રંથ અવશ્ય વસાવવો જોઈએ અને તેમાં જે બહુમૂલ્ય સામગ્રી આપવામાં આવી છે, તેનું શાંત ચિત્તે મનન કરવું જોઈએ. પુસ્તકાલયો માટે પણ આ ગ્રંથ અનિવાર્ય છે, એમ કહીએ તો અનુચિત નથી.

આ કાર્યમાં અમને એક યા બીજી રીતે સહકાર આપનાર પ્રત્યે અમે કૃતજ્ઞતાની લાગણી પ્રકટ કરીએ છીએ અને આ એક ગૌરવવંતા પ્રશસ્ત કાર્યમાં અમને યત્ કિંચિત્ સેવા કરવાની તક મળી, તે માટે અમારી જાતને ભાગ્યશાળી માનીએ છીએ.

નિવેદકો :
જયંત એમ. શાહ
સુરેન્દ્ર એ. છેડા
સુંદરલાલ એસ. ઝવેરી
માલતીબહેન ત્રિવેદી
મહેન્દ્ર પી. ઠક્કર (છોટમ)
મંત્રીઓ
પંડિત શ્રી ધીરજલાલ શાહ સન્માનસમિતિ

# સંપાદકીય



'**શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહ જીવન-દર્શન**' નામનો ગ્રન્થ તૈયાર કરવાનો નિર્ણય થશે અને તે કાર્ય અમારે ફાળે આવશે, એવી તો કલ્પનાયે ક્યાંથી હોય ?' પણ ગત મે માસમાં એ પ્રકારનો નિર્ણય થયો અને કાર્યવાહક સમિતિએ એ કાર્ય અમને સોંપ્યું. પંડિતશ્રી પ્રત્યેના આદર અને પ્રેમથી પ્રેરાઈને અમે એ કાર્યનો સ્વીકાર કર્યો.

ગ્રન્થની જે મર્યાદા અમને જણાવવામાં આવી હતી, એ મર્યાદામાં રહીને આ કાર્ય કેવી રીતે પૂરું કરવું ? તેની વિચારણા શરૂ થઈ. પંડિતશ્રીનું જીવન અનેકવિધ પ્રવૃત્તિઓથી ભરપૂર હોઈને તેનો વિસ્તૃત પરિચય આપવાનું તો શક્ય જ ન હતું, પરંતુ તેમના જીવનની એક સુંદર ઝલક પાઠકોને મળી જાય એ હેતુથી અમે આ ગ્રંથને ત્રણ ખંડમાં વિભક્ત કરવાનો નિર્ણય કર્યો, તે આ રીતે :

તેના પ્રથમ ખંડમાં પંડિતશ્રીનો જીવનપરિચય આપવો અને તેની સાથે તેમના જીવનની મહત્ત્વપૂર્ણ ઘટનાઓ દર્શાવતી સાલવારી, તેમણે રચેલાં ૩૫૮ પુસ્તકોની વર્ગીકૃત યાદી તથા તેમણે અવધાન અને ગણિતસિદ્ધિના કરેલા પ્રયોગોની ક્રમિક યાદી આપવી. તેના બીજા ખંડમાં તેમના સાહિત્ય તથા સંસ્મરણો સંબંધી લેખો આપવા અને ત્રીજા ખંડમાં તેમને વિવિધ ભાષામાં પ્રાપ્ત થયેલી પ્રશસ્તિઓનો સંગ્રહ આપવો.

આ રીતે ગ્રન્થનિર્માણનું સ્વરૂપ નક્કી કરી કાર્યનો પ્રારંભ કર્યો. તેમાં જીવનરેખા સંકલિત કરવાનું કાર્ય ડૉ. રુદ્રદેવ ત્રિપાઠીને સોંપ્યું. કારણ કે તેઓ છેલ્લાં ૨૫ વર્ષથી પંડિતજીના સંપર્કમાં હતા અને તે અંગે તેમણે કેટલીક મહત્ત્વની નોંધો કરેલી હતી. આ રીતે જીવનરેખા સંકલિત થયા પછી તેની નકલો કરવામાં આવી અને યોગ્ય સુધારાવધારા સાથે અમે તેને અક્ષરદેહ આપ્યો.

સાલવારી માટે પંડિતશ્રીના પાસે પડેલી પ્રચુર સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો અને તે યોગ્ય સ્વરૂપે તૈયાર થઈ શકી, તેનો આનંદ અનુભવ્યો. પંડિતશ્રીના જીવનની કેટલીક ઘટનાઓ તો આ સાલવારી પરથી જ જાણી શકાશે.

તેમણે રચેલાં ૩૫૮ પુસ્તકોની વર્ગીકૃત યાદી તૈયાર કરવાનું કામ કઠિન હતું, પણ જુદી જુદી યાદીઓ પરથી તથા તેમણે રચેલા ગ્રન્થોની પ્રસ્તાવના આદિનું નિરીક્ષણ કરીને એ કાર્ય પૂરું કરવામાં આવ્યું. તેમાં જ્યાં જ્યાં જરૂર હતી, ત્યાં યોગ્ય નોંધો પણ મૂકવામાં આવી. થોડાં વર્ષ પહેલાં પંડિતશ્રીને તેમનાં સઘળાં પુસ્તકોની વર્ગીકૃત યાદી અમેરિકાની એક સંસ્થાએ પોતાના સાહિત્યકોષમાં પ્રકટ કરવા માટે મંગાવેલી, પણ એ વખતે આવી યાદી તૈયાર ન હતી, એટલે તે મોકલી શકાયેલી નહિ. હવે આવો કોઈ પ્રસંગ આવતાં તેનો ઉપયોગ થઈ શકશે અને એક મનુષ્ય ધારે તો તેના જીવનમાં કેટલું સાહિત્યસર્જન કરી શકે છે, તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકશે.

અવધાનપ્રયોગો અને ગણિતસિદ્ધિના પ્રયોગોની ક્રમિક યાદી તૈયાર કરવાનું કામ પણ એટલું જ કઠિન હતું, પણ સારા નસીબે પંડિતશ્રીના એક વખતના સહકાર્યકર્તા શ્રીજયભિખ્ખુએ અવધાનપ્રયોગોની વિગતવાર યાદી તૈયાર કરેલી, તે આમાં ઉપયોગી થઈ. ત્યાર પછી પણ પંડિતજીએ અવધાન અને ગણિતસિદ્ધિના પ્રયોગો ઘણી વાર કરેલા, તે તેમની ડાયરી, આમંત્રણપત્રિકાઓ તથા વર્તમાનપત્રોના કટીંગ વગેરે પરથી તૈયાર કરવામાં આવી. આખરે આ યાદી યોગ્ય સ્વરૂપે તૈયાર થઈ શકી, તેથી અમારા મનને સમાધાન સાંપડ્યું.

બીજા ખંડમાં પ્રસિદ્ધ કરવા માટે અમને ૪૨ જેટલા લેખો પ્રાપ્ત થયા હતા, તેમાંથી ૩૨ ને સ્થાન આપી શક્યા છીએ. ગ્રંથ સમયસર પ્રકટ કરવા માટે અમારે બાકીના ૧૦ લેખો છોડી દેવા પડ્યા છે, તે માટે લેખક મહાશયોની ક્ષમા માગીએ છીએ.

ત્રીજા ખંડમાં સંસ્કૃત પ્રશસ્તિઓનું સંપાદન તથા તેનો ગુજરાતી અનુવાદ ડૉ. રુદ્રદેવ ત્રિપાઠીએ કર્યો છે. હિંદી પ્રશસ્તિઓ સ્વતંત્ર પ્રકટ ન કરતાં તેનો અનુવાદ કરી ગુજરાતી પ્રશસ્તિઓના સંગ્રહમાં સામેલ કરવામાં આવી છે. અંગ્રેજી પ્રશસ્તિઓનું સંપાદન મોટાભાગે શ્રી સુંદરલાલ ઝવેરીએ કરેલું છે અને તેનું સર્વાંગ નિરીક્ષણ અમે બધાએ કર્યું છે. અહીં એટલું સ્પષ્ટ કરીએ કે મુદ્રણકાર્યને સમયસર પૂરું કરવા માટે અમારે કેટલીક અંગ્રેજી પ્રશસ્તિઓ છોડી દેવી પડી છે.

આ પ્રશસ્તિઓ વાંચતાં તો એમ જ લાગે છે કે પંડિત શ્રી ધીરજલાલભાઈએ પોતાની અપૂર્વ સ્મરણશક્તિ અને પ્રકૃષ્ટ પ્રતિભાના બળે સમસ્ત ભારતવર્ષમાં ગુજરાતનું ગૌરવ વધાર્યું છે અને વિદ્યોપાસનાના ક્ષેત્રમાં તે જરાયે પાછું નથી, તેની પ્રતીતિ કરાવી આપી છે.

આ ગ્રન્થને તસ્વીરોથી પણ અલંકૃત કરવાનો હતો અને તસ્વીરોની સંખ્યા ઘણી મોટી હતી, પરંતુ તેમાંથી પસંદગી કરતાં કરતાં અમે ૬૦ જેટલી તસ્વીરો પસંદ કરી છે, જે પંડિતશ્રીના વ્યક્તિગત તથા સામાજિક – ધાર્મિક જીવનનો પરિચય મેળવવામાં ઘણી ઉપયોગી નીવડશે.

પંડિતશ્રી અંગે આ ગ્રંથમાંથી ઘણું ઘણું જાણવાનું મળશે અને તે અનેકને પ્રેરણાદાયી નીવડશે એવો અમને વિશ્વાસ છે. શક્તિ અને સમયની મર્યાદાને કારણે ગ્રંથ-સંકલન-સંપાદન-મુદ્રણમાં કોઈ ત્રુટિઓ રહી ગઈ હોય તો તેની ક્ષમા પ્રાર્થી આ નિવેદન પૂરું કરીએ છીએ.

શાંતિકુમાર જ. ભટ્ટ
મનસુખલાલ તારાચંદ મહેતા
ડૉ. રમણલાલ સી. શાહ
ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી
પ્રા. કુમારપાળ દેસાઈ

ગ્રન્થ-સંપાદકો

# વિષયાનુક્રમ

## પહેલો ખંડ

### જીવન-પરિચય


| | | | |
|---|---|---|---|
| ૧ | જીવન-પરિચય ... ... ... | સંપાદક મંડલ ... ... ... | ૩ |
| ૨ | સાલવારી | ,, | ૪૯ |
| ૩ | વિશાલ સાહિત્યસર્જન (વર્ગીકૃત ગ્રંથોની યાદી) | ,, | ૫૬ |
| ૪ | અવધાનપ્રયોગોની યાદી | ,, | ૭૨ |


## બીજો ખંડ

### સાહિત્ય અને સંસ્મરણો


| | | | |
|---|---|---|---|
| ૧ | શૈશવકાલનાં સંસ્મરણો ... ... | શ્રી ધીરજલાલ ટો. શાહ | ૮૬ |
| ૨ | પ્રવાસદર્શન | ,, ,, | ૧૦૪ |
| ૩ | અજન્તાનો યાત્રી એક અદ્ભુત ચિત્રકાવ્ય | સ્વ. રતિલાલ મો. ત્રિવેદી | ૧૧૨ |
| ૪ | શ્રી ધીરજલાલ શાહની કવિતાભક્તિ | શ્રી વેણીભાઈ પુરોહિત | ૧૧૮ |
| ૫ | શતાવધાની પં. શ્રીયુત ધીરુભાઈ | પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરિ | ૧૨૨ |
| ૬ | પુરુષાર્થના અડીખમ યોદ્ધા | પૂ. મુનિશ્રી યશોવિજયજી | ૧૨૪ |
| ૭ | કેટલાંક સંસ્મરણો | પૂ. આચાર્યશ્રી વિજયકીર્તિચંદ્રસૂરિ | ૧૨૯ |
| ૮ | અધ્યાપક નહિ, વિદ્યાર્થી પણ | પૂ. મુનિશ્રી નથમલજી | ૧૪૪ |
| ૯ | સ્મૃતિવિકાસની પ્રક્રિયા શતાવધાનવિદ્યા | પૂ. સાધ્વીશ્રી નિર્મલાશ્રીજી | ૧૩૬ |
| ૧૦ | નવનવોન્મેષશાલિની પ્રજ્ઞાના પ્રતીક | શ્રી શાંતિકુમાર જે. ભટ્ટ | ૧૩૯ |
| ૧૧ | શક્તિનો મહાસ્રોત | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૪૨ |
| ૧૨ | દૂરદર્શી પંડિતપ્રવર | ડૉ. રમણલાલ સી. શાહ | ૧૪૭ |
| ૧૩ | વિશદ વ્યક્તિત્વ અને સ્વરાદ્ વૈદુષ્ય | ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી | ૧૫૦ |
| ૧૪ | વિશાળ વડલાની શીતળ છાયા | શ્રી કુમારપાળ દેસાઈ | ૧૫૬ |
| ૧૫ | શ્રી ધીરજલાલભાઈ | શ્રી ઇન્દુમતી ચીમનલાલ શેઠ | ૧૫૮ |
| ૧૬ | આજીવન સાધક પં. ધીરજલાલ | શ્રી ઝીણાભાઈ ર. દેસાઈ | ૧૬૨ |
| ૧૭ | પં. ધીરજલાલ શાહનું અભિવાદન | ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા | ૧૬૫ |
| ૧૮ | શતાવધાની પં. ધીરજલાલ શાહ | પં. લાલચંદ્ર ભ. ગાંધી | ૧૬૭ |
| ૧૯ | બહુમુખી પ્રતિભા | શ્રી જયંતી શુકલ | ૧૭૨ |
| ૨૦ | ધીરજલાલભાઈએ દેશને અને સમાજને ઘણું ઘણું આપ્યું છે. | શ્રી રમણલાલ શેઠ | ૧૭૪ |

| | | |
|---|---|---|
| ૨૧ શ્રેયસ્કર સાધક | શ્રી કનુભાઈ ત્રિકમલાલ શાહ | ૧૭૭ |
| ૨૨ અભિનંદનીય પંડિત શ્રી ધીરજલાલ શાહ | શ્રી અગરચંદ નાહટા | ૧૮૦ |
| ૨૩ વિદ્યાધર પંડિત શ્રી ધીરજલાલ શાહ | શ્રી અમૃતલાલ યાજ્ઞિક | ૧૮૨ |
| ૨૪ સાહિત્યશિલ્પી શતાવધાની શ્રી ધીરજલાલ શાહ | શ્રી ખીમચંદ મગનલાલ વોરા | ૧૮૪ |
| ૨૫ સંસ્મરણોના સથવારે | શ્રી અનુપચંદ રાજપાલ શાહ | ૧૮૬ |
| ૨૬ વ્યક્તિ નહિ પણ શક્તિ | શ્રી ચન્દ્રકાન્ત ઠ. શાહ | ૧૮૯ |
| ૨૭ પુરુષાર્થ અને પ્રેરણાના પ્રતીક | શ્રી ભાઈલાલ એમ. બાવીશી | ૧૯૩ |
| ૨૮ શતાવધાનીની સંકલ્પસિદ્ધિ | શ્રી દુલેરાય કારાણી | ૧૯૭ |
| ૨૯ શ્રી ધીરુભાઈની સાધના અને સફલતા | શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ | ૧૯૯ |
| ૩૦ પંડિતશ્રી | શ્રી શાન્તિલાલ નાગરદાસ શાહ | ૨૦૧ |
| ૩૧ સિદ્ધિઓના સ્વામી | શ્રી જયંતભાઈ માવજી શાહ | ૨૦૪ |
| ૩૨ સંભારણાં | શ્રી ધરણેન્દ્ર વાડીલાલ શાહ | ૨૦૬-૮ |



## ત્રીજો ખંડ

## પ્રશસ્તિ


(૧ સંસ્કૃત વિભાગ ૩

(૨) ગુજરાતી વિભાગ ૨૫

(૩) અંગરેજી વિભાગ ૩૫-૪૪



શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ
જન્મ વિ. સં. ૧૯૬૨ના ફાગણ વદિ ૮, તા. ૧૮-૩-૧૯૦૬, રવિવાર.


ફોટો તા. ૪-૧૦-૭૫


## પહેલો ખંડ

# જીવન-પરિચય



જીવન અનંત શક્તિનો ભંડાર છે,
તેને ખીલવતાં શીખવું જોઇએ.





# જીવન-પરિચય

સંપાદક-મંડલ

૧—આરંભે :

સૂકાયેલી ધરતીને મહોરાવવા જેમ વર્ષા આવે છે, શિયાળાની ઠૂંઠવાઈ ગયેલી કુદરતને કિલ્લોલ કરાવવા જેમ વસંત આવે છે, એમ સૂકાયેલી વિદ્વત્તાની હૃદયકુંજોને પ્રફુલ્લાવવા અને હીણાયેલી વિદ્યાના ગૌરવને ફરી સ્થાપવા કાજે જગત પર જ્ઞાનીઓ જન્મ લે છે.

જમાનાની રીતને એ પારખે છે.
વિચારની આગથી એ શેકાય છે.

અને અગાધ વિદ્વત્તાને અવિરત ધારે વરસાવ્યે જાય છે.

પરંતુ જિંદગીના પાણીપતમાં ઝૂઝનારા અનેક વિટંબણા અને મથામણોમાંથી પસાર થાય છે. બાહ્ય આપત્તિઓ તેમજ આર્થિક અને સામાજિક મુશ્કેલીઓ સતત એમને ઘેરો ઘાલતી હોય છે, પરંતુ આ કસોટીની તાવણીમાં તવાઈને એમના વ્યક્તિત્વનું કુંદન વધુ દીપ્તિકર બને છે.

સંઘર્ષ એમની શક્તિને પ્રગટાવે છે. આફત એમના આત્માને બળવત્તર બનાવે છે. મુશ્કેલી એમને ધ્યેયને માર્ગે આગળ ધપવા માટે માર્ગદર્શક બની રહે છે.

જીવન અને સાહિત્યના આવા ભેખધારી પંડિત શ્રી ધીરજલાલ શાહના જીવનની આ ઝલકમાં આનું જ પ્રતિબિંબ નિહાળવા મળે છે.

ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી એમ. એ. પી. એચ. ડી. સાહિત્ય-સાંખ્ય-યોગાચાર્ય જેઓ આજે દિલ્હીની શ્રી લાલબહાદુરશાસ્ત્રી સંસ્કૃત વિદ્યાપીઠના પ્રાધ્યાપક છે અને છેલ્લાં ૨૭ વર્ષથી પંડિતશ્રીના ગાઢ સંપર્કમાં આવેલા છે, તેમણે વિવિધ નોંધો પરથી પંડિતશ્રીની જીવનરેખાનું સંકલન કર્યું હતું, તે પરથી સંપાદકમંડલે આ જીવનરેખા તૈયાર કરી છે. આશા છે કે પંડિતશ્રીની સીત્તેર વર્ષની જીવનયાત્રાનું મંગલદર્શન કરવા માટે આ જીવનરેખા ઉપયોગી થશે. સ્વ. નાગકુમાર મકાતી બી. એ. એલ્. એલ્. બી. જેઓ પંડિતશ્રીના પરમ મિત્ર હતા અને તેમની સાહિત્યિક તથા સામાજિક અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ રહ્યા હતા, તેમણે આજથી અઢાર વર્ષ પહેલાં તૈયાર કરેલી પંડિતશ્રીની જીવનરેખાનો પણ આમાં ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ જીવનરેખામાં તેમના જીવનની મુખ્ય મુખ્ય બાબતોને સ્પર્શ કરવામાં આવ્યો છે, છતાં પાઠકોને તેમના ભાવનાશીલ વિશિષ્ટ જીવનની એક સંસ્મરણીય ઝલક મળી જશે, એમાં શંકા નથી. વિશેષ તો આ ગ્રંથમાં જુદા જુદા મહાનુભાવો દ્વારા રજૂ થયેલાં તેમનાં જીવનનાં સંસ્મરણો પરથી જાણી શકાશે. તેમના જીવનની સાલવારી તથા ગ્રંથો અને અવધાન પ્રયોગોની યાદી પણ તેમના સતત પ્રવૃત્તિમય જીવનનો ખ્યાલ મેળવવામાં અતિ ઉપયોગી થશે.

### ૨—પ્રતાપી પૂર્વજો :

સૌરાષ્ટ્રની અતિ પવિત્ર અને પ્રતાપી ભૂમિ. આ ભૂમિ પર જેવા વીર થયા, એવા જ વિદ્વાનો થયા.

ધીંગી ધરતીની તાકાત એટલી કે એનો ખોળો ખૂંદનાર માનવી ધરતી પર ધીંગા કામ કરી બતાવે.

અપૂર્વ વીરતા બતાવનારા બહાદુર માનવીઓ મળે, એમની વીરતાને આબેહૂબ અંતરના સૂરોથી કંડારનારા ચારણો મળે, ધરતીનો અમીરસ સીંચનારા ખેડૂતો મળે, તો જ્ઞાનનો અમીરસ આપનારા વિદ્વાનો મળે. વીર જેમ વીરતા કાજે મરણિયા ખાંડાના ખેલ ખેલે, એવી જ રીતે વિદ્વાનો જીવનભર જ્ઞાનની આકરી તપશ્ચર્યા કરે.

સૌરાષ્ટ્રની આવી ધન્ય ધરા એ તો ભારતીય સંસ્કૃતિના ઉજ્જવળ ધ્વજસમી ગણાય. એવી ભોમકા પર આવેલા સુરેન્દ્રનગરથી સાત માઈલ દૂર દાણાવાડા નામનું ગામ આવેલું છે, જે નજીકના દીક્ષર ગામને લીધે દીક્ષર-દાણાવાડા તરીકે પ્રસિદ્ધ છે. આજથી સીત્તેર વર્ષ પહેલાં ત્યાં આશરે ૨૦૦ ઘરની વસ્તી હતી. તેમાં ૩૫ ઘરો વાણિયાનાં હતાં. તે બધાં જૈન ધર્મને માનનારાં હતાં. તેમાંનો મોટો ભાગ સ્થાનકવાસી સંપ્રદાયનો હતો, જ્યારે પાંચથી છ ઘર મૂર્તિપૂજક સંપ્રદાયનાં હતાં.

શ્રી ધીરજલાલભાઈના પૂર્વજો ઘણાં વર્ષોથી અહીં આવીને વસેલા હતા. લોકવાયકા

મુજબ ગામનો ટીંબો વસ્યો, ત્યારથી તેઓ અહીં રહેતા હતા. તેમાં જૂઠાભાઈથી વંશાવળી મળે છે. જૂઠાભાઈના પુત્ર માધવજી, માધવજીના પુત્ર સવજી, સવજીના પુત્ર ત્રિકમજી અને ત્રિકમજીના પુત્ર ટોકરશીભાઈ. તેઓ વીશાશ્રીમાલી મૂર્તિપૂજક જૈન હતા. ચિકાણી તેમનું ગોત્ર હતું. આમ તો તેઓ પાર્શ્વચંદ્ર ગચ્છના હતા, પણ ગામડામાં વસ્યા પછી ગચ્છની ભાવના ભૂંસાઇ ગઇ હતી. જ્યાં સ્થાનકવાસી કે મૂર્તિપૂજકનો પણ ખાસ ભેદ ન હતો, ત્યાં ગચ્છની તો વાત જ શી કરવી ? બધા સાથે હળીમળીને રહેતા અને પોતાની સૂઝ-સમજ પ્રમાણે ધર્મનું આચરણ કરતા. એ વખતે સ્થાનકવાસી અને મૂર્તિપૂજકોમાં કન્યાની લેવડદેવડ પણ હતી. પાછળથી ગોળ બંધાતાં એ વ્યવહાર બંધ પડયો.

શ્રી ટોકરશીભાઈને ભાઇ કે બહેન ન હતા. તેઓ પિતાનું એકમાત્ર સંતાન હતાં. તેમના દાદા સવજીભાઈ માટે પણ એમ જ કહેવાય છે. આ પરિસ્થિતિમાં તેમનાં સગાંઓનો વિસ્તાર ઘણો ઓછો હતો, પરંતુ તેમનો મોસાળપક્ષ મોટો હતો. તેમના મામાનું નામ ઓઘડ ગણેશ હતું. તેઓ મૂળી નજીક સાયલા ગામમાં રહેતા હતા.

શ્રી ટોકરશીભાઈ પોતાના જમાના અનુસાર થોડી ગુજરાતી ચોપડીઓ ભણ્યા હતા અને પરચુરણ દુકાનદારી કરી પોતાની આજીવિકા ચલાવતા હતા. પ્રથમ ભાયાત દરબારનું કારભારું પણ કરતા હતા, પરંતુ તેમાં ઝાઝો કસ ન દેખાતાં તેને છોડી દીધું હતું.

તેમને વ્યાપાર અને વ્યવહાર કરતાં સેવાનાં કાર્યો વધુ ગમતાં, એટલે ગામની સાર્વજનિક પ્રવૃત્તિઓમાં રસ લેતા અને એ રીતે લોકપ્રિય થયેલા. એ વખતે ગામના મહાજનની ધાક એવી હતી કે કોઈ તેની સીમમાં પ્રાણીની હિંસા કરી શકે નહિ. આમ છતાં વાઘરી તથા બીજા હિંસક લોકો ગામની સીમમાંથી સાંઢા વગેરે પકડવાનો પ્રયત્ન કરતા, તો શ્રી ટોકરશીભાઇ પોતાના મિત્રો સાથે ત્યાં જઈ પહોંચતા અને તેમની સામે ઝઝુમીને ભગાડી મૂકતા. છેવટે તો તેમનું નામ સાંભળીને પણ આવા લોકો થરથરતા અને ગામની સીમમાં આવવાની હિંમત કરતા નહિ.

શ્રી ટોકરશીભાઈ હિંમતવાન પણ એવાજ હતા. એકવાર સુરેન્દ્રનગરથી ગાડામાં બેસીને દાણાવાડા આવતાં રસ્તામાં ચોરો મળ્યા, ત્યારે ગાડાનાં ઉંપળાં કાઢીને ચોરોનો સામનો કરેલો અને છેવટે તેમને ભગાડી મૂકેલા. ટૂંકમાં શ્રી ટોકરશીભાઈની ગણના ગામના એક મર્દ માણસ તરીકે થતી અને બધા પર તેમનો પ્રભાવ પડતો.

સાધુ-સંતોની સેવા તેમને ખૂબ ગમતી. ગામમાં કોઈ સાધુ-સંત પધારે કે તેમની પાસે તરત જ પહોંચી જાય અને તેમની દરેક પ્રકારે સેવા કરવા માંડે. આ સંયોગોમાં તેઓ કુટુંબના જીવનનિર્વાહથી વિશેષ કમાણી કરી શકતા નહિ.

તેમનાં લગ્ન મોટી ઉમરે એટલે આશરે ચાલીશમા વર્ષે વઢવાણ શહેરના રહીશ શ્રી જેચંદભાઈ માવજીની સુપુત્રી મણિબહેન સાથે થયાં. મણિબહેનની માતા પુતલીબાઈ ઘણા જ ધર્મચુસ્ત હતા. સામાયિક, પ્રતિક્રમણ, વ્યાખ્યાન-શ્રવણ, રાત્રિભોજન-ત્યાગ આદિ જૈન ધર્મના નિયમોનું તેઓ ચુસ્તપણે પાલન કરતા હતા.

લગ્ન વખતે મણિબહેનની ઉમર ઓગણીશ-વીશ વર્ષની હશે, પણ ધર્મચુસ્ત માતાના ખોળામાં ઉછરેલા હોવાથી તેમની ધાર્મિક ભાવના ઘણી ઊંચી હતી. તેઓ પણ માતાની જેમ જૈન ધર્મના મુખ્ય નિયમોનું બરાબર પાલન કરતા હતા. તેમણે પાંચ ગુજરાતીનો અભ્યાસ કરેલો હતો, પણ સ્મરણશક્તિ તીવ્ર હોવાથી જે જે ધર્મ-ચર્ચાઓ તથા કથા વગેરે સાંભળતાં તે બરાબર યાદ રહી જવાથી તેમનું જ્ઞાનભંડોળ ખૂબ મોટું હતું.

શ્રી ધીરજલાલભાઈનો જન્મ આ ધર્મપરાયણ માતાની કુક્ષિએ વિ. સં. ૧૯૬૨ના ફાગણ વદિ ૮, તા. ૧૮-૩-૧૯૦૬ રવિવારની વહેલી સવારે થયો હતો. પુત્રના જન્મથી કોને આનંદ થતો નથી? માતા-પિતા બંનેને ખૂબ આનંદ થયો. આ વખતે શ્રી ટોકરશીભાઈના માતુશ્રી દીવાળીબાઈ વિદ્યમાન હતા. તેમના આનંદની તો અવધિ ન રહી. બે પેઢીથી એક જ પુત્ર પર વંશવેલો ચાલતો હતો અને શ્રી ધીરજલાલભાઈના જન્મ પહેલાં મણિબહેનનો એક પુત્ર માત્ર બે માસનો થઈને મૃત્યુ પામેલો, એટલે આ પુત્રના આગમને તેમને અસાધારણ આનંદ થાય એ સ્વાભાવિક હતું.

ધનરાશિના ધ અને ભ અક્ષરો પરથી આ પુત્રનું નામ ધીરજલાલ પાડવામાં આવ્યું, પણ દાદીમા તો તેમને ભાઇચંદના હુલામણાં નામથી જ બોલાવતા હતા અને વારંવાર કહેતા હતા કે 'આ દીકરો દી કરશે, એટલે કે અમારા કુલને અજવાળશે.' અંતઃ પ્રેરણાઓ ઘણી વાર સાચી હોય છે. દીવાળીબાઈની આ અંતઃપ્રેરણા તો અચૂક સાચી પડી, એ હવે પછીની પંક્તિઓ વાંચતાં સમજી શકાશે.

**૩—બાલ્યાવસ્થા :**

શ્રી ધીરજલાલભાઈ એક વર્ષના થયા, ત્યારે ચાલતા-દોડતા થઈ ગયા હતા અને ઘણા શબ્દો બોલી શકતા હતા. તેઓ લગભગ દોઢ વર્ષના થયા, ત્યારે એક યાદગાર ઘટના બની ગઈ. શ્રી ધીરજલાલભાઈ ઘરના ઉંબરા પાસે ઓશરીમાં રમતા હતા. એમના પિતાજી કોઈ કામે બહાર ગયા હતા. માતાજી બાજુના ઓરડામાં ગૃહકાર્યમાં નિમગ્ન હતા અને દાદીમા બીજા ઘરમાં પોતાના ઓરડામાં ખાટલા પર સૂતા હતા. એવામાં ફળિયામાંથી એક નાગણ ઓશરી પર ચડી અને તેઓ રમતા હતા તેની બાજુમાં થઇને ઓરડામાં દાખલ થવા લાગી. તે વખતે શ્રી ધીરજલાલભાઇએ એક ગોળ સુંવાળી વસ્તુ સમજી રમવાની બુદ્ધિથી તેની પૂંછડી પકડી લીધી અને નાગણને થોડી પાછી ખેંચી.

આ સંયોગોમાં નાગણુ છંછેડાઇને દંશ માર્યા વિના રહે નહિ, પણુ કોણુ જાણે કેમ ! તે એમની ઉપેક્ષા કરીને પાછી ઓરડીમાં દાખલ થવા લાગી. આમ તે અંદર જાય અને શ્રી ધીરજલાલભાઈ તેને પાછી ખેંચે. એવું થોડીવાર બન્યું હશે, ત્યાં તેમના પિતાશ્રી બહારથી આવ્યા અને દશ્ય જોઈ ડઘાઈ ગયા. શું કરવું ? તે સૂઝે નહિ. એવામાં તેમના માતુશ્રી ઓરડામાંથી બહાર નીકળ્યા. તેમણે કહ્યું : 'જ્યાં છોકરો નાગણુની પૂંછડી છોડી દે કે તરતજ તેને ઉંચકીને લઈ લો. તેમના પિતાશ્રીએ એ પ્રકારની હિમ્મત કરી અને તેમને ઉઠાવી લીધા. માતા-પિતા બંનેએ તેમને છાતી સરસા ચાંપ્યા અને ખૂબ વહાલ કર્યું. પછી અન્ય માણસોની સહાય મેળવી એ નાગણુને પકડી લીધી અને ગામ બહાર દૂર મૂકી આવ્યા.

બીજા દિવસે ત્યાં બે સ્નેહીઓ આવ્યા, તેમણે આ ઘટના જાણીને કહ્યું : 'જેમના માથે નાગ ફેણ ધરે અથવા જે નાગ સાથે રમે, તે આગળ જતાં ઘણો પરાક્રમી થાય અને દેશમાં તેનો ડંકો વાગે'. માતા-પિતાએ કહ્યું : 'એ તો બને તે ખરું, પણ અત્યારે તેનો જીવ બચ્યો છે, તેથી અમારા આનંદનો પાર નથી.'

આ ઘટના પછી થોડાજ વખતે તેમના માતુશ્રી તેમને સાથે લઈને પોતાના પિયર વઢવાણુ શહેર પગે ચાલીને જઈ રહ્યા હતા. રસ્તામાં તેઓ એમને એક બાજુએ બેસાડીને થોડે દૂર લઘુશંકા કરવા બેઠા. ત્યાં તો શ્રી ધીરજલાલભાઈનો ચપલ જીવડો ચાલતો ચાલતો થોડે દૂર કૂવો હતો ત્યાં જઈ પહોંચ્યો, માતા તે જોઈ દોડતા આવ્યા, ત્યાં તો તેમણે કૂવામાં શું છે ? એ જોવાની જિજ્ઞાસાથી મસ્તક નમાવ્યું અને તેઓ અંદર સરકી ગયા, પણુ માતાએ તેમને એક હાથે પકડી લીધા. આ બધું ક્ષણુવારમાં બની ગયું. હવે આ રીતે વધારે વખત માતાથી ઊભા રહી શકાય એવું ન હતું, કારણ કે તેમનું શરીર કાંઠા પર તોળાઈ રહ્યું હતું અને ધ્રૂજતું હતું. એવામાં કોઈ વટેમાર્ગુ ત્યાં આવી પહોંચ્યો અને તેણે આ મા-દીકરાને બચાવી લીધા. આ પ્રસંગનું વર્ણન કરતાં તેમના માતુશ્રીએ જણાવ્યું હતું કે 'મેં તો આશા છોડી દીધી હતી, પણુ મનમાં ભગવાનનું સ્મરણુ ચાલુ હતું, એટલે આ રીતે અણિના સમયે અણુધારી મદદ મળી એમ માનું છું.'

શ્રી ધીરજલાલભાઈએ સમવયસ્ક મિત્રો સાથે ખેલતાં કૂદતાં પાંચ વર્ષ પૂરાં કર્યાં, ત્યારે તેમને નિશાળે બેસાડવામાં આવ્યા. ત્યાં થોડા વખતમાં આંક તથા કક્કો બારાખડી શીખી ગયા અને વિદ્યાભ્યાસમાં પ્રગતિ થવા લાગી. શિક્ષકને તેમના પ્રત્યે પ્રેમ પ્રકટ્યો અને તેમના પર ખાસ ધ્યાન આપવા લાગ્યા. એમ કરતાં તેઓ આઠમા વર્ષમાં આવ્યા અને ત્રીજા ધોરણમાં આવ્યા કે એક દુર્ઘટના બની.

## શિરછત્ર ગુમાવ્યું

તેમના પિતાશ્રી છેલ્લાં બે વર્ષથી ગોધરા નજીક ટુવા સ્ટેશને એક દુકાનમાં ભાગીદાર તરીકે જોડાયા હતા અને ત્યાંથી અહીં આવ-જા કરતા હતા. છેવટે તેમણે નિર્ણય કર્યો હતો કે મારા આખા કુટુંબને ત્યાં લઈ જવું. આ વખતે શ્રી ધીરજલાલ ભાઈને બે નાની બહેનો હતી. તેમાંની પહેલીનું નામ ઝવેરી અને બીજીનું નામ શાન્તા હતું.× આ રીતે આ વખતે તેમના કુટુંબમાં પાંચ જણ હતાં. તેમણે ઘર સમેટવા માંડયું અને અગત્યની વસ્તુઓનાં પોટલાં બાંધ્યાં. એવામાં શ્રી ટોકરશીભાઈને તાવ આવ્યો અને માત્ર બે જ દિવસની માંદગીમાં સં. ૧૯૭૦ના કારતક સુદિ ૧ની મોડી રાત્રે તેમનું અવસાન થયું. એ વખતે ગામમાં રામલીલા રમાઈ રહી હતી, તેનો ખેલ બંધ થયો અને ગામમાંથી એક મર્દ માણસ એકાએક ચાલ્યા જવાનો આઘાત સહુએ અનુભવ્યો.

તેમનો ખરખરો કરવા ગામોગામના સાથ આવવા લાગ્યા. તેમને માટે રસોડું ચલાવવું પડતું અને ઘીમાં બોળેલી રોટલીઓ પીરસવી પડતી. આ વ્યવહાર લગભગ એક મહિના સુધી ચાલ્યો. તેનો ખર્ચ આશરે રૂપિયા બસો-અઢીસો થયો, જે મણિબહેને પોતાના દાગીના વેચી પૂરો કર્યો. એ વખતના રિવાજ મુજબ વિધવાએ અગિયાર મહિના સુધી ખૂણો પાળવો પડતો એટલે તેઓ ખૂણો પાળવા લાગ્યા.

પાસે મૂડી હતી નહિ, તેમજ આવકનું કોઈ સાધન પણ હતું નહિ, એટલે જીવન-નિર્વાહની કઠિન સમસ્યા ખડી થઈ. શ્રી મણિબહેને જાતમહેનત કરી તેનો ઉકેલ આણવા નિર્ણય કર્યો. આ નિર્ણય અનુસાર તેઓ વહેલી સવારે ઊઠી અન્ય લોકોનું દળણું દળતા તથા બપોરે ભરતગૂંથણનું કામ કરી આપતા અને એ રીતે જે મહેનતાણું પ્રાપ્ત થતું, તેમાંથી પોતાનો તથા સંતાનોનો નિર્વાહ કરતાં. કોઈવાર પાડોશણ બહેનો કહેતી કે 'બહેન! તમારા માથે બહુ વીતી!' ત્યારે તેઓ જવાબ દેતા : 'દમયંતી, સીતા, દ્રૌપદી વગેરેએ જે સહન કર્યું છે, તેના પ્રમાણમાં મારું દુઃખ તો કંઈ નથી. એ તો કાલે ચાલ્યું જશે અને બધાં સારા વાનાં થશે.' આ સ્થિતિમાં યે તેઓ પોતાની નિત્ય ધર્મક્રિયાઓ કરવાનું ચૂકતા નહિ.

શ્રી ધીરજલાલભાઈ તેમને ગૃહકાર્યમાં મદદ કરતા, એટલે કે કૂવે જઈ પાણી ભરી આવતા, છાણ-માટીની જરૂર હોય તો તે પણ લઈ આવતા અને શાક-પાંદડું તથા અનાજ વગેરે પણ ખરીદી લાવતા. તેમની પાડોશમાં રહેતા દોશીભાઈઓ તેમના આ કામમાં શકય એટલી મદદ કરતા.

× આ બંને બહેનો લગ્ન થયા પછી થોડાં થોડાં વર્ષે અવસાન પામેલી છે.



ગુજરાત રાજ્યના પંતપ્રધાન

સન્માનનીય

## શ્રી બાબુભાઇ જે. પટેલ

જેમના વરદ હસ્તે

આ ગ્રન્થનું પ્રકાશન થયું છે.

તા. ૨૩-૧૧-૧૯૭૫.



ખૂણો મૂકયા પછી શ્રી મણિબહેનના સગા કાકા શ્રી રઘુભાઈ તેમને પોતાને ગામ દેવચરાડી લઈ ગયા. × શ્રી ધીરજલાલભાઈએ ત્રીજી ગુજરાતીનો અભ્યાસ ત્યાં પૂરો કર્યો અને ચોથીની શરૂઆત કરી, પરંતુ દશ મહિના પછી ત્યાંથી પોતાના ઘેર પાછું ફરવાનું થતાં તેની પૂર્ણાહુતિ દાણાવાડામાં કરી. ત્યારબાદ શ્રી ધીરજલાલભાઈના મામા શ્રી જેઠાલાલ તેમને વઢવાણ શહેર લઈ ગયા, જ્યાં ધોળી પોળની મોટી ગુજરાતી નિશાળમાં તેમને પાંચમી ગુજરાતી ભણાવી છઠ્ઠીમાં પહોંચાડયા.

આ રીતે શ્રી ધીરજલાલભાઈને પોતાનો પ્રાથમિક અભ્યાસ પૂરો કરવા માટે ત્રણ સ્થાને રહેવું પડયું, પરંતુ તેઓ બુદ્ધિમાન તથા વિદ્યાપ્રેમી હોવાથી અભ્યાસમાં હરકત આવી નહિ.

દશવર્ષની ઉંમરે તેઓ દાણાવાડામાં તળાવમાં નહાવા જતાં ડૂબી ગયા હતા, પણ લોકોએ તેમને બચાવી લીધા હતા. તેજ રીતે વઢવાણના ભોગાવામાં નહાવા જતાં ઊંડા ધરામાં પહોંચી ગયા હતા અને ગળકાં ખાવા લાગ્યાં હતાં, ત્યારે પણ લોકોએ તેમને બચાવી લીધા હતા. આ રીતે બાલ્યાવસ્થામાં તેમના પર ચાર ઘાતો આવવા છતાં બચી ગયા હતા. તેમાં કુદરતનો કોઈ ગૂઢ સંકેત જ સમજવો ને ?

**૪—છાત્રજીવન :**

શ્રી ધીરજલાલભાઈ હવે કૌમાર અવસ્થામાં પ્રવેશ કરી ચૂકયા હતા અને તેમનું શરીર સશક્ત હતું. તેમનાં અંગોપાંગો સપ્રમાણ ખીલવા લાગ્યાં હતાં, તેમના મુખ પર બુદ્ધિ–પ્રતિભાનું તેજ ઝળકતું હતું. તેમને ગમે તેવાં અઘરાં લેખાં પૂછવામાં આવે તો તેનો તરત જવાબ આપી દેતા. એ રીતે અનેક અટપટા પ્રશ્નોનો ઉત્તર આપવામાં પણ ઝાઝો વખત લાગતો નહિ. કોયડા અને ઉખાણામાં તેમને ઘણો રસ પડતો. જ્યારે તેનો સાચો ઉત્તર શોધી કાઢતા ત્યારે જ તેમને જંપ વળતો.

તેમની આ વિદ્યારુચિ તથા પ્રગતિ નિહાળીને સંબંધીઓએ સૂચના કરી કે 'આ છોકરાને આગળ જરૂર ભણાવો. તેનું મગજ વિદ્યા ગ્રહણ કરી શકે એવું છે.' પણ કયાં ભણાવવો ? એ પ્રશ્ન હતો.

વઢવાણ શહેરમાં દાજીરાજ હાઈસ્કૂલમાં અંગરેજી પહેલીથી સાત ધોરણ સુધીનો અભ્યાસ કરવાની સગવડ હતી, પણ આટલો લાંબો વખત પોતાને ત્યાં રાખી શકે એવી મામાની સ્થિતિ ન હતી. તેઓ અપરિણિત હોઈ પોતાની માસીને ત્યાં જમતા હતા. વળી મણિબહેનની ઈચ્છા એવી પણ ખરી કે બને ત્યાં સુધી કોઈ સગાંને ભારે પડે એવું કરવું નહિ.

× આ ગામ દાણાવાડાથી પાંચ–છ માઈલના અંતરે આવેલું છે.

એવામાં શ્રી અમૃતલાલ ગોવિંદજી રાવલ નામના એક બ્રાહ્મણ બંધુ મળવા આવ્યા. તેઓ મૂળ દાણાવાડાના રહીશ હતા, પણ કેટલાક વખતથી અમદાવાદની એક મીલમાં નોકરી કરતા હતા. તેમને અને શ્રી ટોકરશીભાઈને સારો સંબંધ હતો, એટલે જ્યારે તેઓ દાણાવાડા આવતા ત્યારે મળવા જરૂર આવતા.

પ્રથમ તો શ્રી અમૃતલાલભાઈએ પોતાનો મિત્ર ગુજરી ગયો તેનો ખરખરો કર્યો અને મણિબહેનને આશ્વાસન આપ્યું. પછી તેમણે પોતાનું હૃદય ખોલતાં જણાવ્યું કે 'ભાભી! તારું નસીબ તો ફૂટયું, પણ તારા છોકરાનું નસીબ ફોડીશ નહિ. એ રતિવાળો છે અને જરૂર ભણે એવો છે, માટે તેને આગળ ભણાવ.'

ઉત્તરમાં મણિબહેને કહ્યું: 'અહીં તો એવી સગવડ છે નહિ અને વઢવાણમાં પણ બની શકે એમ નથી; તો શું કરું?'

શ્રી અમૃતલાલભાઈએ કહ્યું: 'તેને આગળ ભણાવવા માટે અમદાવાદ મોકલ. ત્યાં હમણાં જૈનોનું એક બોર્ડીંગ ખૂલ્યું છે. તેમાં દાખલ કરી દે. મારી જાણ મુજબ ત્યાં કંઈ ફી લેવાતી નથી. શેઠ અંબાલાલ સારાભાઈ તેનો વહીવટ કરે છે.'

મણિબહેને કહ્યું: 'અમદાવાદ તો ઘણું દૂર કહેવાય. આટલામાં મારી નજર સામે હોય તો જુદી વાત છે.'

આ શબ્દો સાંભળી શ્રી અમૃતલાલભાઈએ કહ્યું: 'તો શું બાપના કૂવામાં બૂડાડી મારીશ? અમે બહાર નીકળ્યા અને કૈંક ભણ્યા તો આજે બે પૈસા કમાઈને સુખી થયા છીએ. હવે અમદાવાદ દૂર ન ગણાય. વળી હું ત્યાં રહું છું, એટલે તેની સંભાળ રાખીશ.'

એટલે મણિબહેન શ્રી ધીરજલાલભાઈને અમદાવાદ મોકલવા સંમત થયા. તે અંગે વઢવાણ શહેરમાં વિશેષ પૂછપરછ કરતાં શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયનું સરનામું મળ્યું અને ત્યાંથી ફોર્મ મંગાવી ભરી મોકલતાં અમુક તારીખે હાજર થવાનો પત્ર મળ્યો.

મણિબહેન શ્રી ધીરજલાલભાઈને લઈને અમદાવાદ ગયા અને નિયત સમયે તેમને ઘીકાંટા-મગનભાઈની વાડીમાં આવેલ શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં હાજર કર્યા. ત્યાં પરીક્ષા લેતાં તેમની પસંદગી થઈ અને તા. ૩૦-૬-૧૯૧૭ ના દિવસે તેમને દાખલ કરવામાં આવ્યા. પોતાના પુત્રની યોગ્ય દેખભાળ કરવાની ગૃહપતિજીને વિનંતિ કરી તેમના માતુશ્રી પોતાના વતનમાં ભારે હૈયે પાછા ફર્યા.

આ છાત્રાલય મધ્યમ વર્ગના જૈન કુટુંબો માટે આશીર્વાદ રૂપ હતું, કારણ કે તે છાત્રોનો તમામ ખર્ચ ઉપાડી લેતું હતું અને ધાર્મિક શિક્ષણ વગેરે દ્વારા સારા સંસ્કારો આપતું હતું. તેના ગૃહપતિ શ્રી મનસુખરામ અનોપચંદ શાહ ઉમ્મર લાયક ઠરેલ સજ્જન હતા. તેમણે શિક્ષણના ધંધામાં જ જીવન વીતાવેલું એટલે શિસ્તને ખૂબ મહત્ત્વ આપતા હતા, તેમજ વિદ્યાર્થીઓને સારા સંસ્કારો પડે તે માટે ખૂબ કાળજી રાખતા હતા.

શ્રી ધીરજલાલભાઈને અંગરેજી શિક્ષણ માટે 'ધી ગવર્નમેન્ટ મિડલ સ્કૂલ'માં દાખલ કરવામાં આવ્યા. ત્યાં તેમની કારકીર્દિ ખૂબ ઝળકતી રહી. લગભગ બધા શિક્ષકોનો પ્રેમ સંપાદન કર્યો. ત્યાર પછી તેમને 'ગવર્નમેન્ટ આર. સી. હાઇસ્કૂલ'માં દાખલ કરવામાં આવ્યા. ત્યાં ચોથા ધોરણનો અભ્યાસ પૂરો કર્યો. એવામાં મહાત્મા ગાંધીજીએ સરકારી શાળાઓ છોડી રાષ્ટ્રીય કેળવણી લેવાની હાકલ કરી. તેને માન આપી તેમણે સરકારી શાળા છોડી દીધી અને રાષ્ટ્રીય ભાવનાવાળી 'ધી પ્રોપ્રાયટરી હાઇસ્કૂલ'માં દાખલ થયા કે જેનું સંચાલન શ્રી જીવણલાલ દિવાન તથા શ્રી બલુભાઈ ઠાકોર કરતા હતા. પાંચમી, છઠ્ઠી તથા સાતમી અંગરેજીનો અભ્યાસ તેમણે અહીં રહીને પૂરો કર્યો. છેલ્લા વર્ષમાં તેઓ આ હાઈસ્કૂલની વક્તૃત્વસભાના મંત્રી બન્યા. તે વખતે કાકા કાલેલકર, અધ્યાપક કૌસંબી, આચાર્ય કૃપલાણી, પં. સુખલાલજી વગેરેના ઠીક ઠીક સંપર્કમાં આવ્યા.

સને ૧૯૨૪માં તેઓ ગૂજરાત વિદ્યાપીઠ તરફથી લેવાયેલ 'વિનીત' પરીક્ષામાં બીજા નંબરે ઉત્તીર્ણ થયા અને છાત્રાલય છોડયું. આ છાત્રાલયમાં મેટ્રીક કે વિનીત સુધીના વિદ્યાર્થીઓને જ રાખવામાં આવતા હતા. ત્યાર પછી તેઓ પોતાની જાતે વિશેષ અભ્યાસ માટે ગૂર્જરાત વિદ્યાપીઠમાં દાખલ થયા.

શ્રી ધીરજલાલભાઈની ગ્રહણ-ધારણ શક્તિ ઘણી સુંદર હતી, એટલે શિક્ષક જે કંઈ શીખવે, તે તરત જ શીખી જતા અને વર્ગમાં હંમેશાં પહેલો કે બીજો નંબર રાખતા. શિક્ષક તરફથી સોંપાયેલા પાઠ તૈયાર કરવામાં તેમને બહુ ઓછો સમય લાગતો અને એ રીતે જે સમય ફાજલ પડતો, તેમાં તેઓ વિવિધ પ્રકારનાં પુસ્તકો વાંચતાં. સારાં સારાં પુસ્તકો વાંચવા મળે તે માટે તેમણે અંગરેજી ચોથા ધોરણથી જ સંસ્થાના પુસ્તકાલયની વ્યવસ્થામાં ભાગ લેવા માંડયો હતો અને છેવટે તેના વ્યવસ્થાપક બન્યા હતા. નોંધપાત્ર બીના તો એ છે કે તેમણે વિનીત થતાં સુધીમાં એ પુસ્તકાલયનાં ૧૬૦૦ જેટલાં પુસ્તકો વાંચી લીધાં હતાં અને તે તમામનાં રૂપરંગ તથા ક્રમ બરાબર યાદ રહી ગયા હતા. અહીં એ પણ જણાવી દઈએ કે વ્યવસાયમાં પડયા પછી પણ તેમનો આ પુસ્તકપ્રેમ ચાલુ રહ્યો હતો. ઘણી વાર તેઓ વીશીમાં એક વખત જમતા અને એ રીતે જે પૈસાનો બચાવ થતો, તેમાંથી સારાં સારાં પુસ્તકો ખરીદી લેતાં.

વહેલા ઉઠવું, બધું કામ જાતે કરવું અને શકય એટલી જ્ઞાનપ્રાપ્તિ કરવી વગેરે સંસ્કારો તેમને છાત્રાલયના જીવનમાંથી પ્રાપ્ત થયા હતા, જે તેમનું જીવન-ઘડતર કરવામાં અતિ ઉપયોગી નીવડયા.

શાળામાં જે શિક્ષણ પ્રાપ્ત થતું, તે ઉપરાંત છાત્રાલય તરફથી છાત્રોને સંગીત, વ્યાયામ અને ધાર્મિક શિક્ષણ આપવામાં આવતું. તેનો શ્રી. ધીરજલાલભાઈએ

બરાબર લાભ લીધો હતો. ખાસ કરીને ધાર્મિક શિક્ષણમાં તેમણે ઊંડી દિલચસ્પી દાખવી હતી. પં. ભગવાનદાસ, પં. વર્ધમાનભાઇ તથા પં. પાનાચંદભાઈ આ વિષયમાં તેમના ગુરુ હતા.

મગનભાઈની વાડીના એક છેડે જૈનમંદિર આવેલું હતું. ત્યાં નાહી-ધોઈને દરેક છાત્રે પૂજા કરવાની હતી અને સાયંકાળે દર્શનવિધિ કરવાની હતી. વળી મહિનામાં એક દિવસ ગૃહપતિજી છાત્રોને કોઈને કોઈ મંદિરનાં દર્શને લઈ જતા. એ રીતે જિન-ભક્તિના સંસ્કારો પણ છાત્રાલય-જીવનમાંથી પ્રાપ્ત થયા હતા.

વિશેષમાં છાત્રાલયના ગૃહપતિજી એવો આગ્રહ રાખતા કે દરેક વિદ્યાર્થીએ રસોઈ બનાવતાં શીખવું જોઈએ, એટલે વારાફરતી રોજ એક વિદ્યાર્થીને પોતાની રસોઇ બનાવવાનો કાર્યક્રમ રહેતો. તેનાં બધાં સાધનો છાત્રાલય તરફથી આપવામાં આવતાં હતાં. આ રસોઈ પ્રથમ ગૃહપતિજીને ચખાડવી પડતી અને તેઓ એ બાબતમાં જે સૂચના આપે તે લક્ષ્યમાં રાખવી પડતી. પછી વિદ્યાર્થી એ રસોઈનો પોતાને માટે ઉપયોગ કરતો. આ રીતે કેટલીક વાર રસોઈ કરવાનો પ્રસંગ આવતાં શ્રી. ધીરજલાલ ભાઈ જાતે રસોઈ બનાવવાનું શીખી ગયા. આ વસ્તુ તેમને પછીના સમયમાં પ્રવાસ તથા અન્ય પ્રસંગોએ ઘણી ઉપયોગી નીવડી.

છાત્રાલય તરફથી રજાના દિવસોમાં ઘણા ભાગે પ્રવાસ યોજાતો. એ રીતે તેમણે નાના-મોટા ઘણા પ્રવાસો કર્યા. દરમિયાન સારંગપુર-વ્યાયામશાળાના સંચાલક શ્રી. જયકૃષ્ણ પુરાણીના પરિચયમાં આવતાં પગપાળા પ્રવાસ કરવાનો શોખ જાગ્યો. તેમાં પ્રથમ પ્રવાસ અખાડાના સભ્યો સાથે અમદાવાદથી પાવાગઢનો કર્યો. બીજો પ્રવાસ તેમણે જાતે આગેવાની લઇ પાવાગઢ-સુરપાણેશ્વરનો કર્યો અને ત્રીજો પ્રવાસ પણ તે જ રીતે ઇડરથી કેશરિયાજી સુધીનો કર્યો. વિદ્યાર્થીજીવન પૂરું થયા પછી પણ તેમણે ઘણા પ્રવાસો કર્યા છે, પરંતુ તે બધાનો પાયો આ વખતે નંખાયો હતો.

એ વખતે ભારતમાં આઝાદીની લડત જોરથી ચાલતી હતી અને સર્વત્ર ' મહાત્મા ગાંધી કી જય ' બોલાઈ રહી હતી. ભારતીય જનતાનો મોટો ભાગ તેનાથી પ્રભાવિત થયો હતો. એ રીતે શ્રી ધીરજલાલભાઈ પણ તેમના વિચારોથી અત્યંત પ્રભાવિત થયા હતા. તેથી જ તેમણે સરકારી શાળા છોડી રાષ્ટ્રીય ભાવનાવાળી શાળામાં જવાનું પસંદ કર્યું હતું. તેઓ નવજીવન નિયમિત વાંચતા, એટલું જ નહિ પણ કેટલાક વખત સુધી દર રવિવારે ગૃહપતિની રજા લઈને ' નવજીવન ' વેચવા જતા. જ્યારે તેઓ આર. સી. હાઈસ્કૂલમાં હતા, ત્યારે છાત્રાલય તરફથી મળતી ટોપીનો ત્યાગ કરીને ખાદીની ટોપી ધારણ કરી હતી. હેડમાસ્તરે તેમને આ ટોપી પહેરવા માટે ડીસમીસ કરવાની ધમકી આપી હતી, પણ તેમણે મચક આપી ન હતી. આજે પણ તેમના મસ્તક પર ખાદીની શ્વેત ટોપી હોય છે.

મહાત્મા ગાંધીજીએ ચા છોડવાની હાકલ કરી, ત્યારે શ્રી ધીરજલાલભાઈએ આજીવન ચા ન પીવાની પ્રતિજ્ઞા લીધી અને તે આજ સુધી બરાબર પાળી છે.

છાત્રાલયમાંથી બધી વસ્તુ મફત મળતી. માત્ર રજાઓમાં બે વાર પોતાના ઘરે જતી-આવતી વખતે પોતાનો ખર્ચ કરવો પડતો. આ ખર્ચ આશરે રૂપિયા દશ-બાર આવતો, તે શ્રી ધીરજલાલભાઈ જાત મહેનતથી મેળવી લેતા. તેઓ વેકેશનમાં ઘરે જતા ત્યારે માતાને દરેક કામમાં મદદ કરતા અને મોસમ ચાલતી હોય તો સવારથી સાંજ સુધી કાલાં ફોલતાં. તેમાંથી ચાર કે પાંચ આનાની આવક થતી, તે ઘરખર્ચમાં ઘણી ઉપયોગી થતી. આજે ચાર-પાંચ આનાની કંઈ કિંમત નથી, પણ એ વખતે એટલી રકમમાંથી એક દિવસનો ગુજારો થતો.

જ્યારે તેઓ ચોથી અંગરેજી ભણતા હતા, ત્યારે તેમના માતુશ્રીનું સ્વાસ્થ્ય એકાએક બગડતાં તેઓ પોતાના મૂળ વતન દાણાવાડા ગયા. આ વખતે લડાઈના કારણે મોંઘવારી વધી રહી હતી અને હવે માતાથી કામ થઈ શકે એમ ન હતું, એટલે તેમણે નોકરીએ લાગી જવાનો વિચાર કર્યો અને સુરેન્દ્રનગરની એક ટાયરની દુકાનમાં રૂપિયા પંદરની નોકરી શોધી પણ કાઢી, પરંતુ તેમણે પોતાનો આ વિચાર ગૃહપતિજીને લખી જણાવ્યો, ત્યારે ગૃહપતિજીએ તેમને અત્યંત સહૃદયતાભર્યો પત્ર લખ્યો અને આગળ ભણવાનો પ્રબળ અનુરોધ કર્યો. સાથે થોડી આર્થિક મદદ પણ મોકલી. શ્રી ધીરજલાલભાઈ આ અનુરોધને શિરોધાર્ય કરી અમદાવાદ પાછા ફર્યા અને અભ્યાસમાં લાગી ગયા.

તે પછી થોડાજ વખતે શ્રી રમણલાલ ગોવિંદલાલ શાહ નામના ગૃહસ્થનો પરિચય થયો અને તેમણે પોતાના ભત્રીજાનું ટ્યુશન ગોઠવી આપતાં શ્રી ધીરજલાલભાઈને દર મહિને રૂપિયા પંદર મળવા લાગ્યા. આ રકમ તેઓ નિયમિત રીતે પોતાના માતુશ્રીને મોકલી આપતા હતા, એટલે તેમને સારી એવી રાહત મળતી હતી. આ ટ્યુશન તેઓ વિનીત થયા ત્યાં સુધી ચાલુ રાખ્યું હતું.

પાંચમી અંગરેજીના અભ્યાસ દરમિયાન છૂટ્ટીના દિવસોમાં તેઓ દાણાવાડા ગયા. ત્યાં સાંજે ફરવા જતાં તેમને જમણા પગે સાપ કરડ્યો અને પગની પાનીના ઉપરના ભાગમાં છરીથી મોટો કાપ મૂકવામાં આવ્યો. આ કાપ કોઈ ડૉકટર, વૈદ્ય કે હકીમે નહિ, પણ એક અણઘડ માણસે માત્ર તેમનો જાન બચાવવાના ઈરાદાથી મૂકેલો, એટલે તેની વેદના કેવી હોય ? તે કલ્પી શકાય એમ છે. તેમના મુખમાંથી દર્દભરી ચીસો નીકળવા લાગી, પણ તે જ વખતે શ્રદ્ધામૂર્તિ માતાએ આદેશ આપ્યો કે 'તારી ચીસો બંધ કર. માત્ર ભગવાન મહાવીરનું નામજ બોલ્યા કર, તને સારું થઈ જશે.' અને એ આદેશને શિરોધાર્ય કરી તેઓ ભગવાન મહાવીરનું નામ રટવા લાગ્યા. કોઈ

વાર વેદના વધારે થતી તો એ નામ ખૂબ મોટેથી બોલાઈ જવાતું, પણ એ વખતે મુખમાં બીજો કોઈ શબ્દ પ્રવેશવા દીધો ન હતો.

આ વખતે તેમને લીમડાનાં પાન, મરી અને મીઠું નાખેલું ઘી ગરમ કરીને પીવડાવવામાં આવ્યું હતું. પગ સૂજીને થાંભલા જેવો થઈ ગયો હતો અને ખાટલામાં રહેવું પડ્યું હતું. રોજ પગે ખાટખટુંબાના પાનનો કલ્ક લગાડવામાં આવતો હતો અને કરી પણ બરાબર પાળવી પડતી. આ પ્રકારની એક મહિનાની સારવાર પછી તેઓ હરતા-ફરતા થઈ ગયા હતા અને અમદાવાદ આવી અભ્યાસમાં લાગી ગયા હતા. ત્યાર પછી બે-ત્રણ વર્ષ સુધી જ્યારે ચોમાસું આવે ત્યારે માથું ભારે થઈ જતું, પરંતુ તે પછી તેની કોઈ અસર રહી ન હતી.

વિનીતની પરીક્ષા આપ્યા પછી શ્રી રમણલાલ ગોવિંદલાલ શાહ તથા તેમના મામાએ કરેલી આર્થિક સહાય વડે તેમણે બીજા ચાર સાથીઓ સાથે એક મહિનાનો કાશ્મીરનો પ્રવાસ કર્યો હતો અને તેના અદ્ભુત પ્રાકૃતિક સૌન્દર્યનું પાન કર્યું હતું. વળતી વખતે રાવલપીંડી, અમૃતસર, હરદ્વાર, ઋષિકેશ, લક્ષ્મણઝુલા, દિલ્લી અને આગરા જોયા હતા.

શારીરિક-માનસિક ખડતલતા કેળવવી, બને તેટલી જ્ઞાનપ્રાપ્તિ કરવી અને એક સુયોગ્ય નાગરિક બનવું, એ એમના છાત્રજીવનનો મુખ્ય પ્રયાસ હતો અને તેમાં સારી સફળતા મેળવી હતી. આજના છાત્રોએ તેમાંથી ઘણું શીખવા જેવું છે.

### ૫-સંયોગોની બલિહારી

હવે કુટુંબના નિર્વાહ માટે કમાયા વિના છૂટકો ન હતો, એટલે શ્રી ધીરજલાલભાઈએ ગુજરાત વિદ્યાપીઠ છોડી દીધી. તેમને ચિત્રકલાનો શોખ હતો, એટલું જ નહિ પણ તેમણે જે. જે. સ્કૂલ ઓફ આર્ટની એલીમેન્ટ્રી અને ઈન્ટરમિજિયેટ ડ્રોઈંગની પરીક્ષાઓ પસાર કરી હતી અને ડ્રોઈંગ તથા પેઈન્ટીંગના પ્રથમ વર્ષનો અભ્યાસક્રમ પણ લગભગ પૂરો કર્યો હતો, એટલે તેમણે ચિત્રકલા તરફ દૃષ્ટિ દોડાવી અને નાનાલાલ એમ. જાની નામના સુપ્રસિદ્ધ છબી ચિત્રકારને ત્યાં મદદનીશ ચિત્રકારની જગા મેળવી. છ માસ પછી ચિત્રકલાનું વિશેષ શિક્ષણ લેવા માટે તેઓ ગુજરાતના સુપ્રસિદ્ધ કલાકાર શ્રી રવિશંકર રાવળના હાથ નીચે કામ કરવા લાગ્યા. ત્યાર પછી થોડા વખતે તેમણે ચિત્રકાર તરીકેની સ્વતંત્ર કારકીર્દિ શરૂ કરી.

તેમણે દોરેલાં પ્રાકૃતિક દૃશ્યો (Landscpe) ઠીક ઠીક કિંમતે વેચાવા લાગ્યાં અને છબીઓ બનાવવાના ઓર્ડરો પણ સારા પ્રમાણમાં આવવા લાગ્યા. તેમાંથી તેમને માસિક ત્રણસો-ચારસો રૂપિયાની કમાણી થવા લાગી, એટલે તેમણે પોતાના માતુશ્રી તથા નાની

બહેનને અમદાવાદ બોલાવી લીધા. (આ વખતે મોટી બહેન સાસરે હતી.) દિવસો આનંદમાં પસાર થવા લાગ્યા.

આ અરસામાં પાલીતાણા ઠાકોરે શત્રુંજયની યાત્રા માટે વાર્ષિક ભારે રકમની માગણી કરતાં શત્રુંજયની યાત્રા બંધ કરવામાં આવી અને તેમની વિરુદ્ધ આંદોલન શરૂ થયું. ધીરજલાલભાઈના ધર્મપ્રેમી હૃદયને આ વાતે ભારે આંચકો આપ્યો. આ અન્યાય સામે તેમણે આખરી બૂંદ સુધી ઝઝૂમવાનો નિરધાર કર્યો. 'અન્યાયને સાંખવો નહિ. ન્યાય માટે મરી ફીટવું'' એ ભાવના તેમના અંતરમાં ધબકતી હતી. તેમણે કાનપુરથી પટણા સુધીના જૈન વસ્તીવાળા શહેરોમાં સભા ભરી સહીઓ મેળવવાનું કામ માથે લીધું. બીજી ત્રણ વ્યક્તિઓ તેમની સાથે જોડાઈ.

લગભગ એક મહિનો આ પ્રવાસ ચાલ્યો અને કામ પણ ઠીક થયું, પરંતુ પ્રવાસ દરમિયાન ખાવાપીવાની ખૂબ અનિયમિતતા થવાથી ઘરે આવતાં જ બિમાર પડયા. આ બિમારી લગભગ એક મહિનો ચાલી અને તેમાં તેમણે ૨૮ રતલ વજન ગુમાવ્યું. જો કે ત્યાર પછી ઉપચાર લાગુ થતાં તેઓ મૂળ સ્થિતિમાં આવી ગયા. × અને પોતાનો ચિત્રકામનો ધંધો ચાલુ કર્યો. આ વખતે તેમણે રોજ સાંજે ફરવાનું રાખ્યું હતું.

આ રીતે ફરવા જતાં એક સાંજે ચી. ન. છાત્રાલયમાં પહોંચ્યા. આ વખતે એ છાત્રાલય ખાનપુર-અહેચર લશ્કરીના બંગલામાં ચાલતું હતું. ત્યાં છાત્રાલયના ગૃહપતિજી સાથે વાત કરતાં તેમણે જણાવ્યું કે 'હાલ કોઈ ધાર્મિક શિક્ષક નથી, એટલે વિદ્યાર્થીઓનું ધાર્મિક શિક્ષણ અટકી પડયું છે. છાત્રાલયે આટઆટલા વિદ્યાર્થીઓને ભણાવ્યા પણ કોઈ ધાર્મિક શિક્ષક તૈયાર થયો નહિ. સહુની દૃષ્ટિ પૈસા ભણી જ દોડે છે.'

શ્રી ધીરજલાલભાઈ તેમની અંતરવેદના કળી ગયા અને આ સંબંધી શું થઈ શકે ? તેની ઊંડી વિચારણામાં સરકી ગયા. 'હું ધારું તો ધાર્મિક શિક્ષણ જરૂર આપી શકું, પણ મારા ધંધાનું શું ? બે પૈસાનું મોઢું તો હમણાં જ જોવા પામ્યો છું. કુટુંબે ઘણું દુઃખ સહન કર્યું છે, હવે તેને કંઈ પણ ખમવું પડે એવું શા માટે કરવું ? પરંતુ છાત્રાલયનો ઉપકાર મારા પર ઘણો છે. વળી ગૃહપતિજી પણ મારા અનન્ય ઉપકારી છે. શું એમની અંતરવેદના ઓછી કરવાની મારી ફરજ નથી ?' આખરે શ્રી ધીરજલાલભાઈએ ગૃહપતિજીને જણાવ્યું કે 'આવતી કાલથી હું અહીં આવીશ અને ધાર્મિક શિક્ષણ આપીશ.' આ ઉત્તર સાંભળતાં ગૃહપતિજીના મુખ પર આનંદની રેખાઓ તરવરી ઉઠી.

બીજા દિવસે શ્રી ધીરજલાલભાઈ છાત્રાલયમાં ગયા અને તેમણે માસિક રૂા. ૭૫ની

× આ પ્રસંગનું વિગતવાર વર્ણન 'આત્મદર્શનની અમોઘ વિદ્યા'ના સત્તાવીશમા પ્રકરણમાં કરેલું છે.

ધાર્મિક શિક્ષકની જગા સંભાળી. ધાર્મિક શિક્ષણના વર્ગો તો મોટા ભાગે રાત્રિએ જ ચાલતા, પણ દિવસે તે અંગે તૈયારી કરવી પડતી, અભ્યાસક્રમ અંગેનાં પુસ્તકો જોઈ જવા પડતાં.

તેમના ધાર્મિક વર્ગોમાં વિદ્યાર્થીઓને રસ પડવા લાગ્યો, કારણ કે તેમની સમજાવવાની શૈલી સરસ હતી અને વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવાની છૂટ રહેતી. તેઓ દરેક પ્રશ્નના સમાધાનકારક ઉત્તરો આપતા.

શ્રી ધીરજલાલભાઈની આ સેવાનિષ્ઠાની ગૃહપતિજી તથા સંસ્થાના સંચાલકો પર ઊંડી છાપ પડી. સંસ્થાના સંચાલકો પૈકી શેઠ અંબાલાલ સારાભાઈ તો છાત્રાલયમાં ભાગ્યેજ આવતા, પણ સંસ્થાના સ્થાપક શેઠ ચીમનલાલ નગીનદાસના ધર્મપત્ની શ્રી માણેકબા ત્યાં અવારનવાર આવતા અને સંસ્થાના કામકાજ પર દેખરેખ રાખતા, તેમજ વિદ્યાર્થીઓને પણ મળતા. શેઠ ચીમનલાલ નગીનદાસના બીજા પુત્રી શ્રી નિર્મલાબહેન થોડા વખત પહેલાંજ સંચાલક-મંડળમાં જોડાયા હતા. તેઓ પણ સંસ્થાના કાર્યમાં ખૂબ રસ લેતા હતા.

શ્રી ધીરજલાલભાઈને એમ લાગતું હતું કે હવે સંસ્થાને પોતાનું વિદ્યાલય જોઈએ, એટલે તેમણે એ વાતનો સંચાલકો આગળ પ્રસ્તાવ રજૂ કર્યો, એટલું જ નહિ પણ તે માટે બે-ત્રણ વાર આગ્રહભર્યો અનુરોધ પણ કર્યો. આ વખતે તેમનાં સહકાર્યકર્તા શ્રી અમૃતલાલ મગનલાલ શાહ પણ સાથે હતા. સંચાલકોના મનમાં આ વાત ઉતરી અને તેમણે વિદ્યાલય શરૂ કરવાનો નિર્ણય કર્યો. પ્રથમ વર્ષે પહેલા ધોરણનો એક વર્ગ ખોલવામાં આવ્યો. શ્રી ધીરજલાલભાઈ તેના શિક્ષક બન્યા. આ રીતે શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલયના પ્રથમ શિક્ષક બનવાનું માન તેમના ફાળે જાય છે.

આ પ્રસંગ પછી થોડાજ વખતે શેઠ ચીમનલાલ નગીનદાસના ત્રીજા પુત્રી શ્રી ઈન્દુમતી બહેને પણ સંચાલનમાં રસ લેવા માંડયો અને વિદ્યાલય વધતું ચાલ્યું. આજે તો તેમાંથી ઉદ્ભવેલો 'શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર' ગુજરાતની એક મહાન શૈક્ષણિક સંસ્થા તરીકે પ્રતિષ્ઠા પામ્યો છે.

વિદ્યાલયનું કામ વધતાં શ્રી ધીરજલાલભાઈએ ધાર્મિક શિક્ષણ ઉપરાંત ચિત્રકામ અને ગુજરાતીના વર્ગો લેવાનું પણ સ્વીકાર્યું હતું અને તેના મુખ્ય શિક્ષક (હેડમાસ્તર) તરીકેની જવાદારી પણ સંભાળી હતી. પરંતુ સહુથી મોટી વાત તો એ હતી કે તેમણે એક આદર્શ શિક્ષક થવા માટે નીચેના સિદ્ધાંતોનો સ્વીકાર કર્યો હતો : (૧) વિદ્યાર્થી એ નાનો ભાઈ છે. (૨) તેને શારીરિક શિક્ષા કરવી નહિ. (૩) તેને ખૂબ પ્રેમથી સમજાવવો



૧૯ વર્ષની ઉમરે




૩૧ વર્ષની ઉમરે

## પં. શ્રી ધીરજલાલ શાહ



૨૯ વર્ષની ઉમરે



૩૫ વર્ષની ઉમરે



બાળગ્રંથાવલીના લેખનસમયે સ. ૧૯૨૮



પ્રિય કલામંદિરમાં—સ. ૧૯૨૮

(૪) તેની કોઈ મુશ્કેલી હોય તો દૂર કરવી. (૫) તેની સાથે ખૂબ હળી-મળીને રહેવું. પરિણામે તેઓ વિદ્યાર્થીઓનાં હૃદયને જીતી શક્યા હતા અને ઘણું માનભર્યું સ્થાન પામ્યા હતા. આજે પણ તેમના હાથ નીચે ભણેલા વિદ્યાર્થીઓ તેમને 'ગુરુજી' કહીને સંબોધે છે અને તેમના પ્રત્યે હાર્દિક માનની લાગણી વ્યક્ત કરે છે.

આ વિદ્યાલયમાં આઠ મહિને પરીક્ષા લેવાતી હતી અને ધોરણ બદલાતાં હતાં. એ રીતે પાંચ વર્ષમાં તેના વિદ્યાર્થીઓ મેટ્રીક સુધી પહોંચ્યા. આ વખતે સંયોગોવશાત્ તેઓ રાજીનામું આપી છૂટા થયા, પણ તેમનો આત્મા તો એ સંસ્થા સાથે જોડાયેલો જ રહ્યો. આજે પણ આ સંસ્થા સાથે તેઓ ઘણો મીઠો સંબંધ ધરાવે છે.

શ્રી ધીરજલાલભાઈ એમ માને છે કે 'જે સંસ્થાએ મને આશ્રય આપ્યો, વિદ્યા આપી, સારા સંસ્કારો આપ્યા, તેનું ઋણ કોઈ રીતે ચૂકવી શકાય એમ નથી.' અને તેમણે એના ભૂતપૂર્વ છાત્રોમાં સંગઠનની ભાવના પેદા કરી તેના મંડળના મંત્રી તરીકેની જવાબદારી વર્ષો સુધી સંભાળી છે. વળી સંસ્થાના સ્થાપક શેઠ ચીમનલાલ નગીનદાસની જન્મશતાબ્દીનો મંગલ પ્રસંગ પ્રાપ્ત થતાં છાત્રો તરફથી રૂા. ૧,૧૧,૧૧૧ની રકમ અર્પણ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો તેમાં તથા તે નિર્ણયને પાર પાડવામાં તેમનો હિસ્સો ઘણો મહત્ત્વનો રહ્યો છે.

## ૬—કુટુંબની હરિયાળી વાડી

વિદ્યા-અર્થી કાળ પૂરો થયો. એ પછી કામ પણ વિદ્યા પૂજનનું જ મળ્યું.

જે જ્ઞાન પ્રાપ્ત કર્યું, જે સંસ્થા એ માટે ઉપકારક બની, એ જ સંસ્થામાં પોતાના જ્ઞાનનું સિંચન કર્યું.

આર્થિક આપત્તિઓને ઓળંગીને ધૈર્યભર્યા ધીરજલાલભાઈએ વિકાસની યાત્રા તો સફળપણે ખેડી. એવામાં એમના સુમેળભર્યા ગૃહસ્થજીવનનો આરંભ થયો.

વિ. સં ૧૯૮૬ના કારતક માસમાં બોટાદની નજીક આવેલા ટાટમ ગામના રહેવાસી શેઠ લવજીભાઈ સાકરચંદની પુત્રી ચંપાબહેન સાથે એમનો વિવાહ થયો. આ ચંપાબહેને શ્રી ધીરજલાલભાઈના જીવનમાં સદાય સમભાગી બનીને એમની સુવાસના ફેલાવામાં સુમધુર સાથ આપ્યો છે. સાહિત્યસર્જન અને સમાજસેવાની પ્રવૃત્તિ સદાય ધનવૈભવથી વેગળી ચાલે છે. ચંપાબહેને પણ ધનવૈભવના આકર્ષણને સદાય અળગું રાખ્યું. જીવનમાં સાદાઈને મૂર્તિમંત બનાવી. એથી ય વિશેષ તો સામાજિક વ્યવહારની ઘણી જવાબ-દારી સંભાળી લઈને શ્રી ધીરજલાલભાઈને સાહિત્યસર્જન અને સમાજસેવા માટે સતત પ્રોત્સાહિત કરતા રહ્યા. એમાં પણ તાજેતરનાં છેલ્લાં દશ વર્ષમાં એમણે ઘણી તપશ્ચર્યા કરી છે. એમનું જીવન વ્રત-નિયમોથી યુક્ત એવું ધર્મપરાયણ સંતોષી જીવન છે.

શ્રીમતી ચંપાબહેનના આતિથ્યનો એક વાર પણ આસ્વાદ માણનાર એમને કદી ભૂલી શકતો નથી.

શ્રી ધીરજલાલભાઈને નરેન્દ્રકુમાર નામે એક પુત્ર, તેમજ રશ્મિકા અને ભારતી નામની બે પુત્રીઓ છે. આજે પણ ધીરજલાલભાઇનું કુટુંબ એક ધર્મપરાયણ સંતોષી કુટુંબની છાપ પાડે છે.

નાની વયે પિતાની વિદાય થતાં શ્રી ધીરજલાલભાઈને માતાની હૂંફાળી છાયામાં ઉછરવા મળ્યું. એમના માતુશ્રીએ અનેક મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢીને સદાય પુત્રની પ્રગતિ પર લક્ષ રાખ્યું. શ્રી ધીરજલાલભાઈના કુટુંબની સુખ અને સંતોષથી પ્રફુલ્લ એવી હરિયાળી વાડી જોઈને એમના માતુશ્રી સં. ૧૯૯૧ના અષાડ સુદિ ૧૪ના રોજ સ્વર્ગવાસી થયા.

## ૭—પત્રકારિત્વ

સૂર્ય કદી છાબડે ઢંકાતો નથી. પ્રતિભા કદી સંજોગોથી અવરોધાતી નથી.

શ્રી ધીરજલાલભાઈની સાહિત્યિક પ્રતિભા એમના અભ્યાસકાળ દરમિયાન જ પ્રગટવા લાગી. જગતના મોટા ભાગના સાહિત્યસર્જકોએ કાવ્યો લખીને પોતાની સર્જન પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો છે. એવી જ રીતે શ્રી ધીરજલાલભાઈની સાહિત્યપ્રવૃત્તિનો પ્રથમ ઉદ્રેક કાવ્યઝરણાં રૂપે પ્રગટ્યો. આ સમયે તેઓ 'નવજીવન' અને 'સૌરાષ્ટ્ર' પત્રનું નિયમિત વાંચન કરતા હતા. એ વાચનમાંથી સર્જનની પ્રેરણા પ્રાપ્ત થઈ.

એમણે 'છાત્ર' નામનું એક હસ્તલિખિત માસિક શરૂ કર્યું અને એમાં આદર્શ છાત્રજીવન અંગેની એમની વિચારણાઓ રજુ કરવા માંડી. એ પછી 'પ્રભાત' નામનું બીજું હસ્તલિખિત શરૂ કર્યું. આ પત્ર તેઓ હિંદીમાં કાઢતા અને તેને સુશોભનપૂર્ણ બનાવવા માટે એમાં ચિત્રો પણ પોતે જ દોરતા.

પછીથી બંનેને એક કરી 'છાત્રપ્રભાત' કાઢવા માંડ્યું. તેઓ વિનીત થયા ત્યાં સુધી આ પ્રવૃત્તિ ચાલુ રહી.

આગળ જતાં જ્યારે તેઓ સાહિત્યનિર્માણના કાર્યમાં પડ્યા, ત્યારે એક સુંદર માસિક કાઢવાના ખ્યાલથી તેમણે 'જૈન જ્યોતિ' નામનું માસિક શરૂ કર્યું. આ પત્ર દેખાવમાં સુંદર હતું અને વિચારસામગ્રી પણ સરસ પીરસતું હતું. તે ગુજરાતના સુપ્રસિદ્ધ માસિક કુમારની ઢબે નીકળતું હતું અને તેણે સારી એવી લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. સ્વ. નાગકુમાર મકાતી તેના સહસંપાદક હતા.

આ અરસામાં તેઓ કાશીવાળા શ્રી વિજયધર્મસૂરિજીના શિષ્ય પ્રસિદ્ધ વક્તા મુનિશ્રી વિદ્યાવિજયજીના સંપર્કમાં આવ્યા. તેમની પ્રેરણાથી તેમણે આ માસિકને

સાપ્તાહિક બનાવ્યું, તેમજ ધાર્મિક અને સામાજિક સુધારા માટે ભારે ઝુંબેશ ચલાવવા માંડી. સં. ૧૯૯૦માં અમદાવાદ ખાતે જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સાધુસંમેલન ભરાયું. તેના સમાચારો ગુપ્ત રાખવા, એવો નિર્ણય થયો, પરંતુ શ્રી ધીરજલાલભાઈને આ નિર્ણય ગમ્યો નહિ. તેમણે એના પ્રમાણભૂત સમાચારો જનતાને આપવાનું જાહેર કર્યું, પણ એ સમાચારો મેળવવાનું કામ સહેલું ન હતું. વધારે સ્પષ્ટ કહીએ તો અસંભવિત જેવું હતું, કારણ કે સાધુસંમેલનની બેઠક આજુબાજુ સ્વયંસેવકોનો કડક પહેરો રહેતો હતો. છતાં શ્રી ધીરજલાલભાઈએ એ સમાચારો મેળવ્યા અને ૩૪ દિવસ સુધી તેના દૈનિક વધારા બહાર પાડી પોતાનું વચન પૂર્ણ કર્યું. પાછળથી તેમણે 'રાજનગર સાધુ સંમેલન' નામનો ગ્રંથ તૈયાર કરી જનતાને ચરણે ધર્યો છે. તે વાંચવાથી તેમણે આ પ્રસંગે કેવી ભારે જહેમત ઉઠાવી હતી, તેનો ખ્યાલ આવી શકશે.

ત્યારબાદ તેમણે વિદ્યાર્થીઓનું જીવનઘડતર કરવા માટે 'નવી દુનિયા' અને 'વિદ્યાર્થી' નામનાં સાપ્તાહિકો કાઢ્યાં. તેમાં નવી દુનિયા સાહસિક વાતો પીરસતું હતું અને વિદ્યાર્થી સાપ્તાહિક વિદ્યાર્થીના યોગ્ય જીવન ઘડતરની તેમજ શિક્ષણમાં સહાય કરે એવી અવનવી સામગ્રી પીરસતું હતું. આ વખતે તેઓ "જૈનશિક્ષણ પત્રિકા" નામની એક માસિક પત્રિકા પણ ચલાવતા હતા. તેનું લવાજમ માત્ર એક રૂપિયો રાખવામાં આવ્યું હતું. તેની ૧૬૦૦ નકલો નીકળતી હતી.

પત્રો ચલાવવા માટે ભાવના ઉપરાંત પૈસાનું પીઠબળ અને વ્યવસ્થિત પ્રચારતંત્ર પણ જોઈએ, પરંતુ શ્રી ધીરજલાલ ભાઈ પાસે પહેલી વસ્તુ જ હતી. વિશેષમાં જેમણે આ કાર્ય માટે નાણાંનો પ્રબંધ કરી આપવા વચન આપેલાં, તેમણે એ વચન પાળ્યાં નહિ, એટલે તેઓ ભારે આર્થિક મુંઝવણમાં આવી પડ્યા અને તેમને આ પત્રો બંધ કરવા પડ્યાં. ત્યારપછી શ્રી ધીરજલાલભાઈએ પત્ર-પત્રિકાઓ સંપાદન કરી છે, પણ પોતાનું કોઇ પત્ર કાઢ્યું નથી. તેમનું ધ્યાન વિશેષતયા સાહિત્યસર્જનમાં જ રહ્યું છે અને તેણે તેમને ભારે યશ આપ્યો છે.

### ૮—કાવ્યપ્રેમ

શ્રી ધીરજલાલભાઈએ પ્રથમ પોતાના હસ્તલિખિત માસિકો માટે કાવ્યરચના કરવા માંડી. તેના વર્ષા નામના એક અંકમાં તેમણે ઘણાં કાવ્યો લખ્યાં હતાં. પછી બાળગ્રંથાવલીનાં સર્જન વખતે તેમાં પ્રસંગાનુસાર કાવ્યોની રચના કરી હતી અને તે લોકપ્રિય થયાં હતાં. ઘણી પાઠશાળાઓમાં તેનું સમૂહગાન થતું હતું. ત્યાર પછી તેમણે 'જલમંદિર પાવાપુરી' નામનું એક ખંડકાવ્ય રચ્યું, જે પ્રશંસા પામ્યું. તે પછી 'અજંતાનો યાત્રી' નામે બીજું ખંડકાવ્ય રચ્યું. આ કૃતિએ તેમને ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં પૂરી પ્રતિષ્ઠા આપી. આ કાવ્યમાં તેમણે પોતાની અપ્રતિમ પ્રતિભા

વડે વિરલ અને અપાર્થિવ એવા વિષયો તેમજ કલાકારોનાં સંવેદનોને કાવ્યબદ્ધ કર્યાં છે. આ કાવ્યે મહાકવિ નાનાલાલ, દી. બ. કેશવ હર્ષદ ધ્રુવ તથા શ્રી નરસિંહરાવ ભોલાનાથ દીવેટિયા જેવા પ્રસિદ્ધ ગુર્જર સાક્ષરોની સારી પ્રશંસા મેળવી હતી. મોડર્ન રિવ્યુએ પણ તેની સમાલોચના કરતાં ઊંચો અભિપ્રાય આપ્યો હતો. સુપ્રસિદ્ધ કલાકાર અને કલાગુરુ શ્રી રવિશંકર રાવળે તેમના 'અજંતાના કલામંડપો'માં આ કાવ્યનાં અવતરણો છૂટથી ટાંકયાં છે.

આ ખંડકાવ્યનો સંસ્કૃત અનુવાદ ડૉ. રુદ્રદેવ ત્રિપાઠીએ કર્યો છે અને તે પુસ્તિકારૂપે શ્રી રામપ્રસાદ બક્ષીના હાથે પ્રકાશન પામેલો છે. તેનો અંગરેજી અનુવાદ પણ થયેલો છે, પરંતુ હજી તે અપ્રગટ છે.

શ્રી ધીરજલાલભાઈએ પંચતંત્રના પાંચેય તંત્રોને ૧૫૫ જેટલા દુહાઓમાં ઉતારી 'પંચતંત્રસાર' નામની એક રચના પણ કરેલી છે, જે હજી પ્રસિદ્ધિનો પ્રકાશ પામી નથી.

શ્રી ધીરજલાલભાઈએ કેટલાક મુક્તકો રચેલાં છે, ઉપરાંત કેટલીક સમસ્યાપૂર્તિઓ કરેલી છે. તેમજ પ્રહેલિકાઓ, શૃંખલાજાતિ વગેરે કાવ્યરચનાઓમાં પણ રસ દાખવેલો છે. તેમાંના કેટલાંક કાવ્યો આ ગ્રંથમાં જોઈ શકાશે.

અવધાનપ્રયોગો કરતાં તેમને શીઘ્ર કાવ્યરચના કરવાના પ્રસંગો આવેલા છે અને તેમાં કોઈ કોઈ વાર ભારે કસોટી પણ થઈ છે, પરંતુ તેમાં તેઓ બરાબર પાર ઉતર્યા છે.

સને ૧૯૩૭માં તેઓ અવધાનપ્રયોગો માટે કરાંચી ગયા, ત્યાં શ્રી ટી. જી. શાહનો મેળાપ થયો. તેઓ તેમની કવિતા સાંભળવા ઘણા ઉત્સુક હતા, એટલે મિલન થતાં જ કહ્યું કે 'મારું નામ આવે એ રીતે ધાર્મિક ભાવનું કાવ્ય સંભળાવો.' તરત જ શ્રી ધીરજલાલભાઈએ સંભળાવ્યું.

ટીલાં ટપકાં શું કરો ? જીવન સુધારો આપ;
શાન્તિમય કરુણા વિષે, હરિશું હોય મિલાપ.

ટી. જી. શાહને આથી આનંદ થયો, પણ તરતજ તેમણે બીજો પ્રસ્તાવ કર્યો કે મારી પુત્રીનું નામ કંચન છે, તેનું નામ આવે એવું કાવ્ય સંભળાવો; પણ તેમાં તેને શું ભાવે છે અને શું નથી ભાવતું ? તેનું વર્ણન આવવું જોઈએ. નામવાળી કવિતા રચવાનું કામ અઘરૂં ન હતું, પણ તેને શું ભાવે છે અને શું નથી ભાવતું ? એ વાત અંદર શી રીતે લાવવી ? એ પ્રશ્ન હતો. છતાં શ્રી ધીરજલાલભાઈએ સરસ્વતીદેવીનું સ્મરણ કરીને નીચેની કવિતા સંભળાવી :

કંકોડાનું શાક ને, ચણાતણું કઢોળ;
નહિ ભાવે તુજને કહું, બહેન ભાવે બહુ ગોળ.

અને તે અક્ષરશઃ સાચું હતું. પછી તો પૂછવું જ શું ? શ્રી ટી. જી. શાહને તેમની શક્તિ માટે ખૂબ માન ઉત્પન્ન થયું અને કરાંચીના તેમના ૧૮ દિવસના નિવાસ દરમિયાન તેમના મંત્રી બનીને બધું કામ સારી રીતે પાર પાડ્યું.

શ્રી ધીરજલાલભાઈને અમે (સંપાદકમંડલે) આ વસ્તુનો ખુલાસો પૂછતાં તેમણે જણાવ્યું કે 'હું પણ નથી જાણતો કે આ શબ્દો મારા અંતરમાં એ વખતે શી રીતે સ્ફુરી આવ્યા ! મને ઘણીવાર અંતઃસ્ફુરણાઓ થાય છે, તેવી જ આ એક અંતઃસ્ફુરણા હતી, એમ હું માનું છું.'

કાવ્યનો પ્રેમ તો શ્રી ધીરજલાલભાઈને આજે પણ એવો જ છે, પરંતુ બધો વખત કામમાં રોકાયેલા હોઈ તે માટે બહુ ઓછો સમય મળે છે. સાઠ વર્ષની ઉંમરે એક વાર તેઓ કોઈના ડાઘુમાં ગયા હતા અને સોનાપુરની સ્મશાનભૂમિમાં બાકડા પર બેઠા હતા, ત્યારે એકાએક જીવનના વિચારો આવ્યા અને જાણે તેની સમસ્ત ચિત્રમાલા તેમના મનમાંથી પસાર થઈ ગઈ. એ ભાવ તેમણે ત્યાંને ત્યાં જ આ પ્રમાણે વ્યક્ત કર્યો હતો.

(અનુષ્ટુપ્ છંદ)

પઢાવ્યા પાઠ છાત્રોને, દોર્યાં ચિત્ર મનોહર,
જોયાં વળી ઘણા દેશો, પગપાળા પ્રવાસથી. ૧

લખ્યા લેખો લખી વાતો, કીધાં કાવ્ય કલામય;
ગ્રંથો તણી રચી માલા, સત્કીર્તિ પ્રસરાવતી. ૨

પ્રકાશ્યાં પત્ર—પત્રિકા, ચલાવ્યું છાપખાનાને;
વળી રચ્યા ઘણા ગ્રંથો, કરી વિસ્તાર વિદ્યાનો. ૩

અવધાનો કર્યાં સો સો, ચમત્કાર પમાડતા;
થયા માન-સમારંભો, મળ્યા ચાંદો સુવર્ણના. ૪

ઝઝુમ્યા કાયદા સામે, જે જે ધર્મ વિરોધના;
વળી હોંશે અનુષ્ઠાનો, દેવી પદ્માતણાં કર્યાં. ૫

અને વિલાસ વિદ્યાનો, માણ્યો અંતરથી મહા;
તથા હોંશે કરી સેવા, રાષ્ટ્ર તેમ સમાજની. ૬

વન એમ વટાવીને, ઊભો છું ચરણે તવ;
ધીરજ હે પ્રભો ! તારું, શરણું હો ભવોભવ. ૭

શ્રી ધીરજલાલભાઈએ પોતાના પુત્ર નરેન્દ્રકુમારના લગ્નપ્રસંગે એક નાનું કવિસંમેલન યોજ્યું હતું અને શ્રીમાનતુંગસૂરિસારસ્વત સમારોહમાં મોટા પાયે કવિ-સંમેલન યોજી કાવ્ય પ્રત્યેનો ઉત્કટ પ્રેમ વ્યક્ત કર્યો હતો.

## ૯–સાહિત્યસર્જનનો પ્રારંભ

એક વિચારકે કહ્યું છે કે 'સાહિત્ય અને જીવન પરસ્પર એવા સંકળાયેલાં છે કે તેમના ઐક્યનો સંપૂર્ણ ખ્યાલ લાવવા માટે એકના વિચારક્રમમાં બીજાને સ્થાન આપવું પડે જ છે, અન્યથા એ ખ્યાલ અપૂર્ણ જ રહે છે. સાહિત્ય-મુકુરમાં જીવનમાં પ્રતિબિમ્બ ઝિલાય છે અને સાહિત્ય દ્વારા જીવન ઉન્નત તથા ઊર્ધ્વગામી બને છે. સાહિત્યનું કાર્યક્ષેત્ર જીવનની આશાઓ, ભાવનાઓ, પ્રયત્નો અને સિદ્ધિઓ વ્યક્ત કરવાનું, જીવનમાં ઉલ્લાસ રેડવાનું, જીવનને પ્રેરણા આપવાનું, તેમજ તેને નવી રીતે ઘડવાનું છે.'

શ્રી ધીરજલાલભાઈના મનમાં આ વસ્તુ બરાબર ઠસી ગઈ હતી, તેથીજ તેમણે જીવનનો મોટો ભાગ સાહિત્યનું સર્જન કરવામાં ગાળ્યો છે. તેમનામાં વિચારો અને સર્જનની એક પ્રકારની મૌલિકતા છે, તેના લીધે તેમના મસ્તિષ્કતામાં હમેશાં કંઈ ને કંઈ યોજનાઓ આકાર લેતી જ હોય છે. અત્યાર સુધીમાં તેમનાં રચેલાં નાનાં-મોટાં ૩૫૮ પુસ્તકોની પચીશ લાખ ઉપરાંત નકલો પ્રચાર પામી છે.. 'વિશ્વવંદ્ય ભગવાન મહાવીર' પુસ્તિકાની બધી મળીને એકલાખ અગિયાર હજાર નકલ અને 'મહારાજા સયાજીરાવ ગાયકવાડ' પુસ્તિકાની બે લાખ નકલો પ્રકાશિત થઈ હતી. હરિપુરામાં કોંગ્રેસનું અધિવેશન મળ્યું, ત્યારે તેના વરાયેલા પ્રમુખ શ્રી સુભાષચંદ્ર બોઝની જીવનરેખા લખી તેની ચાલીશ હજાર પ્રતિઓ બહાર પાડી હતી અને તે પ્રાયઃ વેચાઈ ગઈ હતી. ઈંગ્લેંડ, અમેરિકા કે પાશ્ચાત્ય દેશો સિવાય આટલી મોટી સંખ્યાનું પ્રકાશન વિરલ જ કહેવાય.

શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલયમાં ધાર્મિક અને અન્ય વિષયોના શિક્ષક તરીકે તેમની કારકીર્દિ ઘણી ઉજ્જવલ હતી. તેમનો આત્મા સંશોધકનો હતો. વસ્તુના મૂળમાં જવાનો તેમનો ગુણ દરેક વિષય પર ઊંડું અવગાહન કરવાને પ્રેરતો હતો. ધાર્મિક શિક્ષણ કેવું હોવું જોઇ? તેનો અભ્યાસક્રમ કેવો હોવો જોઈએ? ધાર્મિક શિક્ષણ રસપૂર્ણ કેમ બની શકે? વગેરે બાબતોના વિચારો તેમના મનમાં ઊઠતા હતા.

એક દિવસ તેમણે વિદ્યાર્થીઓને જૈન ધર્મના મહાપુરુષો અંગે થોડા પ્રશ્ન પૂછયા, પણ તેનો સંતોષકારક ઉત્તર મળ્યો નહિ. તેમને પૂછવામાં આવ્યું કે 'શું તમે આમાંના કોઈ મહાપુરુષોની કથા-વાર્તા સાંભળી નથી?' ત્યારે તેમણે કહ્યું: 'અમે એમાંના કોઈની કથા-વાર્તા સાંભળી નથી.' ત્યારે શ્રી ધીરજલાલભાઇને લાગ્યું કે 'મને મારી માતાએ જે કંઈ આપ્યું છે, તે આ વિદ્યાર્થીઓને તેમની માતાઓ

તરફથી મળ્યું નથી. ખરેખર ! આપણો ઉત્તમ કથા-વારસો આ રીતે લુપ્ત થતો જાય છે. તેને જીવંત કરવો જોઈએ ' અને તે જ દિવસે તેમણે વિદ્યાર્થીઓ સમજી શકે તેવી ભાષામાં ' શ્રીરીખવદેવ ' નામની કથા લખી કાઢી. બીજા દિવસે તે કથા વિદ્યાર્થીઓ સમક્ષ વાંચી તો તેમને સાંભળવામાં મઝા પડી. તેમને પૂછવામાં આવ્યું : ' આવી કથાઓ તમને વાંચવામાં મજા પડે કે ? ' બધા વિદ્યાર્થીઓએ તેનો ઉત્તર હકારમાં આપ્યો, એટલે શ્રી ધીરજલાલભાઈએ પોતાને જે ઠીક લાગ્યાં તેવાં બીજાં ૧૯ નામોની પસંદગી કરી કુલ ૨૦ પુસ્તકોની એક શ્રેણી બનાવી. પરંતુ આ વખતે તેમને એમ લાગ્યું કે હજી તો ઘણા મહાપુરુષોની કથાઓ તથા વાર્તાઓના સાર કહેવા જેવા છે, એટલે કુલ ૧૨૦ નામોની પસંદગી કરી. આ રીતે બાલગ્રંથાવલીની છ શ્રેણીઓનાં ૧૨૦ પુસ્તકોનું સર્જન થયું. તેની ભાષા સરલ અને રસભરી હતી, રજૂઆતમાં પણ નાવિન્ય હતું, વળી બધી પુસ્તિકાઓ સારા રૂપ-રંગે તૈયાર થઈ હતી અને એક પુસ્તિકાનું મૂલ્ય માત્ર પાંચ પૈસા-આખી શ્રેણિનું મૂલ્ય માત્ર દોઢ રૂપિયો રાખવામાં આવ્યું હતું, એટલે આ પુસ્તિકાઓને ખૂબ આવકાર મળ્યો અને તેની આવૃત્તિઓ પર આવૃત્તિઓ પ્રસિદ્ધ થવા માંડી. તેમાંની કેટલીક પુસ્તિકાઓ એજ્યુકેશન બોર્ડની પરીક્ષામાં પાઠ્યપુસ્તક તરીકે પણ સ્થાન પામી. આ પુસ્તિકાઓનો જૈનતર સમાજમાં પણ સારો પ્રચાર થયો હતો અને તે બ્રહ્મદેશ, ફીજી, જાપાન તથા આફ્રિકામાં પણ પહોંચી હતી.

બાલગ્રંથાવલીનાં ૪૦ મણકાઓનું હિંદીમાં અને ૩ મણકાઓનું બંગાળીમાં ભાષાંતર થયું હતું. તેમજ બધીય શ્રેણીનું અંગરેજીમાં ભાષાંતર થાય એવી ઈચ્છા ઘણા સ્થળેથી પ્રકટ થઈ હતી, પણ તેની યોજના આકાર પામી શકી ન હતી.

આ પુસ્તિકાઓનો વિશાલ પ્રચાર થતાં ' શ્રી ધીરજલાલ ટોકરશી શાહ ' એ નામ હજારો હોઠે ચડી ગયું હતું. ત્રીજી શ્રેણીથી છઠ્ઠી શ્રેણીના પ્રકાશન વખતે તો તેઓ ' જૈન જ્યોતિ 'ના સંપાદક પણ હતા, એટલે લેખક અને વિચારક તરીકે પણ તેમની કીર્તિ પ્રસરવા લાગી હતી. એવામાં સાધુસંમેલન પ્રસંગે ૩૪ દિવસ દૈનિક વધારા કાઢવાની ઘટના બનતાં તેઓ એક નીડર સમાજ સુધારક તરીકેની ખ્યાતિ પામ્યા.

## ૧૦—વિદ્યાર્થી વાચનમાલા તથા કુમાર ગ્રંથમાલા

શ્રી ધીરજલાલભાઈને સાહિત્યસર્જનની અનેરી લગની લાગી હતી અને તે એમને નવાં નવાં ક્ષેત્રો તરફ દોરી રહી હતી. બાલગ્રંથાવલીનું યશસ્વી પ્રકાશન થયા પછી તેમની દૃષ્ટિ જગતના મહાપુરુષો અને સૌંદર્યધામો તરફ વળી. વિદ્યાર્થીઓને તેનો ખ્યાલ આપવો જોઈએ, એ આશયથી તેમણે વિદ્યાર્થી વાચનમાલાની યોજના ઘડી અને તેની એક એક શ્રેણીમાં ૨૦ પુસ્તિકાઓ પ્રકટ કરવાનો નિર્ણય કર્યો. તેમની મૂલ યોજના તો આવી ૨૦ શ્રેણીઓ એટલે ૪૦૦ પુસ્તિકાઓ પ્રકટ કરવાની

હતી, પણ તેમાંની અધી યોજના એટલે પ્રથમ ૨૦૦ પુસ્તિકાઓ પ્રકટ કરવાની યોજના જાહેરમાં મૂકી કે જેમાં મુખ્યત્વે ભારતના મહાપુરુષો અને સૌંદર્યધામો આદિનો સમાવેશ થતો હતો.

આ કામ ઘણું મોટું હતું. તેને માટે ઘણી સાધનસામગ્રી એકઠી કરવાની હતી. વળી આ વાચનમાલા લખવામાં ગુજરાતના બીજા પ્રતિષ્ઠિત લેખકો જોડાય તો સારું એમ માનીને તેમણે આમંત્રણ આપતાં એ આમંત્રણનો સ્વીકાર થયો હતો અને શ્રી નાગકુમાર મકાતી, શ્રી જયભિખ્ખુ, શ્રી રમણલાલ સોની, શ્રી ભોગીલાલ ગાંધી, શ્રી સોમાભાઈ ભાવસાર, શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ, શ્રી પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ, શ્રી માધવરાવ કર્ણિક, શ્રી ચંદ્રશંકર મ. ભટ્ટ, શ્રી રમણલાલ નાનાલાલ શાહ વગેરે-એ કેટલીક પુસ્તિકાઓ તૈયાર કરી આપી હતી.

રાત્રિ-દિવસ પરિશ્રમ કરીને શ્રી ધીરજલાલભાઈએ તેની પુસ્તિકાઓ તૈયાર કરવા માંડી તથા તેનું સંપાદન કરવા માંડયું અને તેને પ્રસિદ્ધિ આપતા ગયા. આ રીતે નવ શ્રેણીમાં ૧૮૦ પુસ્તિકાઓ પ્રકટ કરી. × તેમાં ૮૭ તેમની પોતાની લખેલી હતી. સમાજે તેને સારો આવકાર આપ્યો અને શ્રી ધીરજલાલભાઈના પ્રશંસકોમાં મોટો ઉમેરો થયો.

આ વખતે કુમારોને વિવિધ પ્રકારનું જ્ઞાન આપવા માટે કુમાર ગ્રંથમાલા પણ શરૂ કરવામાં આવી હતી અને તેમાં કોયડા સંગ્રહ ભાગ પહેલો-બીજો, કુમારોની પ્રવાસ-કથા, આલમની અજાયબીઓ, રમુજી ટૂચકા, જંગલકથાઓ વગેરે દશ મણકાઓ પ્રકટ થઈ ચૂકયા હતા અને તે લોકપ્રિય થયા હતા.

'કુદરત અને કલાધામમાં વીસ દિવસ' નામનું તેમનું પુસ્તક પણ આ જ અરસામાં કાકા કાલેલકરની પ્રસ્તાવના સાથે પ્રકટ થયું હતું અને વિદ્વાનોની સારી પ્રશંસા પામ્યું હતું.

પરંતુ સાપ્તાહિક પત્રો અને ગ્રંથાવલીઓનું એક સામટું પ્રકાશન કરવા જતાં તેમાં ખૂબ જ નાણાંની જરૂર પડી અને તેની વ્યવસ્થા ન થતાં તેમને ભારે મુશ્કેલીમાં મૂકાઈ જવું પડયું. તેનું વર્ણન તેમણે '**જપ-ધ્યાન-રહસ્ય**'નાં ૩૦૫માં પૃષ્ઠથી શરૂ કર્યું છે, જે પાઠકોની જાણ માટે અહીં આપવામાં આવ્યું છે.

## ૧૧—સાત વરસનો કપરો કાલ

'સને ૧૯૩૪-૩૫ ની સાલમાં મેં અમદાવાદ ખાતે ગ્રંથપ્રકાશન, પત્રપ્રકાશન

× વિદ્યાર્થી વાચનમાળાની દશમી શ્રેણીનું પ્રકાશન ત્યાર પછી 'ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય'-અમદાવાદ તરફથી થયું હતું.



શેઠ ચીમનલાલ નગીનદાસ
શેઠ ચી. ન. છાત્રાલયના સ્થાપક



શ્રીમતી માણેકબા ચીમનલાલ
શેઠ ચી. ન. છાત્રાલયના સંરક્ષક

પરમ વિદ્યાદાતા




શ્રીમતી ઇન્દુમતી ચીમનલાલ શેઠ
શેઠ ચી. ન. છાત્રાલય તથા શેઠ ચી. ન. વિદ્યાવિહારના વર્તમાન સંચાલક

# વિદ્યાપ્રાપ્તિમાં અનન્ય સહાયકર્તા



શ્રી મનસુખરામ અનોપચંદ શાહ



શ્રી રમણલાલ ગોવિંદલાલ શાહ



શ્રીમતી ચંપાબહેન ધીરજ-
લાલ શાહ શ્રી ઇન્દુમતીબહેન
ચીમનલાલ શેઠની સાથે.
પાછળ શ્રી નવીનચંદ્ર છ.
કંપાણી બેઠેલા છે.

તથા તેને લગતું મુદ્રણકાર્ય કરવા માટે એક મુદ્રણાલય ખોલી 'ધી જ્યોતિ કાર્યાલય લીમીટેડ' નામે એક સંસ્થા ઊભી કરી હતી. તેમાં ધાર્યા કરતાં નાણાનું વધારે રોકાણ થવા લાગ્યું અને અમારી પાસેના માલનાં નાણાં છૂટાં થાય એવી પરિસ્થિતિ ન હતી. (વળી પત્રોએ સારી એવી ખોટ કરી હતી.) ઘણા પ્રયત્નો કરવા છતાં એમાંથી રસ્તો નીકળ્યો નહિ અને આખરે એ સંસ્થા સમેટવી પડી. આથી મને આઘાત થાય એ સ્વાભાવિક હતું, પરંતુ આ સંસ્થા સમેટતાં મારી બધી મૂડી (જે શેરરૂપે રોકેલી હતી.) ચાલી ગઈ અને (તેને ઊભી રાખવા મારી જવાબદારી પર પૈસા આવેલા તેનું) રૂપિયા વીશ હજારનું દેવું થયું. આ ઘટના પહેલાં બે વર્ષ પૂર્વે હું કાયમ રહેવાની ગણતરીએ મુંબઈ આવી ગયો હતો.

ધંધો હાથથી ગયો અને ઉપરથી દેવું થયું. કોઈ મિત્ર કે સ્નેહી પાસે જવા જેવી પરિસ્થિતિ ન હતી, કારણ કે તેઓ ઓછાવત્તા ખરડાયેલા હતા. આ વખતે બીજો કોઈ ઉપાય ન સૂઝવાથી હું ધ્યાનમાં બેસી પરમાત્માને પ્રાર્થના કરવા લાગ્યો કે 'તું મને રસ્તો બતાવ. હવે મારે શું કરવું ? અને આ દેવું શી રીતે કાપવું ?' થોડા દિવસ ધ્યાન અને પ્રાર્થનાનો આ ક્રમ ચાલ્યો કે એક દિવસ એકાએક અંતઃકરણમાં સ્ફુરણા થઈ કે 'વૈદકનો ધંધો શરુ કર. તેમાં તારાં સાત વર્ષ નીકળી જશે અને તું દેવામાંથી મુક્ત થઈશ.'

આથી હું આશ્ચર્ય પામ્યો, પરંતુ સમજતાં વાર ન લાગી કે આ તો મારી ધ્યાનગત પ્રાર્થનાનો જ જવાબ છે. હવે વૈદકનો ધંધો મેં કદી કર્યો ન હતો અને વિના અનુભવે એ ધંધો ખેડવામાં કેવાં જોખમો રહેલાં છે, તે હું જાણતો હતો. હા, એટલું ખરું કે નાનપણમાં એક કુશલ વૈદ્યના પુત્ર સાથે વગડામાં જઈને કેટલીક વનસ્પતિઓ ઓળખેલી અને તેનો વૈદકમાં કેવો ઉપયોગ થાય છે, તે જાણેલું. વળી આર્યભિષક્ ગ્રંથ આખો રસપૂર્વક વાંચી ગયેલો. પરંતુ એ કંઈ વૈદકના ધંધા માટેની યોગ્યતા ગણાય નહિ. હવે બનાવ શું બન્યો ? તે જુઓ.

આ ઘટનાના બીજા જ દિવસે વૈદકનો ધંધો કરનાર એક મહાશય મારું નામ પૂછતાં મારી પાસે આવ્યા અને કેટલીક ઔપચારિક વાતો બાદ કહેવા લાગ્યા કે 'હવે મારો વિચાર મુંબઈમાં સ્થિર થવાનો છે. પરંતુ આ શહેરમાં મારી ખાસ ઓળખાણ નથી. જો તમે આ બાબતમાં રસ લ્યો અને સારાસારા ગ્રાહકો લાવી આપો તો મારું પણ કામ થાય અને તમારું પણ કામ થાય.'

તેમની વાતચીત પરથી એટલી તો ખાતરી થઈ કે તે વૈદકનો સારો અનુભવ ધરાવે છે અને દર્દીઓને જરૂર ફાયદો થશે, એટલે મેં તેમની માગણીનો સ્વીકાર કર્યો અને ભાગીદારીમાં કામ શરૂ કર્યું.

આ ઘટના દૈવી સંકેતના અનુસંધાનમાં બની હતી, એટલે મેં તેમાં વિશેષ રસ લીધો અને તેમના સહવાસથી તથા વૈદકના ખાસ ખાસ ગ્રંથો વાંચીને તૈયાર થયો અને મારો પ્રિય વિષય માનસિક સુધારણાનો હોઈ માનસવૈદ્ય તરીકે કામ કરવા લાગ્યો. અહીં એટલી સ્પષ્ટતા કરી દઉં કે અમારી ભાગીદારી તો થોડા જ વખતમાં છૂટી થઈ ગઈ હતી, પણ મેં સ્વતંત્ર રીતે મારું વૈદકનું કામ ચાલુ રાખ્યું હતું.×

અહીં એ પણ જણાવી દઉં કે મેં આ વખતે વૈદક ઉપરાંત યોગ અને મંત્ર-યંત્ર-તંત્ર સંબંધી પણ વિપુલ વાચન કર્યું, જે મને ઘણું ઉપયોગી થયું. સાથે એ પણ જણાવી દઉં કે મારી પાસે ઘણીવાર અટપટા કેસો આવતા અને તેની શી ચિકિત્સા કરવી ? તે સંબંધી ઊંડું ચિંતન કરતો કે અંતરમાંથી સ્ફુરણા થતી કે 'આને આ દવા આપો.' અને એ દવા આપતાં તેને સારું થઈ જતું, એટલે તે દર્દી બીજા દર્દીઓને બોલાવી લાવતો અને એ રીતે મારી ગ્રાહકસંખ્યા વધવા પામી.

આ ધંધો બરાબર સાત વર્ષ ચાલ્યો અને દેવામાંથી પૂરેપૂરો મુક્ત થઈ ગયો. ત્યારબાદ એક એવી ઘટના બની કે હું પાછો સાહિત્યના ક્ષેત્રમાં આવી ગયો અને તેના સર્જન, પ્રકાશન તથા પ્રચારમાં રસ લેવા લાગ્યો. ત્યારથી આજ સુધી હું એમાં મગ્ન છું. એમાં મને કોઈ આર્થિક મુશ્કેલી નડી નથી. હું મારા પગ પર ઊભો રહીને આ બધું કાર્ય સારી રીતે કરી શકું છું.'

## ૧૨—અભ્યાસપૂર્ણ અનોખું સાહિત્ય

સાહિત્ય એ જીવનનું પ્રતિબિંબ છે, એટલે શ્રી શાહના સાહિત્યમાં તેમના કલાકાર અને ઊર્ધ્વગામી આત્માનાં દર્શન થાય છે. 'કલા માટે કલા'માં તેઓ માનતા નથી. કલાનું સૌન્દર્ય માનવીને અંતર્મુખ કરી તેને જીવનવિકાસ અને આત્મસિદ્ધિના શિખર ભણી દોરી જઈ આત્મસૌન્દર્યનું પાન કરાવવામાં પરિણમવું જોઈએ.' એમ તેઓ માને છે. આ કારણે તેમનો કલાકાર આત્મા છેવટે ધર્મ, તત્ત્વજ્ઞાન અને આરાધના તરફ ઢળતો જણાય છે.

શ્રી ધીરજલાલભાઈ અમદાવાદમાં શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલયમાં જ્યારે ધાર્મિક શિક્ષક હતા, ત્યારે જ તેમને લાગેલું કે શ્રી પ્રતિક્રમણ સૂત્રમાં+ ઘણી સુંદર વસ્તુઓ ભરેલી છે, પણ આધુનિક યુગના માનવીઓને સારી રીતે સમજ પડે તેવી એક ટીકા તૈયાર થાય તો જ એ વસ્તુઓનો પ્રકાશ થાય, પણ તે કામ સામાન્ય ન

× તા. ૧૭-૪-૪૧ને રોજ તેમણે રજીસ્ટર્ડ મેડીકલ પ્રેક્ટીસ્નર તરીકેનું મહારાષ્ટ્ર સરકારનું પ્રમાણપત્ર મેળવ્યું હતું.

+ જૈન ધર્મની આધ્યાત્મિક ક્રિયાને લગતું એક સૂત્ર.

હતું. વધારે સ્પષ્ટ કહીએ તો પુષ્કળ પરિશ્રમ અને પૈસો માગતું હતું. એટલે તે વખતે તેની શરૂઆત થઈ શકી નહિ, પરંતુ સને ૧૯૪૮ની સાલમાં તેઓ મુંબઈના ઉદ્યોગ-પતિ શેઠ અમૃતલાલ કાલીદાસ દોશીના સંપર્કમાં આવતાં તેમની આ ભાવના ફલવતી થઈ. શ્રી અમૃતલાલભાઈએ તે માટે પોતાની "જૈન સાહિત્ય વિકાસ મંડળ" નામની સંસ્થાના માધ્યમથી, જે કંઈ સાધન-સામગ્રી આવશ્યક હતી, તેની સગવડ કરી અને પ્રવાસ માટે પણ પૂરતો પ્રબંધ કરી આપ્યો. શ્રી ધીરજલાલભાઈએ રાત્રિ-દિવસ જોયા વગર પાંચ વર્ષ સુધી પૂરતો પરિશ્રમ કરી, પૂજ્ય આચાર્યો, મુનિવરો તથા વિદ્વાનોનો સહકાર મેળવી 'શ્રીપ્રતિક્રમણ સૂત્ર પ્રબોધટીકા' ત્રણ ભાગમાં તૈયાર કરી. આ ગ્રંથ તેમના પ્રખર પાંડિત્ય, બહુશ્રુતતા, સંશોધન તથા સમન્વયશક્તિનો જીવંત નમૂનો છે.

આ ટીકા સામાન્ય વિવેચનરૂપ નથી, પણ અષ્ટાંગ-વિવરણવાળી છે અને તેજ એની ખાસ વિશેષતા છે. તેના પહેલા અંગને 'મૂલપાઠ' નામ આપવામાં આવ્યું હતું. તેમાં પરંપરાથી નિર્ણીત થયેલો તથા વિવિધ પોથીઓના આધારે શુદ્ધ કરેલો પાઠ આપવામાં આવ્યો હતો. તે માટે ઘણી પોથીઓ એકત્ર કરી તેનું નિરીક્ષણ કરવું પડયું હતું. બીજું અંગ 'સંસ્કૃત છાયા' અને ત્રીજું અંગ 'ગુજરાતી છાયા'નું હતું. ચોથું અંગ 'સામાન્ય અને વિશેષ અર્થ'નું હતું. તેમાં વ્યુત્પત્તિ અને ભાષાના ધોરણે દરેક પદના સામાન્ય અને વિશેષ અર્થો કરવામાં આવ્યા હતા. પાંચમું અંગ 'અર્થનિર્ણય'નું હતું. તેમાં પરંપરા, પરિભાષા અને સંકેત વડે થતો પદો અને વાકયોના અર્થનો નિર્ણય જણાવેલો હતો. છઠ્ઠું અંગ 'અર્થસંકલન'નું હતું. તેમાં નિર્ણીત થયેલા અર્થની સંકલના શુદ્ધ ગુજરાતી ભાષામાં આપવામાં આવી હતી. સાતમું અંગ 'સૂત્ર-પરિચય'નું હતું. તેમાં સૂત્રની અંતર્ગત રહેલો ભાવ તથા તેની રચના અંગેનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું હતું અને આઠમું અંગ 'આધાર-સ્થાન'નું હતું કે જેમાં સૂત્રનો મૂલપાઠ કયા સૂત્ર, સિદ્ધાન્ત કે માન્ય ગ્રંથોમાં મળે છે તે જણાવેલું હતું. આ પરથી તેની પાછળ કેટલો પરિશ્રમ કરવો પડયો હશે, તે સમજી શકાશે. વિશેષમાં 'લઘુશાન્તિ' જેવા મંત્રમય સ્તવનની ટીકા કરવામાં તેમણે મંત્રશાસ્ત્રની અનેક બાબતોનો ઉલ્લેખ કર્યો છે, જે મંત્રશાસ્ત્રના ગહન અધ્યયન સિવાય બની શકે જ નહિ. વળી 'અજિત-શાન્તિ-સ્તવ' જેવા અપૂર્વ ભક્તિમય સ્તવનની વિવેચના કરતાં તેમણે હૃદયનાં દ્વાર ખોલી નાખ્યાં છે અને તેની વિવિધ છંદોમયતા પર ઘણો સુંદર પ્રકાશ પાડયો છે. સ્વ. આગમ-પ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ કહેતા કે 'માત્ર આ અજિત-શાન્તિ-સ્તવની વિદ્વત્તાપૂર્ણ ટીકા માટે જ શ્રી ધીરજલાલભાઈને પીએચ. ડી. ની ડીગ્રી આપી શકાય એમ છે.'

આજે આ ગ્રંથ ધાર્મિક શિક્ષકોને અપૂર્વ માર્ગદર્શન આપનારો બન્યો છે અને અનેક સ્ત્રીપુરુષો તેનું વારંવાર મનન-પરિશીલન કરે છે. આ ગ્રંથ પરથી ગુજરાતી

અને હિંદીમાં સંક્ષિપ્ત શુદ્ધ આવૃત્તિઓ તૈયાર થઈ હતી. તેની ૫૦૦૦ અને ૩૦૦૦ નકલો તરત જ ઉપડી ગઈ હતી. ત્યાર બાદ શ્રી ગોડીજી જ્ઞાન સમિતિ તરફથી ગુજરાતી આવૃત્તિનું પ્રકાશન થોડા પરિવર્તન સાથે ચાલુ છે.

આજ અરસામાં શ્રી ધીરજલાલભાઈએ પ. પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજી મહારાજ તથા પ. પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજની સૂચનાથી નાના નિબંધો રૂપે 'ધર્મબોધ ગ્રંથમાળા'નાં ૨૦ પુસ્તકોની રચના કરી, તે પણ ઘણી લોકપ્રિય બની. કઠિનમાં કઠિન વિષયને પણ રસમય કેમ બનાવવો, તે શ્રી ધીરજલાલભાઈની અનોખી આવડત છે અને તે જ કારણે તેઓ જે લખે છે, તે સર્વભોગ્ય બની જાય છે. આ ગ્રંથમાળાનાં પુસ્તકોમાં સફલતાની સીડી, ધર્મામૃત, જ્ઞાનોપાસના, મનનું મારણ, દિનચર્યા વગેરે પુસ્તકો વારંવાર વાંચવા–વિચારવા યોગ્ય છે.

આ પછી શ્રી ધીરજલાલભાઈએ જે સાહિત્ય રચ્યું છે, તે અભ્યાસપૂર્ણ અને અજોડ છે. હવે પછીની પંક્તિઓમાં તેનો કેટલોક પરિચય કરાવીશું.

## ૧૩—જૈન સાહિત્ય પ્રકાશન મંદિર

શ્રી પ્રતિક્રમણસૂત્ર-પ્રબોધટીકાની રચના પૂર્ણ કર્યા પછી શ્રી ધીરજલાલભાઈએ વિ. સં. ૨૦૧૪ના શ્રાવણ વદિ ૮ના મંગલ દિને જૈન સાહિત્ય પ્રકાશન મંદિરની સ્થાપના કરી અને જૈન ધર્મ, જૈન સંસ્કૃતિ તથા જૈન સાહિત્ય અંગે સાહિત્ય-સર્જનની ધારા અખંડિતપણે ચાલુ રાખી.

### જૈન શિક્ષાવલી

આ પ્રકાશન મંદિરના પ્રથમ પ્રસાદ તરીકે શ્રી ધીરજલાલભાઈએ જૈન શિક્ષાવલી રજૂ કરી, જેની ત્રણ શ્રેણીઓમાં બાર-બાર પુસ્તકોની હારમાલા હતી. નિબંધાત્મક શૈલીએ લખાયેલાં આ છત્રીશ પુસ્તકોમાં જૈન ધર્મની સમગ્ર શિક્ષાને-ઉપદેશપ્રણાલિને આવરી લેવામાં આવી હતી અને તેમાં યથાસ્થાને સૂક્તો, દૃષ્ટાંતો તથા કથાઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. કોઈ પણ જિજ્ઞાસુને જૈન ધર્મની પ્રમાણભૂત જાણકારી મેળવવી હોય તો આ પુસ્તકોમાંથી મળી શકે એમ છે. આ પુસ્તકોમાં યોગાભ્યાસ, મંત્ર સાધન, મહામંત્ર નમસ્કાર, ઉવસગ્ગહરં સ્તોત્ર, તંત્રોનું તારણ જેવાં પુસ્તકો પણ અપાયાં છે કે જે આધ્યાત્મિક શક્તિ ખીલવવાનાં ઉત્તમ સાધનો છે.

### શ્રી વીર-વચનામૃત

ત્યાર પછી શ્રી ધીરજલાલભાઈએ જુદા જુદા આગમોમાંથી ભગવાન મહાવીરનાં ૧૦૦૮ જેટલાં વચનામૃતો સંપાદિત કરી ગુજરાતી ભાષાંતર સાથે 'શ્રી વીર-વચનામૃત' નામથી પ્રકાશિત કર્યાં. આ પૂર્વે ભગવાન મહાવીરની વાણીના કેટલાક સંગ્રહો બહાર

પડયાં હતાં, પણ તે બધા કરતાં આ સંગ્રહ મોટો હતો અને તે અનેક વિષયોને સ્ફુટ કરતો હતો. જૈનાચાર્યો, મુનિવરો તથા જૈન જનતાના વિશાલ સમૂહ સમક્ષ આ ગ્રંથનો પ્રકાશન મહોત્સવ થયો અને તેણે શ્રી ધીરજલાલભાઈની યશકલગી વિશેષ ફરકતી કરી.

## શ્રીમહાવીર-વચનામૃત-હિંદી

શ્રીવીર-વચનામૃતના પ્રકાશન સમયે જ આ મહત્ત્વપૂર્ણ ગ્રંથના હિંદી અનુવાદની માગણી થઈ હતી, એટલે ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી પાસે તેનો અનુવાદ કરાવવામાં આવ્યો. આ ગ્રંથમાં જે સામગ્રી રજૂ થઈ હતી, તેમાં કોઈ સાંપ્રદાયિક વિવાદ ન હતો, એટલે તે સર્વમાન્ય બનવાના સંયોગો ઉજ્જવલ હતા. પરંતુ તે ત્યારે જ બની શકે કે જ્યારે જૈનોના ચારેય સંપ્રદાયના વિદ્વાનો એમાં રસ લઈ સંમતિની મહોર મારે. તે માટે શ્રી ધીરજલાલભાઈએ મુંબઈમાં મૂર્તિપૂજક સંપ્રદાયના શ્રી વિજયધર્મસૂરિજીનો, આગરા જઈ સ્થાનકવાસી સંપ્રદાયના પૂ. શ્રી અમરમુનિજીનો, દિલ્લી જઈ તેરાપંથી સંપ્રદાયના મુનિ શ્રીનથમલજીનો તથા વારાણસી જઈ દિગમ્બર સંપ્રદાયના પંડિત કૈલાસચંદ્ર શાસ્ત્રીનો સંપર્ક સાધ્યો અને તે દરેક પાસેથી ગ્રંથને અનુરૂપ આમુખો મેળવ્યાં. એક વાર અંતરમાં ભાવના જાગી કે તે પૂર્ણ કરવા માટે શ્રી ધીરજલાલભાઈ રાત્રિ-દિવસ પરિશ્રમ કરતાં, ગમે તેવી મુશ્કેલીઓ વેઠતાં કે તે અંગે જરૂરી ધનવ્યય કરવામાં પાછી પાની કરતા નથી. તેમની આ વિશેષતાને લીધેજ સમાજમાં તેમનું સ્થાન ગૌરવવંતુ બન્યું છે.

આ ગ્રંથનું પ્રકાશન-સમર્પણ યશસ્વી રીતે થાય તે માટે શ્રી ધીરજલાલભાઈ લગભગ ત્રણ મહિના સુધી કલકત્તામાં રહ્યા અને આ ગ્રંથની ૩૩૦૦ પ્રતિઓ ત્યાંજ છપાવી ત્યાંના જૈન આગેવાનોની બનેલી સમિતિ દ્વારા તેનું પ્રકાશન કર્યું. અહીં એ પણ જણાવી દઈએ કે શ્રી ધીરજલાલભાઇના ખાસ પ્રયત્નથી આ ગ્રંથ પ્રકાશિત થતાં સુધીમાં તેની ૩૦૦૦ પ્રતિઓ નોંધાઈ ગઈ હતી અને માત્ર ૩૦૦ પ્રતિઓ જ વેચવાની બાકી રહી હતી.

આ ગ્રંથ ભૂદાનના પ્રેરક રાષ્ટ્રસંત વિનોબાજીને બંગાળના ગ્રામગ્રામ ખાતે ભવ્ય કાર્યક્રમ સાથે સમર્પણ કરવામાં આવ્યો હતો. તે વખતે વિનોબાજીએ લગભગ ૫૫ મીનીટ સુધી ભગવાન મહાવીરના જીવનની વિશેષતા વિષે મનનીય પ્રવચન કર્યું હતું, જે પાછળથી 'भगवान महावीर का भारत पर असीम उपकार' તરીકે 'દશપુર સાહિત્ય સંવર્ધન સંસ્થાન મંદસોર' તરફથી પ્રકટ થયું હતું.

અહીં એ પણ નોંધવા જેવું છે કે આ ગ્રંથની ૫૦૦ પ્રતિઓ બિહાર રાજ્યના પુસ્તકાલયોમાં ત્યાંના શિક્ષાવિભાગ મારફત મોકલાઇ હતી, ૪૦૦ પ્રતિઓ રાજસ્થાન રાજ્યના પુસ્તકાલયોમાં ત્યાંના શિક્ષાવિભાગ તરફથી મોકલાઈ હતી, ૩૫૦ પ્રતિઓ

લોકસભાના સદસ્યોને વહેંચાઇ હતી અને ૧૦૦ પ્રતિઓ ભૂદાનને લગતી ભારતની વિવિધ સંસ્થાઓમાં મોકલાઇ હતી.

## ધી ટીચીંગ્સ ઓફ લોર્ડ મહાવીર

આ આવૃતિમાંથી 'ધી ટીચીંગ્સ ઓફ લોર્ડ મહાવીર' નામે સંક્ષિપ્ત અંગરેજી આવૃત્તિ સુંદર રૂપરંગે તૈયાર થઈ હતી અને તે વિદ્વાનોને વિના મૂલ્યે આપવામાં આવી હતી. આ આવૃત્તિની ઇગ્લેંડ, અમેરિકા તથા ઈટલિમાંથી માંગણી આવી હતી, તે પરથી તેની ઉપયોગિતા સમજી શકાશે. આ ગ્રંથનું પુનઃમુદ્રણ કરવા જેવું છે, પણ આ કામ હવે સમાજે સંભાળવું જોઈએ.

## ભક્તિ અને વિજ્ઞાન

ત્યારપછી જિનભક્તિ પર વિશેષ પ્રકાશ પાડવાના આશયથી શ્રી ધીરજલાલભાઈએ 'જિનોપાસના'નામનો એક દળદાર ગ્રંથ રચ્યો અને જૈન વિજ્ઞાનને પ્રકાશમાં લાવવાના હેતુથી 'જીવવિચાર પ્રકાશિકા યાને જૈનધર્મનું પ્રાણીવિજ્ઞાન' તથા 'નવતત્ત્વદીપિકા યાને જૈનધર્મનું અદ્‌ભુત તત્ત્વજ્ઞાન' એ બે મહત્ત્વપૂર્ણ ગ્રંથોની રજૂઆત કરી. આ વિષયો આધુનિક મનુષ્યોના બરાબર સમજવામાં આવે તે માટે તેમાં દાખલા, દલીલો ઉપરાંત અનેક પ્રકારની વૈજ્ઞાનિક માન્યતાઓની પણ ચર્ચા-વિચારણા કરી છે. આ છેલ્લા બે ગ્રંથની હાલ બીજી આવૃત્તિ ચાલે છે.

## આરાધના અંગે અપૂર્વ માર્ગદર્શન

સાહિત્યસર્જનની પ્રવૃત્તિ એકધારી ચાલી રહી હતી અને તેના અનુસંધાનમાં બીજી પ્રવૃત્તિઓ પણ કરવામાં આવતી હતી. વચ્ચે વચ્ચે સામાજિક પ્રવૃત્તિઓમાં પણ ભાગ લેવાના પ્રસંગો આવતા હતા. આમ છતાં શ્રી ધીરજલાલભાઈનું અંતર આરાધના તરફ વિશેષ ઢળ્યું હતું અને તેમાં તેમને અપૂર્વ આનંદ આવતો હતો. વિશેષ વિચાર કરતાં તેમને લાગ્યું કે આ વિષયમાં પણ અદ્યતન સ્વરૂપે કેટલુંક સાહિત્ય બહાર પાડવાની જરૂર છે, એટલે તેમણે એ વિષયમાં કલમ ચલાવવા માંડી અને તેમાં પોતાના ચિંતન, મનન, અધ્યયન અને અનુભવનો નીચોડ આપવા માંડ્યો.

તેનો પ્રારંભ 'નમસ્કારમંત્રસિદ્ધિ' ગ્રંથથી થયો. આમ તો નમસ્કાર મંત્ર પર ઘણા ગ્રંથો બહાર પડી ચૂકયા હતા, પણ તેમાં મોટા ભાગે તેના માહાત્મ્યનું વર્ણન તથા અર્થો પરત્વે વિવેચન હતું, જ્યારે આ ગ્રંથમાં તે ઉપરાંત એક મંત્ર તરીકે તેની આરાધના કઈ રીતે કરવી જોઇએ ? તેના ક્રમિક પગથિયાં કિયાં છે ? અને તેની સિદ્ધિ સુધી શી રીતે પહોંચી શકાય ? તેની વિશદ વિવેચના હતી, એટલે આ ગ્રંથે સહુનું

ધ્યાન આકર્ષિત કર્યું અને તે હજારો આરાધકોને આરાધનાની કેડીએ ચાલવા માટે દીવાદાંડીરૂપ બની રહ્યો!

ત્યારપછી તેમણે 'મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર યાને જૈનમંત્રવાદની જય-ગાથા' નામનો બીજો દળદાર ગ્રંથ બહાર પાડયો. તેમાં ઉવસગ્ગહરં સ્તોત્ર વિષે પ્રચુર માહિતી આપી હતી તથા તેના સર્વ પ્રચલિત પાઠોનો સંગ્રહ કરીને તેને લગતા મંત્રો તથા યંત્રોની પણ રજૂઆત કરી હતી. આ ગ્રંથ પણ લોકપ્રિય થયો.

તે પછી એક જ વર્ષમાં તેમણે 'હ્રીંકારકલ્પતરુ યાને જૈન ધર્મનો દિવ્ય પ્રકાશ' ગ્રંથ તૈયાર કરી જિજ્ઞાસુઓના હાથમાં મૂક્યો. તેમાં તેમણે શ્રી જિનપ્રભ-સૂરિકૃત લઘુહ્રીંકારકલ્પ પર ઘણું સુંદર વિવેચન કર્યું છે તથા તેને લગતી બીજી પણ કેટલીક કૃતિઓ વિવેચનસહિત રજૂ કરી તેનો આરાધનાવિધિ દર્શાવ્યો છે.

તે પછી તેમણે ભક્તામર સ્તોત્ર તરફ દૃષ્ટિ દોડાવી અને તેનો સર્વાંગી પરિચય આપતો દળદાર ગ્રંથ 'ભક્તામર-રહસ્ય' નામથી પ્રકાશિત કર્યો. આ પ્રકાશન નિમિત્તે તેમણે મુંબઇના ક્રોસ મેદાનમાં 'શ્રી માનતુંગસૂરિ સારસ્વત સમારોહ'ની ચાર દિવસની ભવ્ય ઉજવણી કરી હતી અને તે વખતે કેટલાક જૈન વિદ્વાનોનો સત્કાર પણ કર્યો હતો.

આ રીતે એક પછી એક ગ્રંથો ભવ્ય સમારોહ પૂર્વક બહાર પડતાં જૈનજનતા પર તેનો ખૂબ પ્રભાવ પડયો હતો અને તેમના પ્રશંસક-વર્ગમાં ભરતી આવી હતી.

તે પછી 'શ્રી ઋષિમંડલ આરાધના' અને 'શ્રી પાર્શ્વ-પદ્માવતી આરાધના' એ બે ગ્રંથો તૈયાર કરી તેનું પણ વિધિપૂર્વક પ્રકાશન કર્યું.

આ ગ્રંથો પૈકી નમસ્કાર મંત્રસિદ્ધિની ત્રીજી આવૃત્તિ ચાલે છે, 'મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં' ની બીજી આવૃત્તિ ચાલે છે, 'ભક્તામર રહસ્ય' અને 'શ્રી ઋષિમંડલ આરાધના' અપ્રાપ્ય બન્યા છે અને 'શ્રી પાર્શ્વ-પદ્માવતી આરાધના' ની બીજી આવૃત્તિ હમણાં જ પ્રકટ થઇ છે.

આ આરાધના-સાહિત્યે શ્રી ધીરજલાલભાઇની કીર્તિ પર કલશ ચડાવ્યો છે. તેમાંથી હજારો ભાઈ-બહેનોએ જીવન-સાફલ્યની અવનવી પ્રેરણા મેળવી છે અને હજી મેળવશે એવી અમને આશા છે.

### ૧૪-પ્રજ્ઞા પ્રકાશન મંદિર

જૈન સાહિત્ય પ્રકાશન મંદિરની સ્થાપના પછી ત્રણ કે ચાર વર્ષે શ્રી ધીરજલાલ ભાઇએ પ્રજ્ઞા પ્રકાશન મંદિર ચાલુ કર્યું અને તેના દ્વારા વિશિષ્ટ કોટિનું સાર્વજનિક સાહિત્ય પ્રસિદ્ધ કરવા માંડયું. તેમાં અત્યાર સુધીમાં નવ ગ્રંથો બહાર પડયા છે.

આ ગ્રંથોમાં પ્રથમ (૧) ગણિત–ચમત્કાર, (૨) ગણિત–રહસ્ય, અને (૩) ગણિત-સિદ્ધિ એ ત્રણ ગ્રંથો બહાર પાડવામાં આવ્યા. શ્રી ધીરજલાલભાઈએ અવધાનપ્રયોગો અંગે ગણિતના વિષયમાં સારો રસ દાખવ્યો હતો અને તેની રહસ્યભૂત કેટલીક બાબતો શોધી કાઢી હતી. તેનો જનતાને પણ લાભ મળે એ હેતુથી તેમણે આ ત્રણ ગ્રંથો પ્રકાશિત કર્યા હતા. આમાંનો પ્રથમ ગ્રંથ શ્રી ફતેહસિંહરાવ ગાયકવાડને, બીજો સ્વ. શ્રી લાલબહાદુરશાસ્ત્રીને અને ત્રીજો શ્રી મોરારજી દેસાઈને ખાસ સમરોહ યોજી અર્પણ કરવામાં આવ્યો હતો. તે વખતે શ્રી ધીરજલાલભાઈએ ગણિતસિદ્ધિ (Mathemagic) ના કેટલાક પ્રયોગો બતાવતાં શ્રોતાસમૂહ અત્યંત પ્રભાવિત થયો હતો. આ ગ્રંથો ત્રીજી આવૃત્તિ સુધી પહોંચ્યા છે, તે એની ઉપયોગિતા તથા લોકપ્રિયતા દર્શાવે છે.

તે પછી 'સંકલ્પસિદ્ધિ યાને ઉન્નતિ સાધવાની અદ્ભુત કલા' નામનો ગ્રંથ રચી પ્રસિદ્ધ કર્યો. તેની પત્રકારોએ તથા વિદ્વાનોએ ભારોભાર પ્રશંસા કરી છે અને દરેક વિદ્યાર્થી તથા યુવાનને આ ગ્રંથ વાંચવાની ભલામણ કરી છે. હાલ તેની બીજી આવૃત્તિ ચાલે છે.

તે પછી પાંચ વર્ષના ગાળામાં શ્રી ધીરજલાલભાઈએ મંત્રવિજ્ઞાન, મંત્રચિંતામણિ અને મંત્રદિવાકર નામના ત્રણ મનનીય મહત્ત્વપૂર્ણ ગ્રંથોની રચના કરી તેને પ્રસિદ્ધિ આપી. તેણે ગુજરાતના શિક્ષિતવર્ગનું મંત્રવિદ્યા તરફ સારું એવું ધ્યાન ખેંચ્યું, મંત્ર સાધકોને યોગ્ય માર્ગદર્શન આપ્યું અને શ્રી ધીરજલાલભાઈની મંત્રમનીષી તરીકે પ્રસિદ્ધિ થઈ. આ બધા ગ્રંથોની હાલ બીજી આવૃત્તિ ચાલુ છે.


તે પછી 'જપ–ધ્યાન–રહસ્ય' નામનો ગ્રંથ બહાર પાડવામાં આવ્યો. તેની અનોખી શૈલિએ અને અપૂર્વ સામગ્રીએ અનેક સાધકોનાં હૈયાંને હરખાવ્યાં. તેમને જોઈતી ઘણી વસ્તુઓ તેમાંથી સાંપડી, તેની બધી નકલો માત્ર એકજ વરસમાં પૂરી થઈ ગઈ છે.


છેલ્લે તેમણે 'આત્મદર્શનની અમોઘ કલા' નામનો યોગવિષયક મનનીય ગ્રંથ તૈયાર કર્યો, જેમાં યોગની મહત્તા, યોગના પ્રકારો, અષ્ટાંગ યોગ તથા યોગસિદ્ધિઓ પર મહત્ત્વપૂર્ણ વિવેચન કર્યું છે.

આ રીતે શ્રી ધીરજલાલભાઈએ સતત પુરુષાર્થ કરીને છેલ્લાં પચીશ વર્ષમાં વિવિધ વિષયના ઘણા મનનીય ગ્રંથો સમાજના ચરણે ધર્યા છે, જે તેમની કીર્તિને સદા ઉજ્જવલ રાખશે, એમ અમે માનીએ છીએ.

## ૧૫–શતાવધાની

શતાવધાની તરીકે શ્રી ધીરજલાલભાઈનું નામ આજે સમગ્ર ભારત વર્ષમાં જાણીતું છે. શતાવધાની એટલે સો વસ્તુઓ કે વિષયોની ધારણા કરીને તેને યથાક્રમ કહી





દાંપત્ય : પહેલાં અને પછી.



શ્રીમતી ચંપાબહેન ધીરજલાલ શાહ

સને ૧૯૬૭ માં ઉપધાન તપ કર્યા પછી

તેમણે છેલ્લાં બાર વર્ષમાં અનેક પ્રકારની તપશ્ચર્યાઓ કરી છે અને આજે પણ કરી રહેલ છે.

આપનાર. આવી શક્તિવાળા પુરુષો ભારતમાં સમયે સમયે થતા રહ્યા છે અને તેમણે આત્માની અનંત શક્તિનાં દર્શન કરાવ્યાં છે.

વિદ્યાર્થી વાચનમાળામાં શ્રીમદ્ રાજચંદ્રજીનું જીવન આલેખતાં શ્રી ધીરજલાલભાઈને શતાવધાની થવાની ઇચ્છા જાગી; પણ તે વખતે તેની પૂર્તિ થાય તેવા સંયોગો ન હતા. તે પછી કેટલાક વખતે તેમને પૂ. સંતબાલજીનો સમાગમ થયો, તેમની પાસેથી પ્રાથમિક માર્ગદર્શન મળ્યું અને તે દિશામાં સતત પ્રયત્ન કરતાં તેઓ સો અવધાન સુધી પહોંચ્યા. ગુજરાત–વીજાપુર સંઘના આમંત્રણથી તેમણે વીજાપુરમાં તા. ૨૯–૯–૧૯૩૫ના રોજ શ્રી રામચંદ્ર જમનાદાસ અમીન બી. એ. એલ્ એલ્ બી.ની અધ્યક્ષતામાં ઘણા સાધુ–સાધ્વીઓ તથા નાગરિકોની હાજરીમાં સો અવધાનો સફળતાપૂર્વક કરી બતાવ્યા. આથી પ્રસન્ન થઈને વીજાપુરસંઘે તેમને સુવર્ણચંદ્રક અને ૩૨ શ્લોકની પ્રશસ્તિસહિત 'શતાવધાની' નું માનવંતુ બિરુદ આપ્યું. ત્યારથી તેઓ શતાવધાની તરીકે પ્રસિદ્ધ થયા. તેમણે ભારતના અનેક શહેરોમાં જાહેર રીતે અવધાનના પ્રયોગો કરી બતાવ્યા છે અને તેથી લોકો ખૂબ પ્રભાવિત થયા છે.

શતાવધાનના પ્રયોગો કરતાં ઘણો સમય જાય, એટલે બધી વખત શતાવધાન થઇ શકે નહિ. તેથી તેમણે સમય-સંયોગાનુસાર ૪૦, ૪૮, ૫૨, ૬૪, ૮૦ એ રીતે પ્રયોગો કર્યા છે અને બે વાર પૂરા સો તથા એકવાર એકસો આઠ અવધાનો પણ કરેલાં છે.

પ્રાચીન કાલમાં અવધાનપ્રયોગો મોટા ભાગે રાજદરબારમાં કે વિદ્વાન્ સંમેલનોમાં થતા અને તેમાં કાવ્યરચનાઓ પુષ્કળ પ્રમાણમાં કરવામાં આવતી. શ્રોતાઓ જે વિષય પર અને જે છંદમાં કાવ્ય રચવાનું કહે, તે પ્રમાણે અનુક્રમે કાવ્યરચના સંભળાવવામાં આવતી અને તેમાં ઘણી કઠિન પરીક્ષાઓ પણ થતી. એક હજાર શિષ્યોને પાઠ આપી તે દરેકને યાદ રાખવા દ્વારા સહસ્રાવધાનના પ્રયોગો પણ થયા છે. કાચના ઘણા પ્યાલાઓ ગોઠવી તે દરેકના ટકોરા સાંભળ્યા પછી કોઇ પણ ટકોરો વાગતાં તેનો ક્રમ કહી આપવાના પ્રયોગો પણ થયેલા છે. પરંતુ આ પ્રયોગોમાં વિશિષ્ટ કોટિના લોકો જ રસ લઈ શકતા. સામાન્ય માનવીને તેમાં રસ પડે એવું બહુ ઓછું હતું.

આ વખતે સ્થાનકવાસી મુનિ શ્રીરત્નચંદ્રજી મહારાજની શતાવધાનની જે પરંપરા પ્રચલિત હતી, તેમાં કેટલુંક લોકભોગ્ય તત્ત્વ હતું અને તે પરંપરા જ શ્રી સંતબાલજી દ્વારા શ્રી ધીરજલાલભાઈને પ્રાપ્ત થઈ હતી. આ પ્રયોગોને વિશેષ લોકભોગ્ય બનાવવા હોય તો હજી તેમાં ઘણી સુધારણાને અવકાશ હતો, એટલે શ્રી ધીરજલાલભાઈએ તે દિશામાં પ્રયત્ન આદર્યો અને તેને લોકભોગ્ય બનાવ્યા. તેથીજ

તેમના પ્રયોગો વખતે હજારો માણસોની મેદની થઈ છે અને તે આ પ્રયોગો જોઈ મુગ્ધ બની છે.

સને ૧૯૩૭માં તેઓ શ્રી વિજયધર્મસૂરિ જયંતી નિમિત્તે માત્ર ત્રણ દિવસ માટે જ કરાંચી ગયા હતા, પણ તેમના પ્રયોગો જોયા પછી અનેક સંસ્થાઓનાં આમંત્રણ આવ્યાં અને તેમને અઢાર દિવસ સુધી ત્યાં રોકાવું પડયું. તેમાં તેમણે નવ જાહેર પ્રયોગો કર્યા. પરિણામે ત્રણ સુવર્ણચંદ્રકો, એક ડૉકટરોની ખાસ સભાનો રૌપ્યચંદ્રક, એક નાણાં થેલી, એક પાર્ટી અને સમસ્ત નાગરિકો તરફથી અભિનંદનપત્ર આટલી વસ્તુઓ પ્રાપ્ત થઈ હતી. જ્યારે તેમણે કરાંચી છોડયું ત્યારે તેમના ડબ્બાને ખાસ શણગારવામાં આવ્યો હતો અને ઘણા માણસો વિદાય આપવા હાજર થયા હતા.

કલકત્તામાં તેમના પ્રયોગો ચાર વાર થયા છે અને તેથી ઘણી લોકપ્રિયતા પ્રાપ્ત થયેલી છે. આ પ્રયોગોમાં બંગાલ એશિયાટિક સોસાઈટીમાં થયેલા પ્રયોગો વિરલ કોટિના હતા. તે વખતે અનેક વિદ્વાનો અને શિક્ષણશાસ્ત્રીઓ ઉપરાંત કેટલાક જાદુગરો પણ હાજર રહ્યા હતા.

આ પ્રયોગો દરમિયાન શ્રી ધીરજલાલભાઈએ વડોદરા, ડભોઈ અને ભાવનગરમાં પ્રેક્ષકોને ગમે તે પ્રશ્નો પૂછવાની છૂટ આપી હતી. તે વખતે અનેક અટપટા પ્રશ્નો પૂછાયા હતા, પરંતુ તેમણે તે બધાના યથાર્થ ઉત્તરો આપી સહુને ચકિત કરી દીધા હતા.

એક વખત વડોદરામાં સાક્ષારવર્ય શ્રી રમણલાલ વસંતલાલ દેસાઇની અધ્યક્ષતામાં પ્રયોગો યોજાયા, ત્યારે એક પ્રશ્નકર્તાએ પાછળથી એક વસ્તુનો સ્પર્શ કરાવ્યો. તરત જ શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'આ એક પુષ્પની પાંખડી છે અને તે પીળા રંગની છે.' આ વખતે અધ્યક્ષે પૂછયું કે 'સ્પર્શજ્ઞાનથી પુષ્પની પાંખડી તો ઓળખી શકાય, પણ તે પીળા રંગની છે એમ શાથી કહો છો?' શ્રી ધીરજલાલભાઇએ કહ્યું : 'મારા મન પર એ જાતની છાયા પડે છે. તે સાચું છે કે ખોટું? એ જણાવો.' અધ્યક્ષે કહ્યું : 'ઉત્તર બરાબર છે.'

ભાવનગરમાં શ્રી હરભાઈ ત્રિવેદીના ખાસ આમંત્રણથી માય ઓન સ્કૂલમાં શ્રી ધીરજલાલભાઈએ સ્પર્શ-જ્ઞાનના પ્રયોગો બતાવેલા. તેમાં ઘણી વિચિત્ર વસ્તુઓ હાજર કરવામાં આવી હતી, જેમ કે દૂધીનો વચલો ગર્ભ, પીસ્તાનું છીલું, પ્રેસનો કોર્ડ્ટ વગેરે, પણ શ્રી ધીરજલાલભાઈએ તે બરાબર ઓળખી આપ્યા હતા.

કરાંચીમાં બહેનોની સભામાં પણ સ્પર્શ બાબત ઘણી આકરી પરીક્ષા થઈ હતી. તેમણે એક પ્યાલામાં તલનું તેલ, બીજામાં સરસિયું તેલ અને ત્રીજામાં ગરમ કરેલું ઘી રાખ્યું હતું અને આ વસ્તુઓ શ્રી ધીરજલાલભાઈની પાછળ રાખી તેમાં માત્ર

આંગળી નાખીને એનું નામ જાહેર કરવાનું જણાવ્યું હતું, પરંતુ તેઓ તેમાં બરાબર પાર ઉતર્યા હતા.

હસ્તાક્ષર-નિષ્ણાત પ્રો. ગજ્જરે તેમની આ શક્તિ જોઇને કહ્યું હતું કે જે કામ આપણી આંખો કરે છે, તે કામ શ્રી ધીરજલાલભાઈની આંગળીનાં ટેરવાં કરે છે.

ગમે તેવી અજાણી ભાષાના શબ્દો વ્યુત્ક્રમથી સાંભળીને તેનું આખું વાકય મૂળ ક્રમમાં કહી સંભળાવવું એ પણ એમની વિશેષતા છે. એ રીતે તેમણે આજસુધીમાં લગભગ ૪૦૦ જેટલી ભાષાઓના શબ્દો સાંભળી તેને કહી બતાવ્યા છે.

ગણિતવિદ્યાની તેમની કુશલતા ખૂબ જાણીતી છે. તેઓ અમદાવાદથી વારંવાર મુંબઈ આવતા. ત્યારે કેટલીક ઓફિસોમાં કોમ્પ્યુટરો જોડે ગુણાકારની હરિફાઈ કરેલી અને તેમાં તેઓ થોડી સેકન્ડ વહેલો ઉત્તર આપી શકયા હતા.

શ્રી ધીરજલાલભાઈ એમ માને છે કે આ શક્તિ કુદરતી બક્ષીસથી પ્રાપ્ત થાય છે, તેમ અભ્યાસથી પણ સિદ્ધ થઈ શકે છે અને તે માટે તેમણે 'સ્મરણકલા' નામનું ખાસ પુસ્તક લખીને પ્રસિદ્ધ કર્યું છે. સ્વ. સાક્ષરવર્ય શ્રી રમણલાલ વસંતલાલ દેસાઇએ એની પ્રસ્તાવના લખી છે. તેમાં તેમણે શ્રી ધીરજલાલભાઈની આ શક્તિની પ્રશંસા તો કરી જ છે, પણ તેમણે જે નિખાલસતાથી આ વિદ્યાનાં રહસ્યો પ્રકટ કર્યાં છે, તેને માટે ઘણા ધન્યવાદ આપેલા છે.

આ વિદ્યા-કલાનો વારસો જળવાઈ રહે તે માટે શ્રી ધીરજલાલભાઇએ તેનો ખાસ અભ્યાસક્રમ તૈયાર કરી ૨૨ જેટલા શિષ્યો પણ તૈયાર કર્યા છે, જેમાં જૈન સાધુઓ, સાધ્વીઓ તથા ગૃહસ્થોનો સમાવેશ થાય છે.

આ રીતે શ્રી ધીરજલાલભાઈ માત્ર શતાવધાની જ નહિ, પણ અવધાનકલાગુરુ પણ છે અને ભારતની એક અણમોલ વિદ્યા-કલાના સંરક્ષક પણ છે.

## ૧૬-ગણિતસિદ્ધિકાર

શતાવધાનના પ્રયોગોમાં ગણિતના કેટલાક વિષયો આવે છે. તેના પર ચિંતન-મનન કરી શ્રી ધીરજલાલભાઇએ ગણિતને લગતા કેટલાક સિદ્ધાંતો શોધી કાઢ્યા અને તેના આધારે ગણિત સિદ્ધિના અદ્ભુત પ્રયોગો નિર્માણ કર્યા. અંગરેજીમાં જેને મેથેમેજીક (Mathemagic) કહેવામાં આવે છે, તે જ જાતના આ પ્રયોગો છે, પણ તેનાં અદ્ભુત આશ્ચર્યજનક પરિણામો કેમ લાવવાં ? એ એમની વિશેષતા છે અને આ વિશેષતાએજ તેમના પ્રત્યે લોકોનું અજબ આકર્ષણ કરેલું છે.

તેઓ આ પ્રયોગો મિજલસ સમક્ષ, તેમજ થિયેટરોમાં કે જાહેર હોલમાં કરે છે અને તે વખતે પ્રેક્ષકોમાંથી જેને આવવું હોય તેને ઉપર આવવા દઈ તેમની પાસે થોડું

ગણિત કરાવે છે. પછી આંખના પલકારામાં તેનું પરિણામ લાવે છે, જે જોઇને લોકો આશ્ચર્ય પામે છે. દાખલા તરીકે એક વાર બીરલા માતુશ્રી-સભાગારમાં તેમણે આ પ્રયોગો કરતી વખતે ત્રણ વ્યક્તિઓને ઉપર બોલાવી, તેમને ધારવી હતી તે સંખ્યા ધારવા દીધી, તેનું ગણિત કરાવ્યું અને તેના પરિણામ અનુસાર એક યાદીમાંથી વસ્તુ ધારવાનું જણાવ્યું. આ યાદીમાં મેવા, મીઠાઇઓ, ફળ, ફૂલ વગેરે મળી ૧૦૮ પ્રકારનાં નામો હતાં. હવે તે વ્યક્તિઓએ નામની ધારણા કરી કે તેમના પ્રયોગસહાયકે કામકુંભ લાવી ટેબલ પર મૂક્યો અને તેમણે અંદરથી અનનસ કાઢયું, તે પેલી વ્યક્તિઓની ધારણા મુજબ જ હતું. બીજા એક પ્રસંગે આવા જ પ્રયોગોમાં પ્રશ્નકારોએ ચંદ્રાવલા નામનો હાર ધાર્યો હતો, તે પણ તેમણે તરત જ કાઢી બતાવ્યો હતો. આજ રીતે તેઓ પ્રશ્નકારોને ગણિત કરાવી તેને ૮૪ પ્રકારની સુગંધોની યાદી આપે છે અને તેમણે જે સુગંધ ધારી હોય તે જ સુગંધનો અનુભવ કરાવે છે. એક વાર રંગસ્મૃતિના પ્રયોગોમાં તેમણે આંખે પાટા બાંધી માત્ર વસ્તુઓને સ્પર્શ કરી સામી વ્યક્તિએ ધારેલા રંગવાળી વસ્તુઓ રજૂ કરી હતી અને એક પ્રયોગમાં પડદા પર તે જ રંગનાં વસ્ત્રો પહેરેલી અપ્સરાનું દર્શન કરાવ્યું હતું.

ગણિતસિદ્ધિમાં તેમણે અનેક પ્રકારના પ્રયોગો કર્યા છે અને ભલભલા ગણિત-શાસ્ત્રીઓના મુખમાં આંગળા નખાવ્યાં છે. તેઓ કહે છે કે 'આ બધું વૈજ્ઞાનિક છે. માત્ર તેના સિદ્ધાંતો જાણવા જોઈએ.'

અહીં અમારે એ સ્પષ્ટ કરવું જોઈએ કે યુરોપ, અમેરિકાની કલબોમાં ગણિતના જે પ્રયોગો રજૂ થાય છે, તે સામાન્ય રીતે આનંદ આપનારા હોય છે, જ્યારે આ પ્રયોગો આનંદ સાથે અત્યંત આશ્ચર્યને ઉત્પન્ન કરનારા છે. કદાચ અમે આ પ્રયોગોને અપૂર્વ કે અજોડ કહીએ તો તેમાં અત્યુક્તિ નથી.

તેઓ જાદુના પ્રયોગો જાણે છે, પણ શતાવધાન કે ગણિતસિદ્ધિના પ્રયોગોમાં તેને ભેળવવા માગતા નથી, કારણ કે એથી આ બંને વિદ્યાઓનો મહિમા ઘટે એવો સંભવ છે.

### ૧૭—નાટયલેખક

શ્રી ધીરજલાલભાઈના ગદ્ય-પદ્ય લખાણોથી તો લોકો સુપરિચિત છે, પરંતુ તેઓ એક સારા નાટયલેખક પણ છે, એ વાત બહુ ઓછા માણસો જાણે છે. તેમણે ઘણાં વર્ષો પહેલાં 'સતી નંદયંતી' નામે એક ત્રિઅંકી નાટક લખ્યું હતું, જે જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તરફથી પ્રકટ થતા જૈનયુગ પત્રમાં છપાયું હતું.

ત્યારપછી તેમણે 'શાલિભદ્ર' નામનું ત્રિઅંકી નાટક લખ્યું, તે સુઘોષા માસિકમાં ક્રમશઃ છપાયું હતું.

સં. ૨૦૨૦માં તેમણે ત્રીજું નાટક 'સંકલ્પ સિદ્ધિ યાને સમર્પણ'નું સંકલન કર્યું હતું, જે પાછળથી કવિ મનસ્વી દ્વારા અક્ષરદેહ પામ્યું હતું.

ત્યારપછી તેમણે 'કાચા સૂતરના તાંતણે' એ નામની એકાંકી નાટિકા લખી સતી સુભદ્રાના પવિત્ર જીવનનો પરિચય કરાવ્યો હતો. તે તા. ૧૫-૩-૭૦ના રોજ બીરલા માતુશ્રી સભાગારમાં સારી રીતે ભજવાઈ હતી.

શ્રી ધીરજલાલભાઈને સમયે સમયે કાવ્યો રચવાની પ્રેરણા થાય છે, તેમ નાટકો રચવાની પણ પ્રેરણા થાય છે અને ત્યારે જ તેઓ એમાં પ્રવૃત્ત થાય છે. આ રીતે શ્રીમાનતુંગસૂરિ સારસ્વત સમારોહની ઉજવણી પ્રસંગે ભક્તિનો અપૂર્વ મહિમા દર્શાવવા માટે એક નાટક લખવાની પ્રેરણા થઈ અને તેમણે 'બંધન તૂટયાં' એ નામનું ત્રિઅંકી નાટક તૈયાર કર્યું. આ નાટક તા. ૬-૩-૭૧ના રોજ ક્રોસ મેદાનમાં ખાસ બંધાયેલ સારસ્વત રંગભવનમાં પૂર બહારમાં ભજવાયું હતું. તેના સંવાદો, દશ્યો અને વસ્તુ સંકલને પ્રેક્ષકો પર ભારે પ્રભાવ પાડયો હતો. યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશનના ચેરમેન શ્રી ડી. એસ. કોઠારી એ વખતે અધ્યક્ષસ્થાને હતા. તેમણે આ નાટકને શ્રેષ્ઠ કોટિનું ગણાવ્યું હતું.

તે પછી શ્રીઋષિમંડલ-આરાધના ગ્રંથના પ્રકાશન-સમર્પણ સમારોહ પ્રસંગે તેમણે 'હજી બાજી છે હાથમાં' એ નામના ત્રિઅંકી નાટકની રચના કરી હતી અને તે તા. ૨૧-૧૧-૭૧ના રોજ બિરલા માતુશ્રી સભાગારમાં સરસ રીતે ભજવાયું હતું. આ નાટકમાં મનુષ્યોને કેવી મહત્ત્વાકાંક્ષા હોય છે? તે માટે કેવાં સાહસો ખેડે છે? તેમાં કેવી મુશીબતો નડે છે? વળી ભોગલાલસા મનુષ્યોને કયાં ઘસડી જાય છે અને તેમાં જીવન કેવી રીતે વ્યતીત થઈ જાય છે? વગેરે દર્શાવી છેવટે 'સંયમની આરાધના જ મનુષ્યને સાચું સુખ આપી શકે છે' એ કલાત્મક રીતે દર્શાવ્યું હતું.

ત્યાર પછી સંકલ્પસિદ્ધિ ગ્રંથના પુનઃપ્રકાશન વખતે તેમણે 'શ્રીપાર્શ્વપ્રભાવ' નામની દ્વિઅંકી નાટિકા રચી હતી અને તેમાં મહારાણા પ્રતાપે શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૨૧ દિવસની આરાધના કેવી રીતે કરી તથા તેનું શું ફળ મળ્યું? વગેરે હકીકતોને સરસ રીતે રજૂ કરી હતી.

આ રીતે શ્રી ધીરજલાલભાઈએ નિર્મલ ભાવોથી નીતરતી નૌતમ નાટ્યસંપદા આપણને આપી છે, પણ તેમણે નાટ્યકાર તરીકે આગળ આવવાનો પ્રયાસ કર્યો નથી. તેઓ કહે છે 'આ તો મારા શોખનો વિષય છે અને મારા હૃદયમાં ઉઠતી ઉર્મિઓને શાંત કરવા જ તેનો આશ્રય લઉં છું.'

## ૧૮—સંપાદક અને વક્તા

સાહિત્યકારનું વ્યક્તિત્વ વિભિન્ન રીતે વિભિન્ન કાર્યોના માધ્યમથી વ્યક્ત થાય છે. તેમાંનું એક કાર્ય લેખો, નિબંધો, ગ્રંથો કે વિશેષાંકોના સંપાદનને લગતું છે.

બધા સાહિત્યકારો આ કાર્ય કરી શકતા નથી, પરંતુ શ્રી ધીરજલાલભાઈ આ કાર્યમાં પણ સફળ રહ્યા છે. પ્રારંભમાં તેમણે બાળગ્રંથાવળી તથા વિદ્યાર્થીવાચનમાળાની અન્ય લેખકોએ લખેલી કેટલીક પુસ્તિકાઓ સંપાદિત કરી હતી. પછી પત્રો અંગે લેખકોનું સંપાદન કરવા લાગ્યા. તે પછી તેમણે 'નમસ્કાર મહામંત્ર,' 'આત્મતત્ત્વ વિચાર ભાગ પહેલો–બીજો,' 'શ્રી ગોડીજી પાર્શ્વનાથ સાર્ધ શતાબ્દી સ્મારક ગ્રંથ' વગેરેનું સરસ સંપાદન કર્યું. 'જૈન જ્યોતિ' પત્રનો શિક્ષણાંક, સમાજસેવા પત્રનો ક્ષમણ–દર્શનાંક, સમેતશિખર પાવાપુરી સ્પેશ્યલ ટ્રેઇન વિશેષાંક વગેરે વિશેષાંકો તેમના સુરુચિપૂર્ણ સંપાદનની પ્રસાદી છે.

તેમના ગ્રંથપ્રકાશન–સમર્પણ સમારોહ વખતે જે સ્મારિકાઓ પ્રકટ થઈ છે, તેમાં પણ તેમની વિશિષ્ટ સંપાદનકલાની છાપ ઉપસી આવે છે. પત્ર, પત્રિકા જે કંઈ છપાય તે સારા સ્વરૂપે છપાવા જોઈએ, એવો તેમણે આગ્રહ રાખ્યો છે અને તેમાં નવીનતા લાવવા તેમણે પ્રયાસો કર્યા છે.

વક્તા તરીકે પણ તેઓ સફળ રહ્યા છે. તેમને કોઈપણ વિષય પર બોલવા ઊભા કરો તો એ બોલી શકે છે, એટલું જ નહિ પણ શ્રોતાઓ પર ભારે પ્રભાવ પાડી શકે છે. વિષયનું ઊંડું અધ્યયન અને વિષયને રજુ કરવાની તેમની છટા તેમના વકતૃત્વને સફળ બનાવે છે. કોન્ફરન્સો, પરિષદો, સમારોહો, સંમેલનો વગેરેમાં તેમનાં ભાષણો થતાં રહ્યાં છે અને કેટલીક વાર તો તેમના વક્તૃત્વનો લાભ લેવા માટે વ્યાખ્યાન–માળાઓ પણ યોજાઇ છે. આજે પણ અનુકૂળતા મુજબ તેઓ વિવિધ વિષયો પર વ્યાખ્યાનો–ભાષણો આપે છે અને એ રીતે પોતાના જ્ઞાનની સાર્થકતા કરે છે.

## ૧૯–પ્રવાસપ્રેમી

શારીરિક–માનસિક ખડતલપણું કેળવવા માટે, નવું નવું જાણવા માટે તથા સહનશીલતા, નિર્ભયતા આદિ ગુણો કેળવવા માટે પ્રવાસ એક સરસ સાધન હોઇ શ્રી ધીરજલાલભાઇ વિદ્યાર્થી અવસ્થાથી જ તેના પ્રેમી બન્યા છે. તેમણે કેટલાક પ્રવાસો તો એટલા ઓછા ખર્ચમાં કર્યા છે કે જેનો આપણને ખ્યાલ પણ આવી શકે નહિ. માઇલો સુધી ચાલવાનું, જોઇતો સામાન ખભે ઉચકવાનો અને રસોઇ જાતે બનાવી લેવાની, એટલે તેમાં વિશેષ ખર્ચ આવતો નહિ. તેઓ કહેતા–ગરીબ માબાપના છોકરાઓ પણ પ્રવાસ કરી શકે તે માટે આ પદ્ધતિ અજમાવવાની જરૂર છે. શ્રી મોતીભાઈ અમીનને તેમના આ પ્રવાસો ખૂબ ગમતા, એટલે જ્યારે શ્રી ધીરજલાલભાઈ વડોદરા કે આણંદ જતા ત્યારે છાત્રાલયના વિદ્યાર્થીઓ આગળ તેમના પ્રવાસના અનુભવો અવશ્ય કહેવડાવતા.

તેમણે અનેક જંગલો અને ગિરિપ્રદેશો ખુંદ્યા છે, વનવગડામાં રાતો પસાર કરી છે અને જંગલી જનાવરો તથા ચોર વગેરેનો સામનો પણ કરેલો છે. સને ૧૯૩૨માં

તેમણે બ્રહ્મદેશ જોયા પછી શાન સ્ટેટનો પ્રવાસ કર્યો અને ત્યાંથી યુનાન ચીનની સરહદ પર પહોંચી ભયંકર જંગલોમાં ત્રણ દિવસ પગપાળા પ્રવાસ કર્યો, તે ઘણો જ સાહસિક હતો. એ વખતે એમની સાથે શ્રી વાડીલાલ કેશવજી શાહ નામના એમના એક વિદ્યાર્થી હતા. આ પ્રવાસમાં તેમણે એક નાનો કેમેરા સાથે રાખ્યો હતો અને તેનાથી કેટલાંક પ્રાકૃત્તિક દશ્યો ઝડપતા હતા, પણ તે કેમેરા એમને આફત રૂપ પુરવાર થયો હતો.

એ વખતે જાપાની લોકો આ પ્રદેશની ખાનગી સર્વે કરતા અને તેના ફોટા લેતા, એટલે બ્રિટિશ સરકારનો સખ્ત હુકમ હતો કે કોઇ અજાણ્યા માણસને અહીં આવવા દેવો નહિ કે કોઇ સ્થાનનો ફોટા પાડવા દેવા નહિ.

રસ્તામાં મીલીટરીના ચોકીદારોનો ભેટો થયો; શ્રી ધીરજલાલભાઈના હાથમાં કેમેરો જોઇ તેઓ એમને અધિકારી પાસે લઇ ગયા.

અધિકારીએ તેમને પૂછ્યું : 'અહીં કેમ આવ્યા છો?'

શ્રી ધીરજલાલભાઇએ કહ્યું : 'કુદરતનાં દશ્યો જોવા.'

અધિકારીએ પૂછ્યું : 'અહીં જોવા જેવું છે શું?'

શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'ઘણું બધું. અહીંના પહાડો, ઝરણો, જંગલો, પશુઓ, પક્ષીઓ બધું જોવા જેવું છે.'

અધિકારીએ પૂછ્યું : 'તમે આ કેમેરા તમારી પાસે શા માટે રાખ્યો છે?'

શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'પ્રાકૃતિક દશ્યોને ઝડપી લેવા.'

અધિકારીએ કહ્યું : 'હં. હું બધું સમજુ છું. અહીં આવવાનું ખરું કારણ જણાવી દો, નહિ તો તમને હમણાં જ જેલ ભેગા કરી દઉં છું.'

શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'અહીં આવવાનું ખરૂં કારણ તમને જણાવી દીધું છે. છતાં તમને ખાતરી થતી ન હોય તો જુઓ અમારી પાસેનું પ્રમાણપત્ર.' શ્રી ધીરજલાલભાઇએ અમદાવાદથી આ પ્રવાસ શરૂ કરતાં પહેલાં ત્યાંના મેજીસ્ટ્રેટ પાસેથી સાચા પ્રવાસી (Bonafide traveller) તરીકેનું પ્રમાણપત્ર લઈ લીધું હતું.

આ પ્રમાણપત્ર વાંચતાં જ અધિકારી ઠંડા પડી ગયા અને બંને પ્રવાસીઓને કોફીના કપ પાઇ વિદાય કર્યા.

ચીનની સરહદ પર નામ-ખમ પહોંચ્યા પછી રાત્રિના સમયે તેમણે પોઈ (ચીની લોકમેળો) જોવા અંદરના ભાગમાં જે પ્રવાસ કર્યો, તે જીવનભર યાદ રહી જાય એવો હતો. અજાણી ભૂમિ, પહાડી પ્રદેશ, રાત્રિનો સમય અને ભાષાનું અજ્ઞાન છતાં તેઓ પોતાના સાથી સાથે પોઈ જોવા નીકળી પડયા. અહીં તેઓ એક પંજાબી

ગૃહસ્થને ત્યાં ઉતર્યા હતા, તેણે કહેલું કે પોઈ તો નજીકમાં છે, તે જોઈને સમયસર પાછા આવી શકાશે. પણ થોડું ચાલતાં જ માર્ગ અદૃશ્ય થયો. પછી તો દૂર એક દીવો દેખાતો હતો, તેને નિશાન બનાવી ચાલવા માંડયું. એમ કરતાં ખસખસનાં ખેતરો આવ્યાં કે જેના દોડામાંથી અફીણ બને છે. એ ખેતરો ખૂંદતાં નદીના કિનારે પહોંચ્યા ત્યારે જણાયું કે પોઇ તો તેનો પેલી પાર છે. હવે એ નદી સાંકડી પણ ઘણી વેગવાળી હતી. તેના કિનારે કિનારે ચાલવા માંડયું અને એમ કરતાં એક લકડિયા પુલ પાસે આવીને ઊભા. આ પુલ જાડા ત્રણ વાંસનો જ બનેલો હતો. આજુબાજુ પકડવાનું કંઇ પણ ન હતું. જો શરીરનું સમતોલપણું જરા પણ ગયું તો નદીમાં પડીને મોતને ભેટવાનું નિશ્ચિત હતું. હવે તેને પાર કરીને સામે જવું કે કેમ ? એ પ્રશ્ન ખડો થયો, પરંતુ મનમાં પોઈ જોવાનો દૃઢ નિરધાર હતો, એટલે નિર્ણય પુલ પાર કરીને સામે જવાનો થયો. એ રીતે તેઓ પુલ પર થઈને સામે કિનારે પહોંચ્યા અને પાછા નદી કિનારે ચાલીને પોઈ સમીપે આવી ગયા. ત્યાં એક તંબૂ તાણેલો હતો અને બહારના ભાગમાં કેટલીક મીઠાઈઓ વેચાતી હતી, જે પ્રાયઃ જીવડાંઓની બનેલી હતી. અંદરના ભાગમાં કેટલાંક ટેબલો નાખેલાં હતાં, ત્યાં જુગાર રમાતો હતો અને લાંબી નળીઓ દ્વારા અફીણનો કસુંબો પીવાતો હતો. તેની સામે મધ્યમાં રંગમંચ હતો અને તેમાં ભવાઈ જેવો ખેલ ચાલી રહ્યો હતો. એ વખતે ચીનાઈ ભાષામાં કોઈ ગીત ગવાતું હતું, પણ તેઓ તેના સંકેત સિવાય બીજું કંઈ સમજતા ન હતા. ત્યાં કેટલાક ચોકીદારો પણ હતા અને તે સર્વત્ર નજર ફેરવતા રહેતા. તેમાં કોઈ અજાણ્યા કે જાસુસ જેવા માણસો જણાય તો તેને પકડીને નદીમાં પધરાવી દેવાનું ચૂકતા નહિ.

આ વખતે શ્રી ધીરજલાલભાઈ અને તેમના સાથીએ સ્કાઉટના જેવો ખાખી વેશ પહેર્યો હતો, એટલે પોલીસના માણસો જેવા લાગતા હતા. તેમને જોતાં જ ચોકીદારો માંહોમાંહી વાતો કરવા લાગ્યા અને તેમના તરફ વળ્યા. શ્રી ધીરજલાલભાઈની ચકોર આંખો આ દૃશ્ય જોઈ રહી હતી, એટલે તેમણે પોતાના સાથીને ઈશારો કર્યો અને તરત જ તેઓ પોઈના મંડપ બહાર નીકળી ગયા. પછી ત્યાંથી મૂઠીઓ વાળીને દોડયા, જેથી કોઈ પાછળ પડીને તેમને પકડી લે નહિ. એમ કરતાં તેઓ લકડિયા પુલ આગળ આવ્યા અને પાછળ જોયું તો કોઈ માણસ તેમનો પીછો કરી રહ્યો ન હતો, એટલે તેમનો શ્વાસ નીચે બેઠો.


પછી સાવધાનીથી પુલ ઓળંગી ચાલવા લાગ્યા અને જેમ તેમ કરીને રાત્રિના બાર વાગ્યે પોતાના ઉતારે પહોંચ્યા.

અહીંથી આગળ જતાં ભયંકર જંગલો આવતાં હતાં, જાણે ઝાડ પર ઝાડ ઉગ્યાં



શ્રીમતી ચંપાબહેન ધીરજલાલ શાહ તથા શ્રી શાંતાબહેન
( શ્રી ધીરજલાલભાઈના નાના બહેન, જેઓ આજે હૈયાત નથી ).

શ્રી ધીરજલાલ શાહ કુટુંબ સાથે સને ૧૯૩૮. શ્રીમતી ચંપાબહેન–ખોળામાં પુત્ર નરેન્દ્ર છે. પાછળ પુત્રી સુલોચના છે. આગળ પુત્રી ઇન્દુમતી છે. જમણી બાજુ શ્રી ધીરજલાલ શાહ છે. આ બંને પુત્રીઓ અવસાન પામેલી છે.





સમૂહ તસ્વીર : પાછળની લાઇન : (૧) પ્રવીણચંદ્ર સી. શાહ (જ) (૨) શ્રી નરેન્દ્રકુમાર ધી. શાહ (૩) શ્રી ધીરજલાલ ટો. શાહ (૪) શ્રીમતી ચંપાબહેન ધી. શાહ (૫) અ. સૌ. રંજનબાળા ન. શાહ (૬) શ્રી સુરેન્દ્ર એ. છેડા (જ)
આગળની લાઇનઃ (૧) કુ. ભારતી ધી. શાહ (૨) શ્રી જ્યોતિ એસ. છેડા (૩) શ્રી કાશ્મીરા એસ. છેડા (૪) શ્રીમતી સ્મિતા એસ. છેડા.

હોય એવો તેનો દેખાવ હતો. ઊંચાઈ પણ પચાશથી સાઠ ફીટ જેટલી હતી. જંગલી જનાવરોનું તો આ પ્રિય સ્થાન હતું. આ જંગલોમાં અમુક અંતરે પોલીસોની ચોકીઓ હતી, તેઓ એક ચોકીથી બીજી ચોકીએ પ્રવાસ કરતા અને ત્યારે પોતાનું રેશન તથા એક ગાય સાથે લઈ જતા. આ પોલીસોની સાથે રસ્તો કાપવાનો હતો. તેમની સૂચના અનુસાર શ્રી ધીરજલાલભાઇ તથા તેમના સાથીએ માથે બુકાનીઓ બાંધી, જેથી જીવડાંઓનો ભયંકર ગણગણાટ કાનને ખરાબ કરે નહિ. હાથમાં ધારિયા જેવા હથિયાર ધારણ કર્યાં કે જે રસ્તાને આંતરી લેનાર વેલી-વેલાને કાપવામાં કામ આવે. સાથે પોટાશ પરમેન્ગેનેટની થોડી પડીકીઓ પણ લીધી કે જે ઝરણાનું પાણી પીતા પહેલાં તેને સ્વચ્છ કરવાના કામમાં આવે. જો એ ઝરણાનું પાણી એમ ને એમ પીવાય તો મેલેરિયા લાગુ પડયા વિના રહે નહિ.

આ વખતે શ્રી ધીરજલાલભાઇ પાસે ભાતું હતું નહિ, માત્ર શેર × જેટલો ગોળ હતો. તેનું પાણી પીને બે દિવસમાં ચાલીસ માઈલનો પ્રવાસ કર્યો અને રાત્રિઓ ઊંચા માચડા પર ગાળી કે જ્યાં શિકારી પશુઓના આક્રમણનો ભય રહે નહિ. ત્રીજા દિવસે સિપાઈઓએ પોતાની પાસેનો થોડો આટો આપ્યો, તેમાંથી રોટલી બનાવી મીઠા સાથે તેનો ઉપયોગ કર્યો અને એ રીતે પ્રવાસનો ત્રીજો દિવસ પૂરો કર્યો. આ છેલ્લા દિવસે પવન જોરથી ફૂંકાતો હતો અને ડાળી સાથે ડાળી અથડાતાં તેમાંથી અગ્નિ ઝરતો હતો. ભયંકર વરસાદ થોડી જ વારમાં તૂટી પડે એવાં ચિહ્નો હતાં, એટલે શ્રી ધીરજલાલભાઇ અને તેમના સાથી ખૂબ ઝડપથી ડુંગર ઉતરી ગયા, પરંતુ એથી તેમના પગો ભરાઈ ગયા અને ચાલવું મુશ્કેલ થઈ પડયું. છતાં સામે એક નદી આવી તેને પાર કરી મેદાનમાં પહોંચ્યા કે વરસાદ જોરથી તૂટી પડયો. પરંતુ હવે તેઓ સંસ્કારી લોકોની વસ્તીમાં આવી ગયા હતા, એટલે બીજો ભય ન હતો.

સાહિત્યસંશોધન આદિ માટે તેમણે બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક આદિ પ્રદેશોનો પ્રવાસ કર્યો છે અને તેનાં અનેક સ્થાનો તથા વ્યક્તિઓની મુલાકાત લીધી છે. તેમાંથી જે કંઈ પ્રાપ્ત થયું, તે તેમણે નિખાલસ ભાવે પોતાના ગ્રંથોમાં પીરસ્યું છે.

## ૨૦—સન્નિષ્ઠ કાર્યકર

શ્રી ધીરજલાલભાઈએ વિદ્યાની અનન્ય ઉપાસના સાથે સમાજસેવાનું ધ્યેય પણ રાખ્યું છે અને તેની શકય એટલી સેવા કરી છે. તે માટે તેઓ માત્ર કલમ ચલાવીને જ બેસી રહ્યા નથી, પણ અદના સેવક બનીને શારીરિક શ્રમ પણ કરતા રહ્યા છે.

× ૪૦ તોલા.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ સાથે પણ તેઓ વર્ષોથી સંકળાયેલા છે અને તેની અનેક સમિતિઓમાં કામ કરી ચૂકયા છે, તેમજ તેનાં ત્રણ અધિવેશનોમાં તેમણે તેના પ્રચારનું તંત્ર પણ સંભાળેલું છે.

## ૨૨—સન્માન અને પદવીઓ

શ્રી ધીરજલાલભાઈનાં અનેકવિધ કાર્યોને સમાજે પ્રેમભાવે વધાવ્યાં છે અને ખાસ સન્માન–સમારંભો યોજીને ચંદ્રકો તથા પદવીઓ અર્પણ કરી છે.

તા. ૨૯–૯–૩૫ના રોજ વીજાપુર સંઘે તેમના શતાવધાનના પ્રયોગો નિહાળીને તેમને પ્રશસ્તિ તથા સુવર્ણચંદ્રક સહિત '**શતાવધાની**'નું બિરુદ આપ્યું.

સને ૧૯૫૫માં અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળે ખાસ સમારોહ યોજી પ્રબોધટીકા બીજા ભાગના શ્રેષ્ઠ લેખન માટે તેમને સુવર્ણચંદ્રક અર્પણ કર્યો. ×

સને ૧૯૫૭ના નવેમ્બર માસમાં તેમને મુંબઈ–દાદર–ડો. એન્ટોનિયો–ડી. સીલ્વા હાઈસ્કૂલના વિશાળ પટાંગણમાં મોટી જનમેદની સમક્ષ '**સાહિત્યવારિધિ**'ની પદવી અર્પણ થઈ હતી. તેને લગતો સુવર્ણચંદ્રક તે વખતના મુંબઈના મેયર શ્રી ગણપતિશંકર દેસાઈએ તેમને પહેરાવ્યો હતો. બેન્ડની સલામી વગેરે બીજા કાર્યક્રમો પણ થયા હતા.

સને ૧૯૬૬માં સુરત ખાતે તેમણે ગણિતસિદ્ધિના અદ્ભુત પ્રયોગો કર્યા હતા. તેનાથી પ્રભાવિત થઈને સુરતના જૈન સંઘે તેમને '**ગણિતદિનમણિ**' પદવીથી વિભૂષિત કર્યા હતા.

સને ૧૯૬૭માં મધ્યપ્રદેશ-રાયપુર ખાતે અવધાન તથા ગણિતસિદ્ધિના અદ્ભુત પ્રયોગો કરી બતાવતાં તેમને મહાકોશલક્ષેત્રીય જૈન શ્વે. મૂ. સંઘ તરફથી '**વિદ્યાભૂષણ**'ની પદવી આપી શાલ ઓઢાડવામાં આવી હતી.

સને ૧૯૬૮ના મે માસમાં કચ્છ–ભદ્રેશ્વર ખાતે ભરાયેલ '**અખિલ ભારત અચલગચ્છીય જૈન ચતુર્વિધ સંઘ સંમેલને**' તેમને ખાસ આમંત્રણ આપતાં તેઓ ભદ્રેશ્વર ગયા હતા અને ત્યાં વિશિષ્ટ પ્રકારના પ્રયોગો બતાવી આધ્યાત્મિક વિકાસ અંગે અનેરું માર્ગદર્શન આપતાં તેમને '**અધ્યાત્મવિશારદ**'ની પદવી આપવામાં આવી હતી.

સને ૧૯૬૯ની સાલમાં મંત્રદિવાકર ગ્રંથના પ્રકાશન–સમારોહ પ્રસંગે તેમની અપૂર્વ સાહિત્યસેવાનું તથા વિશિષ્ટ શક્તિઓનું સન્માન કરવા માટે ભારતના સુપ્રસિદ્ધ વિદ્વાનો તરફથી તેમને '**સરસ્વતી વરદ પુત્ર**' તથા '**મંત્રમનીષી**'ની માનવંતી પદવીઓ

× આ વખતે સ્વ. જયભિખ્ખુને પણ તેમની 'ચક્રવર્તી ભરતદેવ' કૃતિ માટે સુવર્ણચંદ્રક અર્પણ કરાયો હતો

ગરીબ વિદ્યાર્થીઓને છાત્રવૃત્તિ અપાવવી, તેમના શિક્ષણમાં અન્ય રીતે પણ સહાય કરવી, આફતમાં આવી પડેલા સાધર્મિકોને યોગ્ય સહાય પહોંચાડવી તથા શક્ય હોય તો ધંધે લગાડવા એ પ્રવૃત્તિમાં તેમણે આનંદ માન્યો છે.

મુંબઈમાં સ્થિર થયા પછી છેલ્લાં ત્રીશ વર્ષમાં તેમણે જે જે કાર્યોની જવાબદારી લીધી છે, તે સમયસર અને સારી રીતે પાર પાડી છે અને તેથી તેમને સમાજના એક સન્નિષ્ઠ કાર્યકરની સત્કીર્તિ સાંપડી છે. તેઓ એક કાર્યની જવાબદારી માથે રાખે, એટલે તેમાં પોતાનું દિલ પૂરેપૂરું રેડે છે અને તે માટે ગમે તેવો અને તેટલો શ્રમ કરતા અચકાતા નથી. વળી એ કાર્યને અંગે ઉપસ્થિત થતા તમામ મુદ્દાઓનો ઝીણવટભર્યો અભ્યાસ કરી તેનું સરસ આયોજન કરે છે, જેથી તે કાર્ય સફળ થયા વિના રહે જ નહિ. જે કાર્ય બીજાઓને અતિ અટપટું કે અશક્ય જેવું લાગે તેવા કાર્યનો સ્વીકાર પણ શ્રી ધીરજલાલભાઈએ કર્યો છે અને તેમાં આવતાં વિઘ્નોનો હસતાં મુખડે સામનો કરીને તેને પાર ઉતારેલાં છે.

તેઓ એક બહુ સારા વ્યવસ્થાપક (Organizer) પણ છે, એટલે સભા, સમારોહ, મેળાવડા કે પરિષદોમાં આકર્ષણનો અવનવો રંગ પૂરી શકે છે અને તેને ધારણા મુજબ પાર ઉતારી શકે છે. શ્રી મોરારજી દેસાઇ, શ્રી કે. કે. શાહ તથા અન્ય આગેવાનોએ તેમની આ વ્યવસ્થા શક્તિની ભારે પ્રશંસા કરેલી છે.

જે સરકારી ખીલો સમાજ કે ધર્મને પ્રતિકૂલ અસર પાડનારાં જણાયાં છે, તેનો પ્રતિકાર કરવામાં પણ તેઓ મોખરે રહ્યા છે. તે અંગે સમિતિઓ રચી તેનું મંત્રીપદ પોતે સંભાળ્યું છે અને તે માટે રાત્રિદિવસ પરિશ્રમ કરી તેમાં સફલતા મેળવી છે. તેમની લોકપ્રિયતાનું આ પણ એક મોટું કારણ છે.

આજે પણ તેઓ સેવાનાં કાર્યમાં પૂરો રસ લે છે અને બનતું કરી છૂટે છે.

## ૨૧—અનેરા ઉપાસક

શ્રી ધીરજલાલભાઈ વિદ્યાના અનેરા ઉપાસક છે, તેમ દેવ-ગુરુ-ધર્મના પણ અનેરા ઉપાસક છે. તેઓ છેલ્લાં પંદર વર્ષથી પ્રાતઃકાલમાં જ્યાં સુધી દેવપૂજા ન થાય, ત્યાં સુધી મોઢું ખોલતા નથી, પાણીનું બિંદુ સરખું વાપરતા નથી. તેઓ ભૂતશદ્ધિ અને પ્રાણાયામપૂર્વક દેવપૂજા કરે છે અને તેમાં જપ તથા ધ્યાનને વધારે મહત્ત્વ આપે છે. તેઓ કહે છે ' આતમરામને જગાડવા માટે આ બે અકસીર સાધનો છે. તેનો આશ્રય લેતાં બાહ્ય જગતનું વિસ્મરણ થાય છે અને આત્મા જાગૃત થવા

માંડે છે. ભગવાન મહાવીર અને બીજા ઋષિમુનિઓએ ધ્યાનના બળથી આત્માને જગાડયો હતો. આપણા માટે એ જ માર્ગ શ્રેયસ્કર છે.'

તેમણે શ્રી પાર્શ્વ-પદ્માવતી મહા-પૂજન અનેક વાર કરાવ્યું છે તથા તેના પ્રારંભપૂર્વક ૭, ૧૪ તથા ૨૧ દિવસનાં અનુષ્ઠાનો પણ અનેકવાર કરેલાં છે. અનુષ્ઠાનમાં અમુક નિયમો પાળવાના હોય છે અને નિત્યપૂજા ઉપરાંત ૨૦૦૦ થી માંડીને ૪૦૦૦ પુષ્પો મંત્ર બોલવાપૂર્વક ચડાવવાનાં હોય છે. આ રીતે તેમણે અત્યાર સુધીમાં લાખો પુષ્પથી પૂજન કર્યું છે અને તેનો પ્રભાવ અનુભવ્યો છે.

ત્યાગી-વૈરાગી ગુરુઓ પ્રત્યે તેમના હૃદયમાં ઘણું માન છે. તેમની સેવા કરવામાં તેઓ પોતાનું કલ્યાણ સમજે છે. તેઓ જૈનોના જુદા જુદા સંપ્રદાયના ઘણા આચાર્યો તથા મુનિઓના સહવાસમાં આવેલા છે અને સાધ્વી-સમુદાય સાથે પણ તેમનો ઠીક ઠીક સંપર્ક રહ્યો છે. તે બધાની તેમણે એક યા બીજા પ્રકારે સેવા કરી છે અને તેમના આશીર્વાદ મેળવ્યા છે.

અન્ય ધર્મના ચારિત્રશીલ સાધુઓ માટે પણ તેઓ માન ધરાવે છે અને તેમની સાથે તત્ત્વચર્ચા તથા અનુભવની આપ-લે કરવામાં આનંદ માને છે. તેઓ કહે છે કે '**नमो लोए सव्वसाहूणं**' નો અર્થ હું એમ સમજ્યો છું કે સકલ લોકમાં જ્યાં પણ સાચી સાધુતાનાં દર્શન થતાં હોય, ત્યાં આપણું મસ્તક ઢળવું જોઈએ, પછી તેણે વેશ ગમે તે પહેર્યો હોય.'

તેમને અધ્યાત્મનો ખરો રંગ તો સહુ પ્રથમ સ્વામી રામતીર્થના ગ્રંથોથી જ લાગ્યો હતો, એ વાત તેઓ કદી ભૂલ્યા નથી.

અહિંસા અને સત્યમાં તેમનો અટલ વિશ્વાસ છે. ચોરીને તેઓ ખૂબ ધિક્કારે છે. બ્રહ્મચર્યના પાલનમાં આનંદ માને છે. જેમાં પોતે કંઈ મહેનત ન કરી હોય કે જેમાં કાયદેસરનો હક ન પહોંચતો હોય તેવી સંપત્તિનો તેમને જીવનભર ત્યાગ છે. તેમનું દિલ દયાળુ છે અને કોઈને ખૂબ દુઃખી જુએ કે કોઈના ભારે દુઃખની વાત સાંભળે તો તેમની આંખમાંથી આંસુ સરી પડે છે.

તેમણે ઘણાં તીર્થોની યાત્રા કરી છે અને હવે આત્મા એ જ મહાનતીર્થ છે એમ માની તેની યાત્રા કરવામાં-તેને જગાડવામાં વધારે રસ લઈ રહ્યા છે.

મુંબઇના જૈન ધાર્મિક શિક્ષણસંઘની પ્રારંભની જમાવટમાં તેમણે ઘણો રસ લીધો હતો અને તેના તરફથી પ્રકટ થતી 'જૈન સાહિત્ય-શિક્ષણ પત્રિકા'નું છ વર્ષ સુધી સંપાદન કર્યું હતું, તેમજ તેના માટે ઘણાં વ્યાખ્યાનો પણ આપ્યાં હતાં. તેઓ એના આજીવન સભ્ય છે.

આપવામાં આવી હતી. આ વિદ્વાનોમાં વિશ્વ વિદ્યાલયના ઉપકુલપતિઓ, સંસ્કૃત-હિંદિ વિભાગના અધ્યક્ષો, જાણીતા સાહિત્યકારો-સમીક્ષકો, તેમજ જુદા જુદા પ્રાંતોમાં સાહિત્યની સેવા કરનારાઓની પ્રચુરતા હતી. આ અવસરે સંસ્કૃત ભાષામાં રચાયેલું ભવ્ય સન્માનપત્ર, શાલ, સરસ્વતીની પ્રતિમા, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની કલામય કૃતિ તથા બીજી વસ્તુઓ પણ ભેટમાં અપાઈ હતી. શ્રી અમૃતલાલ યાજ્ઞિક, શ્રી મનઃસુખલાલ ઝવેરી, શ્રી ગુલાબદાસ બ્રોકર તથા શ્રી જ્યોતીન્દ્ર હ. દવે વગેરે સુપ્રસિદ્ધ સાક્ષરોએ તેમની સાહિત્યસેવાને બિરદાવી હતી અને તેમનું તંદુરસ્તીભર્યું દીર્ઘાયુષ્ય ઈચ્છયું હતું.

હૈદરાબાદ, (સિંધ), બારસી, વડોદરા, અમદાવાદ આદિ બીજા અનેક સ્થળોએ તેમના માનમાં સન્માન-સમારંભો યોજાયેલા છે.

તેમના વિશાલ વાચન તથા શાસ્ત્રોનાં ઊંડા જ્ઞાનને લીધે ઘણા લોકો તેમને પંડિતજી તરીકે ઓળખે છે. ઘણા આચાર્યો અને સાધુ-સાધ્વીઓ પણ તેમને આ પ્રકારનું સંબોધન કરે છે.

આ રીતે શ્રી ધીરજલાલભાઈ આપણા સમાજના **શતાવધાની સાહિત્યવારિધિ ગણિતદિનમણિ વિદ્યાભૂષણ અધ્યાત્મવિશારદ સરસ્વતી-વરદ-પુત્ર મંત્રમનીષી પંડિતજી** છે અને તેઓ પોતાના જ્ઞાન તથા અનુભવનો લાભ સમાજને અનેક રીતે આપી રહેલ છે.

## ૨૩—વ્યક્તિત્વ

સફેદ ધોતિયું, ખાદીનું પહેરણ અને ખાદીની ગાંધી ટોપી એ તેમનો વર્ષોનો પહેરવેશ છે. તેમની મુખમુદ્રામાં એક જાતનું ચૈતન્ય અને તરવરાટ નજરે પડે છે. તેમની વાતચીતમાં તથા તેમના વિચારોમાં હંમેશાં નવીનતા અને વિશેષતાનાં દર્શન થાય છે. તેમની દલીલો તર્કશુદ્ધ હોય છે, તેમજ વિદ્યાભ્યાસંગ અને તલસ્પર્શી અભ્યાસના રંગે રંગાયેલી હોય છે. તેમનું મગજ સદા કોઈ ને કોઈ ઉપકારી-સંસ્કારી યોજનાઓ ઘડતું જ હોય છે. તેઓ લખવા બેસે છે, અગર કોઈ કામ હાથ પર લે છે, ત્યારે ખાવા-પીવાની દરકાર કરતા નથી. દિવસોના દિવસો સુધી તેમણે રોજના અઢાર કલાક લેખે કામ કરેલું છે અને હજીયે કામ કર્યે જાય છે. તેઓ ઘણા ભાગે બ્રાહ્મ મુહૂર્તમાં ચાર વાગે ઉઠી લખવા બેસી જતા અને પ્રાતઃકર્મથી પરવારી કલાકો સુધી એક આસને બેસીને લખ્યા કરતા. હવે બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠી જપ-ધ્યાનમાં પ્રવૃત્ત થાય છે અને પૂજા-પાઠ કર્યા પછી સમયાનુસાર લેખન આદિ પ્રવૃત્તિ કરે છે. તેમની ચિંતનધારા સતત પ્રવાહમાન રહે છે. તેઓ લખતા જાય છે અને સાથે કામ કરનારાઓને ઉચિત નિર્દેશન આપતા જાય છે.

મોટા મોટા સાહિત્યકારો, સંગીતકારો, કવિઓ વગેરેમાંના કેટલાક ધૂમ્રપાન વિના લખી શકતા નથી, તો કેટલાક પોતાની સ્મૃતિને ચેતનવંતી રાખવા માટે ચાના પ્યાલા પર પ્યાલા ચડાવતાં નજરે પડે છે. વળી કેટલાક તો ભાંગ કે તેવી જ કોઈ નશીલી વસ્તુનું સેવન કરે ત્યારે જ તેમની કલમ ચાલે છે–ચાલતી રહે છે. પરંતુ શ્રી ધીરજલાલભાઈ તેમાં અપવાદ છે. બાલ્યકાલથી જ પોતાના જીવનને સાદું અને નિર્મલ રાખવા માટે તેઓ પ્રયત્નશીલ રહ્યા છે અને આજ સુધી કોઇ વ્યસનને સ્થાન આપ્યું નથી. આ નિર્વ્યસનિતા સાહિત્યના સાધકો માટે આદર્શરૂપ છે.

સાહિત્યકાર ભાવનાશીલ ન હોય તો તેની કૃતિઓમાં ઊર્મિ–સંવેદનનાં દર્શન થતાં નથી. ભાવનાઓ અંતરની નિર્મલતા વિના ઊઠતી નથી. નિર્મલતા માટે નિઃસ્પૃહતા, નિષ્કપટતા અને સાહજિક આત્માનુભૂતિ આવશ્યક હોય છે. આ બધી વસ્તુઓનું સાંમજસ્ય શ્રી ધીરજલાલભાઈમાં હોવાથી તેઓ સાચા અર્થમાં ભાવનાશીલ બનેલા છે.

શ્રી ધીરજલાલભાઇએ જીવનના પ્રારંભ કાલથી જ ગરીબાઈ જોઈ છે અને સાહસિક વૃત્તિને લીધે આર્થિક નુકશાનો પણ વેઠયાં છે. ખીસ્સામાં એક પણ પૈસો ન હોય, એવી સ્થિતિમાંથી પણ તેઓ પસાર થયા છે. આમ છતાં તેઓ હિંમત હાર્યા નથી કે પોતાનો આત્મા ગુમાવ્યો નથી. મુસીબતો, દુઃખો, અપકાર, તિરસ્કાર વગેરેમાંથી તવાઇ તવાઇને તેઓ પહેલાના કરતાં વધુ આત્મબલ સાથે બહાર આવ્યા છે. તેમણે હૃદયદૌર્બલ્યને કદી સ્થાન આપ્યું નથી. આજે તેઓ કલમ પર જીવે છે અને કલમે તેમને યારી આપી છે.

શ્રી ધીરજલાલભાઈએ કદી વિદ્યાનું અભિમાન કર્યું નથી. તેઓ સહુની સાથે વિનમ્રતાથી વાતો કરે છે અને તેમનું હૃદય જિતી લે છે. તેમના સંબંધો ઘણા વિશાલ છે પણ તેનો ઉપયોગ તેઓ સાહિત્યપ્રચાર કે સમાજકલ્યાણ માટે જ કરે છે.

અનુભવની એરણ પર ખૂબ ઘડાયા પછી તેઓ એમ માનતા થયા છે કે કોઈ કામ પૂરો વિચાર કર્યા વિના હાથ ધરવું નહિ અને જે કામ પૂરો વિચાર કર્યા પછી હાથ ધર્યું હોય, તેને કદાપિ છોડવું નહિ. વિઘ્નો આવે તો તેમને હસતા મોઢે સહન કરી લેવાં.

નિયમિતતા એ તેમનો બહુ મોટો ગુણ છે. ઊઠવામાં, ખાવા–પીવામાં, બહાર જવા–આવવામાં, વ્યાપાર–ધંધામાં, તેમજ અન્ય સર્વ કાર્યો તેઓ નિયમિતપણે કરે છે અને તેથીજ પ્રગતિના પંથે પ્રયાણ કરતા રહ્યા છે. તેઓ નિયત સમયે પૂજામાં બેસે છે અને નિયત સમયે તેની પૂર્ણાહુતિ કરે છે. અનુષ્ઠાનો વગેરેમાં પણ આ જ પરિસ્થિતિ હોય

છે. સભા–સંમેલન આદિમાં તે કદી મોડા પડતા નથી કે કોઇને અમુક સમયે મળવાનું જણાવ્યું હોય તો તેમાં ચૂક કરતા નથી.

વચનપાલન માટે તેઓ ઘણો આગ્રહ રાખે છે અને કોઇને વચન આપ્યું હોય તો તે પાળવા માટે પૂરેપૂરા પ્રયત્નશીલ રહે છે. એક વાર તેમણે પોતાની એક દુકાન માટે એક વ્યક્તિ સાથે મૌખિક સોદો કર્યો. ત્યાર પછી બીજા જ દિવસે તેમની સાથે સારી એવી મિત્રાચારીનો સંબંધ ધરાવતા સજ્જન આવ્યા. તેમણે એ દુકાન પોતાને આપવાનો આગ્રહ કર્યો અને રૂપિયા ત્રણ હજાર વધારે આપવાનું કહ્યું, પરંતુ શ્રી ધીરજલાલભાઇએ કહ્યું કે 'હવે એ વસ્તુ મારી માલિકીની રહી નથી.' પેલા મિત્રે કહ્યું : 'તમે તો મૌખિક વાત કરી છે. તે અંગે કોઈ જાતનું લખાણ ક્યાં કર્યું છે ? તેને કહી દો કે ગઈ કાલવાળી વાત મને મંજૂર નથી.' શ્રી ધીરજલાલભાઇએ કહ્યું : 'સોદો મૌખિક હોય કે લેખિત હોય, તેથી કંઈ ફરક પડતો નથી. હું મારું વચન ફેરવી શકું એમ નથી. રૂપિયા તો ઘણા આવ્યા અને ગયા. તેના પ્રલોભનથી હું મારી વાણીને વરવી–વિકૃત કરવા તૈયાર નથી.'

એક વખત શ્રી ધીરજલાલભાઇએ દહેગામ શ્રી વિજયધર્મસૂરિજીની જયંતિ પર આવવાનું વચન આપ્યું હતું. આ વખતે તેઓ અમદાવાદ રહેતા હતા. તેઓ દહેગામ જવા માટે સ્ટેશને પહોંચ્યા, ત્યારે ટ્રેન ઉપડી ગઈ હતી. હવે શું કરવું ? તે વખતે ત્યાં જવાની બીજી સગવડ ન હતી, એટલે શ્રી ધીરજલાલભાઇએ ટ્રેનના પાટાનો રસ્તો પકડયો અને તેઓ સોળ માઇલની મજલ કરીને દહેગામ પહોંચ્યા. ત્યાં નિયત કાર્યક્રમમાં ભાગ લીધો. આની અસર બધા લોકો પર બહુ ભારે પડી.


સાદું જીવન અને ઉચ્ચ વિચાર (Plain living and high thinking) એ એમનું જીવનસૂત્ર છે અને તેને તેઓ બરાબર અનુસરતા આવ્યા છે. બહારનો ડોળ તેમને બિલકુલ ગમતો નથી. ઘણા માણસો તેમને મળવા આવે છે. તેમણે તેમના વ્યક્તિત્વ વિષે કૈં કૈં કલ્પનાઓ કરી હોય છે, પણ જ્યારે તેઓ તેમને તદ્દન સાદા પોશાકમાં નજરે જુએ છે, ત્યારે વિચારમાં પડી જાય છે. પરંતુ તેમની સાથે વાર્તાલાપ કરતાં તેમની વિશેષતાનાં દર્શન થાય છે અને તેમનું શિર ઝુકવા લાગે છે.

શ્રી ધીરજલાલભાઇને નાનપણથીજ રાષ્ટ્રપ્રેમનું શિક્ષણ મળ્યું છે અને તેઓ સદા રાષ્ટ્રપ્રેમી રહ્યા છે, પરંતુ રાજકરણ તેમને પસંદ નથી, એટલે તેનાથી દૂર રહે છે. કેટલાક રાજકારણી પુરુષોએ તેમને રાજકારણમાં આવી જવા માટે સમજાવ્યા હતા, પરંતુ શ્રી ધીરજલાલભાઇએ તેમને કહ્યું હતું કે 'સાહિત્યસર્જન અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા હું આ દેશની વધારે સારી સેવા કરી શકીશ.'

શ્રી ધીરજલાલભાઈ એમ માને છે કે હાલના સામાજિક તથા ધાર્મિક માળખામાં ઘણા સુધારાને અવકાશ છે, પણ તેની શરૂઆત આપણી જાતથી કરવી જોઈએ. ક્રાંતિનો અર્થ માત્ર તોડફોડ નથી, પણ નવું સુંદર સર્જન છે, તે જ્ઞાન અને ક્રિયાનો મેળ સાધવાથી જ થઈ શકે. કોઈની નિંદા કરવાથી કે કોઈનો તિરસ્કાર કરવાથી આપણે તેને સુધારી શકીએ નહિ. તે માટે આપણા હૃદયમાં નિઃસ્વાર્થ પ્રેમ હોવો જોઈએ. પ્રેમ એ જ સામાને જીતવાનું-સુધારવાનું સાધન છે.

ગુજરાતના ગૌરવસમા શ્રી ધીરજલાલભાઈને હાલ સીત્તેરમું વર્ષ ચાલે છે, છતાં તેમનું સ્વાસ્થ્ય સારું છે. હજી તેમની બધી ઇન્દ્રિયો કામ આપી રહી છે અને તેઓ સદા પ્રવૃત્તિશીલ રહે છે.

આપણે ઇચ્છીએ અને પરમાત્માને પ્રાર્થીએ કે હજી તેઓ ઘણો સમય આપણી-વચ્ચે રહે, તંદુરસ્તીભર્યું જીવન ગાળે અને તેમના જ્ઞાનવૈભવનો તથા સાધનાસંપત્તિનો લાભ સમાજને આપ્યા કરે.






પ. પૂ. શ્રી વિજયધર્મસૂરિજી મહારાજને શ્રી ચીમન છાત્રમંડળના સભ્યો વંદન કરી રહ્યા છે.
જમણી બાજુના છેડે શ્રી ધીરજલાલ શાહ ઊભેલા છે. સને ૧૯૭૧



શ્રી પાર્શ્વજિનભક્તિસમારોહ પ્રસંગે પ. પૂ. મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજ
શ્રી ધીરજલાલ શાહના મસ્તક પર વાસક્ષેપ નાખી રહ્યા છે. સને ૧૯૬૭



**મિત્રો સાથે:** ડાબી બાજુ પાછળ: શ્રી પ્રાણજીવન હ. ગાંધી. ડાબી બાજુ આગળ: (૧) શ્રી ચીમનલાલ પાલીતાણાકર, (૨) શ્રી અભયરાજ બલદોટા, (૩) શ્રી ધીરજલાલ શાહ, (૪) શ્રી ફત્તેહચંદ ઝવેરચંદ તથા (૫) શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા.



**મિત્રો સાથે:** આગલી હરોળ ડાબી બાજુથી: (૧) શ્રી કાંતિલાલ અમરતલાલ શાહ, (૨) શ્રી ધરણેન્દ્ર વાડીલાલ શાહ, (૩) શ્રી ધીરજલાલ શાહ તથા (૪) શ્રી કનુભાઈ ટી. શાહ.

## શતાવધાની પંડિત
## શ્રી ધીરજલાલ ટોકરશી શાહના જીવનની
# સાલવારી

[ ઇસ્વીસન પ્રમાણે ]

૧૯૦૬ માર્ચ ૧૮. સૌરાષ્ટ્ર-દાણાવાડામાં જન્મ.
૧૯૧૩ ઓક્ટોબર ૩૧. પિતાનું અવસાન.
૧૯૧૬ વઢવાણ શહેરમાં રહીને અભ્યાસ.
૧૯૧૭ જુન-૩૦. અમદાવાદ-શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં પ્રવેશ.
૧૯૨૧ સરકારી શાળાનો ત્યાગ અને રાષ્ટ્રીય ભાવનાવાળી શાળામાં પ્રવેશ.
૧૯૨૩ નાતાલની રજાઓમાં ઈડરથી કેસરિયાજીનો પગે ચાલીને પ્રવાસ-બીજા પંદર સાથીઓ સાથે.
૧૯૨૪ ગૂજરાત વિદ્યાપીઠના વિનીત થયા. એપ્રિલની ૧૨મીથી મેની ૨૮ સુધી કાશ્મીર વગેરેનો પ્રવાસ. ગૂજરાત વિદ્યાપીઠમાં દાખલ થયા, પણ થોડા દિવસ બાદ તેનો ત્યાગ. જુન ૨૪ થી નાનાલાલ એમ. જાનીને ત્યાં છ માસ નોકરી. તેમાં પોરબંદર જવાનું થતાં એક દિવસ બરડા ડુંગરનો પ્રવાસ. ×
૧૯૨૫ શ્રી રવિશંકર રાવલના હાથ નીચે તાલીમ લઈ ચિત્રકારનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. કુટુંબ સાથે અમદાવાદ રહેવા લાગ્યા.
૧૯૨૬ અમદાવાદ શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં શિક્ષક તરીકે જોડાયા.
૧૯૨૮ ગ્રંથલેખનનો પ્રારંભ. બાળગ્રંથાવલી પ્રથમ શ્રેણીના પ્રથમ મણકાનું પ્રકાશન. गद्यरत्नमंजूषा-નામની સંસ્કૃત પાઠાવલિ રચવાનું શરુ. સાત પાઠ રચ્યા.
૧૯૨૯ વિદ્યાર્થી-વાચનમાલાની યોજના સ્ફુરી. તેની શ્રી ધૂમકેતુ સાથે ચર્ચા-વિચારણા. નવેમ્બર ૧૨-ટાટમનિવાસી લવજીભાઈ સાકરચંદની પુત્રી શ્રી ચંપાબહેન સાથે લગ્ન.

---

× આ યાદીમાં અવધાનપ્રયોગોનો સમાવેશ કરેલો નથી. તેની યાદી જુદી આપેલી છે.

× આ પ્રવાસ સંબંધી શ્રી ધીરજલાલભાઈએ 'One day in Barda hills' નામનો એક લેખ અંગરેજીમાં લખ્યો હતો.

૧૯૩૦ ઑક્ટોબર ૩૦. શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલયમાંથી રાજીનામું આપી છૂટા થયા. બાળગ્રંથાવલી કાર્યાલયની શરૂઆત.

૧૯૩૧ 'કુદરત અને કલાધામમાં વીસ દિવસ' 'ઇલુરાના ગુફામંદિરો' તથા 'અજંતાનો યાત્રી-ખંડકાવ્ય'નું પ્રકાશન.

બાળગ્રંથાવલીની શ્રેણીઓ લખવાનું ચાલુ.

ઑક્ટોબર ૨૦-(શરત્ પૂર્ણિમા) જૈન જ્યોતિ માસિકનો પ્રારંભ.

૧૯૩૨ મે-જુનમાં બ્રહ્મદેશ, શાનસ્ટેટ અને ચીનની સરહદ પરનો સાહસિક પ્રવાસ. નવેમ્બર ૨. નવી દુનિયા સાપ્તાહિકનું પ્રકાશન.

૧૯૩૩ વિદ્યાર્થી-વાચનમાલાનું પ્રકાશન શરૂ કર્યું. જુલાઈ-બાળગ્રંથાવલીની છ શ્રેણીઓ પૂરી કરી. બાળગ્રંથાવલી કાર્યાલયનું જ્યોતિ કાર્યાલયમાં પરિણમન.

૧૯૩૪ જૈન જ્યોતિ માસિકનું સાપ્તાહિકના રૂપમાં પરિવર્તન. જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સાધુ સંમેલન પ્રસંગે ૩૪ દિવસ સુધી દૈનિક વધારા દ્વારા સંમેલનના સમાચારનું પ્રકાશન. અવધાનપ્રયોગોની શરૂઆત.

૧૯૩૫ જુન-જૈન શિક્ષણપત્રિકાનો પ્રારંભ. જુલાઈ ૧૫-માતાનું અવસાન.

૧૯૩૬ શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડના હીરકમહોત્સવ પ્રસંગે સમિતિના આદેશથી 'મહારાજા સયાજીરાવ ગાયકવાડ' પુસ્તિકાની ૨ લાખ નકલોનું પ્રકાશન તથા પ્રાંતવાર વિતરણ, તેમજ 'શ્રીમંત રાજર્ષિ સયાજીરાવ ગાયકવાડ'નું સયાજીવિજય પ્રેસ દ્વારા પ્રકાશન.

શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયાને અમદાવાદના સંઘ બહાર મૂકવાની હીલચાલ થઈ તેનો વિરોધ કરવામાં આગેવાની લીધી. લગભગ છ મહિના આ પ્રકરણમાં ભાગ લઈ સંઘના ઠરાવને નામશેષ કર્યો.

૧૯૩૭ સપ્ટેમ્બર-ઑક્ટોબર. કાશીવાળા શ્રી વિજયધર્મસૂરિ જયંતિ પ્રસંગે કરાંચીની મુલાકાત. ૧૮ દિવસની સ્થિરતા.

૧૯૩૮ 'જ્યોતિ કાર્યાલય' લીમીટેડ થયું. તેની પ્રીન્સેસ સ્ટ્રીટમાં શાખા ખોલી. તે અંગે અમદાવાદ છોડી મુંબઈમાં રહેઠાણ. વિદ્યાર્થી સાપ્તાહિકનો પ્રારંભ.

૧૯૪૦ જ્યોતિ કાર્યાલય લી. બંધ પડયું. મુંબઈનો કાયમી વસવાટ. જીવનવિકાસ ચિકિત્સાલયની સ્થાપના.

૧૯૪૫ 'સ્મરણકલા' ગ્રંથ લખ્યો.

૧૯૪૮ શેઠ અમૃતલાલ કાલીદાસ દોશી સાથે સંપર્ક. જૈન સાહિત્ય વિકાસમંડળમાં જોડાયા. શ્રીપ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકાનું કાર્ય હાથ ધર્યું.

૧૯૪૯ વડોદરા પ્રાચ્ય વિદ્યામંદિરમાં જૈન, બૌદ્ધ અને હિન્દુધર્મનું તાન્ત્રિક તથા માંત્રિક સાહિત્ય જોયું.

મદ્રાસ થઈ તિરુવણ્ણામલાઈ. ત્યાં રમણાશ્રમમાં ૭ દિવસની સ્થિરતા. રમણમહર્ષિનો પરિચય. ત્યાંથી પોંડીચેરી અરવિંદાશ્રમની મુલાકાતે.

૧૯૫૦ નવેમ્બર ૧૯. પ. પૂ. મુનિરાજ શ્રી જયાનંદવિજયજીને મુંબઈ ગોડીજી જૈન ઉપાશ્રયમાં ૧૦૦ અવધાનો કરાવ્યાં.

૧૯૫૧ શ્રીપ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકા ભાગ પહેલાનું ભવ્ય સમારોહપૂર્વક લાલબાગ જૈન ઉપાશ્રયમાં પ્રકાશન. પ. પૂ. આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા પ. પૂ. આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજ અધ્યક્ષસ્થાને હતા.

૧૯૫૨ શ્રી પ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકા ભાગ બીજાનું ભવ્ય સમારોહપૂર્વક નમિનાથ જૈન ઉપાશ્રયમાં પ્રકાશન. પ. પૂ. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ અધ્યક્ષસ્થાને હતા.

૧૯૫૩ શ્રીપ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકા ભાગ ત્રીજાનું ભવ્ય સમારોહપૂર્વક નમિનાથ જૈન ઉપાશ્રયમાં પ્રકાશન. પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિ તથા પ. પૂ. પંન્યાસ શ્રી ધુરંધરવિજયજી ગણિ અધ્યક્ષસ્થાને હતા. 'નમસ્કાર કલ્પતરુ' અંગે સામગ્રી ભેગી કરવા માંડી. જુન ૨૮મી 'સ્મરણકલા'નું સી. શાન્તિલાલની કું. મુંબઈ તરફથી પ્રકાશન.

૧૯૫૪ ડીસેમ્બર ૧૬. બેંગલોરમાં પ. પૂ. આચાર્ય શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજનો સમાગમ તથા તત્ત્વચર્ચા. ત્યાંથી નરસિંહ–રાજપુરમાં શ્રી જ્વાલામાલિની દેવીનાં દર્શન, ભટ્ટારક લક્ષ્મીકીર્તિ સાથે મુલાકાત. ત્યાંથી હોમ્બુજામાં શ્રી પદ્માવતી દેવીનાં દર્શન. ત્યાંથી કારકલ, મૂડબિદ્રી થઈ શ્રવણ બેલગોલ અને મ્હૈસુર. ત્યાંરી બેંગલોર પાછા. પૂ. મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજને અવધાનનું પ્રારંભિક શિક્ષણ આપ્યું.

૧૯૫૫ ફેબ્રુઆરી ૬. શ્રી પ્ર. સૂ. પ્રબોધટીકા ભાગ બીજાને શ્રેષ્ઠ પુસ્તક ગણી અધ્યાત્મ–જ્ઞાન–પ્રસારકમંડળે સમારોહ યોજી દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી હસ્તક સુવર્ણચંદ્રક અર્પણ કર્યો.

—ફેબ્રુઆરી ૧૧. શ્રી મુંબઈ જૈન યુવકસંઘ તરફથી સન્માન. સાથે જયભિક્ખુનું પણ સન્માન.

—ઓક્ટોબર ૩૦. નિપાણીમાં પ. પૂ. મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજને ૧૦૦ અવધાનો કરાવ્યાં. તે માટે નિપાણી સંઘ તરફથી બહુમાન.

—બાલસંન્યાસદીક્ષા પ્રતિબંધક બીલ અંગે મુંબઈમાં વિરોધસભા અને મંત્રીપદની જવાબદારી.

—નવેમ્બર ૪. જૈન સાહિત્ય વિકાસમંડળમાંથી છૂટા થયા.

૧૯૫૬ 'દક્ષિણમાં દિવ્ય પ્રકાશ' ગ્રંથનું આલેખન.

૧૯૫૭ મે ૮. બારસી જૈન સંઘ તરફથી ચાંદીના કાસ્કેટમાં સન્માનપત્ર.

નવેમ્બર ૨. મુંબઈ દાદર ડૉ. એન્ટોનિયો ડી સીલ્વા હાઈસ્કૂલના વિશાલ પટાંગણમાં વિશાલ મેદની સમક્ષ 'દક્ષિણમાં દિવ્ય પ્રકાશ' ગ્રંથનું પ્રકાશન અને '**સાહિત્યવારિધિ**'પદ પ્રદાન. સુવર્ણચંદ્રક શ્રી ગણપતિશંકર દેસાઈના હાથે અર્પણ થયો.

૧૯૫૮ ઓગસ્ટ ૮. જૈન સાહિત્ય પ્રકાશન મંદિરની સ્થાપના.

૧૯૫૯ માર્ચ ૭. મુંબઈ–સુંદરાબાઈ હૉલમાં જૈન શિક્ષાવલી પ્રથમ શ્રેણીનું પ્રકાશન.

૧૯૬૦ જાન્યુઆરી ૨૪. મારવાડી વિદ્યાલયમાં મનહરલાલ બી. શાહને ૧૦૦ અવધાનો કરાવ્યાં.

—મુંબઈ દાદર ખાતે યોજાયેલ દ્વાદશારનયચક્ર ગ્રંથ પ્રકાશન સમારોહના મુખ્ય કાર્યકર્તા. તે વખતે રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ તથા મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલશ્રી શ્રીપ્રકાશ સાથે થયેલ પરિચય અને વાર્તાલાપ.

—જૈન શિક્ષાવલી બીજી શ્રેણીનું પ્રકાશન.

—સપ્ટેમ્બર. ધી રિલિજીયસ ટ્રસ્ટ એક્ટ અંગે વિરોધસભા, સમિતિની નિમણુંક અને મંત્રી તરીકેની જવાબદારી. સાથે શ્રી મોતીલાલ વીરચંદ પણ મંત્રી હતા.

૧૯૬૧ જાન્યુઆરી ૪. દિલ્હીમાં રિલિજિયસ ટ્રસ્ટ એક્ટ અંગે સીલેક્ટ કમિટી સમક્ષ જુબાની આપવા સમસ્ત ભારતમાંથી બાર પ્રતિનિધિઓ ગયા, તેમાં શિરોહીની પરમાણંદ કલ્યાણજીની પેઢી તરફથી પ્રતિનિધિ નિમાયા હતા. આગળ જઈ બધી તૈયારીઓ કરી હતી. જુબાની બહુ જ સારા સ્વરૂપમાં અપાઈ.

—જૈન શિક્ષાવલી ત્રીજી શ્રેણીનું પ્રકાશન.

૧૯૬૨ જાન્યુઆરી ૫. પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ તથા પ. પૂ. મુનિરાજ શ્રી યશોવિજયજી તરફથી યોજાયેલ શ્રી વિશ્વશાંતિ જૈન આરાધક સત્રની ભવ્ય ઉજવણી. તેના મંત્રી અને મુખ્ય કાર્યવાહકની જવાબદારી સંભાળી.

—માર્ચ ૨૮. ચિ. નરેન્દ્રકુમારનાં લગ્ન અને કવિસંમેલન. 'અજન્તાનો યાત્રી' નો સંસ્કૃત અનુવાદ શ્રી રામપ્રસાદ બક્ષીના હાથે પ્રકાશિત.

—ઓગસ્ટ ૧૬. શ્રી ગોડીજી સાર્ધશતાબ્દી સ્મારકગ્રંથનું પ્રકાશન અને સુવર્ણચંદ્રકની પ્રાપ્તિ.

—નવેમ્બર ૧૮. ભાયખલા જૈન મંદિરમાં ભવ્ય સમારોહપૂર્વક શ્રી વીર–વચનામૃતનું પ્રકાશન. 'શ્રી ધીરજલાલ શાહની સાહિત્યવાટિકા' નામથી તેમની કૃતિઓનું પ્રદર્શન શ્રી મેઘજી પેથરાજના હાથે ખુલ્લું મૂકાયું.

૧૯૬૩ ઓગસ્ટ ૪. કલકત્તા અહિંસા પ્રચારસમિતિ હોલમાં ભવ્ય સમારોહપૂર્વક શ્રી મહાવીર વચનામૃત નું પ્રકાશન. પ્રમુખ શ્રી વિજયસિંહ નહાર. શ્રી ધીરજલાલભાઈની પ્રેરણાથી સાત બંગાળી વિદ્વાનોનું બહુમાન.

—ઓગસ્ટ ૬. બંગાળ–ખડગપુર નજીક ઝારગ્રામમાં ભવ્ય સમારોહપૂર્વક શ્રી મહાવીર વચનામૃત નું પૂ. વિનોબાજીને સમર્પણ. ૭૦૦૦ મનુષ્યોની મેદની. ભગવાન મહાવીરના બંગાળી અનુવાદની ૨૦૦૦ પ્રતિઓનું વિતરણ.

—ઓકટોબર ૨૨. સ્વસ્તિક વાર્ષિકનું પ્રકાશન.

૧૯૬૪ જાન્યુઆરી ૧૩. જયપુર રાજભવનમાં રાજસ્થાનના રાજ્યપાલ શ્રી સંપૂર્ણાનંદજીની મુલાકાત સાથે બીજા ચાર સજ્જનો હતા. શ્રી મહાવીર–વચનામૃત હિંદીની ૧૨ નકલો ભેટ અને શિક્ષામંત્રી શ્રી હરિભાઉ દ્વારા ૪૦૦ પ્રતિઓનું રાજસ્થાનના પુસ્તકાલયોમાં વિતરણ કરવાનું વચન. તે પ્રમાણે પ્રતિઓનું વિતરણ થયું હતું.

—ફેબ્રુઆરી ૨૦. કલકત્તા. પશ્ચિમ બંગાલના શ્રી પી. સી. સેનને પ્રતિનિધિ મંડળ દ્વારા શ્રી મહાવીર–વચનામૃત ગ્રંથની ભેટ. બંગાળી નકલો તૈયાર થયે ૩૦૦૦ પ્રતિઓનું સરકાર દ્વારા વિતરણ કરવાનું વચન. આ પ્રતિનિધિ મંડળની આગેવાની શ્રી કુંવરજી માણેકજી લોડાયાએ લીધી હતી. શ્રી સેન સાથેનો વાર્તાલાપ પંડિતશ્રીએ કર્યો હતો.

—મુંબઇ ગોડીજી જૈન ઉપાશ્રયમાં જિનોપાસના ગ્રંથનું પ્રકાશન અધ્યક્ષ સ્થાને પ. પૂ. આચાર્ય શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ.

—મે ૨૬–૨૭–૨૮. મુંબઈ રંગભવનમાં શ્રીભક્તિરસામૃત નાટ્ય-મહોત્સવનું આયોજન. પહેલા દિવસે શ્રી યોગેન્દ્ર દેસાઈનું પિંજરાનું પંખી નૃત્યનાટિકા, બીજા દિવસે સંકલ્પસિદ્ધિ યાને સમર્પણ દ્વિઅંકી નાટિકા અને ત્રીજા દિવસે આરાધના ત્રિઅંકી નાટક. આ મહોત્સવની બચતમાંથી 'ધી ટીચીંગ્સ ઓફ લોર્ડ મહાવીર' નામનો ગ્રંથ છપાયો અને તેનું વિદ્વાનોને વિના મૂલ્યે વિતરણ થયું.

૧૯૬૫ જાન્યુઆરી ૩૧થી ફેબ્રુઆરી ૮મી સુધી પૂ. પંન્યાસ શ્રી ધુરંધરવિજયજી ગણિવર્યને આચાર્યપદ આપવા નિમિત્તે યોજાયેલ શ્રી આચાર્યપદપ્રદાન સમિતિનું સુકાન સંભાળ્યું. ઉજવણી સ્થાન–આઝાદ મેદાન–મુંબઈ. 'જીવ-વિચાર પ્રકાશિકા યાને જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન' ગ્રંથનું બોરીવલીમાં પ્રકાશન.

–જુન માસમાં દિલ્હી ખાતે ભારતના વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીને અખિલ ભારતીય અહિંસા પ્રચારસમિતિના પ્રતિનિધિ તરીકે મળ્યા અને આવેદનપત્ર સુપ્રત કર્યું. સાથે પં. શ્રી રુદ્રદેવ ત્રિપાઠી તથા શ્રી રમણીકચંદ મોતીચંદ ઝવેરી હતા. સાથે ફોટો પડાવ્યો. સાત દિવસ પછી ફરી પણ મળ્યા.

૧૯૬૬ ઓક્ટોબર ૧૬. અમદાવાદ–ટાઉનહોલમાં ભવ્ય સમારોહપૂર્વક ગણિતસિદ્ધિ ગ્રંથનું સમારોહના અધ્યક્ષ શ્રી હિતેન્દ્ર દેસાઇના હાથે પ્રકાશન અને તેનું અતિથિવિશેષ સન્માનનીય શ્રી મોરારજી દેસાઈને સમર્પણ. બંનેને નમસ્કાર મંત્રવાળા મંદિરો તથા ગણિતસેટોની ભેટ.

'નવતત્ત્વ દીપિકા યાને જૈન ધર્મનું અદ્‌ભુત તત્ત્વજ્ઞાન' ગ્રંથનું પ્રકાશન.

૧૯૬૭ 'મંત્રવિજ્ઞાન' ગ્રંથનું પ્રકાશન.

૧૯૬૮ ફેબ્રુઆરી ૩–૪. શેઠ ચીમનલાલ નગીનદાસ જન્મ શતાબ્દી ઉજવણી પ્રસંગે અમદાવાદમાં જુના છાત્રોનું સંમેલન. તે નિમિત્તે રૂા. ૧,૧૧,૧૧૧નો ફાળો એકત્રિત કરી સંસ્થાને સોંપ્યો.

૧૯૭૦ પ. પૂ. મુનિરાજ શ્રી યશોવિજયજી સાથે 'તીર્થંકર ભગવાન મહાવીર' અંગે ચર્ચા–વિચારણા.

મગજની નસ તૂટતાં ગંભીર બિમારી. હરકીશન હોસ્પીટલમાં સારવાર. ત્યારબાદ સુરેન્દ્રનગર જયહિંદ સોસાયટીમાં પોતાના મકાનમાં એક મહિનાની સ્થિરતા. પુનઃ સ્વાસ્થ્યપ્રાપ્તિ.

૧૯૭૧ માર્ચ ૬ થી ૧૦ મુંબઈ ક્રોસ મેદાનમાં સારસ્વત રંગભવન બાંધી તેમાં શ્રી માનતુંગસૂરિ સારસ્વત સમારોહની ઉજવણી. પ્રથમ દિવસે 'ભક્તામર રહસ્ય' ગ્રંથનું પ્રકાશન તથા 'બંધન તૂટયાં' ત્રિઅંકી નાટકની રજૂઆત. બીજા દિવસે કવિસંમેલન. ત્રીજા દિવસે ભારતની ૧૩ ભાષાનાં ગીતો. ચોથા દિવસે નૃત્યો. તેમાં ગુજરાત રાજ્યે ડાંગવાસીઓની નૃત્યમંડળી મોકલી હતી.

–નવેમ્બર ૨૧. બીરલા માતુશ્રી સભાગારમાં ભવ્ય સમારોહપૂર્વક શ્રી 'શ્રી ઋષિમંડલ આરાધના' ગ્રંથનું પ્રકાશન. 'હજી બાજી છે હાથમાં' ત્રિઅંકી નાટકની રજૂઆત.

૧૯૭૨ ફેબ્રુઆરી ૧૯. શેઠ ચીમનલાલ નગીનદાસ જન્મ શતાબ્દી વ્યાખ્યાનમાળાનું 'દાનનું સાફલ્ય' એ વિષય ઉપર ઉદ્‌ઘાટન–પ્રવચન.

ફેબ્રુઆરી ૨૦. અમદાવાદ–ચીમનછાત્ર સંઘ તરફથી જાહેર સન્માન. સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે.

—જુલાઈ—૩૦. મુંબઇ-પાંજરાપોળ—સૂરજવાડીમાં આરાધનાસિદ્ધિ સમારોહ. અધ્યક્ષ શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા.

—ઓક્ટોબર ૮થી ૧૭. મુંબઈ—નેમાણીની વાડીમાં આરાધના શિક્ષણ-સત્રની યોજના. ૧૦ બહેનો અને ૫૦ જેટલા પુરુષોએ લાભ લીધો હતો. પ્રથમ દિવસે મુંબઇના મેયરના હાથે 'શ્રી પાર્શ્વ—પદ્માવતી આરાધના' ગ્રંથનું પ્રકાશન. છેલ્લા દિવસે અધ્યાત્મસંમેલન. પ્રમુખ શ્રી યોગેશ. સમૂહભોજન.

૧૯૭૩ જાન્યુઆરી. થાણા યાત્રાસંઘમાં ધર્મપત્નીસહ અતિથિ વિશેષ તરીકે હાજરી અને ત્યાં જપ—ધ્યાનાદિ કાર્યક્રમ કરાવ્યો.

ઓગસ્ટ ૩. દિલ્હીમાં રાષ્ટ્રપતિ શ્રી વી. વી. ગિરિની મુલાકાત. સાથે ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી તથા શ્રી સુંદરલાલ એસ. ઝવેરી અને બીજા ચાર સજ્જનો. 'તીર્થંકર ભગવાન મહાવીર' ગ્રંથના પ્રકાશન અંગે વાર્તાલાપ.

૧૯૭૪ માર્ચ ૩. મુંબઈ પાટકર હોલમાં ભવ્ય સમારોહપૂર્વક 'મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર' ગ્રંથની બીજી આવૃત્તિનું પ્રકાશન.

—જુન ૧૧. બીરલા માતુશ્રી સભાગારમાં પ. પૂ. મુનિરાજ શ્રી યશો-વિજયજી સંપાદિત 'તીર્થંકર ભગવાન મહાવીર' પ્રકાશન સમારોહના મુખ્ય કાર્યવાહક તરીકે કામગીરી બજાવી.

—જુલાઈ ૧. દિલ્હીમાં હિંદના વડાપ્રધાન શ્રીમતિ ઈંદિરા ગાંધીની મુલાકાત તથા તેમને 'તીર્થંકર ભગવાન મહાવીર' ગ્રંથ ભેટ. સાથે શ્રી સુંદરલાલ એસ. ઝવેરી વગેરે હતા.

૧૯૭૫ એપ્રિલ ૧૪—મુંબઈ પાટકર હોલમાં ભક્તિરસના ખાસ કાર્યક્રમપૂર્વક શ્રી પાર્શ્વ—પદ્માવતી આરાધના સમારોહની ઉજવણી. 'શ્રી પાર્શ્વ—પદ્માવતી આરાધના' ગ્રંથની બીજી આવૃત્તિનું પ્રકાશન. પંડિત શ્રી ધીરજલાલ શાહ સન્માન સમિતિની જાહેરાત.

આ વર્ષમાં 'આત્મદર્શનની અમોઘ વિદ્યા'નું લેખન કાર્ય પૂરું કર્યું.

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહનું

# વિશાલ સાહિત્યસર્જન

## [ સને ૧૯૨૮ થી ૧૯૭૫ ]

### વર્ગાનુક્રમ

| વર્ગનું નામ | | ક્રમાંક | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ચરિત્રો | ૧ થી ૯૭ | ૯૭ |
| ૨ | કિશોરકથાઓ | ૯૮ થી ૧૦૨ | ૫ |
| ૩ | સ્થાનવર્ણન (ભૌગોલિક) | ૧૦૩ થી ૧૧૧ | ૯ |
| ૪ | પ્રવાસવર્ણન | ૧૧૨ થી ૧૧૪ | ૩ |
| ૫ | ગણિત | ૧૧૫ થી ૧૧૯ | ૫ |
| ૬ | માનસવિજ્ઞાન | ૧૨૦ થી ૧૨૧ | ૨ |
| ૭ | સામાન્ય વિજ્ઞાન | ૧૨૨ થી ૧૨૪ | ૩ |
| ૮ | કાવ્યો | ૧૨૫ થી ૧૨૭ | ૩ |
| ૯ | શિલ્પ–સ્થાપત્ય | ૧૨૮ | ૧ |
| ૧૦ | મંત્રવિદ્યા | ૧૨૯ થી ૧૩૨ | ૪ |
| ૧૧ | યોગ | ૧૩૩ | ૧ |
| ૧૨ | નાટકો | ૧૩૪ થી ૧૪૧ | ૮ |
| ૧૩ | જૈન મંત્રવાદ | ૧૪૨ થી ૧૪૭ | ૬ |
| ૧૪ | જૈનધર્મ–તાત્ત્વિક નિબંધો | ૧૪૮ થી ૨૦૩ | ૫૬ |
| ૧૫ | જૈન ટીકાસાહિત્ય | ૨૦૪ થી ૨૦૯ | ૬ |
| ૧૬ | જૈન સંકલન–સંપાદન | ૨૧૦ થી ૨૧૬ | ૭ |
| ૧૭ | જૈન ધર્મપરિચય | ૨૧૭ થી ૨૨૩ | ૭ |
| ૧૮ | જૈન કથાઓ | ૨૨૪ થી ૩૫૦ | ૧૨૭ |
| ૧૯ | જૈન પ્રકીર્ણ | ૩૫૧ થી ૩૫૮ | ૮ |
| | | | ૩૫૮ |

# વર્ગીકૃત યાદી

## ૧–ચરિત્રો

૧ વિશ્વવંદ્ય પ્રભુ મહાવીર (૧,૧૧,૦૦૦ નકલો)
૨ વીર વિઠ્ઠલભાઈ (પ્ર. ચરોત્તર એજ્યુ. સોસાયટી)
૩ મહારાજા સયાજીરાવ ગાયકવાડ (૨,૦૦,૦૦૦ નકલો)
૪ શ્રીમંત રાજર્ષિ સયાજીરાવ ગાયકવાડ (પ્ર. શ્રી સયાજીવિજય પ્રેસ–વડોદરા)
૫ શ્રી પાદલિપ્તસૂરિ (પ્ર. જૈન કાર્યાલય–ભાવનગર)

આ ગ્રંથમાં ઐતિહાસિક નોંધો સામેલ છે.

| | |
|---|---|
| ૬ શ્રીરામ | ( વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી પહેલી ) |
| ૭ શ્રીકૃષ્ણ | ” |
| ૮ ભગવાન બુદ્ધ | ” |
| ૯ ભગવાન મહાવીર | ” |
| ૧૦ વીર હનુમાન | ” |
| ૧૧ સતી દમયંતી | ” |
| ૧૨ ચક્રવર્તી ચંદ્રગુપ્ત | ” |
| ૧૩ રાજા ભર્તૃહરિ | ” |
| ૧૪ ભક્ત સુરદાસ | ” |
| ૧૫ નરસિંહ મહેતા | ” |
| ૧૬ મીરાંબાઇ | ” |
| ૧૭ લોકમાન્ય ટિળક | ” |
| ૧૮ આદ્યકવિ વાલ્મીકિ | ( વિદ્યાર્થી વાચનમાલા શ્રેણી બીજી ) |
| ૧૯ મહર્ષિ અગસ્ત્ય | ” |
| ૨૦ દાનેશ્વરી કર્ણ | ” |
| ૨૧ મહારથી અર્જુન | ” |
| ૨૨ વીર અભિમન્યુ | ” |
| ૨૩ પિતૃભક્ત શ્રવણ | ” |
| ૨૪ ચેલૈયો | ” |
| ૨૫ મહાત્મા તુલસીદાસ | ” |
| ૨૬ શ્રી રામકૃષ્ણ પરમહંસ | ” |
| ૨૭ સ્વામી વિવેકાનંદ | ” |

| | |
|---|---|
| ૨૮ સ્વામી રામતીર્થ | ” |
| ૨૯ શ્રીમદ્ રાજચંદ્ર | ” |
| ૩૦ પં. મદનમોહન માલવિય | ” |
| ૩૧ મહામુનિ વસિષ્ઠ | (વિદ્યાર્થી વાચનમાલા શ્રેણી ત્રીજી) |
| ૩૨ દ્રૌપદી | ” |
| ૩૩ વીર વિક્રમ | ” |
| ૩૪ રાજા ભોજ | ” |
| ૩૫ મહાકવિ કાલિદાસ | ” |
| ૩૬ વીર દુર્ગાદાસ | ” |
| ૩૭ મહારાણા પ્રતાપ | ” |
| ૩૮ સિકીમનો સપૂત | ” |
| ૩૯ દાનવીર જગડૂ | ” |
| ૪૦ સિદ્ધરાજ જયસિંહ | ” |
| ૪૧ જગત શેઠ | ” |
| ૪૨ વીર વિઠ્ઠલભાઈ | ” |
| ૪૩ શ્રી એની બેસન્ટ | ” |
| ૪૪ શ્રી ગજાનન | (વિદ્યાર્થી વાચનમાલા શ્રેણી ચોથી) |
| ૪૫ શ્રી કાર્તિકેય સ્વામી | ” |
| ૪૬ શ્રી હર્ષ | ” |
| ૪૭ રસકવિ જગન્નાથ | ” |
| ૪૮ ભક્ત નામદેવ | ” |
| ૪૯ છત્રપતિ શિવાજી | ” |
| ૫૦ સમર્થ સ્વામી રામદાસ | ” |
| ૫૧ ગુરુ નાનક | ” |
| ૫૨ મહાત્મા કબીર | ” |
| ૫૩ ગૌરાંગ મહાપ્રભુ | ” |
| ૫૪ શ્રી ત્રિભુવનદાસ ગજ્જર | ” |
| ૫૫ શ્રી વિજયધર્મસૂરિ | ” |
| ૫૬ બાબુ રાજેન્દ્રપ્રસાદ | ” |
| ૫૭ મહારાજા કુમારપાલ | (વિદ્યાર્થી વાચનમાલા શ્રેણી પાંચમી) |
| ૫૮ રણજિતસિંહ | ” |
| ૫૯ શ્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર | ” |

૬૦ મહાદેવ ગોવિંદ રાનડે ,,
૬૧ દાદાભાઈ નવરોજી ,,
૬૨ શ્રી ગોપાલકૃષ્ણ ગોખલે ,,
૬૩ શ્રી જવાહરલાલ નહેરુ ,,
૬૪ શ્રી સુભાષચંદ્ર બોઝ ,,
૬૫ તારામંડલ (શહીદોનાં લઘુ ચરિત્ર) ,,
૬૬ મહાદેવી સીતા (વિદ્યાર્થી વાચનમાલા શ્રેણી છઠ્ઠી)
૬૭ કર્મદેવી અને મેવાડની વીરાંગનાઓ ,,
૬૮ સર ટી. માધવરાવ ,,
૬૯ ઝંડુ ભટ્ટજી ,,
૭૦ સ્વ. હાજીમહમ્મદ (વિદ્યાર્થી વાચનમાલા શ્રેણી સાતમી)
૭૧ વીર લધાભા ,,
૭૨ શ્રી ઋષભદેવ ,,
૭૩ વીર કુણાલ ,,
૭૪ મહામંત્રી મુંજાલ ,,
૭૫ શ્રી જયકૃષ્ણભાઈ ,,
૭૬ શ્રી સયાજીરાવ ગાયકવાડ ,,
૭૭ મહાવીરપ્રસાદ દ્વિવેદી ,,
૭૮ મહાકવિ નાનાલાલ ,,
૭૯ અબ્દુલ ગફ્ફારખાન ,,
૮૦ સોરઠી સંતો ,,
૮૧ કવિ નર્મદ (વિદ્યાર્થી વાચનમાલા શ્રેણી આઠમી)
૮૨ જમશેદજી તાતા ,,
૮૩ પં. વિષ્ણુ દિગંબર (વિદ્યાર્થી વાચનમાલા શ્રેણી નવમી)
૮૪ વિમલશાહ (પ્ર. સયાજી બાલ સાહિત્યમાલા)
૮૫ વસ્તુપાલ–તેજપાલ ,,

બાળગ્રંથાવલીમાં પ્રસિદ્ધ થયેલ છેલ્લાં બે ચરિત્રો કરતાં આમાં ઘણો વિસ્તાર થયેલો છે.

૮૬ શ્રી વિજયધર્મસૂરિ (પ્ર. શ્રી વિજય ધર્મસૂરિ ગ્રંથમાલા)
૮૭ શ્રી વિજયાનંદસૂરિ (પ્ર. જ્યોતિકાર્યાલય–અમદાવાદ)
૮૮ કવિકુલતિલક શતાવધાની (પ્ર. આ. ક. લ. જૈન જ્ઞાનમંદિર–દાદર–મુંબઈ)
મુનિરાજ શ્રી કીર્તિવિજયજી

८९ श्रीमद् विजयलक्ष्मणसूरीश्वरजी ,,
९० शासनप्रभावक सूरिदेव. पू. श्री विजय लब्धिसूरीश्वरजीनुं चरित्र. ,,
९१ श्री यशोजीवनवाटिका. पू. श्रीयशोभद्रविजयजीनुं विस्तृत चरित्र ,,
९२ श्री लब्धिजीवनप्रकाश
पू. श्री लब्धिविजय महाराजनुं विस्तृत जीवनचरित्र.
९३ गुणश्रीगौरवगाथा
पू. साध्वीश्री गुणश्रीजीनुं जीवनचरित्र.
९४ विदुषी साध्वीजी रंजनश्रीजी जीवनप्रकाश.
आ चरित्र श्री समेतशिखर–तीर्थदर्शनमां छपायुं छे.
९५ श्री सुभाषचंद्र बोझ (हरिपुरा–आवृत्ति)
९६ जीवन अने जागृति
श्री टोकरशी लालजी कापडियानुं विस्तृत जीवनचरित्र. आ ग्रंथनुं हिंदी तथा अंगरेजी भाषांतर थयेलुं छे.
९७ सौजन्यमूर्ति श्री मावजी दामजी शाह.

बाळग्रंथावळी तथा जैन चरित्रमालामां पण चरित्र कही शकाय तेवी केटलीक पुस्तिकाओ छे, पण तेनी गणना जैन कथासाहित्यमां करेली छे.

## २—किशोर कथाओ

| | |
|---|---|
| ९८ कुमारोनी प्रवासकथा | (कुमार ग्रंथमाला) |
| ९९ जंगलकथाओ | (कुमार ग्रंथमाला) |
| १०० सिकीमनी वीरांगना | (प्र. ज्योति कार्यालय अम.) |
| १०१ नेकीनो राह | ,, |
| १०२ फूलवाडी | ,, |

## ३—स्थानवर्णन (भौगोलिक)

| | |
|---|---|
| १०३ सौंदर्यधाम काश्मीर | (वि. वां. श्रेणी छठ्ठी) |
| १०४ द्वारका | ,, |
| १०५ म्हैसूर | ,, |
| १०६ नेपाल | (वि. वां. श्रेणी सातमी) |
| १०७ अमरनाथ | ,, |
| १०८ बदरी–केदारनाथ | ,, |
| १०९ अनुपम ईलोरा | ,, |

૧૧૦ પાવાગઢ (વિ. વાં. શ્રેણી નવમી)

૧૧૧ અજંતાની ગુફાઓ ,,

### ૪—પ્રવાસવર્ણન

૧૧૨ કુદરત અને કલાધામમાં વીસ દિવસ. કાકા કાલેલકરે આ ગ્રંથની પ્રસ્તાવના લખેલી છે.

૧૧૩ અચલરાજ આબુ

૧૧૪ પાવાગઢનો પ્રવાસ

### ૫—ગણિત

૧૧૫ કોયડાસંગ્રહ-ભાગ પહેલો ( પ્ર. જ્યોતિ કાર્યાલય અમ. )

૧૧૬ કોયડાસંગ્રહ-ભાગ બીજો ,,

૧૧૭ ગણિત-ચમત્કાર ( પ્ર. પ્રજ્ઞાપ્રકાશનમંદિર મુંબઇ )

૧૧૮ ગણિત-રહસ્ય ,,

૧૧૯ ગણિત-સિદ્ધિ ,,

### ૬—માનસવિજ્ઞાન

૧૨૦ સ્મરણકલા,

આ ગ્રંથની પ્રસ્તાવના સ્વ. સાક્ષરવર્ય શ્રી રમણલાલ વસંતલાલ દેસાઇએ લખેલી છે. આમાં અવધાનનો વિષય પણ આવે છે.

૧૨૧ સંકલ્પસિદ્ધિ યાને ઉન્નતિ સાધવાની અદ્ભુત કલા

### ૭—સામાન્ય વિજ્ઞાન

૧૨૨ રમુજી ટૂચકા ( કુમાર ગ્રંથમાલા )

૧૨૩ આલમની અજાયબીઓ ,,

૧૨૪ વિમાની હુમલો અને તેમાંથી બચવાના ઉપાયો

### ૮—કાવ્યો

૧૨૫ જલમંદિર પાવાપુરી (ખંડકાવ્ય)

૧૨૬ અજન્તાનો યાત્રી (ખંડકાવ્ય)

આ કાવ્યનો હિંદી તથા અંગરેજી અનુવાદ થયેલો છે.

૧૨૭ પંચતંત્રસાર (દુહામાં). અપ્રસિદ્ધ છે.

### ૯—શિલ્પ-સ્થાપત્ય

૧૨૮ ઇલુરાનાં ગુફામંદિરો

શ્રી નાનાલાલ ચીમનલાલ મહેતા આઈ. સી. એસે ગ્રંથની પ્રસ્તાવના લખેલી છે.
શ્રી ધીરજલાલભાઈએ શિલ્પશાસ્ત્રના ગ્રંથો પર પ્રસ્તાવના લખેલી છે.

## ૧૦—મંત્રવિદ્યા

૧૨૯ મંત્રવિજ્ઞાન

શ્રી શાંતિકુમાર જે. ભટ્ટે આ ગ્રંથની પ્રસ્તાવના લખી છે.

૧૩૦ મંત્રચિંતામણિ

ડો. ચંદ્રશેખર ગોપાળજી ઠક્કરે આ ગ્રંથની પ્રસ્તાવના લખી છે.

૧૩૧ મંત્રદિવાકર

ડો. રુદ્રદેવ ત્રિપાઠીએ આ ગ્રંથની પ્રસ્તાવના લખી છે. આ ત્રણેય ગ્રંથો સમસ્ત મંત્રવિદ્યાના સાર રૂપ છે અને તેમાં અનુભવજન્ય સામગ્રી પણ પીરસાયેલી છે. દરેક ગ્રંથ બીજી આવૃત્તિને પામેલો છે.

૧૩૨ જપ-ધ્યાન-રહસ્ય

આ ગ્રંથમાં જપ અને ધ્યાનની વિશદ માહિતી અપાઈ છે.

## ૧૧—યોગ

૧૩૩ આત્મદર્શનની અમોઘ વિદ્યા

યોગના પ્રકાર તથા અંગોપર વિશદ વિચારણા.

## ૧૨—નાટકો

૧૩૪ સતી નંદયંતી (ત્રિઅંકી)

૧૩૫ શ્રી શાલિભદ્ર ,,

૧૩૬ કાચા સૂતરને તાંતણે (એકાંકી)

૧૩૭ બંધન તૂટયાં (ત્રિઅંકી)

૧૩૮ હજી બાજી છે હાથમાં ,,

૧૩૯ શ્રી પાર્શ્વપ્રભાવ (દ્વિઅંકી)

આ છ નાટકો ભજવાઈ ગયાં છે, પણ પુસ્તકાકારે પ્રગટ થયાં નથી

૧૪૦ ધન્ય શ્રીપાલ-મયણા

આ નાટક હજી ભજવાયું નથી કે પુસ્તકાકારે પ્રસિદ્ધ થયું નથી.

૧૪૧ માવજીભાઈની મુંઝવણ

પ્રહસન. ભજવાઈ ગયું છે.

## ૧૩—જૈન મંત્રવાદ

૧૪૨ નમસ્કારમંત્રસિદ્ધિ

ત્રીજી આવૃત્તિ ચાલે છે.

૧૪૩ મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર યાને જૈન મંત્રવાદની જયગાથા.

બીજી આવૃત્તિ ચાલે છે.

૧૪૪ હ્રીંકારકલ્પતરુ
શ્રી જિનપ્રભસૂરિકૃત લઘુ હ્રીંકારકલ્પ અને તે પરનું વિવેચન પણ આ ગ્રંથમાં અપાયેલ છે.

૧૪૫ ભક્તામર-રહસ્ય.
ભક્તામરને લગતી વિપુલ માહિતી આ ગ્રંથમાં અપાયેલી છે.

૧૪૬ શ્રી ઋષિમંડલ આરાધના.

૧૪૭ શ્રીપાર્શ્વ-પદ્માવતી આરાધના.
બીજી આવૃત્તિ ચાલે છે.

## ૧૪—જૈનધર્મ-તાત્ત્વિક નિબંધો

૧૪૮ ત્રણ મહાન તર્કો (ધર્મબોધ ગ્રંથમાલા)
૧૪૯ સફળતાની સીડી ,,
૧૫૦ સાચું અને ખોટું ,,
૧૫૧ આદર્શ દેવ ,,
૧૫૨ ગુરુદર્શન ,,
૧૫૩ ધર્મામૃત ,,
૧૫૪ શ્રદ્ધા અને શક્તિ ,,
૧૫૫ જ્ઞાનોપાસના ,,
૧૫૬ ચારિત્રવિચાર ,,
૧૫૭ દેતાં શીખો ,,
૧૫૮ શીલ અને સૌભાગ્ય ,,
૧૫૯ તપનાં તેજ ,,
૧૬૦ ભાવનાસૃષ્ટિ ,,
૧૬૧ પાપનો પ્રવાહ ,,
૧૬૨ બે ઘડી યોગ ,,
૧૬૩ મનનું મારણ ,,
૧૬૪ પ્રાર્થના અને પૂજા ,,
૧૬૫ ભક્ષ્યાભક્ષ્ય ,,
૧૬૬ જીવનવ્યવહાર ,,
૧૬૭ દિનચર્યા ,,
૧૬૮ જીવનનું ધ્યેય (જૈન શિક્ષાવલી શ્રેણી પહેલી)
૧૬૯ પરમપદનાં સાધનો ,,
૧૭૦ ઇષ્ટદેવની ઉપાસના ,,

| | |
|---|---|
| ૧૭૧ સદ્‌ગુરુસેવા | " |
| ૧૭૨ આદર્શ ગૃહસ્થ | " |
| ૧૭૩ આદર્શ સાધુ | " |
| ૧૭૪ નિયમો શા માટે ? | " |
| ૧૭૫ તપની મહત્તા | " |
| ૧૭૬ મંત્રસાધના | " |
| ૧૭૭ યોગાભ્યાસ | " |
| ૧૭૮ વિશ્વશાંતિ | " |
| ૧૭૯ સફલતાનાં સૂત્રો | " |
| ૧૮૦ સારું તે મારું | ( જૈન શિક્ષાવલી શ્રેણી બીજી ) |
| ૧૮૧ દાનની દિશા | " |
| ૧૮૨ નયવિચાર | " |
| ૧૮૩ સામાયિકની સુંદરતા | " |
| ૧૮૪ મહામંત્ર નમસ્કાર | " |
| ૧૮૫ કેટલાક યંત્રો | " |
| ૧૮૬ આયંબિલ-રહસ્ય | " |
| ૧૮૭ ભાવના ભવનાશિની | ( જૈન શિક્ષાવલી શ્રેણી ત્રીજી ) |
| ૧૮૮ સમ્યક્ત્વ સુધા | " |
| ૧૮૯ શક્તિનો સ્રોત | " |
| ૧૯૦ અહિંસાની ઓળખાણ | " |
| ૧૯૧ જીવનઘડતર | " |
| ૧૯૨ પ્રાર્થનાનું રહસ્ય | " |
| ૧૯૩ પ્રતિક્રમણનું રહસ્ય | " |
| ૧૯૪ ઉવસગ્ગહરસ્તોત્ર | " |
| ૧૯૫ તંત્રોનું તારણ | " |
| ૧૯૬ સાધર્મિક વાત્સલ્ય | " |
| ૧૯૭ જૈન પર્વો | " |

૧૯૮ શ્રી સમેતશિખર-તીર્થદર્શન

આ ગ્રંથ શ્રી સમેતશિખર જીર્ણોદ્ધાર સમિતિએ પ્રકટ કરેલો છે.

૧૯૯ જિનોપાસના


આ ગ્રંથમાં જિનભક્તિનું રહસ્ય અનેક દાખલા દલીલોથી સમજાવવામાં આવ્યું છે.



શ્રીપ્રતિક્રમણસૂત્ર–પ્રબોધટીકા બીજા ભાગના પ્રકાશન પછી.
ડાબી બાજુથી: (૧) પં. લાલચંદ ભ. ગાંધી, (૨) શ્રી ધીરજલાલ શાહ,
(૩) શ્રી અમૃતલાલ કા. દોશી તથા (૪) સર મણિલાલ બાલાભાઈ નાણાવટી.



શ્રી દીપચંદ એસ. ગાર્ડી બાર–એટ–લૉ શ્રી ધીરજલાલભાઇએ
રચેલા સંકલ્પસિદ્ધિ ગ્રંથનું પ્રકાશન કરી રહ્યા છે.



જૈન શ્વે. કોન્ફરન્સના અધિવેશન-સમયે શ્રી ધીરજલાલ શાહ તથા
શ્રી જયંતિલાલ રતનચંદ શાહ અગત્યની મંત્રણા કરી રહ્યા છે.



શ્રી નરેન્દ્રકુમાર તથા શ્રી ધીરજલાલ શાહ 'આત્મદર્શનની અમોઘ વિદ્યા' ગ્રંથ લઇને
ઊભા છે. શ્રી જયંતિલાલ રતનચંદ શાહ તેનો પ્રકાશનવિધિ કરી રહ્યા છે.

૨૦૦ ઉપધાન-રહસ્ય

૨૦૧ ઉપધાન-સ્વરૂપ

૨૦૨ ઉપધાન-ચિંતન

૨૦૩ જૈન શ્રમણ

જૈન સાધુનો સર્વાંગી પરિચય આપતો નિબંધ.

## ૧૫—જૈનધર્મ-ટીકા સાહિત્ય

૨૦૪ શ્રી પ્રતિક્રમણસૂત્ર-પ્રબોધટીકા ભાગ પહેલો

૨૦૫ ,, ભાગ બીજો

૨૦૬ ,, ભાગ ત્રીજો

આ ટીકા અષ્ટાંગ વિવરણમયી છે અને તે જૈન સાહિત્ય વિકાસમંડલ વીલેપારલે-મુંબઈ તરફથી પ્રકટ થયેલી છે.

૨૦૭ પ્રબોધટીકાનુસારી પંચપ્રતિક્રમણ સૂત્ર

શબ્દાર્થ, અર્થસંકલના તથા સૂત્રપરિચય સાથે,

૨૦૮ જીવવિચારપ્રકાશિકા યાને જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન

આ ગ્રંથમાં જીવવિચારપ્રકરણ પર વિસ્તૃત વિવેચન છે.

૨૦૯ નવતત્ત્વદીપિકા યાને જૈન ધર્મનું અદ્ભુત તત્ત્વજ્ઞાન

આ ગ્રંથમાં નવતત્ત્વપ્રકરણ પર વિસ્તૃત વિવેચન છે.

## ૧૬—જૈન ધર્મ-સંકલન-સંપાદન

૨૧૦ શ્રીવીરવચનામૃત

ભગવાન મહાવીરનાં ૧૦૦૮ મૂળ વચન તથા તેનો ગુજરાતી અનુવાદ સાથે અપાયો છે. આ ગ્રંથનો હિન્દી તથા અંગરેજી અનુવાદ થયેલો છે.

૨૧૧ આત્મતત્ત્વવિચાર ભાગ પહેલો

૨૧૨ આત્મતત્ત્વવિચાર ભાગ બીજો

આ ગ્રંથમાં શ્રી વિજયલક્ષ્મણ સૂરીશ્વરજી મહારાજના વ્યાખ્યાનોનું સંકલન તથા સંપાદન કરવામાં આવ્યું છે.

૨૧૩ નમસ્કાર મહામંત્ર

શ્રી હરિસત્ય ભટ્ટાચાર્યના અંગ્રેજી નિબંધનો ગુજરાતી અનુવાદ થયેલો, તે સંપાદિત કરવામાં આવ્યો છે.

૨૧૪ જિનેન્દ્ર કાવ્યસંગ્રહ ભાગ પહેલો

૨૧૫ જિનેન્દ્ર કાવ્યસંગ્રહ ભાગ બીજો

આ બંને પુસ્તકોનું પ્રકાશન જૈન ધાર્મિક શિક્ષણસંઘ મુંબઇ તરફથી થયેલું છે.

૨૧૬ શ્રી ગોડી પાર્શ્વનાથ સાર્ધશતાબ્દી ગ્રંથ

આમાં ઊંડા સંશોધનપૂર્વક મુંબઇના શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન મંદિરનો ઇતિહાસ આલેખવામાં આવ્યો છે તથા કેટલીક મહત્ત્વપૂર્ણ કૃતિઓ–લેખો વગેરે પણ અપાયા છે.

## ૧૭—જૈન ધર્મપરિચય

૨૧૭ જૈન ધર્મસાર

આ દળદાર ગ્રંથનો હિંદી અનુવાદ તથા તેનો અંગ્રેજી અનુવાદ પ્રકટ થયેલો છે, પણ તેનું મૂળ ગુજરાતી લખાણ પ્રકટ થયેલું નથી.

૨૧૮ જૈન ધર્મપરિચય ભાગ પહેલો
૨૧૯ જૈન ધર્મપરિચય ભાગ બીજો
૨૨૦ જૈન તત્ત્વપ્રવેશક ગ્રંથમાલા-ભાગ બીજો
૨૨૧ ધાર્મિક પ્રશ્નોત્તરી ભાગ પહેલો
૨૨૨ ધાર્મિક પ્રશ્નોત્તરી ભાગ બીજો
૨૨૩ ધાર્મિક પ્રશ્નોત્તરી ભાગ ત્રીજો

આ ત્રણે ભાગ જૈન ધાર્મિક શિક્ષણસંઘ મુંબઈ તરફથી પ્રકટ થયેલ છે અને પાઠ્ય પુસ્તક તરીકે ચાલે છે.

## ૧૮—જૈન કથાઓ

| | |
|---|---|
| ૨૨૪ શ્રી રીખવદેવ | (બાળગ્રંથાવલી શ્રેણી પહેલી) |
| ૨૨૫ નેમ–રાજુલ | ” |
| ૨૨૬ શ્રી પાર્શ્વનાથ | ” |
| ૨૨૭ પ્રભુ મહાવીર | ” |
| ૨૨૮ વીર ધન્નો | ” |
| ૨૨૯ મહાત્મા દૃઢપ્રહારી | ” |
| ૨૩૦ અભયકુમાર | ” |
| ૨૩૧ રાણી ચેલ્લણા | ” |
| ૨૩૨ ચંદનબાલા | ” |
| ૨૩૩ ઇલાચીકુમાર | ” |
| ૨૩૪ જંબૂસ્વામી | ” |
| ૨૩૫ અમરકુમાર | ” |
| ૨૩૬ શ્રીપાલ | ” |

| | |
|---|---|
| ૨૩૭ મહારાજા કુમારપાલ | ,, |
| ૨૩૮ પેથડકુમાર | ,, |
| ૨૩૯ વિમલશાહ | ,, |
| ૨૪૦ વસ્તુપાલ–તેજપાલ | ,, |
| ૨૪૧ ખેમો દેદરાણી | ,, |
| ૨૪૨ જગડૂશાહ | ,, |
| ૨૪૩ ધર્મ માટે પ્રાણ આપનાર મહાત્માઓ | ,, |
| ૨૪૪ અર્જુનમાલી | (બાલ ગ્રંથાવલી શ્રેણી બીજી) |
| ૨૪૫ ચક્રવર્તી સનત્ કુમાર | ,, |
| ૨૪૬ ગણધર શ્રી ગૌતમસ્વામી | ,, |
| ૨૪૭ આર્દ્રકુમાર | ,, |
| ૨૪૮ મહારાજા શ્રેણિક | ,, |
| ૨૪૯ મહાસતી અંજના | ,, |
| ૨૫૦ રાજર્ષિ પ્રસન્નચંદ્ર | ,, |
| ૨૫૧ મયણરેહા | ,, |
| ૨૫૨ ચંદન–મલયાગિરિ | ,, |
| ૨૫૩ કાન કઠિયારો | ,, |
| ૨૫૪ મુનિશ્રી હરિકેશી | ,, |
| ૨૫૫ કપિલ મુનિ | ,, |
| ૨૫૬ સેવામૂર્તિ નંદિષેણ | ,, |
| ૨૫૭ શ્રી સ્થૂલભદ્ર | ,, |
| ૨૫૮ મહારાજા સંપ્રતિ | ,, |
| ૨૫૯ પ્રભુ મહાવીરના દશ શ્રાવકો | ,, |
| ૨૬૦ સ્વાધ્યાય | ,, |

આ પુસ્તક કથાનું નથી, પણ ભગવાનના કેટલાંક વચનોને રજૂ કરનારું છે, પરંતુ શ્રેણીનો ક્રમ જળવાઈ રહે તે માટે આમાં મૂકેલું છે.

| | |
|---|---|
| ૨૬૧ શ્રી ભદ્રબાહુ સ્વામી | (બાલગ્રંથાવલી શ્રેણી ત્રીજી) |
| ૨૬૨ શ્રી હરિભદ્રસૂરિ | ,, |
| ૨૬૩ શ્રી બપ્પભટ્ટિસૂરિ | ,, |
| ૨૬૪ શ્રી હીરવિજયસૂરિ | ,, |
| ૨૬૫ મહાસતી સીતા | ,, |
| ૨૬૬ મૃગાવતી | ,, |

૨૬૭ સતી નંદયંતી ,,
૨૬૮ ધન્ય અહિંસા ,,
૨૬૯ સત્યનો જય ,,
૨૭૦ અસ્તેયનો મહિમા ,,
૨૭૧ સાચો શણગાર શીલ ,,
૨૭૨ સુખની ચાવી યાને સંતોષ ,,
૨૭૩ જૈન તીર્થોનો ટૂંક પરિચય ભાગ પહેલો ,,
૨૭૪ જૈન તીર્થોનો ટૂંક પરિચય ભાગ બીજો ,,
૨૭૫ જૈન સાહિત્યની ડાયરી ,,

છેલ્લાં ત્રણ પુસ્તકો કથાનાં નહિ હોવા છતાં શ્રેણીબદ્ધ હોવાથી તેમનો નિર્દેશ અહીં કરાયો છે.

૨૭૬ જાવડશા (બાળગ્રંથાવલી શ્રેણી ચોથી)
૨૭૭ કોચરશા ,,
૨૭૮ ધન્ય એ ટેક ,,
૨૭૯ મણિનાં મૂલ ,,
૨૮૦ કલાધર કોકાશ ,,
૨૮૧ જિનમતી ,,
૨૮૨ રાજર્ષિ કરકંડુ ,,
૨૮૩ અનંગસુંદરી ,,
૨૮૪ નર્મદાસુંદરી ,,
૨૮૫ અષાડાભૂતિ ,,
૨૮૬ અચ્ચંકારિભટ્ટા ,,
૨૮૭ વિષ્ણુકુમાર ,,
૨૮૮ કાલિકાચાર્ય ,,
૨૮૯ શ્રી પાદલિપ્તાચાર્ય ,,
૨૯૦ જીવવિચાર-પ્રકાશિકા ,,

જીવવિચાર પરની ટૂંક નોંધ શ્રેણિબદ્ધ હોવાથી અહીં અપાયેલી છે.

૨૯૧ સાધર્મિકનાં સ્નેહઝરણાં ,,
૨૯૨ શ્રીમલ્લિનાથ (બાલગ્રંથાવલી શ્રેણી પાંચમી)
૨૯૩ મહાકવિ ધનપાલ ,,
૨૯૪ સુરાચાર્ય ,,

| | | |
|---|---|---|
| ૨૯૫ | મહિયારી લીલાવતી | ,, |
| ૨૯૬ | લલિતાંગકુમાર | ,, |
| ૨૯૭ | ચંપકશેઠ | ,, |
| ૨૯૮ | તરંગવતી ભાગ પહેલો | ,, |
| ૨૯૯ | તરંગવતી ભાગ બીજો | ,, |
| ૩૦૦ | રોહક અને વિનયચંદ્ર | ,, |
| ૩૦૧ | હાથે તે સાથે | ,, |
| ૩૦૨ | કામલક્ષ્મી | ,, |
| ૩૦૩ | મહાત્માનો મેલાપ | ,, |
| ૩૦૪ | મન જીતવાનો માર્ગ | ,, |
| ૩૦૫ | સિદ્ધિદાયક સિદ્ધચક્ર | ,, |
| ૩૦૬ | સિદ્ધર્ષિગણિ | ,, |
| ૩૦૭ | છ- ધર્મકથાઓ | ,, |
| ૩૦૮ | મુનિ અર્હન્નક | ,, |
| ૩૦૯ | સતી કલાવતી | (બાલગ્રંથાવલી શ્રેણી છઠ્ઠી) |
| ૩૧૦ | સુદર્શન શેઠ | ,, |
| ૩૧૧ | કુમાર મંગલકલશ | ,, |
| ૩૧૨ | ચક્રવર્તી બ્રહ્મદત્ત | ,, |
| ૩૧૩ | શ્રીશાલિભદ્ર | ,, |
| ૩૧૪ | શ્રીવીરસૂરિ | ,, |
| ૩૧૫ | ધર્મવીર કર્માશાહ | ,, |
| ૩૧૬ | શ્રીવાદિદેવસૂરિ | ,, |
| ૩૧૭ | મંત્રીશ્રી કર્મચંદ્ર | ,, |
| ૩૧૮ | વીર દયાલશાહ | ,, |
| ૩૧૯ | શ્રી માનતુંગસૂરિ | ,, |
| ૩૨૦ | વ્યાપારી રત્નચૂડ | ,, |
| ૩૨૧ | શ્રી જિનપ્રભસૂરિ | ,, |
| ૩૨૨ | સહસ્રમલ | ,, |
| ૩૨૩ | કુમાર કર્મરક્ષિત | ,, |
| ૩૨૪ | ચંપકમાલા | ,, |
| ૩૨૫ | સાચાં મોતી | ,, |
| | ધર્મ તથા નીતિને લગતા દુહાઓ. | |

| | | |
|---|---|---|
| ૩૨૬ | દાનવીર રત્નપાળ | ,, |
| ૩૨૭ | શ્રી આદિનાથ | ( જૈન ચરિત્રમાલા ) |
| ૩૨૮ | શ્રી મલ્લિનાથ | ,, |
| ૩૨૯ | શ્રી અરિષ્ટનેમિ | ,, |
| ૩૩૦ | પ્રભુ પાર્શ્વનાથ | ,, |
| ૩૩૧ | શ્રમણ ભગવાન મહાવીર | ,, |
| ૩૩૨ | ભરતેશ્વર | ,, |
| ૩૩૩ | ચક્રી સનત્કુમાર | ,, |
| ૩૩૪ | મગધરાજ શ્રેણિક | ,, |
| ૩૩૫ | સતી સીતા | ,, |
| ૩૩૬ | દ્રૌપદી | ,, |
| ૩૩૭ | સતી દમયંતી | ,, |
| ૩૩૮ | સતી ચંદનબાલા | ,, |
| ૩૩૯ | અનાથી મુનિ | ,, |
| ૩૪૦ | મહર્ષિ કપિલ | ,, |
| ૩૪૧ | મુનિશ્રી હરિકેશ બલ | ,, |
| ૩૪૨ | નમિરાજ | ,, |
| ૩૪૩ | દશ ઉપાસકો | ,, |
| ૩૪૪ | શેઠ સુદર્શન | ,, |
| ૩૪૫ | મંત્રનો મહિમા | ,, |
| ૩૪૬ | વીતરાગની વાણી | ,, |

આ ચરિત્રમાળાનાં થોડાં નામો બાળગ્રંથાવળીનાં પુસ્તકોને મળતાં છે, પણ તે જુદી રીતે લખાયેલાં છે.

| | | |
|---|---|---|
| ૩૪૭ | રતિસુંદરી | ( પ્ર. જૈન ધર્મપ્રસારક સભા ) |
| ૩૪૮ | ઋષિદત્તા | ,, |
| ૩૪૯ | કલાવતી | ,, |
| ૩૫૦ | સતી સુભદ્રા | ,, |

આ ચાર કથાઓ પણ પૂર્વના કરતાં જુદી રીતે લખાયેલી છે.

## ૧૯—જૈન-પ્રકીર્ણ

| | | |
|---|---|---|
| ૩૫૧ | રાજનગર સાધુસંમેલન | ( પ્ર. જ્યોતિ કાર્યાલય-અમ. ) |
| ૩૫૨ | જૈનોની શિક્ષણસમસ્યા | ,, |

૩૫૩ તપવિચાર

પ્રભાવના માટે ખાસ લખાયેલું હતું.

૩૫૪ જિનશાસનની જયપતાકા-ભાગ પહેલો. પ. પૂ. આ. શ્રી વિજય જંબૂસૂરીશ્વરજીનો વિહાર તથા બીજાપુરથી કુલ્પાકજીનો સંઘ નીકળ્યો તેનું વર્ણન છે.

૩૫૫ જિનશાસનની જયપતાકા-ભાગ બીજો

ત્યાંથી આગળના વિહારનું આમાં વર્ણન છે.

૩૫૬ દક્ષિણમાં દિવ્ય પ્રકાશ

પ. પૂ. આ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજીએ દક્ષિણ દેશમાં વિહાર કરી જે જે કાર્યો કર્યાં, તેનો આ સચિત્ર દળદાર ગ્રંથ છે.

૩૫૭ શ્રી ભુવનવિહારદર્પણ

પૂ. આ. શ્રી વિજયભુવનસૂરિજીના વિહારનું વર્ણન છે.

૩૫૮ છાત્રાલયો અને છાત્રવૃત્તિઓ

આ ગ્રંથ શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ તરફથી પ્રસિદ્ધ થયેલો છે.

### શતાવધાની પંડિત
### શ્રી ધીરજલાલ ટોકરશી શાહે કરેલા

## અવધાનપ્રયોગોની યાદી

[ ગણિતસિદ્ધિના પ્રયોગોનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ]

(૧) તા. ૯–૭–૩૪ સાઠંબા ( ગુ ) ૧૮ અ. પ્રમુખ શ્રી ત્રિકમલાલ એન. દવે–સાઠંબા સ્ટેટ મેનેજર. પ્રમાણપત્ર અને ચંદ્રક.

(૨) તા. ૧–૮–૩૪ મુંબઈ–પાયધુની આદીશ્વર જૈન ઉપાશ્રય. ૨૭ અ. પ્ર. પૂ. શ્રી વિજયેન્દ્રસૂરિજી.

(૩) તા. ૮–૮–૩૪ વડોદરા–સાહિત્યસભા. ૩૬ અ. પ્ર. પ્રો. અતિસુખશંકર કમલાશંકર ત્રિવેદી. પ્રમાણપત્ર.

(૪) તા. ૯–૮– ૩૪ વડોદરા–મહારાણી ચીમનાબાઈ મહિલા. પાઠશાલા ( Women's college ) પ્ર. પ્રીન્સીપાલ એમ. એ. વિલ્ડહામ. પ્રમાણપત્ર.

(૫) તા. ૧૦–૮–૩૪ બપોરના ૨–૦ વડોદરા–ચીમનાબાઈ સ્ત્રી ઉદ્યોગશાલા. ૨૬ અ.

(૬) તા. ૧૦–૮–૩૪ સાંજના ૬–૦ વડોદરા–ન્યુ ઈરા હાઈસ્કૂલ ૩૨ અ.

(૭) તા. ૧૨–૮–૩૪ વડોદરા–બરોડા કૉલેજ–ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થીઓ સમક્ષ ૪૦ અ.

(૮) તા. ૧૬–૧૧–૩૪ માણસા–માણસાના રાઓલ સજ્જનસિંહજીના આમંત્રણથી રાજમહેલમાં ૩૨ અ. પ્રમાણપત્ર આદિ.

(૯) તા. ૧૭–૧૧–૩૪ માણસા જૈન સંઘના આમંત્રણથી જૈન ઉપાશ્રયમાં ૨૪ અ. પ્ર. મુનિશ્રી હેમેન્દ્રસાગરજી.

(૧૦) તા. ૨૫–૧૧–૩૪ વડાલી જૈન સંઘના આમંત્રણથી જૈન ઉપાશ્રયમાં ૨૧ અ. પ્ર. પૂ. પં. શ્રી ન્યાયવિજયજી મ.

(૧૧) તા. ૧૧–૧૨–૩૪ પાલણપુર નવાબ સાહેબના આમંત્રણથી ભારતના કમાન્ડર ઈન–ચીફ સર ફીલીપ ચેટવુડ સમક્ષ ગાર્ડન પાર્ટીમાં કેટલાક પ્રયોગો. પ્રમાણપત્ર આદિ.

(૧૨) તા. ૨૨–૧૨–૩૪ ધરમપુર–મહારાજા વિજયદેવસિંહજીની વર્ષગાંઠ નિમિત્તે દરબાર હોલમાં ૬૪ અ. પ્રમાણપત્ર આદિ.

(૧૩) તા. ૧૬–૪–૩૫ વીરમગામ–મહાવીર જયંતિ પ્રસંગે ૩૨ અ. પ્ર. પૂ. મુનિશ્રી પ્રસાદચંદ્રજી. ચંદ્રક આદિ.

(૧૪) તા. ૨૮-૭-૩૫ વીજાપુર-વિદ્યાશાળામાં ૬૪ અ. પ્ર. પૂ. મુનિશ્રી હેમેન્દ્રસાગરજી.

(૧૫) તા. ૭-૮-૩૫ માંડલ-મોહન વિનયમંદિર. ૨૪ અ.

(૧૬) તા. ૧૪-૮-૩૫ મુંબઈ-શ્રી મહાવીર સ્ટુન્ડન્ટસ્ યુનિયન તરફથી મહાવીર જૈન વિદ્યાલય હોલમાં ૭૦ અ.

(૧૭) તા. ૨૯-૯-૩૫ વીજાપુર જૈન સંઘના આમંત્રણથી વિદ્યાશાળાના હોલમાં પૂરાં ૧૦૦ અવધાનો. પ્ર. શ્રી રામચંદ્ર જમનાદાસ અમીન બી. એ., એલ્. એલ્. બી. 'શતાવધાની' પદપ્રદાન, તેમજ સોનાનો ચાંદ અને ૩૨ શ્લોકોની પ્રશસ્તિ.

(૧૮) તા. ૨૭-૩-૩૬ પાટણ-જૈન યુવકસંઘ તરફથી પંચાસરામાં ૮૪ અ. પ્ર. પૂ. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મ. આ સભામાં પૂ. આ શ્રી વિજયવલ્લભસૂરિજી, આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી તથા પંડિત શ્રી સુખલાલજી વગેરે હાજર હતા. સુવર્ણચંદ્રક.

(૧૯) તા. ૩૦-૧૦-૩૬ અમદાવાદ-શ્રીમાલી સોસાયટીમાં શ્રી ચંદુલાલ છગનલાલ શાહના બંગલામાં ૫૦ અ. પ્ર. શ્રી ભોગીલાલ કેશવલાલ પટવા. પ્રમાણપત્ર.

(૨૦) તા. ૧૯-૧૧-૩૬ પાડીવ (રાજસ્થાન)-જૈન ઉપાશ્રયમાં ૩૩ અ. પ્ર. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ.

(૨૧) તા. ૨૧-૧૧-૩૬ બરલૂટ (રાજસ્થાન)-જૈન ઉપાશ્રયમાં ૪૦ અ. પ્ર. પૂ. મુનિરાજ શ્રી જયંતવિજયજી મહારાજ.

(૨૨) તા. ૧૬-૧૨-૩૬ ઘાટકોપર જૈન યુવકસંઘ તરફથી સ્થાનકવાસી જૈન પોષધશાળામાં ૫૦ અ. પ્ર. મુંબઈના મેયર શ્રી જમનદાસ માધવજી મહેતા એમ. એ; બાર-એટ-લૉ. સુવર્ણચંદ્રક.

(૨૩) તા. ૨૭-૧૨-૩૬ મુબઈ-સેન્ડહર્સ્ટ રોડ શ્રીરામ મેન્શનમાં શ્રી મનસુખલાલ છગનલાલને ત્યાં મિત્રમંડળ સમક્ષ ૬૪ અ.

(૨૪) તા. ૩-૧-૩૭ મુંબઈ-શો ટ્રસ્ટના માલીક પોલાંડવાસી મી. ઝુબેન્સ્કીને ત્યાં ૫૦ અ. પ્રમાણપત્ર અને વિદેશમાં પધારવાનું આમંત્રણ.

(૨૫) તા. ૧૦-૧-૩૭ મુંબઈ-ચોપાટી-એડનવાલા બીલ્ડીંગમાં શ્રી ચંદુલાલ મોહનલાલ ઝવેરી તથા શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા આદિ સમક્ષ ૪૦ અ.

(૨૬) તા. ૧૭-૯-૩૭ કરાંચી-જૈન મંદિરની બાજુના કમ્પાઉન્ડમાં બહેનો સમક્ષ ૩૨ અ. ચાંદીની પેટી, ફ્રેમ તથા રૂા. ૧૭૫ ની થેલી.

(૨૭) તા. ૨૧-૯-૩૭ કરાંચી-શ્રી વિજયધર્મસૂરિ જયંતિ સમિતિ તરફથી જૈન મંદિરની બાજુના કમ્પાઉન્ડમાં ૫૨ અ. પ્ર. શ્રી હીરાલાલ નારણજી ગણાત્રા. સુવર્ણ ચંદ્રક તથા ચાંદીનું કાસ્કેટ.

(૨૮) તા. ૨૨–૯–૩૭ કરાંચી–યંગમેન ઝોરોસ્ટ્રીયન એસોસીએશન તરફથી કાત્રક હૉલમાં ૩૦ અ. પ્ર. મી. ધનજીશા ભરુચા.

(૨૯) તા. ૨૩–૯–૩૭ કરાંચી–એન્જીનીયરીંગ કૉલેજના ગુજરાતી મંડળ સમક્ષ કેટલાક પસંદગીના પ્રયોગો.

(૩૦) તા. ૨૪–૯–૩૭ કરાંચી–શારદામંદિરમાં ૪૦ અ. પ્ર. મનસુખલાલ જોબનપુત્રા. રૌપ્યચંદ્રક.

(૩૧) તા. ૨૫–૯–૩૭ કરાંચી–લક્ષ્મીબાઈ ડેન્ટલ કૉલેજમાં ડૉકટરો સમક્ષ ૨૦ અ. રૌપ્યચંદ્રક. આ પ્રયોગોમાં બાયોલૉજીને લગતા ઘણા અઘરા જર્મન શબ્દો પૂછવામાં આવ્યા હતા અને ત્યારબાદ તરત પાસે ઊભા રહી પાંચ મીનીટ સુધી થાળી વગાડવામાં આવી હતી.

(૩૨) તા. ૨૫–૯–૩૭ સાયંકાલ. કરાંચી–યંગમેન ઝોરોસ્ટ્રીયન એસોસીએસન તરફથી બીજી વાર ૩૦ અ. સુવર્ણચંદ્રક.

(૩૩) તા. ૨૬–૯–૩૭ કરાંચી–ગુજરાતનગરમાં ૪૦ અ.

(૩૪) તા. ૨૭–૯–૩૭ કરાંચી–જાહેરસભામાં ૨૫ અ. પ્ર. કરાંચીના મેયર શ્રી દુર્ગાદાસ અડવાની. કરાંચીવાસીઓ તરફથી સન્માનપત્ર અને ચાંદીની ગુલાબદાની.

(૩૫) તા. ૨૯–૯–૩૭ હૈદરાબાદ (સિંધ)–આગેવાન ગુજરાતીઓ તરફથી એંગ્લો વર્નાકયુલર સ્કૂલમાં ૨૦ અ. પ્ર. ડૉ. જે. સી. ભટ્ટ. માનપત્ર અને ચાંદીની ગુલાબદાની.

(૩૬) તા. ૧૭–૧૦–૩૭ બ્યાવર જૈન ગુરુકુલ તરફથી ગુરુકુલમાં ૩૦ અ. પ્ર. લાલા ભગવાનદીન. સુવર્ણચંદ્રક.

(૩૭) તા. ૧૩–૩–૩૯ મુંબઈ–બોમ્બે પ્રેસીડેન્સી એડલ્ટ એજ્યુકેશન એસોસીએશન તરફથી કામા હૉલમાં પસંદગીના પ્રયોગો. પ્ર. સી. શેઠના.

(૩૮) તા. ૧૬–૪–૩૯ મુંબઈ–મેટ્રો સીનેમામાં સમિતિ દ્વારા ૧૦૦ અ. પ્ર. સર પુરુષોત્તમ ઠાકોરદાસ. ફી રાખી હતી.

(૩૯) તા. ૬–૧૧–૩૯ બિદાસર (રાજસ્થાન)–જૈન ઉપાશ્રયમાં આચાર્ય તુલસી સમક્ષ ૩૨ અ. પ્રમાણપત્ર.

(૪૦) તા. ૧૦–૧–૪૨ મુંબઈ–સર કાવસજી જહાંગીર હૉલમાં સમિતિ દ્વારા ૧૦૮ અ. પ્ર. શેઠ પ્રાણલાલ દેવકરણ નાનજી. ફી રાખી હતી.

(૪૧) તા. ૨૩–૧–૪૨ સરદારશહેર (રાજસ્થાન)–જૈન સંઘ તરફથી વરદીચંદજી ગદઈયાના નોરામાં ૬૪ અ. પ્ર. આચાર્ય શ્રી તુલસી.

(૪૨) તા. ૨૭–૧૧–૪૯ વડોદરા–પ્રેમાનંદ સાહિત્ય સભા તરફથી ચીમનાબાઈ હાઈસ્કૂલમાં ૪૦ અ. પ્ર. શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ.

(૪૩) તા. ૩૦–૧૧–૪૯ વડોદરા–કૉલેજ હૉલમાં ૪૦ અ. પ્ર. પ્રો. વાડિયા.

(૪૪) તા. ૧૧–૧૨–૪૯ ડભોઇ–દયાનંદ સાહિત્યસભા તરફથી વ્યાયામશાલાના ચોગાનમાં ૪૦ અ. પ્ર. શાસ્ત્રી મગનલાલ.

(૪૫) તા. ૨૮–૧૨–૪૯ ભાવનગર–જૈન વિકાસ મંડળ તરફથી શ્રી આત્માનંદ જૈનસભાના હૉલમાં ૪૦ અ. પ્ર. શેઠ ભોગીલાલ મગનલાલ શાહ.

(૪૬) તા. ૩૦–૧૨–૪૯ ભાવનગર–માય ઓન સ્કૂલના વિદ્યાર્થીઓ સમક્ષ અ. પ્ર. શ્રી હરભાઇ ત્રિવેદી.

(૪૭) તા. ૧૭–૩–૫૫ કલકત્તા–જૈનભવનમાં ૫૨ અ. પ્રમુખ મહોપાપાધ્યાય શ્રી કાલિપદ તર્કાચાર્ય. સંસ્કૃતમાં પ્રશસ્તિ.

(૪૮) તા. ૨૦–૩–૫૫ કલકત્તા રૉયલ એસિયાટિક સોસાયટીના હૉલમાં ઉચ્ચ કોટિના અવધાનો. પ્ર. શ્રી મૂલચંદજી અગ્રવાલ. વિશ્વામિત્ર દૈનિકના તંત્રી. અ. વિ. શ્રી વિજયસિંહ નહાર.

(૪૯) તા. –૫૬ બેંગલોર ચીકપેટ જૈન ઉપાશ્રયમાં ૩૨ અ. પ્ર. પં. શ્રી ઋષભદાસજી જૈન મદ્રાસવાલા.

(૫૦) તા. –૫૭ જયપુર (રાજસ્થાન) ગુજરાતી સમાજ તરફથી ૩૨ અ. પ્ર. રાજ્યરત્ન શ્રી પ્રતાપરાય ગીરધરલાલ મહેતા.

(૫૧) તા. ૭–૩–૫૯ મુંબઈ–સુંદરાબાઈ હૉલમાં શિક્ષાસ્મૃતિ સમારોહ પ્રસંગે અવધાન તથા ગણિતસિદ્ધિના પ્રયોગો. પ્ર. શ્રી મંગલદાસ પકવાસા. અ. વિ.શ્રી ભોગીલાલ લાલા.

(૫૨) તા. ૧૭–૧–૬૫ મુંબઈ–સુંદરાબાઈ હૉલમાં ગણિત–ચમત્કારના પ્રકાશનપ્રસંગે ગ. સિ. ના પ્રયોગો. પ્ર. મુંબઈના મેયર ડૉ. દીવગી.

(૫૩) તા. ૧૯–૧–૬૫ મુંબઈ–પાટકર હૉલમાં ગણિત–રહસ્યના પ્રકાશનસમયે ગ. સિ. ના પ્રયોગો.

(૫૪) તા. ૨૪–૭–૬૬ ઘાટકોપર–બાલ્કન. જી. બારીમાં બાલોપયોગી ગ. સિ.ના પ્રયોગો;

(૫૫) તા. ૨૮–૮–૬૬ સુરત નેમુભાઈની વાડીમાં ગ. સિ.ના પ્રયોગો. સુરત જૈન સંઘ તરફથી 'ગણિતદિનમણિ'ની પદવી.

(૫૬) તા. ૧૬–૧૦–૬૬ અમદાવાદ–ટાઉન હૉલમાં ગણિતસિદ્ધિના પ્રકાશન–સમર્પણ નિમિત્તે યોજાયેલ ભવ્ય સમારોહમાં શ્રી મોરારજી દેસાઇને ગ્રંથ અર્પણ કર્યા પછી ગ. સિ. ના અદ્ભુત પ્રયોગો.

(૫૭) તા. ૩–૧૨–૬૬ ખંભાત–શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ચોગાનમાં ૫૦૦૦ની મેદની સમક્ષ ગ. સિ. ના પ્રયોગો. પ્ર. શ્રી હસમુખલાલ શાહ–સીવીલજજ.

(૫૮) તા. ૨૨-૧-૬૭ અમદાવાદ-ટાઉન હોલમાં ગ. સિ. ના પ્રયોગો. પ્ર. ગુજરાત પ્રાંત પંચાયતના પ્રમુખ શ્રી વજુભાઈ શાહ. અ. વિ. ગુજરાતના રાજ્યપાલ શ્રી કાનુનગો. આ વખતે સુંદર સ્મારિકા પ્રકટ થઈ હતી.

(૫૯) તા. ૪-૬-૬૭ મધ્ય પ્રદેશ રાયપુરમાં પર અ. મહાકોશલક્ષેત્રીય જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ તરફથી 'વિદ્યાભૂષણ'ની પદવી તથા શાલ. પ્ર. પૂ. શ્રી ઉદય સાગરજી મહારાજ.

(૬૦) તા. ૧૩-૮-૬૭ મુંબઈ-માટુંગા શેઠ નારાણજી શામજી વાડીમાં નમસ્કારમંત્ર-સિદ્ધિ ગ્રંથના પ્રકાશન-સમર્પણપ્રસંગે ગ. સિ. ના પ્રયોગો. પ્ર. પૂ. આ શ્રી વિજયયશોભદ્રસૂરિજી મહારાજ.

(૬૦) તા. -૬૭ મુંબઈ ઘાટકોપર ધનજી દેવશી રાષ્ટ્રીય શાલાના પ્રાંગણમાં યોજાયેલ સમારોહ પ્રસંગે નમસ્કારમંત્રને અનુલક્ષી ગ. સિ. ના ૭ પ્રયોગો પ્ર. પૂ. મુનિશ્રી પૂર્ણભદ્રવિજયજી મ. આ પ્રસંગે કચ્છી જૈન શ્વે. મૂ. સંઘ તરફથી શાલ ઓઢાડવામાં આવી હતી.

(૬૧) તા. -૬૭ બોરીવલી-પશ્ચિમ જામલી ગલી-સંભવનાથ જૈન ઉપાશ્રયમાં નમસ્કારમંત્રને અનુલક્ષી ૯ પ્રયોગો. પ્ર. પૂ. મુનિશ્રી પૂર્ણભદ્રવિજયજી મ.

(૬૨) તા. ૧૨-૯-૬૭ ગોધરા-રોટરી ક્લબ તરફથી અવધાન તથા ગ. સિ. ના પ્રયોગો. પ્ર. ગુજરાત રાજ્યના બાંધકામ ખાતાના પ્રધાન શ્રી બાબુભાઈ જશભાઇ પટેલ.

(૬૩) તા. ૧-૩-૬૮ સુરત-ગણિતસિદ્ધિ અને અવધાનપ્રબંધક સમિતિ તરફથી રંગભવનમાં પ્રયોગો. પ્ર. શ્રી સ્નેહરશ્મિ. અ. વિ. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી ચંદ્રવદન ચીમનલાલ શાહ.

(૬૪) તા. ૧૯-૫-૬૮ ભદ્રેશ્વર (કચ્છ)-અખિલ ભારતીય અચલગચ્છ જૈન ચતુર્વિધ સંઘસંમેલન પ્રસંગે ગ. સિ. ના પ્રયોગો. 'અધ્યાત્મવિશારદ' પદવી.

(૬૫) તા. ૨૯-૯-૬૮ મુંબઈ-બીરલામાતુશ્રી સભાગારમાં સંકલ્પસિદ્ધિ ગ્રંથના પ્રકાશન-સમર્પણ નિમિત્તે યોજાયેલ સમારોહમાં ગ. સિ. ના પ્રયોગો. પ્ર. શ્રી દેવચંદ છગનલાલ શાહ. અ. વિ. શ્રી રતિલાલ મણિલાલ નાણાવટી.

(૬૬) તા. ૧૨-૧-૬૯ મુંબઈ-પાટકર હોલમાં મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્રના પ્રકાશન-સમર્પણ નિમિત્તે યોજાયેલ સમારોહમાં ગ. સિ. ના પ્રયોગો. પ્ર. પૂ. મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજ.

(૬૭) તા. ૬-૪-૬૯ મુંબઈ-બીરલા માતુશ્રી સભાગારમાં યોજાયેલ ગણિતસિદ્ધિ-સાંસ્કૃતિક સમારોહમાં ગ. સિ. ના પ્રયોગો. પ્ર. શ્રી અમૃતલાલ બી. યાજ્ઞિક, અ. વિ. પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ શ્રી એમ. એમ. ધ્રુવ.

(૬૮) તા. ૧૦–૭–૬૯ સુરેન્દ્રનગરમાં શ્રી પાનાચંદ ઠાકરશી વિદ્યાર્થીગૃહ તરફથી ગ. સિ. ના પ્રયોગો.

(૬૯) તા. ૧૯–૧૦–૬૯ મુંબઈ–બીરલામાતુશ્રી સભાગારમાં યોજાયેલ મંત્રદિવાકર-પ્રકાશન–સમર્પણ સમારોહ પ્રસંગે ગ. સિ. ના પ્રયોગો. પ્ર. પંડિતશ્રી રુદ્રદેવ ત્રિપાઠી. અ. વિ. મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકર શ્રી ટી. એસ. ભારદે. આ વખતે ભારતના ૫૭ વિદ્વાનો તરફથી સંસ્કૃત ભાષામાં સન્માનપત્ર તથા 'સરસ્વતીવરદપુત્ર' અને 'મંત્રમનીષી' પદવીઓ અર્પણ થઈ.

(૭૦) તા. ૩૦–૧૧–૬૯ તલાજા (સૌરાષ્ટ્ર)–તલાજા જૈન વિદ્યાર્થીગૃહના રજતમહોત્સવ પ્રસંગે ગ. સિ. ના પ્રયોગો. પ્ર. શ્રી જગુભાઈ શિવલાલ પરીખ . અ. વિ. ભાવનગરના નગરપતિ શ્રી રમણીકભાઈ પટેલ.

(૭૧) તા. ૧૫–૩–૭૦ મુંબઈ–બીરલામાતુશ્રી સભાગારમાં હ્રીઁકારકલ્પતરુ ગ્રંથના પ્રકાશન–સમર્પણ નિમિત્તે યોજાયેલ સમારોહમાં ગ. સિ. ના પ્રયોગો પ્ર. નવીનચંદ્ર છ. કંપાણી.


(૭૨) તા. ૨૯–૪–૭૩ કપડવંજ–જૈન ધાર્મિક શિક્ષણ શિબિર પ્રસંગે ગ.સિ.ના પ્રયોગો.

(૭૩) તા. ૧-૭-૭૩ મુંબઈ–પાટકર હોલમાં સંકલ્પસિદ્ધિ બીજી આવૃત્તિના પ્રકાશન–સમર્પણ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમની સાથે ગ. સિ.ના પ્રયોગો. પ્ર. શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા. અ. વિ. શ્રી દીપચંદ એસ. ગાર્ડી.

(૭૪) તા. ૨૪–૧૧–૭૪ મુંબઈ–પાટકર હોલમાં જપ–ધ્યાન–રહસ્યના પ્રકાશન–સમર્પણ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ગ. સિ.ના પ્રયોગો. પ્ર.મા યોગશક્તિ.

(૭૫) તા. ૧૪–૧૨–૭૪ મુંબઈ–જન્મભૂમિ ગણિતમંડળ તરફથી જન્મભૂમિ કાર્યાલયમાં ગ. સિ.ના પ્રયોગો. પ્ર. જન્મભૂમિ ટ્રસ્ટના ચેરમેન શ્રી શાંતિલાલ હ. શાહ.

(૭૬) તા. ૮–૩–૭૫ મુંબઈ–ઇન્ડિયન મર્ચન્ટ ચેમ્બર્સ હોલમાં મંત્રદિવાકર–બીજી આવૃત્તિ શ્રી કે. કે. શાહને સમર્પણ કરતી વખતે ગ. સિ.ના પ્રયોગો.



## પ્રભુસ્મરણ

જય જોગીંદર જિન પ્રભુ, જગપતિ જગદાધાર;
જય જય જગવત્સલ વિભુ, જય જય તારણહાર. ૧

શિવ સુંદર કમલાપતિ, નાથ નિરંજન બુદ્ધ;
બ્રહ્મા ઈશ્વર તું પ્રભુ, અર્હંત્ અનુપમ શુદ્ધ. ૨

વળી પુરુષ પરબ્રહ્મ તું, તું પયગમ્બર પાક;
જિનવર જગ સોહામણો, ગરુડેશ્વર ગજનાક. ૩

સુરતરુ અમીરસ કુંભ તું, તું અક્ષય ગુણધામ;
મનમોહન શંકર ગુરુ, તુંહિ અલખ અભિરામ. ૪

આ સંસાર અસારમાં, એક જ તું છે સાર;
ધીરજથી સમરું સદા, વર્તે જયજયકાર. ૫

—ધી૦



બીજો ખંડ

# સાહિત્ય
અને
# સંસ્મરણો



ઊર્મિ અને સંવેદનોને કલામય
અક્ષરદેહ આપવો એ સાહિત્ય.


■

જીવનના ઝીલાયેલા પ્રતિબિમ્બનું
ઉદ્બોધન તે સંસ્મરણ.





શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારકમંડળ તરફથી સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો તેનું દૃશ્ય.
ડાબી બાજુથી: (૧) શ્રી કાંતિલાલ ઇશ્વરલાલ, (૨) શ્રી જયભિખ્ખુ, (૩) શ્રી ધીરજલાલ શાહ, (૪) શ્રી કૃષ્ણલાલ મો. ઝવેરી (૫) શ્રી અમૃતલાલ કાલિદાસ દોશી. તા. ૬-૨-૫૫



સાહિત્યવારિધિ પદસમર્પણનું દૃશ્ય: મુંબઇના નગરપતિ શ્રી ગણપતિશંકર દેસાઇ સુવર્ણ-ચંદ્રક વડે પદ પ્રદાન કર્યા પછી પ્રવચન કરે છે. બાજુમાં શ્રી ધીરજલાલ શાહ ઊભા છે. જમણી બાજુ છેડે હાલના પૂ. આ. શ્રી વિજયકીર્તિચંદ્રસૂરિજી બેઠેલા છે.



મંત્રદિવાકર સમર્પણ સમારોહના અધ્યક્ષ ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી ગ્રંથલેખક શ્રીધીરજલાલ શાહને પુષ્પહાર પહેરાવે છે. તા. ૧૯-૧૦-૬૯



ભારતવર્ષના ૧૩ પ્રાંતના ૫૭ વિદ્વાનો તરફથી શ્રી ધીરજલાલ શાહને સન્માન-અભિનંદનપત્ર સમર્પણ થયું, તે વેળાનું દૃશ્ય. ડાબી બાજુથી: (૧) ટી. એસ. ભારદે. (૨) શ્રી ધીરજલાલ શાહ, (૩) ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી તથા (૪) શ્રીચંદુલાલ ભાઇચંદ શાહ. તા. ૧૯-૧૦-૬૯



# શૈશવકાલનાં સંસ્મરણો

**લે. શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ**

[ પંડિતશ્રીએ કેટલાંક વર્ષો પહેલાં 'શૈશવકાલનાં સંસ્મરણો' લખવા માંડેલાં, તેમાંથી 'સંસ્કારસામગ્રી' અને 'મારો કુદરતપ્રેમ' એ બે પ્રકરણો અહીં આપવામાં આવે છે. તે પરથી તેમનો ઉછેર કેવા સંયોગોમાં થયો હતો, તે જાણી શકાશે અને તેઓ બાલ્યાવસ્થામાં પણ કેવા સંવેદનશીલ હતા, તેનો પરિચય પણ મળી જશે.

સંપાદકો ]

## [ ૧ ]

## સંસ્કારસામગ્રી

સ્થાનિક વાતાવરણમાં જે સામગ્રી વેરાયેલી પડી હોય છે, તેની બાળકનાં મન-હૃદય પર ઊંડી છાપ પડે છે અને તે ભાવી જીવનઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે, તેથી મારી આસપાસ કેવી સંસ્કાર-સામગ્રી વેરાયેલી પડી હતી, તે મારે જણાવવું જોઈએ.

### મૂર્તિપૂજક ખરા પણ મૂર્તિ વિનાના

મારા ગામમાં (દાણાવાડા)માં લગભગ ૯૦૦-૧૦૦૦ માણસની વસ્તી હતી, તેમાં વાણિયા, બ્રાહ્મણ, ગરાસિયા, કણબી, કોળી, સુથાર, સઈ, લુહાર, ભંગી વગેરેનો સમાવેશ થતો હતો.

વાણિયાનાં ઘર ૩૫ જેટલાં હતાં, તે બધા જ જૈનધર્મ પાળતા હતાં. તેમાંનો મોટો ભાગ સ્થાનકવાસી સંપ્રદાયનો હતો. બાકીનાં પાંચ-છ ઘરો મૂર્તિપૂજકનાં હતાં, તેમાં અમારા ઘરનો સમાવેશ થતો હતો. પરંતુ આ મૂર્તિપૂજકો તો નામના જ ગણાય, કારણ કે ગામમાં કોઈ જિનમંદિર ન હતું કે જિનમૂર્તિ ન હતી. જિનમૂર્તિ તો મેં દશ-અગિયાર વર્ષની ઉંમરે વઢવાણ શહેરમાં જોયેલી અને ત્યારે ઘણી પ્રસન્નતા થયેલી.

શાંત મુખમુદ્રા, પ્રસન્ન દષ્ટિ અને ધ્યાનસ્થ અવસ્થા. આગળ જતાં હું જિનભગવાનની થોડી સ્તુતિઓ શીખ્યો, તેમાં નીચેની સ્તુતિ ખૂબ પસંદ પડેલી, એટલે તે વારંવાર ગાતો હતો. આજે પણ તે ગાઉં છું, ત્યારે ખૂબ આનંદ આવે છે.

प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं,
वदनकमलमंकः कामिनीसंगशून्यः।
करयुगमपि यत्ते शस्त्रसम्बन्धवन्ध्यः
तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥

'દષ્ટિયુગ્મ એટલે બે નેત્રો પ્રશમરસથી ભરેલાં છે, વદનકમલ એટલે મુખ-મંડળ પ્રસન્નતાથી પૂર્ણ છે, અંક એટલે ખોળો, સ્ત્રીના સંગથી રહિત છે, વળી બંને હાથ કોઈપણ જાતના શસ્ત્ર વિનાના છે, તેથી હે દેવ! આ જગતમાં તું જ સાચો વીતરાગ છે.'

અહીં એટલું કહેવું જોઈએ કે અમારામાંના એક ભાઈ પોતાની દુકાનના એક ગોખલામાં જૈનધર્મના છેલ્લા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીનો એક ફોટો તથા નવ-પદજીનો એક યંત્ર રાખતા હતા. તેઓ નાહી ધોઈને તેની પાસે દીવો કરતા હતા, અગરબત્તી સળગાવતા હતા અને પોતાને જે સ્તુતિ-સ્તવન વગેરે આવડતું હતું તે બોલતા હતા. હું સમજણો થયો-કાંઇક મોટો થયો, ત્યારે ઘણી વખત એ દુકાને જતો અને પેલા ફોટા અને યંત્રને પગે લાગતો હતો. તે વખતે કોઈ સ્તુતિ-સ્તવન તો આવડતું નહિ, એટલે નમસ્કાર મંત્ર અને ચોવીશ તીર્થંકરોનાં નામો બોલતો હતો.

**જૈન ઉપાશ્રય**

અમારા ગામમાં માટીનો એક જાળીબંધ ઉપાશ્રય હતો. પાછળથી તે ચૂના-બંધ થયેલો. લોકો તેને અપાસરો કહેતા ને કેટલાક બટકબોલા 'અ પાંસરો' એટલે 'નહિ સીધો' એમ કહીને કટાક્ષ પણ કરતા. પણ હું જાણું છું ત્યાં સુધી તેમાં સીધું ન હોય એવું કોઈ કામ થતું નહિ. જે આશ્રય કાયમને માટે નથી, પણ તાત્કાલિક કે કામચલાઉ છે, તે ઉપાશ્રય.

આ ઉપાશ્રયમાં મોટા ભાગે સ્થાનકવાસી સાધુ-સાધ્વીઓ જ ઉતરતા અને તેમાં યે સાયલા સંઘાડાનું પ્રભુત્વ રહેતું. આ ગામમાં મૂર્તિપૂજક સાધુઓનો અવર-જવર બહુ ઓછો હતો, અથવા નહિવત્ હતો, એમ કહું તો પણ ચાલે. મારા આ ગામના આખા વસવાટમાં મૂર્તિપૂજક સાધુઓને એક જ વખત ઉતરેલા જોયા છે ને તે પણ મારા ઘર પાસેના નાનકડા ચોરામાં. આ સંજોગોમાં અમારું મૂર્તિપૂજકપણું ટકે શી રીતે? પણ આનંદની વાત એટલી હતી કે મૂર્તિપૂજામાં નહિ માનનારા અને માનનારા બંને પ્રેમ-પૂર્વક સાથે રહેતા હતા અને ધર્મને નામે કોઈ દિવસ કજિયો-ટંટો કરતા નહિ.

આ રીતે નાનપણમાં મેઘરાજજી મહારાજ, મગનલાલજી મહારાજ વગેરે સાયલા સંઘાડાના સ્થાનકવાસી સાધુઓનો પરિચય થયેલો. જૈનધર્મની હસ્તલિખિત પોથી પહેલવહેલી તેમની પાસે જ જોયેલી. તેઓ સવારે વ્યાખ્યાન આપતા. કોઈ પણ સૂત્ર–સિદ્ધાંતનો ગ્રંથ વાંચવો અને તેના પર વિવેચન કરવું એ જૈનોની પરિભાષામાં વ્યાખ્યાન આપ્યું કહેવાય. બપોરે તેઓ રાસ વાંચતા. અહીં રાસનો અર્થ ગરબો કે નૃત્ય નહિ, પણ કાવ્ય સમજવાનો છે. કોઈ પણ કથા કે ચરિત્રની કાવ્યમય રચના કરી હોય અને તેને વિવિધ ઢાળો કે દેશીઓમાં ગાઈ શકાતી હોય તેને જૈન સાહિત્યમાં રાસ કહેવામાં આવે છે. આવા રાસો એકલી ગુજરાતી ભાષામાં જ ૧૫૦૦ કરતાં વધારે છે અને તેમાં મધ્યકાલીન યુગની ઘણીખરી દેશીઓ સંગ્રહાયેલી છે. સદ્‌ગત સાક્ષર શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈએ પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહમાં આ રાસોમાંથી તારવેલી ૨૨૦૦ જેટલી દેશીઓની નોંધ આપેલી છે. રાષ્ટ્રીય શાયરની ખ્યાતિ પામેલા સદ્‌ગત ઝવેરચંદ મેઘાણી વારંવાર કહેતા કે જેને ગુજરાતી લોકસાહિત્યનો અભ્યાસ કરવો હોય, તેમણે જૈનોનું રાસસાહિત્ય જોવું. મોટી ઉંમરે મેં આમાંનું ઘણું સાહિત્ય જોયેલું છે, એટલે સદ્‌ગત મેઘાણીના એ અભિપ્રાયનું સાર્થક્ય હું સમજેલો છું.

હવે પ્રસ્તુત વાત પર આવીએ. એ રાસ રસની ખાણ જેવા હતા. તેમાંયે બે મહારાજો સાથે મળીને ઢાળ ગાય ત્યારે તો દિલડું ડોલીજ ઉઠતું ! હું એ રાસ સાંભળવા બધાની સાથે કેવી રીતે જતો, ક્યાં બેસતો, કેમ સાંભળતો, તે આજે પણ યાદ આવે છે. આ રાસ સાંભળવા ગામના ઘણા લોકો આવતા, હરિજનો પણ ઉપાશ્રય બહાર શેરીમાં એક બાજુ બેસીને એ રાસ સાંભળતા. તેમાં પણ જેઓ ભગતની સંજ્ઞાથી ઓળખાતા તેઓ રાસમાં આવવાનું કોઈ વાર ચૂકતા નહિ. મેં આ રીતે 'સવાઈકુમારનો રાસ' કકડે કકડે સાંભળ્યો હતો.

### ઠાકોરજીનું મંદિર :

અમારા ગામમાં ઠાકોરજીનું એક મંદિર હતું, તે ગામના પ્રમાણમાં ઠીક ગણાય. ત્યાં હું કેટલીક વાર સમવયસ્ક મિત્રો સાથે રમતો રમતો ચાલ્યો જતો અને સાયંકાળે આરતી ઉતર્યા પછી બધાની સાથે 'રામ લક્ષ્મણ જાનકી, જય બોલો હનુમાનકી' એમ કહીને ચરણામૃત લેતો. આ વખતે રામ–લક્ષ્મણની ઘણી વાતો સાંભળેલી, એટલે તેમનું નામ લેતાં એક જાતનો આનંદ આવતો.

### ગામચોરો :

આ મંદિરની બહાર મોટો ઓટલો હતો, તે જ અમારા ગામનો મુખ્ય ચોરો. સાંજ પછી ત્યાં ઘણા લોકો ભેગા થતા અને નવીજૂની વાતો કરતા. કોઈ અમલદાર આવે તો એને માટે ખાટલો પણ ત્યાંજ ઢળાતો અને ગામમાં તરગાળા એટલે ભવાયા

ખેલ કરવા આવે તો એમનો ઉતારો પણ ત્યાંજ રહેતો. એને ગામડાની એક પ્રકારની ક્લબ જ સમજોને !

**તરગાળાની રમત :**

અહીં તરગાળા વિષે પણ બે શબ્દો કહીશ. તેઓ ઘણા ભાગે કડી–કલોલ તરફથી બે–ત્રણ વર્ષે આવતા અને મોટા ભાગે રમીને જ પાછા જતા. રમવા અગાઉ તેમને ગામલોકો પાસેથી રજા મેળવવી પડતી અને તે માટે આ ચોરામાં બધાને ભેગા કરવા પડતા. તે માટે ગામમાં ખાસ સાદ પડતો કે નહિ, તે મને યાદ નથી, પણ એ નિમિત્તે તેઓ વાત માંડતા કે ખાંડની ગુણી સમીપે કીડીઓની હાર ચાલી નીકળે તેમ ગામલોક ચાલી નીકળતું. એ વખતે ચોરામાં બેસવાની તો શું, પણ ઊભા રહેવાની જગા પણ મળતી નહિ. લોકો તેનાં પગથિયે પણ ઊભા રહેતા અને નીચે રસ્તામાં પણ ઊભા રહેતા. પરંતુ અમે રસ્તામાં કે પગથિયે ઊભા રહીએ તેવા નમાલા ન હતા ! કોઈ પણ રીતે ચોરામાં દાખલ થઈ જતા અને તરગાળાની વાત સાંભળતા. લોકો કહેતા કે વાત તો તરગાળાની ! કોઈ એની તોલે ન આવે. શું એની ઝમક ! શું એની ઉપમાઓ ! શું એની કહેવાની રીત ! આજે પણ મને એ બધું યાદ આવે છે. એક વખત સજા વીર વિક્રમની વાત માંડેલી. તે વખતે માલવ દેશનું, તેની રાજધાની ઉજ્જયિની નગરીનું, તેની પાસે વહી રહેલી ક્ષિપ્રા નદીનું, તેમજ તેના કાંઠે આવેલા ભૂતિયાવડ અને ગંદ્રપિયા મસાણનું જે વર્ણન કરેલું, તે હું હજી સુધી ભૂલ્યો નથી.

વાત પૂરી થયે લોકો તેમને રમવાની હા કે ના પાડતા અને તે અનુસાર રજા મળે તો રમવાનું થતું. રાતના દશ કે અગિયાર વાગે તેમના ખેલો શરૂ થતા અને પરોઢિયાના પાંચની આસપાસ તે પૂરા થતા. તેમાં પ્રથમ ગણેશનો વેશ કાઢતા, કારણકે એ મંગલસૂચક ગણાતો અને સારો ઉપજની આશા આપતો. પછી વાણિયાનો, બ્રાહ્મણનો, બાવાજીનો, મુલ્લાંનો, પઠાણનો, સાહેબનો, ઝંડાનો વગેરે વેશો કાઢતા. તેમાં હાસ્યરસની પ્રધાનતા રહેતી, કદી વીર અને કરુણારસ પણ ઝળકતા તથા અશ્લીલ શબ્દપ્રયોગો વડે બિભત્સરસ પણ ટપકી પડતો. વચ્ચે જાદુના ખેલ પણ કરી લેતા. તે વખતે 'અંબી આવે, તંબી આવે' વગેરે શબ્દો બોલીને એક વાંસની ભુંગળીમાંથી સાપ (સાપોલિયું) કાઢતા અને તેને પાછો અદૃશ્ય પણ કરી દેતા. આજે નાટક–સીનેમા અને જાદુગર એ વસ્તુઓ જુદી જુદી છે, પણ તરગાળામાં એ બધાનો સમન્વય હતો અને તેથી લોકોને આ પ્રકારનું પ્રમાણમાં ઘણું સસ્તુ મનોરંજન પૂરું પાડી શકતા. આજે તો એમનો એ ધંધો પડી ભાંગ્યો છે ને તેમાંના ઘણાખરાએ નોકરીઓ સ્વીકારી લીધી છે. કાલની આ કેવી અસર !

**નવરાત્રિની ગરબીઓ :**

નવરાત્રિ આવતી, ત્યારે પણ આ જ સ્થળે ગરબી મંડાતી અને પાછળથી ભવાઈના

ખેલો થતાં. તે ઘણા ભાગે તરગાળાઓના ખેલના અનુકરણ રૂપ જ હતા, એટલે તેનું અહીં સ્વતંત્ર વર્ણન કરતો નથી. પણ તે વખતે ગવાતી ગરબીના 'પાવા તે ગઢથી ઉતર્યા મહાકાળી રે' એ શબ્દો આજે પણ મારા કાનમાં ગુંજે છે.

**મંત્રવાદી મોતીના ખેલો :**

અમારાં ગામમાં ગોઢિયા ઘણીવાર રમવા આવતા, પરંતુ તેઓ પોતાના ખેલ કોઈ પણ ચોક કે શેરીમાં કરતા, જ્યારે મોતી નામનો એક મંત્રવાદી આવેલો, તેણે પોતાના ખેલ ગામચોરાની નીચે કરેલા. મેં એ ખેલો બરાબર જોયેલા છે અને તે હું આજ સુધી ભૂલ્યો નથી. તેણે રેલ્વેની ચાલુ ટીકીટોથી એક ટોપી ભરી દીધેલી, એક માણસનાં મસ્તકે લાકડી ફેરવી તેની શ્રવણશક્તિ હરી લીધેલી અને પછી લાકડી ફેરવી એ શક્તિનો ફરી સંચાર કરેલો. પણ તેનો સહુથી અદ્‌ભુત ખેલ તો લોકોને મનમાન્યું ખવડાવવાનો હતો. તે પ્રેક્ષકોની પાસે જઈને હાથની મૂઠી ઊંચી કરતો, તેને કઈ ચીજ ખાવી છે, તેમ પ્રશ્ન કરતો અને તે નામ આપે કે પેલી મૂઠી તેનાં પહોળાં કરેલાં મુખમાં ખોલી નાખતો. એ વખતે પેલા પ્રેક્ષકનાં મુખમાં કહેલી ચીજ આવી જતી. તે એને ખાઈને ખૂબ રાજી થતો. તેણે આ રીતે બે-પાંચ કે દશ-વીશ પ્રેક્ષકોને નહિ, પણ ત્યાં ઊભેલા આશરે ત્રણસોયે પ્રેક્ષકોને ચીજો ખવડાવેલી. તે વખતે દૂર બેઠેલા હરિજનોએ માગણી કરેલી કે 'બાપજી! અમને પણ કંઈક આપજો.' એટલે આ મંત્રવાદીએ તેમને કહેલું કે 'તમારી પછેડી પહોળી કરો.' એ વખતે લગભગ બધા હરિજનો ખભે વેજાની (ખાદીના) પછેડી રાખતા. હરિજનોએ પોતાની પછેડી પહોળી કરેલી અને તેમાં આ મંત્રવાદીએ ખોબા ભરી ભરીને સોપારી આપેલી. એમ કહેવાય છે કે આવી ચીજો રહેતી નથી, પણ એ હરિજનો સોપારીનું પોટલું બાંધીને ઘેર લઈ ગયેલા ને ઘણા દિવસ સુધી તેમાંથી સોપારી ખાધેલી. પાછળથી બે ત્રણ વાર આ મંત્રવાદી અમારા ગામમાં આવેલો ને ઉપરથી ગોળનો રવો પાડવો, બારણાં પાછળથી શેરડીના આખા સાંઠા કાઢવા, સાંઠી પર હાથ ફેરવીને તજની લાકડી બનાવી દેવી વગેરે ખેલો બતાવેલા. મારા મનમાં પ્રશ્ન થતો કે આ બધું કેમ બનતું હશે? પણ મંત્રની શક્તિ વિષે ઘણી અદ્‌ભુત વાતો સાંભળેલી, એટલે આ બધું મંત્રથી બની શકે એમ મનનું સમાધાન કરેલું. હું માનું છું કે મારું એ સમાધાન ખોટું ન હતું. મોટી ઉમરે આવી સિદ્ધિ બીજાઓની પાસે જોયેલી છે અને તેનું કારણ મંત્રશક્તિ કે વિદ્યા હતી એમ પાકા પાયે જાણેલું છે. બેંતાલીશ વર્ષ પછી મેં ભારતવર્ષના ભિન્ન ભિન્ન ભાગોમાં સાહિત્યસંશોધન વગેરે કારણે પરિભ્રમણ કરેલું, ત્યારે પણ આ જાતની અનેક સિદ્ધિઓ જોવાનો પ્રસંગ આવેલો.

**ઘર પાસેનો ચોરો :**

ગામમાં બીજા પણ બે-ત્રણ ચોરા હતા, પણ પ્રમાણમાં નાના. અમારા ઘર પાસે

જ આવો એક ચોરો હતો. તેમાં નવરાશના વખતે વાણિયા, બ્રાહ્મણ તથા ખેડૂતો ભેગા થતા અને હજામની હાજરી પણ અવશ્ય રહેતી. એ સિવાય ડાયરાનો રંગ જામે શી રીતે ? વાણિયા ગામ–પરગામની વિધવિધ વાતો કરતા અને છગન શેઠ જેવા ધાર્મિક વૃદ્ધ પુરુષ જૈન કથાનકોમાંથી એકાદની વાનગી ચખાડતા. બ્રાહ્મણોની વાતમાં સતયુગથી માંડીને કલિયુગ સુધીના બનાવો ટપકી પડતા અને આગળ કેવા કેવા બ્રહ્મભોજનો થતાં તેનું રસિક વર્ણન કરતા. ખેડૂતો ખેતરની વાતો કરતા, કોઈ જનાવરનો હલ્લો થયો હોય તો તેની માહિતી આપતા ને પાક વગેરે કેવો ઊતરશે તેનો અડસટ્ટો પણ જણાવતા. હજામની વાતમાં વિધવિધ રંગો જણાતા. કોઈ વાર દુનિયાદારીનું ડહાપણ તો કોઈવાર મૂર્ખાઓના છબરડા; કોઈ વાર ભક્તની ભક્તિલીલા તો કોઈવાર ઠગની ઠગબાજી. આ ચોરાએ મને ઘણી વાતો આપી છે ને તેમાંથી ઘણું જ્ઞાન મળેલું છે, એ મારે કબુલ કરવું જોઈએ.

### જુદા જુદા વાસ

બધા લોકો ઘણા ભાગે પોતપોતાના વાસમાં રહેતા. તેમાં હરિજનો બે જુદા જુદા ભાગમાં ગામને છેડે રહેતા હતા અને મુખ્યત્વે વણકરનું કામ કરતા હતા. આમ તો આ હરિજનવાસમાં જવાનો ખાસ પ્રસંગ આવતો નહિ, પણ જ્યારે ગાંધીજીની હરિજન બાબતની ચળવળ ચાલી ત્યારે આ હરિજનવાસમાં ગયેલો, તેમના ઘર જોયેલાં, તેમણે રોપેલા તુલસીના ક્યારા પણ જોયેલા અને તેમની સાથે સુખદુઃખની વાતો પણ કરેલી. અમારી પાટીના છેડે ચમારપા આવેલો હતો, તેમાં ચમાર લોકો રહેતા હતા અને મુખ્યત્વે ચામડાં કેળવવાનું કામ કરતા હતા. ગામમાં કોઈ ઢોર મરી જાય તેને તેઓ લઈ જતા અને પોતાનું કામ કરતા. ભંગી લોકો જેને સામાન્ય રીતે ઓળગાણા કહેવામાં આવતા, તેઓ સ્મશાન સાચવતા, ખાટલા ભરતા ને ઢોલ વગાડતા. હરિજનો ચમારને અડતા નહિ, ચમાર ભંગીને અડતા નહિ. જો ગામલોકો આમાંના કોઈને અડી જાય તો છાંટ લેવામાં આવતી, પણ આજે એ દિવસો લગભગ અદૃશ્ય થઈ ગયા છે.

### શક્તિમાતાની જગા

ગામની બહાર નીકળતાં સામે જ શક્તિમાતાની જગા આવેલી હતી. તેની અંદર પેસતાં બે નાની પરસાળો હતી કે જ્યાં સાધુસંતો ઉતરતા હતા. સામે માતાજીનું મંદિર હતું. અમે એને 'સકત મા' કહેતા. આ માતાજીની ચમત્કારિક શક્તિ વિષે ઘણું સાંભળેલું, પણ પ્રત્યક્ષ ચમત્કાર જોવાનો પ્રસંગ આવેલો નહિ. એનો પૂજારી એક બાવો હતો, તે મંત્ર-તંત્ર જાણતો હતો ને કાળી ચૌદસે સ્મશાનમાં જઈને સાધના પણ કરતો હતો. તે વખતે મેં કાળી ચૌદસ વિષે અનેક જાતની વાતો સાંભળેલી, એટલે મારા મનમાં કાળી ચૌદસ એટલે કાળરાત્રિ એવો જ ખ્યાલ પેદા થયો હતો.

## શંકરની દહેરી

શક્તિમાતાની જગાથી ડાબી બાજુ થોડું ચાલતાં તળાવમાં દાખલ થવાનો મુખ્ય રસ્તો આવતો. તેની જમણી બાજુએ પથ્થરની શિલાઓથી બાંધેલી શંકરની એક નાની દહેરી હતી. અમારે ફરવા જવાનું આ મુખ્ય સ્થાન હતું. ત્યાં બે ત્રણ લીમડા પણ હતા, એટલે હવા ખાવાની મજા આવતી. આ દહેરીના ઓટલે બેસીને મેં કૂવાઓમાંથી પાણી ભરી લાવતી પનીહારીઓને જોયેલી છે, જે આગળ જતાં મારાં ચિત્રો તથા કાવ્યોમાં ઉતરેલી છે.

અહીં મેં લીમડા પર ચડીને ક્ષિતિજમાં ઊભેલા ચોટીલાના ડુંગરને જોયેલો છે, તે સાવ ઝાંખો ઝાંખો શંકુ આકારનો લાગતો હતો. આ મારી જીંદગીમાં પહેલું જ પર્વતદર્શન હતું. પછીથી મેં અનેક પહાડો અને ગિરિમાળાઓ જોઇ છે, તે બધી યાદ રહી નથી, પણ આ દૃશ્ય બરાબર યાદ રહ્યું છે, એટલે બાળપણમાં જે વસ્તુ સારી રીતે જોયેલી હોય, તે સ્મૃતિપટમાંથી ખસતી નથી, એવો મારો અનુભવ છે.

અમારી પાડોશમાં એક બ્રાહ્મણ ડોશીમા રહેતા હતા. તે વાતો કહેવામાં ખૂબ કુશળ. ભાષા મીઠી સાકર જેવી. તેમણે ઘણી વખત શંકર-પાર્વતીની વાતો કહેલી અને તેમાં શંકર ભગવાનના ભોળપણની તથા ઉદારતાની ખૂબ પ્રશંસા કરેલી, તેથી મને પણ થયેલું કે હું ભોળાનાથની ઉપાસના કરીને તેમને પ્રસન્ન કરું, પણ મારું એ સદ્‌ભાગ્ય કયાં ? એક વાર પૂજારીને શંકર ભગવાન વિષે થોડા સવાલો પૂછયા, ત્યાં તો એ રુદ્રનો ભક્ત ખરેખર રુદ્ર બની ગયો અને મેં ચલતી પકડી ! ત્યાર પછી શંકર ભગવાનને પ્રસન્ન કરવાનો વિચાર ફરી સ્ફૂર્યો નથી.

## ખાંભીઓ વગેરે

શંકરની દહેરીથી થોડેજ છેટે કેટલીક ખાંભીઓ આવેલી હતી. તે વૃદ્ધોના કહેવા મુજબ ગામનું રક્ષણ કરતાં કામ આવી ગયેલા વીરપુરુષોની હતી. તેમને મેં અનેક વાર નમસ્કાર કરેલો છે.

ત્યાંથી થોડા નીચે ઉતરીએ એટલે જલદેવકીની એક નાની મૂર્તિ આવતી ને ત્યાંથી થોડેજ દૂર એક છાપરા નીચે હાથમાં ગદા લઈને બજરંગ બલિ ઊભેલા હતા. ત્યાં ખાસ કરીને શનિવારે લોકોની ભીડ મચતી. તે વખતે તેલ, સિંદુર અને આકડાનાં ફૂલના હારો ચડતા. કોઈ કોઈ શ્રીફળ પણ વધેરતા. તેની શેષો મેં ઘણી વાર ખાધેલી છે. એક વાર કોઈએ કહેલું કે હનુમાન-ચાલીસાનો પાઠ નિયમિત કર તો હનુમાનજી પ્રત્યક્ષ થશે અને તું માગીશ એ વરદાન આપશે, પણ હનુમાન-ચાલીસા શીખવે કોણ ? તેની ચોપડી પણ ગામમાં મળે નહિ અને ઘરે તો આવી વાત થાય જ નહિ, એટલે તેમને માત્ર નમસ્કાર કરીને જ સંતોષ માનેલો.

### સ્મશાનભૂમિ

તળાવની એક બાજુ સ્મશાનભૂમિ આવેલી હતી. ત્યાં અમે નાના છોકરાઓ ભાગ્યે જ જતા. ત્યાં રાત્રે ભૂતોની જમાત એકઠી થાય છે ને ડાકણો રાસડા લે છે, એવું સાંભળેલું, એટલે ત્યાં દિવસે જવાની હિંમત પણ થતી નહિ. મારો સ્મશાન વિષેનો આ ખ્યાલ સુધરતા ઠીક ઠીક વખત લાગેલો.

### એ યાદગાર લીમડા!

તળાવમાં દાખલ થવાના મુખ્ય રસ્તાની ડાબી બાજુએ પાળ પર ચાલીએ તો બે લીમડા આવતા. તેમાં એક લીમડો પીરનો કહેવાતો, કારણ કે તેના પર લીલી ધજા ફરકતી અને બીજો લીમડો ઢોલો કહેવાતો, કારણ કે તે ઊંચો ને સુંદર હતો. મહેમાનોને વિદાય આપવા માટે સામાન્ય રીતે ગામલોકો અહીં સુધી આવતા ને પુત્રીઓ સાસરે જતી ત્યારે માના ખભા પર માથું મૂકીને છેલ્લી વાર અહીં રોઈ લેતી. આ લીમડાએ આવી કેટલી પુત્રીઓને સાસરે જતી જોઈ હશે? એ બધાં દશ્યો આજે પણ મારા સ્મૃતિપટ પર તાજાં થાય છે અને માતાનો સ્નેહ, કુટુંબીજનોનો પ્રેમ, લોકોનો ભલો-ભોળો સ્વભાવ તથા પુત્રીઓની માતૃવત્સલતા મારા હૃદયમાં અવનવા ભાવો જન્માવી જાય છે.

### ટેકરી અને ચરમાળિયા બાપજી

ત્યાંથી આગળ વધીએ તો તળાવની પાળ વધારે ઊંચી થતી કે જેને અમે ટેકરી કહેતા હતા. કોઇની સામે જવું હોય કે સ્ટેશનથી આવી રહેલા માણસોનું નિરીક્ષણ કરવું હોય તો ત્યાં ઊભા રહીને થઈ શકતું. આ ટેકરીથી થોડેજ નીચે તળાવ તરફના ભાગમાં થોર અને કેરડાના ઝુંડની નીચે ચરમાળિયા બાપજીનું સ્થાન હતું કે જ્યાં પત્થરના નાનાં મોટાં બે ત્રણ ફળાં (ફલક) મૂકેલાં હતાં અને તેમાં સર્પની આકૃતિઓ કોરેલી હતી. કોઈને ઓરી-અછબડા નીકળે કે શીતળાનો ઉપદ્રવ થાય તો આ સ્થાનની માનતા થતી અને દર્દી સારો થઇ જતાં અહીં લાવી તેને પગે લગાડવામાં આવતો. પછી બાજરીના લોટની કુલેર અને ટોપરાની શેષ વહેંચવામાં આવતી. ગામડાનાં પ્રમાણમાં આ વસ્તુઓ સામાન્ય ન ગણાય, એટલે કોઇ પણ આવી માનતા ચડાવવા જવાનું છે, એવી ખબર પડતાં બીજા છોકરાઓ સાથે હું પણ તૈયાર થઈ જતો અને ત્યાં પહોંચીને કુલેર તથા ટોપરાની શેષ ખાવાનો આનંદ માણતો.

### નાનું તળાવ

અમારું તળાવ બહુ મોટું પણ ન ગણાય અને બહુ નાનું પણ ન ગણાય. ગામના પ્રમાણમાં ઠીક ગણાય. પણ તે પ્રમાણમાં છીછરું હતું, માત્ર તેનો એક તરફનો ભાગ જ ઊંડો હતો, એટલે પાણી તે તરફ ભરાઈ રહેતું. આ તળાવનું પાણી મોટા

ભાગે કપડાં ધોવામાં તથા ઢોરને પીવડાવવાના કામમાં આવતું, પણ પીવાના કામમાં નહિ. ચોમાસામાં જ્યારે તળાવમાં ઘણું પાણી ભરાઈ ગયું હોય, અને તેની અંદર બાંધેલા કૂવા સુધી જવું મુશ્કેલ પડતું, ત્યારે તળાવનું પાણી પીવાના કામમાં લેવાતું પણ તે થોડા જ દિવસ. બાકીના બધા સમયમાં કૂવાનો જ આશ્રય લેવો પડતો.

**સેંજળી**

અમારા ગામને પીવાનું પાણી પૂરું પાડવાનું માન તળાવની અંદર થોડે દૂર પત્થરની બાંધેલી ચોકડી કે સેંજળીને ફાળે જાય છે. આ કૂવો ઉપરથી ચોરસ આકારે બાંધેલો હતો, એટલે તેને ચોકડી તરીકે ઓળખવામાં આવતો, પણ બૈરાં વગેરે તો એને મોટા ભાગે સેંજળી કહીને જ સંબોધતા. એ સુંદર જળવાળી કે જળસહિત હતી માટે જ ને?

ઊનાળાના સમયમાં જ્યારે પાણીની બૂમ પડતી ત્યારે સેંજળીનું તળિયું દેખાતું અને તેની વચ્ચે આવેલી કૂઇમાં જ પાણીનો સંગ્રહ રહેતો. આવા વખતે ત્યાં વહેલી સવારથી ગાગર, મોરિયો કે ઘડો લઈ છોકરા, છોકરીઓ અને બૈરાં હાજર થઇ જતાં ને હારમાં બેસતાં. પછી વારા પ્રમાણે પાણી ભરતાં. એ પાણી ભરવા માટે થોડા માણસો અંદર ઉતરતા ને તેઓ કૂઇમાંથી પાણી ભરી આપે, ત્યાર પછી જ તેને સીંચીને બહાર કાઢવામાં આવતું. મેં પણ આ રીતે ત્યાં કેટલીક વાર હારમાં સ્થાન લીધું હતું ને માતાને પાણી ભરવામાં મદદ કરી હતી.

ચોમાસામાં સેંજળી પાણીથી પૂરેપૂરી ભરાઇ જતી, ત્યારે એમાં તરી રહેલી કાળી કાળી માછલીઓ, કાચબા, દેડકા વગેરે જોવાની મજા આવતી. એ દૃશ્ય આજે પણ મારા સ્મૃતિપટ પર બરાબર અંકિત છે.

**બંધાર કૂવો :**

સેંજળીથી થોડે દૂર પત્થરનો બાંધેલો બીજો કૂવો હતો. તેનું પાણી કંઈક ભાંભળું હતું, એટલે તે પીવાનાં કામમાં આવતું નહિ. ત્યાં પાવઠું બાંધેલું હતું અને પત્થરનો પીઆવો પણ હતો, એટલે રોજ ત્યાં કોસ ચાલતો અને ગામના ઢોરો પાણી પીવા આવતાં. ગામના ઘણા લોકો આ કૂવે નાવા આવતા ને સાથે થોડા કપડાં પણ લેતા આવતાં, કારણ કે એના પાણીથી કપડાં સફેદ બાસ્તા જેવા થતાં હતાં. આ બંધાર કૂવો મને વારંવાર યાદ આવે છે, કારણ કે તેણે જ મને તરતાં શીખવ્યું હતું. જો કે શરૂઆતમાં મેં બે વખત તેમાં ગળકાં ખાધેલાં, પણ સાથીઓની મદદથી બહાર નીકળી શકેલો. પછીથી તો એ કૂવામાં હોંશે હોંશે કોસિયા તથા પલાંઠિયા ધૂબકા અનેક વાર મારેલા છે.

### ભાડિયો કૂવો

સેંજળીની પાછળના ભાગમાં થોડે દૂર જ્યાં તળાવનું પાણી ભરાઈ રહેતું, તેના સૂકાઈ ગયેલા ભાગમાં ઉનાળાના દિવસોમાં એક કૂવો ખોદવામાં આવતો હતો. તેમાં થોડી ઊંડાઈએ જ પાણી નીકળતું હતું, તેને અમે ભાડિયો કૂવો કહેતા હતા. ચોમાસું આવતા એ ભાડિયો કૂવો પાણીમાં ડૂબી જતો. એક વખત હું તળાવમાં નહાવા પડેલો ત્યારે આ ભાડિયા સુધી પહોંચી ગયેલો ને તેમાં ડૂબી ગયેલો. તે વખતે મને બરાબર તરતાં આવડતું ન હતું, પરંતુ સારા નશીબે સાથીઓ મદદે આવ્યા ને હું સહીસલામત બહાર નીકળી શક્યો. ત્યાર પછી તરતાં શીખવાનો નિર્ણય કરેલો અને ઉપર જેનો ઉલ્લેખ કરી ગયો છું, તે બંધાર કૂવામાં તરતા શીખેલો.

### પાદર

શકિત માતાની જગાથી જમણી બાજુ ગામનું પાદર આવેલું હતું. તેમાં ઝોક ભરાતી એટલે ગામનાં ગાય, ભેંસ, બળદ વગેરે ત્યાં એકઠાં થતાં અને ત્યાંથી ચરવા જતાં. ચરીને પણ પાછા ત્યાં જ આવતાં. ઢોરનું છાણ એકઠું કરવા ત્યાં ઘણી સ્ત્રીઓ આવતી. મારા માતુશ્રી વૈધવ્ય પ્રાપ્ત થયા પછી ખૂણો પાળતા, ત્યારે હું પણ આ ઝોકમાં આવી બે-ત્રણ વાર છાણ ભેગું કરી ગયો હતો.

### ખળાવાડ

આ ઝોકની પાછળ ગામની ખળાવાડ હતી. તેમાં કાર્તિક માસે નવું ધાન્ય આવતું, ત્યારે ખૂબ કામ ચાલતું. ખેડૂતો ત્યાં હાલરૂ કરતા, અનાજ ઉપણતા, તેના ઢગલા કરતા વગેરે વગેરે. ફાગણ-ચૈત્રમાં કપાસની મોસમ આવતી, ત્યારે ત્યાં કાલાના ઢગલા થતા. આ એક કિંમતી પાક હતો, એટલે લોકો તેની ખૂબ સાચવણ કરતા હતા. આ બંને વખતે ત્યાં માગવા આવનારાઓની જે સંખ્યા આવતી, તે જોઈને મારા આશ્ચર્યનો પાર રહેતો નહિ ! પગી, પસાયતા, બ્રાહ્મણ, નિશાળના શિક્ષક, મુખી, ઠાકોરજીનો બાવો, સકત માનો બાવો, શંકરનો પૂજારી, મહાદેવિયો ભોળવીઓ, ભાટ વગેરે વગેરે ! આ બધાને પોતાના ખેડૂ-ભાગમાંથી જ આપવાનું. દરબારો એટલે ભાયાતોને તો એના ભાગે આવતો અર્ધો કે ત્રીજો ભાગ સુવાંગ આપી દેવાનો. મને એમ થતું કે આ ખેડૂતે આટલી બધી મહેનતે પકવેલું ધાન્ય કે પકવેલાં કાલાં આ બધા માણસોને થોડાં થોડાં આપી દેશે તો એના ભાગમાં શું રહેશે ? અને ખરેખર બનતું પણ એમ જ. તેમના ભાગમાં બહુ થોડું રહેતું, એટલે તેમને કાયમ દેવું કરવું પડતું અને કંગાલ હાલત ભોગવવી પડતી. આજે એ પરિસ્થિતિમાં પલટો આવ્યો છે. ખેડે તેની જમીન થઈ છે અને લાગા પણ નહિવત્ થઈ ગયા છે, તેથી ખેડૂતોની સ્થિતિ સુધરી છે અને દરેકની પાસે ગજા પ્રમાણે સોનું થયું છે.

**પીરની જગા**

આ ખળાવાડની નજીકમાં જ પીરની જગા હતી. ત્યાં એક નાનો સરખો પત્થરનો ઓટલો હતો, તેના પર દરગાહ જેવું કંઈક બાંધેલું હતું, એને જ લોકો પીરની જગા કહેતા. અમારા ગામમાં મુસલમાનની ખાસ વસ્તી ન હતી. માત્ર બે જ ઘર હતાં અને તે ઘાંચીનું કામ કરતાં હતાં. પણ કેટલાક હિંદુઓ જ પીરને માનતા હતા અને પોતાની માન્યતા ફળે તો મોટા ભાગે તેને મળીદો ચડાવતા હતા. અહીં હું ભાગ્યે જ આવતો. એ સ્થાને મારું જરાયે આકર્ષણ કરેલું નહિ.

**ભવાન સુતારની મેલડી**

ગામથી થોડે દૂર એટલે પાંચ-છ ખેતરવા એક ખેતરની અંદર આંબલીનાં ઝાડ નીચે મેલડી માનું સ્થાનક હતું, તેને ભવાન સુતારની મેલડી કહેતા. મારી યાદદાસ્તી પ્રમાણે ભવાન સુતાર એનો ખાસ ભૂવો હતો, એટલે જ એવું નામ પડેલું. આ માતાજીનું કામ બહુ જોરાવર. કદી કોઈને વળગ્યા તો આવી જ બન્યું! પછી એ સગડ છોડે નહિ. મને યાદ છે કે અમારાં ગામમાં કોઈને આકરામાં આકરા સમ ખવડાવવા હોય તો આ પ્રમાણે ખવડાવવામાં આવતા હતા કે 'હું જો ખોટું બોલતો હોઉં તો મને ભવાન સુતારની મેલડી પૂછે!' એ માણસ આ પ્રકારના સમ ખાઈ લે તો લોકોને તેના પર વિશ્વાસ આવી જતો કે એ ખોટો નહિ જ હોય. આ માતાની ઘણીવાર માનતાઓ થતી. તેમાં સામાન્ય માનતા હોય તો શ્રીફળ વધેરવામાં આવતું ને મોટી માનતા હોય તો તાવો કરવામાં આવતો. એક તેલની કડાઇ ચડાવી તેમાં સુંવાળીઓ તળવી એને તાવો કર્યો કહેવાય. પણ તેમાં એક વિશેષતા એ હતી કે એ બધી સુંવાળીઓ ઝારા વડે ન કાઢતાં ભુવો પોતાના હાથે જ કાઢતો હતો. ઉકળતા તેલની કઢાઇમાંથી એ શી રીતે કાઢતો હશે? એ ઘણો વિચાર કરવા છતાં હું સમજી શકતો ન હતો. પાછળથી ખબર પડી કે સુંવાળીની કોર ચપટીથી બરાબર પકડતાં આવડે તો એમ બની શકે. એ રીતે દઝાય નહિ.

બાલ્યાવસ્થામાં મારી આસપાસ કેવા પ્રકારનું વાતાવરણ હતું, તે આ પરથી સમજી શકાશે.

[ ૨ ]

## મારો કુદરતપ્રેમ

આગળ જતાં મને કાવ્યો રચવાની પ્રેરણા થઈ, ચિત્રકામ પસંદ પડયું અને પ્રવાસ કરવાનો શોખ જાગ્યો, એ બધાના મૂળમાં મારો કુદરતપ્રેમ કારણભૂત હતો. તેની શરૂઆત મારી બાલ્યાવસ્થામાં કેવી રીતે થઇ? તે હું તમને જણાવવા ઈચ્છું છું.

મારા ઘરમાં ઠીક ઠીક મોટું ફળિયું હતું. આ ફળિયાના ખુલ્લા ભાગમાં ચોમાસાના દિવસો દરમિયાન થોડાં શાકભાજી વવાતાં, જેને અમે બકાલું કહેતા. તેમાં ભીંડા, ગવાર, તુરિયા તથા કહોળું મુખ્ય હતાં. બીજ વવાયા પછી એ બકાલું ઉગવા માંડતું અને તેને કુણાં કુણાં પાન આવતાં ત્યારે મારા આશ્ચર્યનો પાર રહેતો નહિ. એક નાનકડા બીજમાંથી આ બધું તૈયાર કરનારું કોણ હશે? એ પ્રશ્ન મારા બાલ-માનસમાં વારંવાર ઉઠતો. એનો જવાબ એમ મળતો કે રાત્રે ભગવાન છાનામાના આવીને આ બધું બનાવી જાય છે! એ વખતે અમારે માટે ભગવાન શબ્દ એવો ભારે હતો કે તેની સામે કંઇ પણ બોલવાની, વિચારવાની કે પ્રશ્ન કરવાની હિંમત થતી નહિ. પરંતુ આ છોડ-વેલાને પાંગરતા તથા ફૂલવાળા થતાં જોઇને મને ખૂબ આનંદ આવતો. ખાસ કરીને ફૂલની સામે તો હું ટગર ટગર જોયા જ કરતો. એમાંથી કોઈ ફૂલ ખરી જતું તો મને ભારે દુઃખ થતું. એ ભાવ આગળ જતાં નીચેની પંક્તિઓમાં વ્યક્ત થયો છે :

( શિખરિણી )

હજી તો ખીલ્યા ને કુસુમ ઘડીઓ બે થઈ હશે!
હજી તો રેલ્યાને સુરભિ ઘડિયો બે ગઈ હશે!
અરે હાવાં હૈયાં જગ સકલનાં એહ હરતું!
ગયું ક્યાં એ પ્યારું મધુર ફૂલડું હાસ્ય કરતું!

ભીંડાની કૂણી શિંગો, ગવારની લાંબી ફળિયો તથા તુરિયાંને તેના વેલા પર લટકતાં જોવા એ પણ જીવનનો એક આનંદ છે! પણ આજે તો આપણું આનંદનું ધોરણ એટલું વિકૃત થઇ ગયું છે કે આપણે આવી શાંત ને નૈસર્ગિક વસ્તુનો આનંદ માણી શકતા નથી! આપણને તો પંપં-ટીંટીં કે છ-ન-ન-ન-છમ હોય ત્યાં જ આનંદ આવે છે!!

કહોળાના દિન-પ્રતિદિન વધતા જતા કદે મારી કુતૂહલવૃત્તિને સારી રીતે ઉશ્કેરેલી. શું તે હજી મોટું થયા જ કરશે? કેવડું મોટું થશે? એ આવડું મોટું શી રીતે થતું હશે? વગેરે વગેરે. પરંતુ આખરે તેને ઉતારી લેવામાં આવતું, એટલે મારી કુતૂહલ વૃત્તિ શાંત થતી. આ ફળમાં એક મોટી ખૂબી એ છે કે તેને કાપીને ઘઉંના આટાની બાંધેલી કણક પાસે મૂક્યું હોય તો કણક અવશ્ય ઓસરી જાય, અર્થાત્ ઢીલી પડી જાય.

આ બકાલાં કે શાકભાજીને લીધે કોઈ કોઈ વાર અમારાં ફળિયામાં ઘો આવતી. એ નાની પાટલાઘો હતી. બીજી ચંદનઘો થાય છે, તેને એક વાર કૂવાના પત્થર પર ચોંટેલી જોઈ હતી. વાતોમાં સાંભળેલું કે ચંદનઘોના પૂંછડે રેશમની દોરી બંધાય છે, પછી તેનો ઘા કરવામાં આવે કે કોટ-કિલ્લાનાં મથાળે બરાબર ચોંટી જાય

છે અને તેના આધારે ચોરો તે કોટ-કિલ્લો ઓળંગીને અંદર રહેલાં મકાન કે મહેલોમાં ઘૂસી ચોરી કરવામાં સફળ થાય છે, એટલે તેની શક્તિ માટે માન ઉપજે એ સ્વાભાવિક છે. આ વાતમાં કેટલું તથ્ય હશે ? તે હું કહી શકતો નથી, પણ આપણા લોકોએ પશુ–પક્ષીની જોડે સારો સહવાસ કેળવી તેમની વિવિધ શક્તિની પિછાણ કરેલી, એટલે આવું કંઈ પણ હોય તો નવાઈ નહિ.

અમારા ઘરમાં કોઈક વાર સાપ પણ નીકળતો. તેને અમે બાપજી કે ઘોઘા બાપજી કહેતા. તે આવ્યાની ખબર પડતી, એટલે ઘીનો દીવો કરી તેમને પગે લાગતા ને 'બાપજી ! આ તમારી આડીવાડી છે, અર્થાત્ તમને અહીં હરવા–ફરવાનો હક છે, પણ છોકરાં તમારાથી બીએ છે, માટે હવે મહેર કરો અર્થાત્ ચાલ્યા જાઓ ?' એવી વિનંતિ પછી બાપજી અદૃશ્ય થતાં તે અમારા પર મહેર કરીને કે બીજા કોઈ કારણે તેની ખબર નથી, પણ તેમણે અમને કોઈ દિવસ નુકસાન પહોંચાડેલું નહિ, એ નક્કી છે. ×

ફળિયામાં કોઇ વખત કાનખજૂરા પણ નીકળતા. તેમાં મોટો કાનખજૂરો લગભગ પાંચ ઇંચ લાંબો જોવામાં આવતો. એક વાર હું રીસાઈને ફળિયામાં રહેલા ખાટલાની પાછળ ભરાયેલો, ત્યારે આવો મોટો કાનખજૂરો જમણા પગના સાથળ પર કરડેલો ! અને હું રાડારાડ કરતો બહાર આવેલો. પછી શું ઉપચાર કર્યા તે ખબર નથી, પણ તેનું લીલું ચકામું લગભગ બેથી ત્રણ ઇંચ જેટલું મોટું થયેલું !

કાનખજૂરા હોય ને વીંછી ન હોય એવું કેમ બને ? મારા પિતાશ્રી વીંછીના બે–ત્રણ બચ્ચાંઓને હાથ પર ચડાવી શકતા. તેઓ કહેતા કે તેમણે એક મંત્ર સિદ્ધ કરેલો છે. એ વખતે મારી ઊમર નાની, એટલે તે સંબંધી કંઇ વિશેષ પૂછપરછ કરી શકેલો નહિ. આગળ જતાં અમદાવાદમાં બે વાર વીંછી કરડેલો છે, પણ મારા ઘરમાં તેવો વખત આવેલો નહિ. અથાણાં માટે કેરાં પલાળ્યાં હોય ને તેનું પાણી ફળિયામાં ફેંક્યું હોય, તે જગાએ જો તરત છાણા થપાય તો વીંછીનો જમેલો જામી પડે. આગળ જતાં દેડકાં, માછલાં, વીંછી વગેરેને રાસાયણિક પ્રયોગોથી બનાવવાની વિધિ જોયેલી. તેમાં વીંછી માટે કેરાનું પાણી તથા છાણા બંનેનો ઉલ્લેખ હતો, એટલે જે કંઇ બનતું તે કુદરતી નિયમોને લીધે બનતું એ ચોક્કસ !

**ઝાડપાન**

મારાં ગામમાં લીંબડાના ઝાડ સહુથી વધારે હતાં. તેની છાયા શીતળ અને આરોગ્યદાયક એટલે જ એને વધારે પસંદગી મળી હશે. ચૈત્ર મહિનામાં જ્યારે લીમડે કોર આવતો, ત્યારે એનો દેખાવ બહુ મનોહર લાગતો. પછી લીંબોળીઓ પાકતી ત્યારે પણ એ સુંદર જ દેખાતો. મેં એની લીંબોળીઓ વીણી વીણીને ખાધેલી છે.

× તેમને જે સર્પદંશ થયેલો તે ગામમાં આવેલા કોઠાના પત્થરો પાસે થયેલો, ઘરમાં નહિ. સં.

લીમડાની જરૂર આમ તો ઘણી પડે, પણ મારા જેવી નાની ઉમરના છોકરાઓને નિશાળમાં ગુંદરની જરૂર પડતી, ત્યારે તેને ખાસ યાદ કરતા. ચપ્પા વડે તેનાં થડમાંથી થોડો ભાગ કાપી નાખતા કે બે ત્રણ દિવસમાં જ તેમાંથી તાજો ગુંદર મળી આવતો. બાવળે પણ ગુંદર થતો, પરંતુ અમે મોટા ભાગે આ ગુંદરનો જ ઉપયોગ કરતા.

ગામમાં થોડીક આંબલીઓ હતી, તેના પર ચડીને ઘણીવાર કાતરા પાડેલા છે. બે ત્રણ બોરડીઓ પણ હતી, તેનાં ખાટાં-મીઠાં બોર ખાધેલાં છે. એક બે ગુંદીઓ પણ હતી, તેનાં લાલ નાનાં ગુંદાઓએ મારી રસવૃત્તિ તૃપ્ત કરેલી છે. મારાં ગામમાં પીંપળો રડયોખડયો હતો, વડનું ઝાડ એક પણ ન હતું.

ઘણા ઘરમાં તુલસી વવાતા, કેટલાક ઉપયોગી છોડ તથા વેલા પણ ઉગાડવામાં આવતાં, જેમાં અરડુસી અને સમુદ્રશોષ મને બરાબર યાદ આવે છે. અરડુસીનાં પાન ઉધરસ-દમવાળાને કામ આવતાં ને સમુદ્રશોષનું મોટું પાદડું ગૂમડું પકવવામાં તથા રૂઝાવવામાં ઉપયોગી થતું. ગામ બહાર બાવળ, બોરડી, ખીજડા, લીમડા જોવામાં આવતા તથા આવળ, કેરડા અને ઝીપટા (જવાસા)ની છત જણાતી. વાડો મોટા ભાગે હાથલા કે ડાંડલિયા થોરની થતી.

## પક્ષીઓ

અમારાં ગામમાં મોર, કબૂતર, કાગડા, હોલા, ચકલા, કાબર તથા પોપટ વિશેષ જોવામાં આવતા. તેમાં મોરની પીંછીઓ તથા તેની સુંદર ડોક જોઈને મને એમ થતું કે આ બધું આવી સરસ રીતે કોણે ચિતર્યું હશે? મોરની કળા મને બહુ ગમતી. ઢેલોને પણ મેં નાચતા જોઈ છે. મોરનો ટહૂકો થતો અને મારા દિલમાં કંઈ કંઈ થઈ આવતું. કેવો સુંદર હતો એ ટહૂકો? જ્યારે વરસાદના દિવસો નજીક આવતા, ત્યારે મોર વધારે ટહૂકવા માંડતા. એ સાંભળી લોકો કહેતા કે એ મેહને બોલાવે છે. ત્યાર પછી મેહ જરૂર આવતો, પણ તે એમના બોલાવવાથી આવતો કે એમ ને એમ આવતો એની મારા જેવા નાના છોકરાને શી રીતે ખબર પડે? હું મોટો થયો અને ચિત્રકામ શીખ્યો તથા ખાસ કરીને પ્રાકૃતિક દશ્યો (Land-scapes) ચિતરવા લાગ્યો, ત્યારે આ મોરોએ ઘણી સુંદર સામગ્રી પૂરી પાડેલી. પણ મોરની એક વાત મને ખટકેલી. તે સાપને જોતાં કે મારી નાખતા. મને થતું કે આ સુંદર પક્ષીઓ આવું દુષ્ટ કામ શા માટે કરતા હશે? કોઈ પણ પ્રાણીને મારવું એ મહાપાપ છે, એ શિક્ષણ માતુશ્રીએ મને નાનપણથી જ આપેલું અને ગામમાં આવતાં જૈન સાધુ મહારાજોએ તેની વારંવાર પુષ્ટિ કરેલી, એટલે મારા મનમાં આવો ભાવ ઉઠતો. પરંતુ આવું તો કોઈક વખત જ બનતું, એટલે મોર વિષેનો મારો સદ્ભાવ ઝાઝો ઘટેલો નહિ.

કબૂતરને અમે ભગત તરીકે ઓળખતા, કારણ કે તે કોઈ જીવડાંને મારતા ન હતા, પણ અમારી માફક માત્ર જુવાર વગેરેના દાણા પરજ નભતા હતા. મહાજન તેમને હંમેશાં જુવાર નાખતું, તે પણ મુખ્યત્વે આ કારણે જ. જ્યારે દાણા નંખાતા ત્યારે તેઓ મોટી સંખ્યામાં ઉતરી પડતા અને કોઈક વાર લડી પણ પડતા. પરંતુ એ તો ભાઈભાંડુઓ જેવી લડાઈ હતી, ભારત–પાકિસ્તાન કે ચીન-જાપાન જેવી નહિ.

કાગડાને તો ભૂલાય જ કેમ? જ્યારે તે છાપરે આવતો કે વળી–વાંસ પર બેસીને કા–કા કરતો, ત્યારે સ્ત્રીઓ કે કન્યાઓ બોલતી કે 'કાગડા તારી સોનાની ચાંચ, કાગડા તારી રૂપાની ચાંચ, જો સારો સંદેશ લાવ્યો હોય તો ઉડી જજે!' એ સાંભળી મને થતું કે કાગડાની ચાંચ તો હાડકાની બનેલી છે અને રંગે પણ ગાડાની મળી જેવી કાળી છે, છતાં તેની ચાંચને સોનાની તથા રૂપાની કહેવામાં કેમ આવતી હશે? પરંતુ પછીથી સમજ પડી કે કાગડો તો સમાચાર લાવનારો સંદેશવાહક છે, એટલે તેનું આવા શબ્દોથી સન્માન કરવું જોઈએ.

કાગડો સાચા સમાચાર લાવી શકે છે, એ વિષે ગામના માણસોએ કેટલીક વાતો કહેલી અને કાગરાશિ નામના બ્રાહ્મણો કાગડાની ભાષા સમજવામાં ચતુર હોય છે, એમ પણ જણાવેલું, પરંતુ મને કોઈ કાગરાશિ બ્રાહ્મણનો આજ સુધી ભેટો થયો નથી. તે સંબંધી જે કંઈ મળેલું છે, તે નીચેના શ્લોકો :

> काकस्य वचनं श्रुत्वा, गृहित्वा तृणमुत्तमम् ।
> त्रयोदशसमायुक्तैर्मुनिभिर्भागमाहरेत् ॥
> लाभं[1] नष्टं[2] महासौख्यं[3] भोजनं[4] प्रियदर्शनम्[5] ।
> कलहो[6] मरणं[7] श्चैव काको वदत्ति नान्यथा ॥

'કાગડાનું વચન સાંભળ્યા પછી જે સળી પહેલી મળી આવે તે લેવી. તેને આંગળથી માપવી. એ આંગળની સંખ્યામાં તેર ઉમેરવા ને જે સંખ્યા આવે તેને સાતથી ભાગવી. તેમાં એક શેષ વધે તો લાભ સમજવો, બે શેષ વધે તો હાનિ સમજવી, ત્રણ શેષ વધે તો મહાસુખ સમજવું, ચાર શેષ વધે તો સારું ભોજન મળશે એમ સમજવું, પાંચ શેષ વધે તો પ્રિય મિત્ર કે પ્રિયજનનું દર્શન થશે એમ સમજવું, છ શેષ વધે તો કલહ થશે એમ સમજવું અને શૂન્ય વધે તો નિશ્ચય મરણ જાણવું. કાગડો બોલે તેમાં ફેર હોય નહિ!'

કાગડામાં બીજાં દૂષણો ગમે તે હશે, પણ તેની ચતુરાઈ તો પ્રશંસનીય જ છે. તેથી જ વિદ્યાર્થીઓનાં પાંચ લક્ષણમાં કાક જેવી ચેષ્ટા રાખવાની ભલામણ કરેલી છે.

હોલાં કબૂતરથી નાનાં અને ચકલાંથી મોટાં હોય છે. તેમનો રંગ આછો

જાંબુડી કે ગુલાબી હોય છે. તે બેઠાં હોય ત્યાં ઘૂ ઘૂ કર્યા જ કરે. પણ દિવસે મોભારા પર બેસીને આ રીતે બોલે તો ભારે અપશુકન કહેવાય, એટલે એવા વખતે તેને કાંકરો ફેંકીને કે બીજી રીતે ઉડાડી મૂકતા. એની બીજી ખાસિયતો જાણવામાં આવેલી નહિ.

**ચકલાં** ઘણી જાતનાં જોવામાં આવતાં. તે ચકચક કર્યાં જ કરે, એટલે તેમનું નામ ચકલાં પાડયું હશે. લોકો કહેતાં કે ચકલીઓ ઘરમાં આવે, એટલે ધન વધે, પણ ઘણી ચકલીઓ આવવાં છતાં અમારા ઘરમાં ધન વધ્યું ન હતું, તે હું બરાબર જાણું છું.

**કાબરો** રંગે કાળી, પીળી અને બોલવામાં ઘણી શૂરી, તેથી કોઈક વાર કંટાળો પણ આપે. આ કારણે જ બહુ બોલી ને માથું પકાવનારી છોકરીઓને કાબર કહેવામાં આવતી. તેની આંખોની આસપાસ જે પીળા રંગની પટ્ટી હોય છે, તેણે મારું ખાસ ધ્યાન ખેંચેલું. આજે વિજ્ઞાપન–કળામાં કાળા અને પીળા રંગનો ખૂબીપૂર્વક ઉપયોગ કરવામાં આવે છે, પણ અહીં તો કુદરતે જ તે કામ કરી લીધું હતું. કયા વિજ્ઞાપન માટે ?


**પોપટ** મને બહુ ગમતા. એક તો રંગ મજાનો, કાંઠલો સુંદર અને ચાંચ વાંકડી. વળી તેને કેળવ્યા હોય તો રામ રામ વગેરે બોલે. તેની ચતુરાઈ અને વફાદારી વિષે ઘણી વાતો સાંભળેલી, એ પણ તેના પ્રત્યે પ્રેમ ઉપજવાનું એક કારણ. કોઈક વાર વાઘરી વગેરે પોપટનાં બચ્ચાંને વેચવા પણ લાવતાં. તે જોઈને એક વાર મને પોપટનું બચ્ચું ખરીદીને પાળવાનું મન થઈ ગયેલું અને તે માટે પોપટ વેચનારને ઘરે પણ લઈ આવેલો. પરંતુ માતુશ્રીએ કહ્યું કે 'આપણાથી પક્ષીને પળાય નહિ. તે કદી ભૂખ્યા-તરસ્યા રહે કે બિલાડી વગેરે મારી નાખે તો આપણને પાપ લાગે.' તે વખતે મેં કહેલું કે 'આ પોપટને ભૂખ્યો–તરસ્યો જરાયે નહિ રાખીએ. વળી તેને બિલાડી ન મારી નાખે તેની ચોકી હું કરીશ.' ત્યારે માતુશ્રીએ કહ્યું કે 'એને માટે એક સારું પાંજરૂં ઘડાવવું પડે, રોજ મરચાં, જમરૂખ વગેરે ખવડાવવાં પડે, તેનો કેટલો બધો ખર્ચ આવે ?' ખર્ચની વાત આવી એટલે હું ચૂપ થઈ ગયો, પણ તે દિવસે એકલો બેસીને ખૂબ રડયો હતો.

**સમળીને** આકાશમાંથી અતિ ઝડપપૂર્વક નીચે ઉતરી આવતી જોયેલી. એકાદ વખત પડકું એટલે નાના સર્પને પકડતાં પણ જોયેલી. રાતે ચીબરી બોલતી તે ઘણી વખત સાંભળતો, પણ કેવી હોય તે નજરે જોયેલી નહિ. ગામબહાર તેતર, લેલા, કાળો કોશી, નીલકંઠ વગેરે પણ જોયેલા. તળાવમાં ટીંટોડા, બગલાં, બતકો તથા સારસ પણ જોયેલાં.

ગમે તે કારણે પક્ષીઓ મને બહુ ગમતા. તેથી જ તેમણે મારી કવિતાઓ અને લખાણમાં અનેક જગાએ દેખાવ દીધો છે. સને ૧૯૩૧માં મેં '**અજન્તાનો યાત્રી**' નામનું ખંડકાવ્ય લખ્યું, તેમાં પ્રારંભની પંક્તિઓમાં જ તેમને યાદ કર્યા છે :



'સરસ્વતી-વરદ-પુત્ર' અને 'મંત્રમનીષી' પદવી પ્રાપ્ત થયા પછી. તા. ૧૯-૧૦-૬૯



પ્રયોગો અને પ્રવચન-સમયની લાક્ષણિક મુદ્રા.

અનિલદલ બજાવે કુંજમાં પેસી બંસી;
તરુવર વર શાખા નૃત્યની ધૂન ચાલે;
વિહગગણ મધુરા સૂરથી ગીત ગાય,
ખળ ખળ ખળ નાદે નિર્ઝરો તાલ આપે.

'પૂર્વ અને અધુના' નામનું મારું નિમ્ન મૌક્તિક (છૂટું કાવ્ય) નિહાળો. તેમાં પણ વિહગગણ હાજર છે :

(શિખરિણી)

અહા અદ્રિ શ્રૃંગો વન ગહન ને ઝાડી ઝરણાં,
અહો પુષ્પો ભૃંગો સલિલગણ નિર્દોષ હરણાં;
અહા ગીતો મીઠાં વિહગગણ કૈં ગીત નવલાં;
જણાતી સર્વે એ પ્રથમ રસ દિવ્યે રસી કલા.
હવે એ દૃશ્યોમાં નહિ નહિ નહિ એ પૂર્વ કાન્તિ,
હવે એ દૃશ્યોમાં નહિ નહિ નહિ એ પૂર્વ શાન્તિ;
હવે એ દૃશ્યો ના ભ્રમણ કરતાં યે અનુભવું,
ગયા હા! હા! મીઠાં સકળ સુખડાં શું અહીં લવું?

વનના રમણીય પ્રદેશમાં પણ મેં પંખેરુને તેમનું સ્થાન બરાબર આપ્યું છે.

હરિયાળી ભૂમિ સુંદર સોહામણી, વહી રહ્યાં નિર્મળ ઝરણાં સ્વચ્છન્દ જો!
વાતો શીતલ ધીરો ધીરો વાયરો, ચરી રહ્યાં નિર્દોષ હરણનાં વૃન્દ જો!
**પંખેરુનાં વિધવિધ મધુરાં ગાનથી**, થઈ રહ્યો છે સઘળે બસ આનન્દ જો!

પ્યારાં ફૂલ પણ તેમાં હાજર છે.

હસતાં સઘળે રંગબેરંગી ફૂલડાં, કરી ગુંજારવ લઈ રહ્યા રસ ભૃંગ જો!
લચી રહ્યાં ફળ પકવથી તરુ સોહામણાં, પંખેરું સહુ આનન્દે ખાય જો!
જોતાં નજરે રમણીય વન પ્રદેશ આ, ધીરજ અંતર આનંદે ઉભરાય જો!

**ગ્રામ્ય પશુઓ :**

મારા ગામનાં પશુઓ પણ મારી નજર આગળ તરે છે. સવારમાં સાંતીડાં બહાર નીકળતાં, ત્યારે ગળામાં ટોકરી બાંધેલા બળદો જે છટાથી ચાલતા તે હું જોઈ રહેતો. ઘણી વખત તેમની પાસે જઈ ગમાણમાંની કડબ પણ નીરી હશે. તેમને હાથથી પંપાળવા જેટલી તો હિંમત ન હતી, પણ ખેડૂતોને જ્યારે તેમના પર હુંફાળો હાથ ફેરવતાં જોતો ત્યારે દૂર ઊભો ઊભો આનંદ પામતો. ઘણી વાર ખેડૂતો પોતાના બળદની સાથે વાતો કરતા, ત્યારે મને એમ થતું કે આ બળદો શું સમજતા હશે? પણ પોતાની વાત બળદને કરી છે, એ વિચારે ખેડૂતો એક જાતનું આશ્વાસન પામતા. આ બળદો શંકર ભગવાનનું વાહન કહેવાય, એટલે જોરાવર હોય એમાં નવાઈ શી?

ગામમાં મહાજનનો પાળેલો એક **સાંઢ-આખલો** હતો. તે બનતાં સુધી કોઇને મારતો નહિ, પણ કોઈ તેને ખીજવાટનું કારણ આપે તો એનો મિજાજ જલ્દી બગડી જતો અને તે ખીજવનારને શીંગડે ચડાવ્યા સિવાય છોડતો નહિ.

**ગાયોની** આંખમાં મેં એક પ્રકારનો સ્નેહ નિહાળેલો. કદાચ તે કારણે જ લોકો તેને ભલી કહેતા હશે. ગાયનાં શરીરમાં તેત્રીશ કોટિ દેવ વસે છે, એ વાત ગામલોકોએ કહેલી, એટલે અમે તેને ઘણા ભાગે ગાયમાતા કહીને જ બોલાવતા. પણ એ માતા જ્યારે ચરવા નીકળતી અને ઉકરડા વગેરેમાં પહોંચી વિષ્ટા ખાવા લાગતી, ત્યારે મારું મન ખિન્ન થઈ જતું. જેનાં શરીરમાં તેત્રીશ કોટિ દેવ વસે, તે આ રીતે વિષ્ટા શા માટે ખાતી હશે ? પણ તેનો ઉત્તર ભાગ્યેજ મળતો. ગાયનું મૂત્ર પવિત્ર ગણાતું અને ખસ-ખૂજલી થઈ હોય તો તેના સ્નાનથી ફાયદો થતો, એટલે એક-બે વાર તેનાથી સ્નાન પણ કર્યું હશે ! ગાય ફુંગરાતી ત્યારે ભારે થતી. પછી તે કોઈની નહિ. જે આવે તેને માર્યા વિના ન મૂકે. પણ તેનો ક્રોધ શાંત પડી ગયા પછી વાંધો નહિ. તેને વાછરડાં પર ઘણું હેત, વાછરડાંને પ્રેમથી ચાટે, તેનું શરીર સાફ કરે અને ધવડાવે પણ ખરી !

ગામમાં **ભેંસો** ઘણી હતી, દૂધ, દહીં અને ઘીનો મોટો ભાગ તે જ પૂરો પાડતી હતી, એટલે તેના પ્રત્યે પ્રેમ હોય એ સ્વાભાવિક છે. ભેંસનું ભરાવદાર શરીર અને લાંબા વાંકા શીંગડાં જોઈ દિલ ખુશ થતું, પણ જ્યારે તળાવ કે ખાબોચિયામાં પડીને તેની સ્નાન કરવાની રીત જોતો ત્યારે એ ખુશી ખલાસ થતી ! અમે તો કાદવથી ન ખરડાઈએ માટે તળાવમાં પગ મૂકતા પણ ડરતા, ત્યારે આ તો કાદવથી આખા શરીરને ખરડવામાં આનંદ માનતી !

ગામમાં કેટલાક **ઘોડા** પણ હતા. ઊંચાઈમાં ઠીક ઠીક, રંગે પણ સારા. તેના પર પ્રથમ ચડેલો, ત્યારે પટકાયેલો, એટલે ફરી ચડવાનું મન થતું નહિ, પરંતુ ગામગામતરે જતાં તેના પર બેસવાના પ્રસંગો આવેલા. દશેરાના દિવસે ગામના ઘોડા દોડતા ત્યારે જોવાની ખૂબ મજા આવતી. ઘોડાના વાળથી કોઈ વસ્તુને બાંધી હોય તો ખબર ન પડે. તેને આંગળી સાથે બાંધી રાખ્યો હોય તો પેલી ચીજને હુકમથી હાલતી બતાવી શકીએ, તેથી ઘોડાના પૂંછડામાંથી વાળ તોડવા જતા. એ કામ ઘણી ચાલાકીથી કરવાનું હતું. નહિ તો પેટમાં એક લાત વાગે ને સોયે વરસ પૂરા થાય ! પરંતુ અમે એ કામમાં સફળતા મેળવતા હતા. ઘોડાની કેશવાળી મને ખૂબ ગમતી. તેનો હણહણાટ સાંભળતો ત્યારે મારી સુસ્તી ઉડી જતી અને ટટાર થઈ જતો.

**ગધેડાં** કુંભાર અને રાવળને ત્યાં પાળવામાં આવતાં, પણ ઘણીવાર તેને ચરવા માટે છૂટાં મૂકતાં ત્યારે ગામમાં જ્યાં ત્યાં રખડતાં. એટલે તેમનો પણ ઠીક ઠીક પરિચય થયેલો. પ્રથમ જ્યારે ગધેડાં ભૂંકતા ત્યારે કાનમાં આંગળી નાખતો, પણ પછીથી તેની

બોલીનું આબાદ અનુકરણ કરતાં શીખી ગયેલો. આગળ પર અમદાવાદ વગેરે સ્થળે પશુ-પક્ષીઓની બોલીની નકલ કરવાના પ્રસંગ આવેલા, ત્યારે મારી આ કળાની ઠીક ઠીક પ્રશંસા થયેલી.

ગામમાં ઊંટ એકાદ-બે હશે. પણ ગામને પાદર ઘણીવાર ઊંટ આવતા, તેમને ધારી ધારીને જોયેલા. આપણા કવિઓએ ઊંટનાં વાંકાં અંગોની ખૂબ મશ્કરી કરેલી છે, પણ વક્રતા વગર કયો આકાર સુંદર લાગે છે? ચંદ્ર ચોરસ હોય કે ભામિનીની ભ્રૃકુટિ સીધી હોય તો કવિઓ તેનું આટલું સરસ વર્ણન કરત ખરા? ઊંટના હોઠ ઊંચા નીચા થયા જ કરે, પણ આપણે ત્યાં પાનપટ્ટી ખાનારાઓ એ રીતે પોતાના હોઠ આખો દિવસ ઊંચા નીચા ક્યાં નથી કરતા?

અમારે ત્યાં પહેલાં ગાય-ભેંસો હતી, એક ઘોડો પણ હતો, પણ તે મારી સાંભરણની વાત નથી. મારી સાંભરણમાં તો એક સુંદર બકરી પાળેલી, જેને અમે પતીરી કહેતા. બિચારી બહુ ભલી. દિવસમાં પણ ચાર વખત થોડું થોડું દોહવા દે. મેં એના સાકર જેવા મીઠા દૂધની સેઢો સીધી મોંમાં પાડેલી છે. આ બકરી સામાન્ય રીતે બધું ખાતી, પણ તેને ઓસ્ડીનો પાલો બહુ ભાવતો, એટલે ઘરમાં તે પાલો વારંવાર લાવવામાં આવતો. આ બકરીને બે બચ્ચાં થયેલાં, તેને મેં સારી રીતે રમાડેલાં. તેઓ જ્યારે આનંદમાં આવી દોડાદોડ કરતા, ત્યારે મને પણ દોડાદોડી કરવાનું મન થઈ જતું. એ બકરી ત્રણ કે ચાર વર્ષ પછી મરણ પામેલી. તેનાં બચ્ચામાંથી એક બકરી મોટી થયેલી અને તેણે પણ પોતાની માની માફક દૂધ આપી અમને રાજી કરેલા.

ઘેટાંને અમારે ત્યાં ગાડર કે ગાડરાં કહેતાં. તેનો પરિચય ઉપરછલો જ ગણાય, છતાં તેઓ વાડામાં કેવી રીતે બેસતાં, સાથે કેવી રીતે ચરવા જતાં, સાંજ ટાણે ટોળામાં પાછા કેવી રીતે આવી જતાં અને ઊન કતરાઈ જતી ત્યારે કેવા બોડકાં લાગતાં, એ બધું બરાબર યાદ છે.

કૂતરો અને બિલાડી તો ઘરનું પ્રાણી કહેવાય, એટલે દરેક બાળકને તેનો પરિચય થાય એમાં નવાઈ નથી. અમારે ત્યાં લાલિયો, ડાઘિયો, મોતીયો વગેરે કૂતરા અવારનવાર આવતા અને રોટલો ખાઈ પૂંછડી પટપટાવી ચાલ્યા જતા, પણ શેરીમાં બેસીને અમારાં ઘરની ચોકી કરતા, એટલે તેમણે ખાધેલું હલાલ જ કર્યું કહેવાય. જ્યારે કૂતરી વીંઆતી ત્યારે અમારે માથે ખાસ કામગીરી આવી પડતી. મોટાં બૈરાંઓ કહેતા કે 'બધા ઘરે ફરીને ઘઉંનો આટો, તેલ, ગોળ વગેરે લઈ આવો. આપણે તેને શીરો કરીને ખવડાવીશું.' એટલે અમે માટલાની એક મોટી ઠીબ લઈને એ બધી સામગ્રી ભેગી કરી લાવતા અને બૈરાંઓ તેનો શીરો બનાવીને ખવડાવતાં. એ વખતે કૂતરીને ખૂબ ભૂખ લાગે છે, તેથી શીરો વગેરે ન ખવડાવવામાં આવે તો બચ્ચાંઓને મારી નાખે છે, એમ જાણેલું. તેના

કુરકુરિયા ક્યારે મોટા થાય તેની અમે રાહ જોઈ રહેતા. તે જરા હાલતા ચાલતા થાય કે તેની સાથે રમવા મંડી પડતા. તેની અમારા છોકરાઓ વચ્ચે વહેંચણી પણ થતી અને તેમાં તકરાર પડતી તો મારામારી પણ જામતી. ઘણી વાર તો જમતી વખતે પણ હું કુરકુરિયાને પાસે બેસાડતો.

બીલાડીનાં બચ્ચાં પણ ખૂબ રમતિયાળ. કલાકો સુધી રમ્યા જ કરે. શરીરે ખૂબ સુંવાળા એટલે પકડવામાં મજા આવે. પણ સાચવવાનું એટલું કે તે પોતાનાં તીક્ષ્ણ નહોર મારી ન દે!

પશુઓ મારા પ્રારંભિક ચિત્રોમાં ઠીક ઠીક ઉતરેલા, પણ કાવ્યોમાં કવચિત્ કવચિત્. પરંતુ મેં જ્યારે અવધાન-શતાવધાનના પ્રયોગો કરવા માંડયાં, ત્યારે તેમણે મને ખૂબ જ મદદ કરેલી. તેમાં પ્રથમ સ્થૂલ વસ્તુઓને માનસચક્ષુ સમક્ષ લાવવાની હોય છે, તેમાં આ પશુઓ ઝપાટાબંધ ગોઠવાઈ જતાં અને તેમનાં પર જે જે વસ્તુઓની ધારણા કરી હોય તે આબાદ સચવાઈ રહેતી. મારા મનમાં સો ખાનાનો જે નકશો છે, તેમાં અનેક સ્થળે પશુ-પક્ષીઓ બેઠેલાં છે. ઉપરાંત ગંજીપાનાં બાવને બાવન પાનાં યાદ રાખવાની મેં એક સ્વતંત્ર રીત શોધી છે, તેમાં પણ મુખ્યત્વે પશુ અને પક્ષીનો જ ઉપયોગ કરેલો છે, તે આ પ્રમાણે :

( રાગ-સવૈયા એકત્રીશા )

**કાળીનાં પાનાં માટે—**

ગાય[1] ભેંસ[2]ને ઘોડી[3] ગધેડી[4], હાથણ[5] ઊંટ[6]ને ભસતો શ્વાન[7],
બકરી[8] અજગર[9] સિંહ[10] સમોવડ, કહોને પશુમાં કોનું સ્થાન?
કાળીનો છે શૂદ્ર રાજવી, રાણી પણ કાળી રખડેલ;
નોકર મળિયા હય હરામી, કઈ વિધ ચાલે આવો ખેલ? ૧.

**ફૂલીનાં પાનાં માટે—**

બળદ[1] બરાડે પાડો[2] દોડે, ઘોડો[3] ખચ્ચર[4] હણ હણ થાય;
હાથી[5] જિરાફ[6]ને જંબૂક[7] ઘેટું[8], સાપ[9] વાઘને[10] કરડી ખાય;
ફૂલીનો છે રાજા બળિયો, શેઠાણી રૂપ-ગુણભંડાર,
લાલી સીડી પહેરી હુકમ, કરતી કણબીને સંસાર. ૨.

**લાલનાં પાનાં માટે—**

કાળી[1] દીવડી[2] ઢેલ[3] શુક[4]ને, ચકલી[5] હોલાં[6] મરઘી બેન[7],
બતક[8] બતાવે બહુ બહુ વાતો, સમળી[9] ગીધ[10] બીડેલાં નેન;
રજપૂત રાજા રજપૂત રાણી, પહેરે કપડાં લાલ લાલ,
નોકર ઠગલા લાલ ધરીને, ચાલંતા શું નમણી ચાલ? ૩.

**ચોકડીનાં પાનાં માટે—**

કાગ[1]ને કોયલ[2] મોર[3] કળાયલ, કૌઆ[4] નીલકંઠ[5] કબૂતર[6] જાણ;
મરઘો[7] હંસ[8] ગરુડ[9] જ બોલે, સારસ[10] સહુમાં છે સુજાણ.
રાજા બ્રાહ્મણ રાણી દેવી, શ્વેત વસ્ત્રમાં સજતી કાય,
નોકર સઘળા દ્વિજ કુમારો, ધીરજને એ સર્વ જણાય. ૪.

**અષાડની ધરતી—**

અષાડ આવતો કે ધરતી લીલીછમ બની જતી. તે વખતનું દશ્ય હું ભૂલી શકતો નથી. એ મનોહર દશ્ય આગળ જતાં મારી એક પ્રહેલિકામાં ઉતર્યું છે, તે અહીં રજૂ કરું છું.

(દ્રુતવિલમ્બિત)

મનહરાં શુકશાવક-પક્ષ શાં, સકલ દેહ ધરી હરિતાંશુક;
ચરણ કંઠ કરાગ્ર સુકેશમાં, વિવિધ ભૂષણ પુષ્પ તણાં રચે. ૧
મધુર હાસ્યભરી રસ રેલતી, મનહરે સહુ માનવી કુલના,
પ્રણય-ઉત્સુક એ લલના અહો! નહિ નહિ ધરતી જ અષાડની. ૨

પ્રહેલિકામાં વર્ણન એક વસ્તુનું લાગે અને નીકળે બીજી વસ્તુ. આ વર્ણન પ્રથમ તો પ્રણય-ઉત્સુક લલનાનું લાગે છે, પણ નીકળે છે અષાડની ધરતીનું. હરિતાંશુક એટલે લીલાં રેશમી વસ્ત્રો. શુકશાવક એટલે પોપટનાં બચ્ચાં. બંનેનો રંગ લગભગ સરખો જ હોય છે.

જો તમને પ્રહેલિકામાં રસ હોય તો મારી રચેલી બીજી બે પ્રહેલિકા અહીં સંભળાવી દઉં. જરૂર તમને આનંદ આવશે.

(શિખરિણી)

ગઈ ક્યાં એ મારી હૃદયરમણી રાસ રમતી?
ગઈ ક્યાં એ મારી પ્રિય સહચરી પ્રાણ હરતી?
ઝરંતી હૈયેથી સતત રસધારા મુદકરી,
ગઈ કાંતા કે શું? અહહ નહિ એ પેન સખરા.

'પેન હૃદયભાગમાં જ રમણ કરે છે અને ચાલે છે ત્યારે રાસ રમે છે. જ્યાં જાઓ ત્યાં સાથે ચાલે એટલે પ્રિય સહચરી પણ ખરી જ ને? પાર્કર કે શેફર્ડની પેન કોઈ ઉઠાવી જાય ત્યારે હૃદયને કેવો ધ્રાસકો પડે છે? એ પ્રાણનું હરણ નહિ તો બીજું શું? કાંતાના હૃદયમાંથી સતત રસધારા વહે છે, તેમ પેનમાંથી પણ શાહીરૂપી રસની ધારા વહે છે અને તે મોહ પમાડનારી હોય છે.

હવેની પ્રહેલિકાનો વિષય તમે પકડી પાડો તો જાણું કે તમે ચતુર છો.

(મંદાક્રાન્તા)

હા હા ગયા હૃદય ચૂર્ણ કરંત બંને, મોંઘા મહાજીવનના સુખદુઃખ ભાગી;
જેણે કદી નવ કરી પરવાહ લેશ, વર્ષા-નિદાઘ અથવા હિમકાળ કેરી. ૧.
કર્તવ્ય એક જીવને વસમું પિછાણ્યું, વાણી વળી મધુર અંતર સ્નેહપૂર્ણ:

અહીં તમે કહેશો કે—

શું પુત્ર બેય હરિધામ અહો! સિધાવ્યા?

પણ મારે તો કહેવું છે કે—

ના, ના, ગયા અણમૂલાં મુજ જીર્ણ જોડાં. ૨.

આપણાં ધર્મસ્થાનકોમાં તથા મોટા મેળાવડા વગેરેમાં આપણાં નવાં જોડાં-બૂટ ચંપલ વગેરે ઉપડી જાય છે, ત્યારે હૃદય ચૂર્ણ થાય છે કે નહિ? જે સુખમાં તથા દુઃખમાં સાથે ચાલે તે સુખદુઃખના ભાગી ખરા કે નહિ? વળી તેને માટે મૂલ્ય પણ સારું ચૂકવવું પડે, એટલે તે મોંઘા પણ ગણાય જ. એ વર્ષાઋતુ, નિદાઘ એટલે ગ્રીષ્મ ઋતુ અને હિમકાળ એટલે શિયાળો, એની લેશ પણ પરવાહ કયાં કરે છે? કર્તવ્ય ગમે તેવું વસમું હોય તો પણ બજાવી જાણવામાં જ જીવનની શોભા છે, તે કર્તવ્ય શું એ બરાબર નથી બજાવતાં? ચાલે ત્યારે ચમ ચમ બોલે છે, એટલે તેમની વાણી મધુર છે અને ડંખે નહિ માટે તેલ અથવા સ્નેહથી તેને પૂર્ણ કરવામાં આવે છે, એટલે સ્નેહપૂર્ણ પણ ખરાં. અણમૂલાં એટલે જેનું કંઈ પણ મૂલ્ય ન તેવાં. જીર્ણ જોડાનું મૂલ્ય શું?

**ખેતરો**

મારાં ગામનાં ખેતરો દૂર દૂર સુધી પથરાયેલાં હતાં. ચોમાસું આવતાં તે બધાં લીલાછમ બની જતાં. તેમાં જુવાર, બાજરી, મગ, મઠ, અડદ, તલ તથા કપાસ એટલી વસ્તુઓ પાકતી. જુવાર તથા બાજરી એટલી ઊંચી વધતી કે ઘોડેસ્વારનું માત્ર માથું દેખાય. જ્યારે જુવાર પર ડુંડા આવતાં ને બાજરી પર બાજરિયાં લહેરાવા લાગતાં ત્યારે એનો દેખાવ જુદી જ જાતનો લાગતો. કપાસનું કામ લાંબું ચાલતું. અમારે ત્યાં મઠિયો કપાસ ઓછો વવાતો. બાકી વાગડિયાનું વાવેતર થતું અને તે ફાગણ-ચૈત્રમાં તૈયાર થઈ જતો. આ ખેતરોએ મને જુવારના મીઠા સાંઠા આપ્યા છે, બાજરીનો પોંક આપ્યો છે ને મગની શીંગો કે જે ગામડાનો મેવો કહેવાય છે, તે પણ આપ્યો છે. તેને હું કેમ ભૂલી શકું?

આ ખેતરોના શેઢે તથા બાજુની વાડો પાસે અનેક જાતની વનસ્પતિ ઉગતી, જે

ઔષધનાં કામમાં આવતી. અમારા પાડોશી વૈદરાજના છોકરા સાથે આ ઔષધિઓ ઓળખવા માટે હું ઘણીવાર અહીં આવતો. એ રીતે મેં વધારે નહિ તો ત્રીશ-પાંત્રીશ વનસ્પતિ તો ઓળખી જ હશે. આગળ પર વૈદ્યકનો વ્યવસાય થયો ત્યારે આ જ્ઞાન કામ આવ્યું. સંઘરેલો સાપ પણ કામ લાગે છે, તો સંઘરેલા જ્ઞાનનું તો કહેવું જ શું ! વળી સરોવર ટીપે ટીપે ભરાય છે, તેમ જ્ઞાનનો સંગ્રહ પણ થોડે થોડે જ થાય છે, તેથી જ્ઞાન મેળવવાની કોઈ તક જતી કરવી નહિ.

**વાડીઓ :**

ગામની સીમમાં કેટલીક વાડીઓ પણ હતી, જ્યાં કૂવાનાં પાણીથી મોલ પકવવામાં આવે તેને અમારે ત્યાં વાડી કહેવાતી. ત્યાં મોટા ભાગે ઘઉં પકવવામાં આવતાં અને પાણીના ધોરિયે મૂળા પણ નંખાતા. એકાદ ક્યારામાં મરચાં, રીંગણી વગેરેનું પણ વાવેતર થતું. કૂવાનું પાણી સારું હોવાથી ઘણા ગામલોકો અહીં કપડાં ધોવા આવતા અને પાણી પણ ભરી જતા. એ વખતે બે ચાર મૂળા ઉખેળ્યા હોય કે થોડાં મરચાં તોડયાં હોય તો ખાસ કોઈ બોલતું નહિ. 'એમાં શું ?' કહીને ખેડૂત નભાવી લેતા. પરંતુ આજે કોઈ એ રીતે મૂળા ઉખેળવાની કે મરચાં તોડવાની હિંમત કરે નહિ અને કરે તો ખેડૂતો ચલાવી લે નહિ, એ પણ નિશ્ચિત છે. પ્રથમનો ભ્રાતૃભાવ આજ રહ્યો છે જ કયાં ? અને સંયોગો પણ બદલાયા છે !

**વનપશુઓ :**

ગામની સીમમાં હરણ, સસલાં, શિયાળ,સૂવર અને નાર જોવામાં આવતાં, તેમાં સૂવર વકર્યો હોય ત્યારે ભારે પડતો. આગળ બે મોટી દંતુડીઓ અને ઊંધુ ઘાલીને દોડે. રસ્તામાં કોઈ ભેટી ગયો હોય તો તરત ઢાળી દે. એક વાર વકરેલો સૂવર ગામની ગંજીઓમાં પેઠેલો, ત્યારે ગામ લોકો લાકડીઓ, ભાલા અને બંદુકો લઇને ગયેલા ને તેને હાંકી કાઢેલો. અમારે ત્યાં પશુ પર ગોળી ચલાવવાનું શકય ન હતું. મહાજનનો પાકો બંદોબસ્ત હતો, એટલે કોઈ પ્રાણીને મારી શકે નહિ. એ વખતનું દૃશ્ય મને હજી પણ યાદ છે.

નારનો ઉપદ્રવ પ્રમાણમાં વધારે ગણાય, કારણ કે તે કેટલીક વખત ગામનાં પરવાડે આઢેલાં બકરાં-ઘેટાંને ઉપાડી જતા અને ખેતરમાં સામાં મળે ત્યારે પણ લાગ મળે તો હુમલો કરી બેસતા. ખાસ કરીને 'સાતનારી' એટલે સાતનાર ભેગા થઇને શિકાર કરવા નીકળ્યા હોય ત્યારે બચવું મુશ્કેલ પડતું. પરંતુ ગામના યુવાનો વાતો કરતા કે અમે સાતનારી મળતાં કેવી બહાદુરીથી સામનો કરેલો. તે વખતે મેં સાંભળેલું કે નારનાં નેત્રો ઊંધા હોય છે ને તેને ગર્ભિણી સ્ત્રીની ખૂબ વાસ આવે છે. આ વાત કેટલી ખરી-ખોટી છે ? એ તો કોઈ પ્રાણી નિષ્ણાત જ કહી શકે. મેં પોતે સાતનારી જોઈ નથી, પણ છૂટા નાર બે ત્રણ વખત જોયા છે.

મારા બાળપણના કુદરતપ્રેમની આ ટૂંકી કથા છે, પણ તેમાંથી પાઠકોને જાણવાનું જરૂર મળશે.

# પ્રવાસદર્શન



## સ્વ. શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહ

શ્રી ધીરજલાલભાઈના પ્રવાસપ્રેમ અંગે તેમની જીવનરેખામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેનો ખરો ખ્યાલ તો તેમણે કરેલા પ્રવાસવર્ણનો પરથી જ આવી શકે એમ છે. તેમાંના ત્રણ પ્રસંગો પાઠકોની જાણ માટે અહીં રજૂ કરવામાં આવ્યા છે. આમાંનો પહેલો પ્રસંગ તેમની '**પાવાગઢ**'ની પુસ્તિકામાંથી, બીજો પ્રસંગ તેમના '**કુદરત અને કલા ધામમાં વીસ દિવસ**' નામના ગ્રંથમાંથી અને ત્રીજો પ્રસંગ તેમણે લખેલા '**દક્ષિણમાં દિવ્ય પ્રકાશ**' નામના ગ્રંથમાંથી લેવામાં આવ્યો છે. આ પ્રસંગોમાં તેમની સાહસવૃત્તિ, નિરીક્ષણશક્તિ, પ્રકૃતિપ્રેમ અને સંવેદનશીલતાનાં સ્પષ્ટ દર્શન થાય છે. **સં. મં.**

[ ૧ ]

### પાવાગઢમાં પાછલી રાતે

રાત્રિનો પાછલો પહોર ને પોષમાસની રાત, એમાંયે પહાડ ને વળી બંને બાજુ ગાઢ જંગલ; એટલે કોઇ યોગિરાજની સમાધિ જેવી ગાઢ શાંતિ પથરાઈ ગઇ હતી. આકાશ પીંજેલાં રૂ જેવાં વાદળાંથી છવાઈ ગયું હતું. ચંદ્ર તેની ઓથે બેઠો આરામ લેતો હતો.

આ વખતે અમે સરખે સરખા તેર ભેરુ ટુકડીબંધ ગોધરિયા દરવાજેથી પંથ કાપવા લાગ્યા. હૈયે ઉત્સાહનાં પૂર હતાં. મનમાં નવીન નિહાળવાની તીવ્ર જિજ્ઞાસા હતી. આશરે અર્ધો માઈલ ચાલતાં દીન અને દુર્બળ બની ગયેલી વિશ્વામિત્રી નદી પાસે આવી પહોંચ્યા. થોડા સમય પહેલાંની તેની ખુમારી અને આજની આ દુર્દશા જોઈ ને ધન, યૌવન કે સત્તાથી મત્ત થઈ ગયેલા માનવીનાં ભાગ્ય યાદ આવ્યાં.

તેના કિનારે પાવાગઢ ઊભો ઊભો પણ જાણે એ જ વાત મૌન-વ્યાખ્યાનથી કહી રહ્યો હતો. એ સાંભળતા અમે આગળ વધ્યા ને કાળના મહાચક્રની સામે અડગ

ધૈર્યથી ઊભેલા એ પાવાગઢ પર પ્રથમ પગલું દેતાં જ સ્મૃતિસરોવરમાં ગેબી તરંગો ઊઠયા :

અહીં જ રણઘેલા રજપૂતોની રણહાક વાગેલી. અહીં જ जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी નો મહામંત્ર સિદ્ધ થયેલો. અહીં જ જન્મભૂમિની રક્ષા માટે વીરજાયાઓ કેશરિયા વાઘા પહેરી રક્તના છેલ્લા બિંદુ સુધી લડેલા. અહા! તેમના રુધિરથી પવિત્ર બનેલો આ પહાડ ગરવી ગૂજરાતનું સુંદર યુદ્ધસ્મારક છે, તીર્થક્ષેત્ર છે. તેનું યોગ્ય સન્માન કરવા મસ્તકો નમી પડયાં.

મૂર્તિમંત પવિત્રતા જેવાં ખાદીનાં શ્વેત વસ્ત્રો કાળા જંગલમાં ભાત પાડવા લાગ્યાં. સાચા મિત્ર જેવી, દરેક વખતની મદદગાર લાઠીઓ સાથે હતી; પણ કોઈ વનચરપશુ અમારી હાજરી જાણી ન જાય તે માટે તેને રસ્તાપર ટેકવવાને બદલે બગલમાં જ રાખી હતી.

સઘળું શાંત હતું, ફક્ત પવનથી વૃક્ષશાખાઓ ઝૂલતી હતી. પવન કાંઈક ધીમું ધીમું ગાતો હતો.

થોડી વારમાં તો સાપની જેમ ભરડો દઈ કિલ્લાને વીંટળાઇ વળેલી દુર્ગમ દિવાલો આવી, પણ આજે તે સૂમસામ હતી. તેમાં પ્રવેશ કરનાર યાત્રીઓને કોઇ પૂછનાર ન હતું. વેગભર્યા ચાલ્યા જતા યાત્રીઓનો વેગ અસ્ખલિત રહ્યો. હવે જંગલ વધારે ગાઢ થવા લાગ્યું. શાંતિ પણ વધારે ગાઢ થતી ચાલી. કાંઈપણ વાતચીત કરીને એ શાંતિનો ભંગ કરવાનું ઉચિત ન માન્યું. પરંતુ એવામાંજ દૂર ઝાડીમાં હોં ઓં ઓં ઓં ગર્જના થઈ. પહાડમાં તેના પડછંદા ઊઠયા ને વાંદરાઓ હુકાહુક કરવા લાગ્યા.

પરિસ્થિતિ ધ્યાનમાં આવી ગઇ. તરત જ ટુકડીને "રૂક જાઓ"ની આજ્ઞા આપી. વનવગડાના રાતવાસાઓથી ટેવાએલા ભેરુઓએ પણ તેનો તાત્કાલિક અમલ કર્યો કોઈને કહેવાની જરૂર ન હતી કે આજ્ઞા શા માટે મળી છે. અત્યાર સુધી ટીલીઓ કહીને જેનો ઉપહાસ કરતા હતા, તે વાઘ જાણે તેનું તોછડા શબ્દથી કરેલા અપમાનનો બદલો લેવા આવતો હતો. પાસે જ કિલ્લાની ખંડેર બની ગયેલી દીવાલ હતી, પણ તે થોડા ફુટ જ ઊંચી હતી અને એની આજુબાજુ પણ જંગલ, એથી તેનો આશ્રય લેવો નિરર્થક જણાયો. અમે થોડા આગળ વધ્યા ને ખુલ્લી જગામાં 'અહિંગોળ' રચીને ઊભા રહ્યા. સામાન વચ્ચે મૂકયો. બગલમાંની લાઠીઓ તૈયાર થઇ ગઇ. ખીસ્સામાં રહેલી દીવાસળીની પેટીઓ ને કપડાંના કકડા બહાર નીકળ્યા. કોઇકે સાથે લીધેલા ટુવાલને પણ તૈયાર રાખ્યા. થોડી જ વારમાં આ બધું બની ગયું. એવામાં તો નજીક જ બીજી ગર્જના સંભળાઇ.

પ્રચંડ હોકારો કરવાથી વાઘ ચાલ્યો જાય છે, એ જ્ઞાન મેં અરવલ્લીના પ્રવાસમાં

મેળવ્યું હતું, તેનો અહીં ઉપયોગ કર્યો. સાથીઓએ પ્રચંડ હોકારા શરૂ કર્યા : હો! હો! હો! હો! હો! હો! હો! જાણે સાત વાઘ સામટા બરાડયા. થંડરસીટી પણ એમાં ખૂબ મદદ કરવા લાગી. છતાંયે એક કારમી ગર્જના કરતો વાઘ ત્રીશેક વારને છેટે પૂછડું પટપટાવતો ને આગશા ડોળા તગતગાવટો ઊભેલો જણાયો.

આજે ઘાંટામાં પણ એવું શૂરાતન પૂરાઈ ગયું હતું કે ટીલીઆ ભાઈની આ હોકારા સામે ઘસવાની હિમ્મત ચાલી નહિ. થોડી વારમાં તે અદશ્ય થયો, પણ એનો વિશ્વાસ શો? આગળ વધીએ ને કદાચ છેતરપિંડી થાય તો? એથી મોડે સુધી હોકારો ચાલુ જ રાખ્યો.

આ પરિસ્થિતિમાંથી મુક્ત કરવા ઉષાએ નવવૃક્ષોની બારીમાંથી ડોકિયું કર્યું ને પ્રાતઃકાળની વધામણી આપી.

બાલરવિના રક્ત પ્રકાશમાં આસપાસ જોયું તો ખબર પડી કે મૂળ રસ્તો ભૂલી ખાપરા ઝવેરીના મહેલ નજીક વિશ્વામિત્રીના મૂળ આગળ આવી ચડયા હતા, જે વાઘનું ખાસ મથક ગણાય. થોડી મુશ્કેલીથી એ રસ્તો વટાવી મૂળ માર્ગે આવ્યા અને આવો ભયંકર પણ ચિરસ્મરણીય પ્રસંગ સાંપડયો, તે વિચારે આનંદમાં આગળ વધ્યા.

[ ૨ ]

## નર્મદાનાં નીર પર

અહીંથી આગળ વધતાં રમતીઆળ નર્મદાનું ભવ્ય દશ્ય નજરે પડયું. પટ વિશાળ થયો. તેના કિનારાના લાલ ખડકો દૂર ગયા. પાણી પર પડતો સૂર્યનો પ્રકાશ એક લીસોટા જેવો જણાવા લાગ્યો.

નદીનાં નીલવર્ણાં પાણી તરફથી એની તરફ આગળ વધતાં **तमसो मा ज्योतिर्गमय** ની પ્રાર્થના સફળ થઈ હોય તેમ લાગતું હતું. થોડીવારમાં બહુરૂપીની જેમ નર્મદા સ્વરૂપ બદલવા લાગી. પાણીનાં ઉંડાણનું ઠેકાણું નહિ. કોઈ સ્થળે તેનું પાણી બે વાંસ જેટલું ઊંડું તો કોઈ સ્થળે કેડસમાણું. પણ જ્યાં એ કેડ-સમાણું પાણી છે, ત્યાં વેગ ઘણો જ છે. પાણી ખડકો પરથી ઝપાટાબંધ ઘસારો કરતું નીચે ચાલ્યું આવે છે. બીચારી હોડીની શી તાકાત કે એમાં ચાલી શકે? આવા વખતે ખલાસીઓ નીચે ઊતરતા ને કેડે દોરડું બાંધીને હોડીને આગળ ધકેલતા. તે વખતે

ઊંચી થતી હોડીમાં સાચવવું પડતું. કોઈ કોઈ સ્થળે બે ખલાસીઓ કિનારે ચાલતા ને હોડીને દોરડું બાંધીને ખેંચતા. ઘડીએ ઘડીએ આવતા ચઢાવ પરથી એમ લાગતું કે નર્મદાએ પહાડોને કાપીને અંદરથી પગથીયાં કર્યાં છે. પહાડ કાપવામાં તેણે પાછું વાળીને જોયું જ નથી. ઉંચો પ્હાડ આવો કે નીચો પ્હાડ આવો, અથવા કઠણ પ્હાડ આવો કે પોચો પ્હાડ આવો, દરેકને એણે કાપી જ નાખ્યા છે.

શરૂઆતમાં બન્ને બાજુ લાલ ખડકો આવ્યા, તેના પર સૂકાં નિષ્પર્ણ ઝાડો જણાતાં હતાં. પછી કાંઈક સ્વરૂપ બદલાયું. ખડકોને બદલે ડુંગર જણાવા લાગ્યા ને ચાકી નામનો એક દુર્ગમ ચઢાવ આવ્યો. મહામહેનતે હોડી એના ઉપર ચઢાવીને આગળ વધ્યા. પ્રવાહ શાંત લાગતો ત્યાં ખલાસીઓ કાંઈપણ મહેનત કર્યા સિવાય બેસતા ને આરામ લેતા. લગભગ અર્ધા રસ્તે વખતગઢ નામનું એક ગામ આવ્યું. અહીંથી ઢોરોને નદીપાર કરાવતા હતા, જે દૃશ્ય પહેલવહેલું જોયું. પા માઈલથી અર્ધા માઈલ જેટલો પટ ને પાણી ખૂબ ઊંડું, છતાં ઢોરો તરતાં તરતાં જતાં હતાં. ખડક પર નહાવા ઊભેલા ભીલ નર્મદાજીના શ્યામ ખડક ને શ્યામ પાણીમાં ભળી જવાથી મહામુશ્કેલીથી કળી શકાતા.

વખતગઢ પછીથી નર્મદાની શોભા એકદમ વધતી ગઈ. થોડે દૂર જતાં કમલેતર નામનો આકરો ચઢાવ આવ્યો. આગળના ચઢાવની જેમ અહીં પણ ખૂબ મહેનતથી હોડીને ઉપર ચઢાવી; અહીં નર્મદાજીનું ભવ્ય સ્વરૂપ જોઈ સહુ મુગ્ધ બની ગયા.

ધીમે ધીમે નર્મદા પોતાનો પટ સંકેલવા લાગી ને ગહનતા વધારવા લાગી. આજુબાજુના ખડકો વધારે નિકટ અને ઊંચા થવા લાગ્યા. જાણે કોઈ દુર્જય કિલ્લાની પાણી ભરેલી ખાઈમાં ફરતા હોઈએ એવો ઘડીભર ખ્યાલ આવ્યો. તાણની તો હદજ ન હતી. ખડકો પણ કિલ્લાની દિવાલ જેવા જ બની ગયા હતા. તેમાં જળપ્રવાહથી સુંદર કોતરકામ થયું હતું. જાણે સાક્ષાત્ કોઇ મંદિરની કોતરણીવાળી દિવાલ જ ન હોય! તેના મથાળે ઘાસ સરખુંયે દેખાતું ન હતું, એટલે ખડકોની અત્યંત કઠોરતા જણાઈ આવતી હતી. વખતે વખતે એ ખડકમાં ખાડા આવતા હતા ને તેમાં પક્ષીઓએ માળા નાખેલા જણાતા હતા. વિધવિધ રંગનાં પક્ષીઓ કોઈ યુગલસહિત તો કોઈ એકલા નજરે પડતા હતા. આ વિષયના અભ્યાસીને તો એમાંથી ઘણું જ જાણવાનું મળે એમ છે.

ધારડી અથવા ધારાક્ષેત્ર માઈલેક દૂર રહ્યું, એટલે ઝપાટાબંધ જતો મેઈલ ટ્રેઇન જેવો અવાજ સંભળાવા લાગ્યો. પાણીમાં ફીણનાં વમળ વધારે જણાવા લાગ્યાં પ્રવાહ ખૂબ સાંકડો થવા લાગ્યો. એમ કરતાં લગભગ ચાર વાગે ધારાક્ષેત્ર આવી પહોંચ્યા. હોડીઓ નીચેના ભાગમાં છોડી અમે કિનારે ઉતરી પડયા. અહીં પટ ૧૮ થી ૨૦ વાર જેટલો પહોળો છે.

ધારાક્ષેત્ર નામ લાક્ષણિક છે. નર્મદાજી એકદમ ધસારાબંધ ઊંચા ખડકની દિવાલને કાપી તેમાંથી નીચે પડે છે. જળપ્રવાહ એકસામટો પડવાને બદલે અનેક ધારાઓમાં વહેંચાઇ જાય છે, એથી એનું સૌંદર્ય વધી જાય છે. નર્મદાએ ખડક કાપવામાં ખૂબ કરામત કરી છે, એટલે ધોધના મથાળે એક વાર અને અંદરથી દશબાર વાર જેટલી પહોળાઈ છે. આથી જળધોધના એક છેડેથી કુદી બીજા છેડે જ વાય છે ને અંદરથી વેગબંધ પડતું પાણી જોવાની મજા પડે છે. પાણીની જગાએ કેવળ દૂધ જેવું ફીણ જ જણાય છે, જેના ઝીણાં ઝીણા ફોરાં ખુબ દૂર સુધી ઉડી પ્રેક્ષકને ન્હવરાવી દે છે. એનો ઘુઘવાટ ઘડીભર ભલભલાની છાતીને ધ્રુજાવી દે એવો છે.

અમે એક ધારા પરથી કૂદતા સાવચેતીપૂર્વક બીજી ધારાપર ગયા ને બીજી ધારાથી ત્રીજી ધારાપર ગયા. એમ કેટલીએ ધારાઓ ફરી વળ્યા. સાહસ કરીએ છીએ એમ અમને લાગતું હતું, પણ તે કરવાને નીકળ્યા જ હતા. નીચે પાણીનું ઉંડાણ લગભગ ત્રણ વાંસ જેટલું હતું. ઉપર વિશાળ પટ ખડકોથી ભરેલો જણાતો હતો. તેમાં પણ નર્મદાએ ખૂબ ખૂબી કરી છે. ખડક સીધા કાપવાને બદલે કુવા જ બનાવી દીધા છે, ને તે પણ ઉપરથી સાંકડા ને અંદરથી પહોળા. એની અંદર ઘસડાઈને આવેલા પત્થરો અહીં ચક્કર ચક્કર ફરીને ગોળ બની જાય છે. આવા અસંખ્ય ગોળ પત્થરો અહીં પડેલા જણાય છે.

નર્મદાની પરકમ્મા કરનારા સાધુઓ એને ઉઠાવી લે છે ને મહાદેવજી કે શાલીગ્રામ તરીકે તેની સ્થાપના કરે છે. ભૂસ્તરવિદ્યાના જાણકારોને એમાં પત્થરની અનેક કિમ્મતી જાતો જણાઈ છે.

આ સ્થળ ધાર સ્ટેટની હદમાં છે. એનો પ્રભાવ એવો છે કે ગમે તેટલું જોઈએ તો પણ ફરી ફરીને જોયા કરવાનું મન થયા જ કરે. એની જુદી જુદી ઘણી બાજુએ ફર્યા ને જોઈ શકાય એટલી રીતે એ દેખાવ જોયો.

હવે એક ખડક ઉપર રાંધવાની શરૂઆત કરી. ચૂલો બનાવવામાં ને ચટણી વાટવામાં ત્યાંના પત્થરોએ સહકાર આપ્યો. બળતણ રેવાજીએ પોતાના પૂરમાં આણેલાં લાકડાનું તૈયાર રાખ્યું હતું. પછી રસોઈ બનતાં શી વાર ? આજની ખીચડી ને ચટણી ખૂબ સ્વાદિષ્ટ લાગ્યાં. ખલાસીઓ પણ રાંધીને જમ્યા. પછી સાડા છના સુમારે હોડી પાછી હંકારી. સામા પૂરે ચાલવા કરતાં પૂરની સાથે ચાલવામાં વધારે સાચવવાનું હતું. સઢ ઉતારી નાખ્યો ને હોડી એમને એમ ચાલવા લાગી. વાંસ ને હલેસાંથી તેનું નિયંત્રણ થતું હતું. સાયંકાળના શીતળ પવનની લહરિઓ પાણી પર થઈને આવતી હતી, એટલે વિશેષ શીતળ લાગતી હતી. રાત્રિ થતાં ચંદ્રનો ઉદય થયો ને પાણી રજતરસથી રસાઈ ગયું. એ ચાંદનીમાં કરેલી હોડીની સહેલ કદી વિસરાશે નહિ. પહાડની

એકાંત, રાત્રિનો સમય, તેમાં શાંતિપ્રદ ચાંદની. મનપર આ સમયની અજબ અસર થતી હતી. આધિ, વ્યાધિ ને ઉપાધિથી ભરેલા જીવનનો સઘળો સંતાપ અહીં દૂર થતો હતો. ભર્તૃહરિએ હિમગિરિની શીલાપર ધ્યાન ધરી પરમ શાંતિ પામવાની ઈચ્છા પ્રદર્શિત કરી હતી, તેવી ઈચ્છા હરકોઈ મુમુક્ષુને અહીં પણ થાય તેમ હતી.

સાથીઓ એક પછી એક સહુ નિદ્રાધીન થયા. હું આ સૌંદર્યનો લાભ ચૂકી નિદ્રા લઈ શકતો ન હતો. સાથે જ બધાની દેખરેખ રાખવાની જોખમદારી હતી. હોડી મધરાતે એક ખડક આગળ નાંગરીને ખલાસીઓ એક ખડકપર ચડી સૂઈ ગયા.

રાત્રિ શમશમાકાર વહી જતી હતી. નર્મદાજીનાં નીર ખડકો સાથે અથડાઈને ધીમાં ધીમાં ગાન કરતા હતાં. એ પાણીમાંથી વખતે વખતે જળચર પ્રાણીઓ ડોકિયા કરતાં ને પાછાં પાણીમાં મગ્ન થઈ જતાં. નર્મદાજીમાં સ્થળે સ્થળે મગરોનો વાસ છે એ હું જાણતો હતો, એટલે તેનું અચાનક આગમન ન થાય એની સાવધાની રાખતો હતો. મારી આ મૂર્ખતાભરી સાવધાનીથી જાણે અંજુબાજુના ખડકો ભયંકર હાસ્ય કરવા લાગ્યા ને તેમની મૂંગી વાણીમાં કહેવા લાગ્યા : 'ઓ પ્રકૃતિના ખોળે વિહાર કરવા નીકળેલા મનુજબાળ! આટલી અશ્રદ્ધા ને આટલો અહંભાવ શાને ધરે છે? શું માતા પ્રકૃતિ કોઈનું પણ આયુષ્ય સમય થયા પહેલાં લઈ લે એવી બેવકૂફ ધારે છે? અને ધાર કે એ સમય પહેલાં આયુષ્ય હરણ કરવાનો વિચાર કરશે તો તું એને ખાળનાર કોણ છે? એની વિરાટ શક્તિ આગળ તારું સામર્થ્ય ને તારી શક્તિ શી વિસાતમાં છે? જો તને આ રક્ષા કરવાને કર્તવ્યબુદ્ધિ પ્રેરતી હોય તો રક્ષા કર, પણ અંદરથી અહંભાવ ખેંચી લે.' હું તો ઘડીભર એમની એ મૂંગી વાણી સાંભળી દિંઙમૂઢ બની ગયો. અહીં વસતા મહર્ષિઓના સહવાસથી તો આ તત્ત્વજ્ઞાન નહિ સાંપડ્યું હોય એમ ઘડીભર વિચાર આવ્યો ને વિજળીના ચમકારાની જેમ અદૃશ્ય થઈ ગયો. લોઢાને જેમ પારસમણિ અડતાં તેનું રૂપ જ બદલાઈ જાય, તેમ આ વિચારધારાથી મનની સ્થિતિ જ પલટાઈ ગઈ. ભય ને રક્ષા, સુખ ને દુઃખ, હર્ષ ને શોક એ સર્વ માનસિક સંવેદન માત્ર છે. એ સંવેદનથી પર થઇએ તો એમાંનું કાંઇ નથી. અને મૃત્યુ બિચારૂં કોણ છે? તેને મહત્વ આપીયે તોજ તેની મહત્તા છે, નહિતર આત્માના શાશ્વત રાજ્યમાં એ શું ખલેલ કરી શકે તેમ છે? રક્ષા કરવાનો વિચાર ગળી ગયો. ભય ને જોખમદારીના તર્કો પણ લુપ્ત થઈ ગયા. એકાએક હોડીમાંથી ઊભો થયો. કિનારાના ખડક પર ઉતર્યો. તરતજ ખળખળ કરતું કોઈ પ્રાણી ખડક પરથી પાણીમાં ધસી પડયું. છાતી ધબકવા લાગી. "અરે! ક્ષણ પહેલાંના વિચારો કયાં ગયા? ફરીથી ભયગ્રસ્ત થયો?" આત્માની ઊંડાણમાંથી કોઈ બોલ્યું. ફરી હિમ્મત આવી ને આગળ વધ્યો. એક ઊંચા ખડક પર ચઢી ચારે બાજુ દૃષ્ટિ ફેંકી. આ ક્ષણે માનસે જે સ્થિતિ અનુભવી તેનું વર્ણન વાણીથી થઇ શકે એમ નથી.

[૩]

## એકલવાયાપણું

ડાંગના જંગલો, અરવલ્લીની પર્વતમાળા, સહ્યાદ્રિના ઘાટો, કાશ્મીરનો રમણીય પાર્વતીય પ્રદેશ અને હિમાલયનાં કેટલાંક સૌંદર્યસ્થાનો જોયા પછી સને ૧૯૩૨માં અમે બ્રહ્મદેશના પ્રવાસે ગયા હતા. ત્યાં પ્રથમ દક્ષિણ બ્રહ્મદેશ અને પછી ઉત્તર બ્રહ્મદેશનો પ્રવાસ કરી શાન સ્ટેટોમાં દાખલ થયા હતા કે જયાં માઈલો વટાવ્યા પછી કોઈક હિંદીનું મોઢું જોવા મળે છે. ત્યાં કોઈ ભૈયો, શીખ કે મલબારી કાકો જોવામાં આવતો કે 'આ આપણો હિંદી ભાઈ' એવી લાગણી અમારા મનમાં સહજ થઈ આવતી. અમે તેમને પૂછતા કે 'અહીં શું કરો છો? કયારથી આવેલા છો? કામધંધો કેવો ચાલે છે?' તેઓ અમને પૂછતા કે 'કયાંથી આવો છો? શું કામે નીકળ્યા છો? અહીંથી કયાં જશો?' વગેરે. આટલો વાર્તાલાપ પણ અમારા મનને આનંદથી ભરી દેતો, કારણ કે તેમના સિવાય અમારી સાથે આટલી વાત કરનાર પણ આ પ્રદેશમાં બીજું કોઈ ન હતું. અમે શાન લોકોની ભાષા ન સમજીએ, શાન લોકો અમારી ભાષા ન સમજે, ત્યાં વર્તાલાપ થાય શી રીતે? તેમનું સાડા ત્રણથી ચાર ફૂટ જેટલું ઠીંગણું કદ, વિચિત્ર વેશભૂષા અને ગળા તથા પગમાં પિત્તળની સંખ્યાબંધ હાંસડીઓ જોઈ અમને ખૂબ કુતૂહલ થતું અને કેટલીક વાર હસવું પણ આવતું. આ જ સ્થિતિ તેમની હતી. અમે તેમના ભાવ તથા ઈંગિત પરથી જોઈ શકતા હતા કે તેમને અમારી સવા પાંચ ફૂટ ઊંચાઈ ખૂબ વરવી લાગતી હતી અને આ માણસો આટલા બધા ઊંચા કેમ વધી ગયા હશે? એ પ્રશ્ન ભારે મુંઝવણ કરનારો થઈ પડયો હતો. વળી મનુષ્ય તો આભૂષણોથી જ શોભે એવી તેમની દૃઢ માન્યતા હતી, એટલે અમે તેમને સાવ શોભા-રહિત લાગતા હતા. કદાચ એમણે એમ પણ માન્યું હશે કે આ ગરીબ માણસોને પિત્તળની એક હાંસડી પહેરવા જેટલીયે મૂડી નહિ હોય, એટલે બિચારા શું કરે? વસ્ત્રો માટે પણ એમનો અભિપ્રાય એવો જ હતો. તેમણે હાથે કાંતેલા, હાથે વણેલા અને હાથે રંગેલા લાલ-શ્યામ જાડા વસ્ત્રો એક જાતના ભરતકામ સાથે હાથે સીવીને પહેરેલાં હતાં. તેમને અમારાં માત્ર ખાખી રંગના સીધા સપાટ સંચે શીવેલાં વસ્ત્રો કયાંથી ગમે? તે વિષે તેમણે ગમે તે કલ્પના કરી હોય, પણ અમારો પોશાક તેમને સાવ નમાલો અને સૌંદર્યહીન લાગતો હતો એ ચોક્કસ હતું. આ સ્થિતિમાં સારું અને ખોટું, સુંદર અને અસુંદર કોને કહેવું? તેનો ઉત્તર પાઠકો પોતે જ આપે.

આગળ વધી ચીનની સરહદ પર પહોંચ્યા અને પગપાળા પ્રવાસ કરવા લાગ્યા, ત્યારે અમારી સ્થિતિ આથી પણ વિશેષ એકલવાયી બની ગઈ. ચારે બાજુ જંગલ જ જંગલ! પણ તેમાં આપણા દેશનો વડ કે પીંપળો, આંબો કે જાંબુ, સાગ કે સીસમ, ખાખરો કે ખદિર યા આવળ-બાવળ કંઈ પણ જોવામાં આવે નહિ. બધાં જ વૃક્ષો જુદી જાતનાં! ત્યાં વેલીઓ પણ ઘણી ઊગેલી, પરંતુ જેનાથી અમે પરિચિત હતા, એવી એક પણ વેલી નજરે પડતી નહિ. રસ્તામાં ઝરણો આવે, ત્યાં પણ જુદી જ પરિસ્થિતિ! તેનું પાણી એમ ને એમ એટલે માત્ર ગાળીને જ પીવાય નહિ. પહેલાં તેમાં પોટાશ પરમેંગેનેટની થોડી ભૂકી નાંખવી પડે, પછી તેને થોડી વાર એમ ને એમ રહેવા દેવું પડે અને ત્યારે જ તે પીઈ શકાય. નહિ તો ભયંકર મેલેરિયા લાગુ પડયો જ સમજો. અઘોર જંગલ એટલે જંતુઓનું જોર પણ એટલું જ! તેનો ગણગણાટ એટલો બધો થાય કે કાને કપડું વીંટાળ્યા વિના યા મોઢે બુકાની બાંધ્યા વિના ચાલી શકાય જ નહિ. ખાવાનું આગલા દિવસે ખૂટી ગયું હતું અને ત્રણ દિવસ સુધી એટલે ભામો પહોંચીએ ત્યાં સુધી રસ્તામાં કોઇ ખાદ્ય સામગ્રી મળવાનો સંભવ હતો નહિ, એટલે બાકી રહેલા બશેર ગોળ પર જ નભવાનું હતું. દિવસમાં બે ત્રણ વાર તેનું પાણી બનાવીને પીતા અને સામે પડેલો દુર્ગમ માર્ગ વટાવ્યે જતા. અમારામાં પ્રવાસનો જુસ્સો અદમ્ય હતો, એટલે ખાનપાન કે વિશ્રામની મુશ્કેલીઓને અમે હોંશે બરદાસ કરી લેતા, પણ એકલવાયાપણું મારી દેતું. જેને અમે આપણું કે પોતાનું કહીએ એવું અહીં કંઇ જ ન મળે. એવામાં સાથીએ બૂમ મારી: 'જુઓ, જુઓ, આપણા દેશનો પીપળો!' અને અમારાં મનની સ્થિતિ એકાએક પલટાઈ ગઈ. તેમાં અકથ્ય આનંદનો ભાવ ઉભરાવા લાગ્યો, હર્ષની અપૂર્વ લાગણી ઉત્પન્ન થઈ. અમે તેની પાસે ગયા, તેની શીળી છાયામાં બેઠા અને ઘણા વખતે કોઈ સ્વજનને ભેટતા હોઈએ તેવો અનુભવ કર્યો. હજી રસ્તો ઘણો કાપવાનો હતો, એટલે થોડીવારે ત્યાંથી ઉઠવું પડયું, પણ ઉઠવાનું મન થતું નહતું. તાત્પર્ય કે અજાણ્યા દૂરના પ્રદેશમાં આપણું એક વન-વૃક્ષ પણ વહાલું લાગે છે.

# અજન્તાનો યાત્રી

## એક અદ્ભુત ચિત્રકાવ્ય


લે. સ્વ. રતિલાલ મોહનલાલ ત્રિવેદી બી.એ.

ભારતીય સંસ્કૃતિના અનન્ય અભ્યાસી, આદર્શ શિક્ષક તથા 'હિંદના વિદ્યાપીઠો' આદિ ગ્રંથોના લેખકે આ લેખમાં શ્રી ધીરજલાલભાઈની કાવ્ય-શક્તિનું વેધક પરીક્ષણ કર્યું છે.

**માનવ**–આત્માના 'ઉચ્છિષ્ટ' માંથી ધર્મ, સામ્રાજ્ય, સાહિત્ય અને કલા ઉત્પન્ન થયાં છે, એમ અથર્વવેદની એક ઉક્તિ છે. જેમ આ વિશ્વના મહાન કલાકારના નિરવધિ આનંદ અને અદ્ભુત તપમાંથી આ જગત સર્જાયું છે, તેમ પ્રત્યેક કલાની કૃતિમાં પણ ઉલ્લાસ અને સંયમ રૂપી બે તત્ત્વો રહેલાં છે. કલા એટલે આ બે વિરોધી તત્ત્વોનો સમન્વય.

હિંદની પ્રતિભા કલાનિષ્ઠ છે. એનું સાહિત્ય કલાની ભાષામાં લખાયેલું છે, એટલે એ સાહિત્ય સમજનારને કલાની ભાષાનો સૂક્ષ્મ પરિચય કેળવવો પડે છે; અને ત્યારે જ એ મનોરમ સૃષ્ટિની પાર રહેલા સત્યનું દર્શન થઈ શકે છે. પ્રત્યેક કવિ કે સાહિત્યસર્જકને પોતાની વિશિષ્ટ કલામય ભાષા હોય છે; જે દ્વારા એ સત્યની અભિવ્યક્તિ કરે છે. વેદના દ્રષ્ટાઓ, પુરાણસર્જકો અને કાલિદાસ, ભવભૂતિ આદિ કવિઓએ પોતપોતાની વિશિષ્ટ કલામય ભાષામાં કાવ્યો ગાયાં છે.

આ તો સાહિત્યવિષયક કલાની વાત થઈ, પરંતુ શિલ્પકલા અને ચિત્રકલાના પ્રદેશમાં પણ સાહિત્યવિષયક કલા જેટલો જ ઉત્કર્ષ હિંદની પ્રતિભાએ સિદ્ધ કર્યો છે. હિંદુસ્તાનના ઇતિહાસમાં ગુપ્ત સામ્રાજ્યનો સમય એ સાહિત્ય અને કલાનો વસંતકાળ હતો. અજન્તાના બૌદ્ધવિહારો અને નાલંદાનું મહાન વિદ્યાપીઠ એ સમયનાં ભવ્ય સંસ્મરણો છે. સૈકાઓ પર્યંત અજન્તાનાં ગુફામંદિરો અજ્ઞાત વાસમાં રહીને એક અંગ્રેજ લશ્કરી અમલદારના પરિભ્રમણમાંથી એકાએક જાહેરમાં આવ્યાં અને મુસલમાન સંસ્કૃતિના આગમન પૂર્વે પણ કેવું અદ્ભુત અને પરિપૂર્ણ શિલ્પ તથા



પ. પૂ. આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજ પંડિત શ્રી ધીરજલાલ શાહને વાસક્ષેપ નાખવાપૂર્વક આશીર્વાદ આપી રહ્યા છે.



પં. શ્રી ધીરજલાલ શાહ જ્યોતિષમહર્ષિ મુનિશ્રી પૂર્ણભદ્રવિજયજી મહારાજને મુંબઈ–શ્રી જિવાજીરાવ મહારાજ શિંદે હોલમાં શતાવધાનના પ્રયોગો કરાવી રહ્યા છે.



મુંબઇ-નેમાણીની વાડીમાં યોજાયેલ શ્રી પાર્શ્વ-પદ્માવતી આરાધનાનું એક દૃશ્ય. શ્રી ધીરજલાલ શાહ શ્રી નંદલાલ રૂપચંદ શાહ તથા શ્રી ધીરજબહેન નંદલાલ શાહને પુષ્પપૂજા કરાવી રહ્યા છે. પાછળ ક્રિયાસહાયક શ્રી રસિકલાલ નંદલાલ દોશી બેઠેલા છે.



શ્રી સમેતશિખર-તીર્થરક્ષા અંગે ગોડીજી જૈન ઉપાશ્રય-મુંબઇમાં શ્રી ધીરજલાલ શાહ જુસ્સાદાર પ્રવચન કરી રહ્યા છે.

ચિત્રકામ હતું તેની જગતને પ્રતીતિ કરાવી. વળી પૌરાતનિકોના અપાર શ્રમથી 'હજારો નાનાં નાનાં હળો નીચે દીર્ઘકાળથી ભૂમિમાં દટાયેલાં નાલંદાના ભવ્ય શિલાખંડો' બહાર આવ્યા અને ગુપ્ત અને પાલ વંશ વચ્ચેના શિલ્પકામની લાંબા સમયથી ત્રૂટતી કડીઓ મળી આવી. આ પ્રમાણે કાર્લાની ગુફાઓ અને ઈલુરાનાં ગુફા-મંદિરો પણ ઈસ્લામની અસર પહેલાંની હિંદી કલાની મહાન વિભૂતિઓ છે, પણ એ બધામાં અજન્તા તો હિંદી કલાનો કળશ છે.

મહાભારત જેમ હિંદની સંસ્કૃતિનું વિશ્વકાવ્ય છે, તેમ અજન્તા બૌદ્ધ સમયની હિંદની સંસ્કૃતિનું મૂક મહાકાવ્ય છે. એમાં ભગવાન બુદ્ધની જાતકકથાઓ દ્વારા વિશ્વનો અમર ચિત્રપટ આલેખાયો છે. એમાં માત્ર ચિત્રો જ જોનારનાં હૃદયને એ હલાવી નાખે છે તો સાક્ષાત્ દર્શન કરનાર કલારસિક હૃદયના તારને ઝણઝણાવે એ સ્વાભાવિક છે. ભાઈશ્રી ધીરજલાલે અજન્તાની યાત્રા બે વાર કરી અને બીજી યાત્રાનું પરિણામ આ કાવ્યરૂપે ફલિત થયું.

કવિ એ ચિત્રકાર કરતાં અમુક અર્થમાં અધિક છે. ચિત્રકાર પાસે રંગ છે, પણ શબ્દ નથી. કવિ પાસે ઉભય છે. કવિ એની પ્રતિભા ગાતાં ગાતાં વસ્તુનું સાક્ષાત્ દર્શન કરાવી શકે છે, તેમજ શબ્દલીલા દ્વારા મનોહર સૂરો સંભળાવી શકે છે. આ કાવ્યના રચનાર જેઓ ચિત્રકાર અને કવિ ઉભય છે, તેમણે એ મૂક સૃષ્ટિના આલેખનનું સાક્ષાત્ સૂક્ષ્મદર્શન કર્યું છે. એ પ્રતિમાદર્શનથી એમની પ્રતિભાને પ્રેરણા મળી છે અને તેથી જ એ મૂક પ્રતિભાઓના આંતરભાવોને હૃદયમાં ઝીલી કલ્પનાબળે ભાવમય વાણીમાં ગાઈ શક્યા છે.

અજન્તાનાં ચિત્રો ઘણાંયે થયાં છે, પરંતુ કાવ્ય તો કદાચ આ પહેલી જ વાર રચાયું છે.

કાવ્યના આરંભમાં જ કવિની વીણાના તાર ઝણઝણે છે. અનિલ, તરુવરો, વિહંગમો અને ગિરિનિર્ઝરો સંગીતની અને નૃત્યની અજબ ધૂન મચાવે છે. વૃક્ષેવૃક્ષે સુગંધી પુષ્પો ફોરે છે. મંદમંદ હાસ્ય કરતી ઉષા યાત્રીને શય્યામાંથી ઉઠાડે છે. એકાકી ચિત્રકાર યાત્રી સરિતાનું આતિથ્ય પામી એના વાંકાચૂંકા પ્રવાહના કાંઠે કાંઠે ચાલ્યો જાય છે. આ એકલવાયો અતિથિ ગન્તવ્ય સ્થાને પહોંચતાં ગિરિકરાડમાંની સોપાનમાળા ચડવા માંડે છે. એકાએક ભૂતકાળનો ગેબી પડદો ઉપડે છે. એના કલ્પનાનયન સમક્ષ અજન્તાના ઉત્થાનકાળથી માંડીને એમાં પુનઃદર્શન પર્યંતનો સાંગોપાંગ ઇતિહાસ દૃષ્ટિગોચર થાય છે. વિદ્યા, કલા અને શાન્તિના કેન્દ્ર અજન્તાનો જાહોજલાલીનો સમય, મુસલમાન આક્રમણ કાળમાં વનદેવીએ પોતાના ઉત્સંગમાં કરેલું આ કલાશિશુનું સંગોપન અને યોગ્ય અવસરે એનું જગત્ સમક્ષ કરેલું પ્રાકટ્ય ઈત્યાદિ દર્શન યાત્રી પામે છે. સોપાનમાળા પૂરી થયે યાત્રી અજન્તાના મહાવિહારમાં પ્રવેશ કરે છે. ત્યાં એ નાગરાજનું કુટુંબ,

સંસારચક્ર, ગાંધર્વગાન, હસ્તિનિયંત્રણ, ભગવાન બુદ્ધની ભવ્ય મૂર્તિ, યશોધરા, રાહુલ અને બુદ્ધનું ભાવવાહી ચિત્ર, ભગ્નદૂત, ઇંદ્રનો પ્રણયોત્સવ, બુદ્ધપરિનિર્વાણ, જાતક-માળામાંના ક્ષાંતિવાદ આદિ પ્રસંગો, સર્વોત્તમ ભાતચિત્રો ( Designs ) અવલોકિતેશ્વર, યક્ષદંપતી અને મારવિજય વગેરે ચિત્રો એક પછી એક મીટ માંડીને અવલોકે છે. યાત્રિના ચિત્રદર્શનનું પર્યવસાન કલાસમાધિમાં થાય છે.

આ કાવ્યના ત્રણ ખંડો છે : (૧) પ્રકૃતિની લીલામાં અજન્તાના યાત્રીનું પ્રયાણ, (૨) અજન્તાના ભૂતકાળનું દર્શન, (૩) ચિત્રદર્શન.

કાવ્યનો પ્રથમ ખંડ પ્રકૃતિ અને માનવહૃદયના મધુર મિલનનું મનોહર ચિત્ર છે. ધૂની કલાકાર પ્રકૃતિના ઉત્સંગમાં સૂતો છે. એને જાગૃત કરવા પ્રકૃતિનાં પરિજનો ગીતધૂન મચાવી રહ્યાં છે. સાંભળો :

અનિલદલ બજાવે કુંજમાં પેસી બંસી,
તરુવર વરશાખા નૃત્યની ધૂન ચાલે;
વિહગગણ મધુરા સૂરથી ગીત ગાય,
ખળ ખળ ખળ નાદે નિર્ઝરો તાલ આપે.

સંગીતની આ રમઝટ વચ્ચે ઉષાસુંદરી કોમળ કરસ્પર્શે ફેરવી યાત્રીને ઉઠાડે છે. યાત્રી સફાળો ઉઠે છે, પણ ઉષા પ્રત્યે સ્નેહભરી નજર નાખવા યે રોકાતો નથી. એ તો ઝટઝટ સાદડી વાળી, જ્યેષ્ઠિકા હાથમાં લઈ, ચિત્રઝોળી કાંધે ભરાવીને ઉતાવળો ઉતાવળો ચાલી નીકળે છે. પરંતુ એને માર્ગ કોણ બતાવશે ? સરિતાસુંદરી એની સખી બની આમ તેમ ઝટપટ ચાલતી એને આનંદથી માર્ગ બતાવે છે. નિયત સ્થાને પહોંચવાની યાત્રીની કેટલી તીવ્ર ઉત્કંઠા છે, તેનું નીચેની પંક્તિઓમાં સુંદર દર્શન થાય છે :

પળ પળ વધતો તે યાત્રી આતુરતામાં,
પળ પળ વધતું તે રૂપ કલ્લોલિનીનું;
પળ પળ વધતા તે પ્હાડ ઉંચા સૂતેલા,
પળ પળ વધતો તે ભાનુ આકાશ માર્ગે.

પહાડની કરાડ પરની સોપાનમાળા જોતાં વેંત જ યાત્રીનું હૃદય અભિનવ આનંદથી ઉભરાય છે.

દૃગ સમીપ પડે ત્યાં એક સોપાનમાળા,
અભિનવ ઉર રંગે યાત્રી ત્યાં પાદ દેતો.

અહીં કાવ્યનો પહેલો ખંડ પૂરો થાય છે. (૨) બીજા ખંડમાં અજન્તાનું ઇતિહાસ-દર્શન છે. આ દર્શન કરવા જેવું છે. જુઓ :

તે ક્ષણે કાળ ઉપાડી પડદો ગેબી ભૂતનો,
અનેરું દૃશ્ય દર્શાવે મહાકલા મુમુક્ષુને.
કોઈ ભિખ્ખુ નયન નમણાં અર્ધઢાળી ઊભા છે,
ધીરે ધીરે મુખથી વદતાં પાઠ કૈં પિટ્ટકોના;
કોઈ ભિખ્ખુ દૂર દૂર થકી લાવતા યાચી ભિક્ષા,
ધીમેધીમે પગથી ચઢતાં ગુણશ્રેણી સમાન.
કોઈ ભિખ્ખુ સ્વકર ધરીને કાષ્ઠનું વારિપાત્ર,
ધીરે ધીરે પથ ઉતરતાં સૃષ્ટિસૌંદર્ય જોતાં;
યાત્રીવૃંદો જય જય વદે ભાવથી બુદ્ધ કેરી,
જેણે જોયો સકળ જગતે માર્ગ નિર્વાણદાતા.
ધીમે ધીમે શ્રમણકુલ એ થાય વિલીન ત્યાંથી,
અંતે કોઈ દીસતું નહિ ને ધામ એ સાવ સૂનાં.

જતે દહાડે ઇસ્લામીઓનું આક્રમણ થયું, હિંદનાં સંસ્કૃતિનાં ધામોનો વિધ્વંસ થવા માંડયો. જાણે આ પ્રલયમાંથી એ કલાક્ષેત્રને બચાવવા પ્રકૃતિમાતાએ એનું સંગોપન કર્યું. .

શિલાખંડે પૂર્યાં દ્વાર, છાવરી રજ ઉપરે,
ઉગાડીને લતાવેલ, ગોપવ્યું અદ્રિના ઉરે.

એ કલાતીર્થના રક્ષણ અર્થે વનદેવી આ ગોપનકાળમાં સિંહ અને વ્યાઘ્રને ચોકીદારો નીમે છે.

આ કલાતીર્થનું મહાદ્વાર અનેક શતાબ્દીઓ પછી ઉઘડે છે. મેજર ગીલ એક ભુંડના શિકારની પાછળ ચડી આવે છે, એ સામાન્ય પ્રસંગને મનોહર કલ્પનાની દૃષ્ટિથી આલેખવામાં આવ્યો છે. ગીલ આ મહાન કલાધામ જોઈને આશ્ચર્યચકિત થાય છે. એ ઉચ્ચારે છે :

આ સ્તંભ શા? સ્તબક શા? વળી ચિત્ર શેનાં?
કો દેવીના ભુવન તો નહિ ભવ્ય હોય?

અજન્તા ફરી પાછું ઈતિહાસની રંગભૂમિ પર દૃષ્ટિગોચર થાય છે અને કલાધરો અને ઈતિહાસકારોનું યાત્રાધામ બને છે. ત્યાં બીજો ખંડ પૂરો થાય છે.

(૩) ત્રીજા ખંડમાં ચિત્રદર્શન છે. વિવિધ ચિત્રોના સામાન્ય અને વિશિષ્ટ ભાવો ભારે કુશળતાથી અહીં પ્રગટ થયા છે. નીચેની પંક્તિઓમાં એ ભાવો ટૂંકામાં પણ સચોટ રીતે કેવી રીતે વ્યક્ત થયા છે, તે જોઈ શકાય છે.

સુવેગ રેખા મનહારી રંગ,
તાદશ્ય ભાવો ઉરનાં અભંગ;
ગતિ સ્થિતિ ને અનુભાવ મુદ્રા,
આયોજને યે પરિપૂર્ણ સિદ્ધિ.
પલંબ નેત્રો, ભ્રૂકૂટિ નમેલી,
વળેલી નાસા અતિ ખેદ ભાવે;
સંપૂટ ટુંકા દ્વય ઓષ્ઠ કેરા,
ઉદ્બોધિ મુદ્રા કરની બતાવે.
સુચારુ ગાત્રો કમનીય કાંતિ,
આછાં રૂપાળાં વસનો ઘરેણાં,
પ્રગૂઢ ભાવો અતિ અલ્પરેખા,
અભિનયે તો નહિ જોડ આની.

અવલોકિતેશ્વરનું ચિત્ર તો સર્વાંગ સુંદર છે. એ ચિત્ર જોતાં ચિત્રકાર-કવિ જાણે આનંદ-સમાધિમાં લીન બને છે. આ રહ્યું તે ચિત્ર.

અહો ! અહો ! આ અવલોકિતેશ,
ઉત્કૃષ્ટ ભાવે અહીંઆં વિરાજે;
વિચારધારા મનની વહે છે,
સંસાર કેરા અતિ કૂટ પ્રશ્ને.
ભ્રૂ ચાપનશ્રા સુવિશાલ ભાલ,
નેત્રો મીંચેલાં અધપોયણાં શાં;
પ્રલંબનાસા યશકીર્તિ ગાય,
એ રાજરાજેશ તણી પ્રભૂત.
મધુ મુખેથી ઝરતું ભૂલાવે,
પિયૂષધારા રજનીપતિની;
વિશાળ સ્કંધો અતિ દીર્ઘ બાહુ,
પૃથ્વીવિજેતા નર સૂચવે છે.
દક્ષિણ હસ્તે ધર્યું પદ્મ એક
સ્પર્ધા કરંતુ મુખપદ્મ સાથે;
અંગુલિઓ તો ભ્રમ ઉપજાવે,
શું મોગરાની કળીઓ વધેલી
સૌંદર્યકેરી થતી પૂર્ણ સીમા,
આભૂષણોનાં રૂપ-રંગ-ઘાટે.

મારવિજયના વર્ણનમાં પ્રલોભનોના સ્વરૂપનો તાદૃશ ચિતાર આપવામાં આવ્યો છે.

પ્રલોભનોનો અહીં માર રાજા,
લૈ સૈન્ય ઉભો છળવા ગુરુને;
છ યે ઋતુઓ ધરી રૂપ આવે,
ચારુલતા શાં નવયૌવનાનાં.
યશોધરાનું વળી રૂપ કોઇ,
નાના વિલાપો કરતું જણાય;

એ પ્રલોભનો વચ્ચે બોધિસત્ત્વ અચળ મેરુ સમાન સુદૃઢ રહે છે. આ જ એનો મારવિજય.

આપણો યાત્રી આ રસદર્શન પામી કલાની મહાન દીક્ષા લે છે. કલા એ જીવનનું ધર્મકાર્ય છે, તે વૈભવ કે ધન પ્રાપ્તિને અર્થે નથી એવો એ દૃઢ સંકલ્પ કરે છે. આવી માનસિક સ્થિતિ પ્રાપ્ત થતાં કલાકાર રસ–સમાધિમાં લીન બને છે. આ અભેદાનુભવમાં જડ-ચેતનના ભેદો વિલીન થાય છે.

આરૂઢ થાતો રસશિખરે તે,
જ્યાં ભેદ ભૂલ્યો જડચેતનાના.

કાવ્યની અંતિમ પંક્તિઓ કલાનિષ્ઠ હૃદયની સાચી વાસના અને કલા પ્રત્યે ઉંડો ભક્તિભાવ પ્રકટ કરે છે અને એમાં અજન્તાની પ્રશસ્તિ પૂરી થાય છે.

ધર્મધામ, કલાતીર્થ તું વિદ્યાપીઠ વિશ્વની,
દેજે દેજે કલાદીક્ષા આત્મદેશ ઉજાળવા.
ઝઝૂમી કાળની સામે યાવચ્ચંદ્ર-દિવાકર,
ગાજે ગાજે મહાગાથા હિંદના ઇતિહાસની.

કાવ્યમાં વૃત્તની સુયોગ્ય રીતે પસંદગી થઈ છે. ગન્તવ્ય સ્થાને પહોંચવા અધીરા બનેલા યાત્રીની ત્વરિત ગતિ માલિની વૃત્ત દ્વારા વ્યક્ત થાય છે. પ્રથમ ખંડમાં પથિકના અટપટા માર્ગાનુસાર વૃત્તોમાં પણ વારંવાર પલટો થાય છે. બીજા ખંડમાં મુખ્ય છંદ મંદાક્રાંતા ગંભીરતા અને કરુણતાના ભાવો પ્રદર્શિત કરે છે. ત્રીજા ખંડમાં વર્ણનને માટે ઉપજાતિ છંદ સફળ રીતે યોજાયો છે. અનુષ્ટુપ્ અને વસંતતિલકા વચ્ચે વચ્ચે વિવિધતા પૂરે છે.

આમ આ કાવ્યની સમીક્ષા પૂરી થાય છે. આ અદ્‌ભુત ચિત્રકાવ્ય ગૂજરાતી કાવ્યસાહિત્યમાં એક નવીન દિશા ઉઘાડે છે. આ પ્રકારનાં કાવ્યો અધિકાધિક રચાય તો ગૂજરાતની કવિતા–સામગ્રીમાં બેશક સમૃદ્ધ ઉમેરો થાય.



श्री धीरजलाल टोकरशी शाहनी

# કવિતાભક્તિ

## સાધક અને બોધક તત્ત્વોનો સમન્વય

લે. શ્રી વેણીભાઈ પુરોહિત

ગુજરાતના સુપ્રસિદ્ધ કવિ અને કાવ્યવિવેચક
શ્રી ધીરજલાલભાઈનાં ખંડકાવ્ય તથા છૂટક કાવ્યોનું
નિરીક્ષણ કર્યા પછી આ લેખને અક્ષરદેહ આપ્યો છે.

કવિતાનું ગગન અસંખ્ય તારલાઓથી ઝગમગતું હોય છે. અવનીના ગગન જેવી જ કવિતાના ગગનની ગહનતા છે. એ ગગનમાં ઊગેલા કવિતારૂપી તારલાઓના સામુદાયિક ઝગમગાટમાંથી જે તેજ પ્રગટે છે, તે આપણને પુલકિત કરી મૂકે છે.

હૃદયની ઊર્મિઓને, હૃદયના ચિંતનને અને હૃદયના અનુભવને કવિતાનાં ઝરણારૂપે વહાવવાનો પણ આનંદ છે. પોતે જે અનુભવ્યું તે બીજા પણ અનુભવે, એવી ભાવના થતી હોય છે. આજે તો આપણને દુનિયાભરના કવિતાપ્રવાહનો પરિચય થઈ શકે છે. દરેક દેશને પોતાની કવિતા છે. એ કવિતાની વ્યાખ્યા છે. એ વ્યાખ્યા પણ કાલાનુક્રમે પરિવર્તન પામતી રહે છે. પરિવર્તન વિના પ્રગતિ નથી. પરિવર્તનના વહેણ વિના પરિસ્થિતિ અંધિયાર બની જાય. ગુજરાતી કવિતામાં પણ એવી જ રીતે તબક્કે તબક્કે પરિવર્તનો આવતાં રહ્યાં છે. કવિતાની વિભાવના બદલતી રહી છે. માત્ર છંદોબદ્ધ પદાવલિ એ કંઈ કવિતા નથી. જે ગુરુ છંદ શીખવે, તે કવિ ન પણ હોય. અને છંદ શીખે છે તે કવિ બની પણ જાય છે. આજે તો અધિકાંશ રચનાઓમાં કવિતા પોતાનો આવિષ્કાર શોધે છે. કવિતાના આકાર અને પ્રકાર વિશે તબક્કે તબક્કે દરેક દેશમાં મતમતાંતરો જાગ્યાં છે અને એ મતમતાંતરોમાં કાવ્યતત્ત્વ કસોટીએ ચડતું આવ્યું છે. આમાં કેટલીક

કવિતા કદાચ કસોટીમાંથી પાર ઉતરી નહિ હોય, પણ કાવ્યતત્ત્વ તો સાંગોપાંગ પાર ઉતરતું આવ્યું છે.

શ્રી ધીરજલાલ ટોકરશી શાહ જાણીતા જૈન વિદ્વાન છે. સર્જન, સંશોધન અને સંવર્ધનની તેમની પ્રવૃત્તિ અનેકદેશીય છે. આમ તો તેઓ એક અચ્છા શતાવધાની તરીકે સુવિખ્યાત છે, પણ શતાવધાનીપણું એ જુદી વાત છે અને કવિતા એ નિરાળો પ્રદેશ છે. બહુ ઓછા સદ્ભાગીઓને વિવિધ પ્રતિભા વરી હોય છે. શ્રી ધીરજલાલ ટોકરશી શાહના હૃદયમાં શતાવધાની તરીકેની સ્મૃતિની ગાણિતિક પ્રતિભા તો છે જ, પણ સાથે સાથે કવિતાનું પાતાળઝરણું પણ વહ્યા કરે છે.

આ કંઈ આજની વાત નથી. છેક ૧૯૩૧માં "અજંતાનો યાત્રી" નામક તેમનું એક ગણનાપાત્ર ખંડકાવ્ય પ્રગટ થયું ત્યારથી આજ સુધી તેઓ અવાર-નવાર કવિતા દ્વારા પોતાની ભાવના વ્યક્ત કરતા આવ્યા છે. ગુજરાતી સાહિત્યમાં જે પંડિતયુગ તરીકે ઓળખાય છે, તે અરસાના કાવ્યસર્જનની પ્રણાલીને શ્રી ધીરજલાલભાઈએ અદલો-અદલ અપનાવીને આ ખંડકાવ્ય રચ્યું છે. તેમાં છંદોવૈવિધ્ય પણ ભાવવૈવિધ્યની સાથોસાથ આપ્યું છે. અજંતાની ગુફાઓ પર સમયના થર જામ્યા અને ત્યાં વનરાજી વગેરે એવાં ઊગી ગયાં કે આ બૌદ્ધકાલીન કલાધામ તેમાં ઢંકાઈ ગયું. ઇતિહાસના વારાફેરામાં આવડા અદ્ભુત શિલ્પધામની સુંદરતા સુરક્ષિત રહેવા માટે જ જાણે ઢંકાઈ ગઈ. કાલાંતરે "એક અંગ્રેજી લશ્કરી અમલદારના પરિભ્રમણમાંથી એકાએક" આ કલાનો વારસો આપણી પ્રજાને જાણે પુનરપિ પ્રાપ્ત થયો.

"અજન્તાનો યાત્રી" નામક આ ખંડકાવ્ય પ્રગટ થયું, તેના પ્રવેશકમાં શ્રી રતિલાલ મોહનલાલ ત્રિવેદીએ આ કવિતાની, સંસ્કૃતિની અને બૌદ્ધકાલીન કલાપ્રાગટ્યની તવારીખી ખૂબીઓ સુપેરે સમજાવી છે. આ પ્રવેશક પોતેજ શ્રી ધીરજલાલ ટોકરશી શાહના કાવ્યસર્જનની કેવી પ્રતિભા છે તે દર્શાવી દે છે. અને ખરેખર, "અજન્તાનો યાત્રી" એ ખંડકાવ્યના પ્રકારનું નોંધપાત્ર અર્પણ છે. છંદ પરનું પ્રભુત્વ, છંદ દ્વારા ભાવ પ્રમાણે નિરૂપણ એ બધું શ્રી ધીરજલાલ ટોકરશી શાહના અભ્યાસનો પરિચય કરાવે છે. "અજન્તાનો યાત્રી" એ તેમનું ઉત્તમ સર્જન છે. એમાં શબ્દચિત્રો, અને ભાવચિત્રોનો સુભગ સંગમ છે. અજંતાના અજાણ્યા બૌદ્ધકાલીન શિલ્પીઓએ જે કલા કંડારી, જે શૈલી પ્રગટ કરી, જે સમર્પણ કર્યું, તે બધું શ્રી ધીરજલાલ ટોકરશી શાહે પોતાના શબ્દ-શિલ્પમાં પ્રગટ કર્યું છે. આ ગુજરાતી કાવ્યનો સંસ્કૃતમાં અનુવાદ પણ પ્રગટ થયો છે. અજંતાના શિલ્પો જોઈને એક મુસ્લિમ ક્યુરેટરે એક ગઝલ લખી હતી. તે ગઝલ પૂરી તો યાદ નથી, પણ આ શિલ્પકારોને અંજલિ આપતાં લખેલી છેલ્લી પંક્તિ આજેય યાદ છે. તેણે એ શિલ્પકારો માટે કહ્યું કે "જિયે ભી કામ કે લિયે, મરે ભી કામ કે

લિયે" આ પહેલાં આ શેરની ઉપલી પંક્તિ હતી, તેમાં હતું કે તેઓએ આ બધું કર્યું છે પણ પોતાના નામ માટે નહિ.

"અજન્તાનો યાત્રી" ઉપરાંત તેમણે અન્ય રચનાઓ પણ કરી છે. આ રચનાઓ જોતાં શ્રી ધીરજલાલ ટોકરશી શાહનું છંદો પરનું પ્રભુત્વ તુરત પરખાઈ આવે છે. વર્ણનછટાનો મહાવરો જણાઈ આવે છે. પ્રાસાનુપ્રાસની ચીવટ જોઈ શકાય છે. ગેય રચનાઓમાં કવિ નાનાલાલની આછી આછી અસર સ્વાભાવિક રીતે જ આવી ગઈ છે, કારણ કે કવિ નાનાલાલ પોતાના જમાના પર ત્યારે છવાઈ ગયા હતા. એમનું શબ્દલાલિત્ય, ડોલન, મંજુલતા અને લયછટા ગુજરાતી સાહિત્યમાં આગવું સ્થાન ધરાવે છે.

આ પ્રકીર્ણ નાની નાની છંદોબદ્ધ અને ગેય રચનાઓ દ્વારા શ્રી ધીરજલાલભાઈએ ધર્મભાવના, સદ્ભાવના સદ્બોધ, પ્રાર્થના અને ફિલસૂફીનું ચિંતન-મનન વહાવ્યું છે. તોટક, શિખરિણી, અનુષ્ટુપ, ઉપજાતિ, વસંતતિલકા અને હરિગીત જેવા છંદો, દોહરા, પદ, ગરબી વગેરે માત્રામેળ રચનાઓ પર હાથ અજમાવ્યો છે.

રચનાઓમાં રાષ્ટ્રભક્તિ પણ છે. માનવપ્રેમ, પ્રભુપ્રત્યેની શ્રદ્ધા, પ્રકૃતિપ્રેમ, પંખી, પુષ્પો, ગિરિવર, સરોવર, સાગર, સરિતા, ઝરણાં, વનરાજિ વગેરેનાં શબ્દાલેખનો શ્રી ધીરજલાલભાઈની આ રચનાઓમાં જોવા મળે છે. "શરણાઈ અને ઢોલ" નામની કૃતિમાં દલપત શૈલિની છટા છે. એકાદ ઉર્દૂ કૃતિ પણ તેમણે અજમાવી છે. આ ઉપરાંત ઉખાણાં છે, પ્રહેલિકા છે, બહિર્લાપિકા છે.

"અજન્તાનો યાત્રી" માં જેમ ભાષાની પ્રશિષ્ટતા છે, તેમ આ પ્રકીર્ણ રચનાઓમાં ભાવની સરળતા અને વર્ણનની પ્રાસાદિકતા છે. કવિતાભક્તિ ક્યાંક ક્યાંક કાલીઘેલી છે, પણ તેની સચ્ચાઈ વિશે શંકા નથી. નિષ્ઠા નીતર્યાં નીર જેવી છે. કલાનું કોઈપણ સ્વરૂપ હોય, તેના ભૌતિક હેતુ ગમે તે હોય પણ તેનો આધ્યાત્મિક ઉદ્દેશ તો પરમાર્થને પ્રાર્થવાનો અને પરમાર્થને પામવાનો છે.

શ્રી ધીરજલાલભાઈની કવિતા કેવી આશાવાદી છે, કેવી સમથલ છે, કેવી પ્રૌઢ છે, કેવી સ્વસ્થ છે, તે તેમની જ બે પંક્તિમાંથી આપોઆપ સમજાય છે.:–

વિશ્વમાં સઘળે રસ ભર્યો છે, એક અખંડ અપાર;
ધીરજથી રસપાન કરતાં, રસ ભર્યો સંસાર.

ઘણી મોટી વાત તેમણે કહી દીધી છે. માનવીને જો પીતાં આવડે તો માત્ર જીવનમાં જ નહિ, સમગ્ર વિશ્વમાં બધે જ રસઝરણાં વહે છે. એ ઝરણાં એકધારાં છે, અખંડ છે અને અપાર છે. જીવનની તડકી છાંયડી વચ્ચેથી ધૈર્યપૂર્વક પસાર થઈએ અને રસનું પાન કરીએ તો સંસાર રસભર્યો બની જાય. આ દૃષ્ટિ અનુભવમાંથી જન્મેલી છે. એમની

રચનાઓની સરળતામાં સૂક્ષ્મતાના ઝબકારા જોવા મળે છે. જીવનને જોવાનો અને જીવનને જીવવાનો વ્યવહારધર્મી, પ્રાર્થનાધર્મી, ચિંતનધર્મી બોધ શ્રી ધીરજલાલભાઈની કવિતામાં જાણે પરમાર્થ ભાવે પ્રગટ્યો છે.

એમની જ એક પંક્તિ છે :–

"નિજ સ્થાને રહીને નીરુખો રે
તો પાણીડાં અપરંપાર."

જીવનમાં નિજ સ્થાન શોધવું એ જ મુશ્કેલ કામ છે. સ્થાન તો મળી જાય, પણ નિજ સ્થાન મળવું સહેલું નથી. નિજસ્થાન મળ્યા પછી બધી તરસ મટી જાય છે, તદાકાર થઈ જવાય છે. આ નિજસ્થાન તપ, ભક્તિ અને જ્ઞાનથી મળે છે. ધીરજલાલભાઈની કવિતામાં આવો જ્ઞાનાનંદ પણ ઝગારા મારે છે.

પોતાની કવિતાના ગગનમાં પાંખો પસારીને તેમણે ઉડ્ડયન કર્યું છે. જેટલી ઊંચાઇએ પહોંચી શકાય તેટલી ઊંચાઇને તેઓ આંબી ગયા છે. ઊંચાઇને આંબવાની લગની પણ એક સાધકની કવિતા છે. શ્રી ધીરજલાલ ટોકરશી શાહની કાવ્ય રચનાઓમાં સાધક અને બોધક તત્ત્વનો સમન્વય છે.

## દિવ્ય રેવા

આવે છે પુર યૌવને મલકતી શ્યામા મનોહારિણી,
ગાતી ગીત રસાલ નૃત્ય કરતી દિવ્ય દ્યુતિધારિણી;
ભેદી ભીષણ કાનનો ગિરિ ગુહા વેગે અતિ હું ભણી,
ક્રીધી વાત કહાય ના મુજ થકી આ દિવ્ય રેવા તણી.

—ધી૦



# શતાવધાની પં. શ્રીયુત ધીરુભાઈ

**લે. પ. પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરિજી મહારાજ**

ઊંડા શાસ્ત્રાભ્યાસ સાથે ઉદાર વિચારોને અપનાવનાર અને ધાર્મિક તથા સામાજિક ક્ષેત્રે અનેક જાતના રચનાત્મક કાર્ય કરનાર આચાર્યશ્રી આ લેખમાં શ્રી ધીરજલાલભાઇ અંગેના પોતાના વિચારોને અત્યંત નિખાલસતાથી વ્યક્ત કરે છે.

ભારતીય સંસ્કૃતિ પુનર્જન્મના સિદ્ધાન્તને માનનારી છે. કોઈ પણ વ્યક્તિને વર્તમાન જીવન દરમ્યાન પ્રાપ્ત થતા બાહ્ય–અભ્યન્તર અનુકુલ–પ્રતિકુલ સંજોગો ગતજન્મના અનુકુલ–પ્રતિકુલ પુરુષાર્થને આભારી છે.

શ્રીયુત્ ધીરૂભાઈ અને હું આજથી ૫૫–૫૬ વર્ષો અગાઉ અમદાવાદ શેઠ ચીમનલાલ નગીનદાસ બોર્ડિંગમાં સાથે ભણનારા ભોજન–શયન અને રમતગમત સાથે કરવા ઉપરાંત બોર્ડિંગના નિયમાનુસાર હંમેશા દેવદર્શન–પૂજન વગેરે ધાર્મિક પ્રવૃત્તિ કરનારા સહાધ્યાયીઓ હતા. અમો બન્નેમાં બીજાઓને અદેખાઇ આવે એવી મિત્રતા હતી. અમો બન્નેનું જન્મસ્થાન સૌરાષ્ટ્રના ઝાલાવાડમાં નજીક નજીક હતું. હું અભ્યાસમાં એક ધોરણ આગળ હતો અને શ્રી ધીરૂભાઇ મારાથી ઉંમરમાં એક બે વર્ષે નાના હોવા સાથે અભ્યાસમાં એક ધોરણ પાછળ હતા, એમ છતાં અમારી મિત્રતા તો અજોડ હતી. મેં તો પાંચ વર્ષ પર્યંત ચી. ન. બોર્ડિંગમાં રહીને વ્યવહારિક શિક્ષણ અને ધાર્મિક શિક્ષણ સાથે સંસ્કારનો વૈભવ પ્રાપ્ત કરી મારા પુન્યવંતા પ્રારબ્ધ પ્રમાણે સંયમના પવિત્ર પંથે પ્રયાણ કર્યું, જેમાં મારા મિત્ર તરીકે શ્રી ધીરૂભાઈ પણ સહાયક રહ્યા હતા. જ્યારે ધીરૂભાઈ તો ત્યારબાદ વર્ષો સુધી ચી. ન. બોર્ડીંગમાં અભ્યાસ માટે રહ્યા અને અમુક વર્ષો સુધી બોર્ડીંગના સંચાલનકાર્યમાં પણ તેમણે પોતાની શક્તિનો ભોગ આપી બોર્ડીંગનું ઋણ યથોચિતપણે અદા કર્યું હતું.

બોર્ડીંગના ચાર વર્ષના સહવાસ દરમ્યાન શ્રીયુત્ ધીરૂભાઈનો વિદ્યાવ્યાસંગ, હરકોઈ ભારતીય કળાને પ્રાપ્ત કરવા માટે તેમની તમન્ના અને કુશાગ્રબુદ્ધિનો મને જે પરિચય થયેલો તેનાં યથાર્થ ફળો આપણે સહુ કોઇ ધીરૂભાઈમાં યથોચિતપણે આજે અનુભવપૂર્વક જોઈ રહ્યા છીએ.

તેમણે વ્યાવહારિક શિક્ષણ મારી સમજ પ્રમાણે વિનીત સુધી પ્રાપ્ત કરેલ છે. ઇંગ્લીશ–ગુજરાતી ભાષા ઉપરાંત હિન્દી અને સંસ્કૃતભાષાનું જ્ઞાન સારા પ્રમાણમાં ધરાવે છે. તેમનું વાંચન–ચિંતન–મનન અને નિદિધ્યાસન ઘણું વિશાલ પ્રમાણમાં છે

જેનાં પરિણામે વિવિધ ભાષાના જ્ઞાન ઉપરાંત આયુર્વેદ, મંત્ર, તંત્ર વગેરે વિષયોનું ઉંડાણથી જાણપણું પ્રાપ્ત કરવા સાથે યોગ અને અધ્યાત્મના વિષયોમાં તેઓએ ઘણી સારી પ્રગતિ સાધેલ છે.

પં. શ્રીયુત્ ધીરૂભાઈની વક્તૃત્વશક્તિ ઘણી સારી છે. તેમની વાણીમાં મધુરતા અને જુસ્સો હોવાથી કોઈ પણ વિષયનું સવિસ્તર વિવેચન કરી શકે છે.

તેમની લેખનશક્તિ પણ ઘણી પ્રશસ્ત છે. આજ સુધીમાં અનેક વિષયોના મોટા-નાના સેંકડો ગ્રન્થોના સાહિત્યનો રસથાળ તેમણે સમાજને ચરણે ધરેલ છે.

જૈનદર્શનના તત્ત્વજ્ઞાનના વિષયમાં પણ તેમણે ઘણું ખેડાણ કરેલ છે, જેના પરિણામે જીવવિચાર, નવતત્ત્વ, જિનોપાસના, મહાવીર-વચનામૃત વગેરે વગેરે અનેક ગ્રન્થોનું સર્જન તથા સંપાદન તેઓ કરી શકયા છે. યોગ-અધ્યાત્મ-મંત્ર-તંત્ર અને જપના વિષયમાં તેઓ સારૂં જ્ઞાન ધરાવે છે અને સર્વ કોઈને પ્રિય થાય તેવા એ વિષયના અનેક દળદાર ગ્રન્થોની પણ તેમણે રચના કરી છે.

શાસન તેમજ સમાજના કોઈ મોટા નાના સમારંભનું સંચાલન કરવાની અને સાંગોપાંગ સફલતાપૂર્વક તેને પાર પાડવાની શક્તિ ધીરૂભાઈ સિવાય પ્રાયઃ બીજે ઓછી જોવા મળે છે. ૧૧-૧૨ વર્ષો અગાઉ મુંબાદેવીના વિશાલ પટાંગણમાં મુનિપ્રવર શ્રી યશોવિજયજીની પ્રેરણાથી અમારી નિશ્રામાં ઉજવાયેલ વિશ્વશાંતિનો ચિરસ્મરણીય ભવ્ય પ્રસંગ, તેમજ બે વર્ષ અગાઉ બિરલા માતુશ્રી સભાગારમાં મુનિવર્ય શ્રીયશોવિજયજીએ તૈયાર કરેલ તીર્થંકર ભગવાન મહાવીર પ્રભુના ૩૫ ચિત્રો અને ત્રણ ભાષામાં અપાયેલા ચિત્રપરિચયથી શોભતા અપૂર્વ મહાગ્રન્થનો પ્રકાશન-સમારંભ આ બાબતની સાક્ષી આપે છે. એક વાતની ખાસ યાદ આપવી જરૂરી છે અને તે એ કે મુંબઈના જૈન જગતના જાહેર જીવનમાં છેલ્લા ૨૩ વર્ષમાં તેઓ જે ભાગ ભજવતા રહ્યા છે, તેનો આદ્ય યશ મુનિશ્રી યશોવિજયજીને ઘટે છે. મુનિજીની યોગ્ય વ્યક્તિની યોગ્ય કદર કરવાની, શક્તિશાલિઓની શક્તિને યોગ્ય ક્ષેત્ર પૂરૂં પાડી તેને આગળ વધારવાની ઉદાત્ત ભાવનાને આભારી છે.

પં. ધીરૂભાઈની સ્મરણશક્તિ ઘણી અદ્‌ભૂત છે અને તે કારણે સો ઉપરાંત અવધાનના અટપટા પ્રયોગો કરી શકે છે. બાલ્યવયથી જ ધીરૂભાઈ ધર્મના અનુરાગી હોવાને કારણે અત્યાર સુધીના જીવન દરમિયાન ગૃહસ્થાશ્રમમાં રહી એક શ્રદ્ધાસંપન્ન શ્રાવક તરીકે તેમણે યથોચિત આત્મકલ્યાણની સાધના કરી છે.

હવે બાહ્યભાવોનો પરિત્યાગ કરી સંયમી જીવનનો લ્હાવો લેવા કટીબદ્ધ બની મારી સાથેની બાલ્યવયની મૈત્રીને નવજીવન આપે અને વર્ષો પર્યંત સાધનાના પવિત્ર પંથે આગળ વધે, એ જ મારી શુભેચ્છા.



# પુરુષાર્થના અડીખમ યોદ્ધા

લે૦ પ.પૂ. મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજ

સાહિત્ય અને કલાના ક્ષેત્રે અવનવા અનેક અભિગમો આપનાર મુનિશ્રી શ્રી ધીરજલાલભાઈ અંગે પોતાના અઢી દાયકાના સંસ્મરણોને અહીં વિશદ વાચા આપે છે.

મારા ધર્મસ્નેહી શતાવધાની પંડિતશ્રી ધીરજલાલભાઈનો વિચાર કરતાં મારા મનમાં અનેક સંસ્મરણો જાગે છે. છેલ્લાં પચીશ વર્ષથી તેમનો સતત સંપર્ક રહ્યો છે અને તેમની અનેકવિધ પ્રવૃત્તિઓનો સાક્ષી બન્યો છું. કેટલીક પ્રવૃત્તિઓ સાથે રહીને પણ કરી છે અને તેમની પ્રત્યુત્પન્ન મતિ, કાર્યકુશલતા તથા ધર્મનિષ્ઠાથી અત્યંત પ્રભાવિત થયો છું.

વિ. સં. ૨૦૦૫માં વડોદરા કોઠી પોળમાં અમારું ચાતુર્માસ હતું, ત્યારે પ્રબોધ ટીકાના કાર્ય અંગે તેમને ત્યાં આવવાનું થયું. તેઓ પંડિત શ્રી લાલચંદ ભગવાન ગાંધીના મહેમાન બન્યા. એક દિવસ તેઓ દર્શને આવ્યા. ત્યાં જૈન ધર્મના પ્રચાર અંગે વાર્તાલાપ થયો અને સાધુઓએ કેવી તૈયારીઓ કરવી જોઈએ, તે અંગે તેમણે પોતાના વિચારો દર્શાવ્યા. એમ કરતાં અવધાનપ્રયોગોની વાત નીકળી. તેમણે કહ્યું: ‘તમારી શીખવાની તૈયારી હોય તો હું અવધાન શીખવવા તૈયાર છું. મારે અહીં થોડા દિવસ રોકાવાનું છે, તે દરમિયાન બપોરે અહીં આવતો રહીશ.’ તેમણે મને તથા મુનિશ્રી જયાનંદવિજયજી બંનેને અવધાન શીખવાનો અનુરોધ કર્યો, પણ હું અન્ય કાર્યોને અંગે સમય લઈ શકું તેવું ન હોવાથી મેં મુનિશ્રી જયાનંદવિજયજીને તૈયાર કરવા આદેશ કર્યો અને તેમને અવધાન–શિક્ષણનો આરંભ કરાવ્યો.

થોડા દિવસોમાં તેમણે મુનિજીને બત્રીશ અવધાનો સુધી પહોંચાડી દીધા. તેનો ખાનગી પ્રયોગ થયો અને તેમાં સફલતા મળતાં અમને બધાને ખૂબ આનંદ થયો. અમે તેમને ધન્યવાદ આપ્યા અને સાથે એ પ્રશ્ન કર્યો કે ‘અમારે તો મુનિજીને સો અવધાનો

સુધી પહોંચાડવા છે, તે માટે શું કરીશું ?' તેમણે કહ્યું : 'હવે મારે અહીંથી જવાનો સમય થયો છે, એટલે વિશેષ રોકાઈ શકું તેમ નથી; પણ આપશ્રીને મુંબઈ આવવાનું થશે, તો બાકીનું કાર્ય અવશ્ય પૂરું કરી આપીશ.' અને તેમણે વડોદરાથી વિદાય લીધી. આ પહેલા પ્રસંગે તેમની ધર્મધગશ, કર્તવ્યનિષ્ઠા અને નિખાલસપણાની મારા પર ઊંડી છાપ પાડી.

ભવિતવ્યતાના યોગે અમારું તે પછીનું જ ચાતુર્માસ મુંબઈ ગોડીજી જૈન ઉપાશ્રયમાં થયું. અમે પંડિત શ્રી ધીરજલાલભાઈને યાદ કર્યા અને તેમણે પોતાનું વચન પૂર્ણ કરવાની તૈયારી બતાવી. તેઓ નિયત સમયે ગોડીજી ઉપાશ્રયે આવી મુનિજીને અવધાનો શીખવવા લાગ્યા. તે વખતે અમારી સાથે પણ વાર્તાલાપ થવા લાગ્યો અને એમ કરતાં ઉભયનો સંબંધ ગાઢ બનતો ગયો.

આ રીતે મુનિજી સો અવધાનો શીખી જતાં તેને જાહેર રીતે કરી બતાવવાનો નિર્ણય થયો અને સં. ૨૦૧૧ના કારતક સુદિ ૧૦ તા. ૧૯–૧૧–૫૦ના રોજ ગોડીજી જૈન ઉપાશ્રયમાં તે માટે ખાસ સમારોહ યોજાયો. શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજમાં આ વખતે કોઈ પણ મુનિ શતાવધાન કરનાર ન હતા, એટલે આ પ્રસંગ લોકોને માટે ઘણો ઉત્તેજક નીવડ્યો. પૂજ્ય ગુરુદેવોની પુનિત નિશ્રામાં લોકોની વિશાળ હાજરી વચ્ચે શતાવધાનના પ્રયોગો થયા અને તે સફળ નીવડતાં લોકોનો આનંદ અસીમ બની ગયો. પંડિતશ્રીની સંચાલનકલા માટે સહુએ આફરીન પોકારી. પૂ. ગુરુદેવોએ તથા મેં તેમને માટે પ્રશંસાના બે શબ્દો કહ્યા અને તેમની લોકપ્રિયતામાં આ પ્રસંગથી ઘણો વધારો થયો.

અવધાનના નિમિત્તે મુંબઈ જૈનસંઘમાં પ્રવેશ કરવાનો આ પ્રથમ જ પ્રસંગ હતો. પણ આ પ્રસંગ એવા મુહૂર્તે થયો કે જેણે જૈન સંઘના ચારેય અંગો જોડે ગાઢ સંપર્ક બાંધી આપ્યો અને શાસન અને સંઘના અનેકવિધ સેવા કાર્યોમાં તેમનો ઉપયોગી સહકાર મલતો રહ્યો.

ત્યારબાદ ભાયખલા જૈન દહેરાસરના વિશાલ મંડપમાં હજારો માણસોની જંગી મેદની વચ્ચે મુનિજીના અવધાનનો કાર્યક્રમ ગોઠવાયો અને મંડપની બહાર પણ લોકોને બેસવાની ગોઠવણ કરવામાં આવી. આની વ્યવસ્થાનો મુખ્ય ભાર પંડિતજીએ ઉપાડ્યો અને લગભગ પાંચ હજાર મનુષ્યોની હાજરીમાં એ કાર્યક્રમ અપૂર્વ સફલતાને પામ્યો. તે પછી ઘાટકોપરમાં પણ મુનિજીના અવધાનપ્રયોગોની અત્યંત આગ્રહભરી માગણી થતાં અવધાનનો કાર્યક્રમ યોજાયો, ત્યારે પણ પંડિતજીએ વ્યવસ્થા અને સંચાલનનો ભાર ઉપાડ્યો હતો અને તે અત્યંત સફલતાપૂર્વક પાર પાડ્યો હતો.

મેં અનુભવથી જોયું કે તેઓ કોઈપણ કાર્યની જવાબદારી લેતાં પહેલાં ઘણો વિચાર કરે છે, પણ લીધા પછી તેમાં ખૂબ જ તન્મય બની જાય છે અને તેની નાનામાં નાની વિગતો પર પણ પૂરતો વિચાર કરે છે, એટલે તેમણે લીધેલું કાર્ય સફલતાથી પાર પડે છે.

અષ્ટગ્રહની યુતિ વખતે અમે ગોડીજીમાં ચાતુર્માસ હતા. તે વખતે મને '**શ્રી વિશ્વશાંતિ જૈન આરાધના સત્ર**' ઉજવવાનો વિચાર થયો. પૂજ્ય ગુરુદેવોને વાત કરતાં તેમની સંમતિ પ્રાપ્ત થઈ અને મેં પંડિત શ્રી ધીરજલાલભાઈને યાદ કર્યા. તેમની સાથે કાર્યક્રમની વિગતવાર ચર્ચા કરી. મારે કહેવું જોઈએ કે આવી બાબતમાં તેમની સૂઝ ઘણી ઊંડી હોય છે અને તેથી જ તેઓ આવા કાર્યક્રમો તથા સમારોહ આદિનું સફલ આયોજન કરી શકે છે.

અમારા બંને વચ્ચે સુખદ બાબત એ છે કે કેટલાક વિચારો, અને કાર્યસુઝ વચ્ચે ઘણું નિકટતમ સામ્ય પ્રવર્તે છે અને એથી જ અમે ઝડપી નિર્ણયો લઈ શકીએ છીએ અને તેને અમલમાં પણ જલદી મૂકી શકીએ છીએ.

આ સમારોહ માટે ત્રણ મંત્રીઓની નિમણૂક થઈ, પણ ખરો ભાર તો તેમને જ ઉપાડવાનો હતો અને તે તેમણે રાત્રિ-દિવસ જોયા વિના ઉપાડયો હતો. દશ દિવસના આ અભૂતપૂર્વ કાર્યક્રમમાં તેમની બુદ્ધિ અનેક વાર કસોટીએ ચડી હતી, છતાં તેમાં તેઓ પાર ઉતર્યા હતા. આ પ્રસંગથી તેમની આયોજનશક્તિ માટે મારું મમત્વ અનેકગણું વધી ગયું.

ત્યાર પછી '**રાષ્ટ્રીય અહિંસા પ્રચાર સમિતિ**'નું કાર્ય શરૂ થયું, તેમાં પણ તેઓ મંત્રી હતા અને તેઓ જાતે દિલ્હી જઈ ગુલઝારીલાલ નંદાનું નક્કી કરી લાવ્યા હતા. તે અંગે જુદા જુદા સ્થળે કેટલીક સભાઓ થઈ, તેમાં તેમનું વક્તવ્ય ઘણું અસરકારક રહ્યું. શ્રી ગુલઝારીલાલ નંદા મુંબઈ આવી જતાં મારે તેમને મળવાનું બન્યું, ત્યારે શ્રી ધીરજલાલભાઈ મારી સાથે હતા. અમે તે વખતે દેવનાર કતલખાના અને અહિંસાની રાષ્ટ્રીય નીતિ અંગે વાત કરી હતી અને બીજી પણ કેટલીક પ્રાસંગિક વાતો થઈ હતી.

ગોડીજીમાં ગુલઝારીલાલ નંદાને ૧૭ લાખનું સુવર્ણદાન આપવાનો ભવ્ય પ્રસંગ ઉજવાયો, ત્યારે તેમણે ખડા પગે કામ કર્યું હતું.

આવા તો નાનામોટા ઘણાયે પ્રસંગ છે, જ્યારે તેમની કુશાગ્ર બુદ્ધિ અને કર્તવ્ય-નિષ્ઠાનો પૂરેપૂરો પરિચય થયો છે. તે બધાનો અહીં ઉલ્લેખ કરવાની જરૂર નથી, પરંતુ ગઈ સાલ 'તીર્થંકર ભગવાન મહાવીર'નું જે પ્રકાશન થયું, તેમાં તેમણે કેવો ભાગ ભજવ્યો હતો, તે હું જણાવવા ઇચ્છું છું.

૩૫ ચિત્રો તૈયાર થયા પછી તે અંગે ગુજરાતી, હિન્દી અને અંગરેજી નોંધો તૈયાર કરવાનો પ્રસંગ આવ્યો, ત્યારે તેમની જોડે અનેકવાર વિચારવિનિમય કર્યો હતો અને તૈયાર થયેલાં લખાણને પણ કાળજીથી તપાસ્યું હતું. હિન્દી અનુવાદ માટે તેમણે તેમના ખાસ મિત્ર ડૉ. રુદ્રદેવ ત્રિપાઠીને મેળવી આપ્યા હતા અને અંગરેજી અનુવાદ માટે શ્રી શાંતિકુમાર જે. ભટ્ટ પાસેથી પણ તેમણે જ કામ તૈયાર કરાવ્યું હતું.

ત્યારબાદ દિલ્લી જઈ રાષ્ટ્રપતિ વી. વી. ગિરિની આ પુસ્તકના પ્રકાશન અંગે ખાસ મુલાકાત લીધી હતી તથા લોકસભાના અનેક સભ્યો, તેમજ ડૉ. કરણસિંહ, શ્રી ડી. એસ. કોઠારી વગેરેને મળી આ ગ્રંથનું મહત્ત્વ સમજાવ્યું હતું. વળી જરૂર જણાતાં તેઓ છેક કલકત્તા જઈ ડૉ. સુનીતિકુમાર ચેટરજીને મળી આવ્યા હતા અને તેમની પાસે આ ગ્રંથનો પરિચય લખાવી લાવવામાં સફલ થયા હતા.

તા. ૧૯–૯–૭૪ રવિવારના રોજ બિરલા માતુશ્રી સભાગારમાં આ ગ્રન્થનું પ્રકાશન કરવાનો નિર્ધાર થતાં તેમણે તે અંગેની કાર્યવાહી લગભગ એક મહિના સુધી સંભાળી હતી અને તે માટે મુંબઈમાં અનુકૂળ હવામાન પેદા કરવામાં પણ તેમનો ફાળો યશસ્વી રહ્યો હતો. રંગમંચની સજાવટ આદિમાં પણ તેમના કલાનૈપુણ્યનો પરિચય થયો હતો. તે માટે પત્રોએ પણ પ્રશંસા કરી હતી.

ધર્મમાં હસ્તક્ષેપ કરનારા સરકારી બીલો વખતે પણ તેમણે આગળ આવીને ખૂબ પરિશ્રમપૂર્વક કામ કરેલું છે. બોમ્બે બેગર્સ એક્ટ, ગ્વાલિયર બેગર્સ એક્ટ, બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલ–મહારાષ્ટ્ર, બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલ–અખિલ ભારતીય, સાધુ-રજીસ્ટ્રેશન એક્ટ, ઓલ ઇન્ડિયા રિલિજિયસ ટ્રસ્ટ બીલ તથા સમેતશિખર તીર્થરક્ષા આદિ પ્રસંગોએ તેમણે મંત્રી તરીકે બજાવેલી સેવા અતિ પ્રશંસનીય છે. વધારે સ્પષ્ટ કહું તો વર્ષો સુધી ન ભૂલાય એવી છે.

પંડિતશ્રીના સાહિત્યસર્જન માટે તો શું લખું? એમની લેખિની હજી સુધી અવિરત ધારાએ ચાલે છે અને ગમે તેવા કઠિન વિષયોને પણ એટલી સરલ રીતે રજૂ કરી શકે છે કે આબાલવૃદ્ધ તેમનું સાહિત્ય વાંચી શકે. અનન્ય વિદ્યાપ્રેમ, મનની એકાગ્રતા અને શરીરની ખડતલતાને લીધે તેઓ પોતાના જીવન દરમિયાન વિપુલ સાહિત્યનું સર્જન કરી શકયા છે અને તે ઘર ઘરમાં પહોંચી ગયું છે. લાખો નકલોનો પ્રચાર એ તેની લોકપ્રિયતાનો પુરાવો છે. એમના કેટલાક ગ્રન્થોની પ્રસ્તાવના લખવાની તક તેમણે મને આપી ઉપકૃત પણ કર્યો છે.

અમે તેમની વિદ્વત્તાનો લાભ લેવા મુક્તિકમલ જૈન મોહન ગ્રંથમાલા તરફથી મારી સૂચનાનુસાર ધર્મબોધ ગ્રંથમાળાનાં ૨૦ પુસ્તકો તૈયાર કરાવેલાં છે અને તે અત્યંત

ઉપયોગી તથા લોકપ્રિય થયેલાં છે. બીજી પણ ઘણી સંસ્થાઓએ તેમની વિદ્વત્તા તથા તેજસ્વિની કલમનો લાભ લીધો છે.

ધાર્મિક સાહિત્યના ક્ષેત્રે મને લાગ્યું છે કે શ્રીપ્રતિક્રમણસૂત્ર પ્રબોધ ટીકાના ત્રણ ભાગ તેમની અસાધારણ પ્રતિભા, સર્વતોમુખી વિદ્વત્તા તથા પ્રબલ પરિશ્રમવૃત્તિનો જીવંત પૂરાવો છે. આવશ્યક સૂત્રો પર આટલું વિસ્તૃત પ્રમાણભૂત વિવેચન અન્ય કોઈ ગ્રંથમાંથી ભાગ્યે જ મળે એમ છે.

આધ્યાત્મિક સાધનામાં પણ તેઓ ખૂબ ખૂબ આગળ વધ્યા છે. પાંચ વર્ષ પહેલાં તેમના મગજની એક નસ તૂટી અને સ્થિતિ ગંભીર બનતાં તેમને હરકીશનદાસ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા, ત્યારે પૂજ્ય ગુરુદેવે ત્યાં પધારી મંગલીક સંભળાવી વાસક્ષેપ નાખ્યો. ત્યારે તેઓની શારીરિક સ્થિતિ ઘણી ખરાબ હોવા છતાં પૂજ્ય ગુરુદેવના કથન મુજબ તેમને જરાયે વિષાદ ન હતો. તેઓ નમસ્કારમંત્ર તથા ઉવસગ્ગહરં સ્તોત્રનો અવારનવાર પાઠ કરતા હતા અને મનને ધર્મભાવનામાં લીન રાખતા હતા. તેઓએ તેમના ચિ. શ્રી નરેન્દ્રકુમારને ચેમ્બુર મોકલી મારી પાસેથી વાસક્ષેપ મંગાવ્યો હતો. તેમની ધર્મશ્રદ્ધા, સાધુ પ્રત્યેની ભક્તિનું એ પ્રતીક હતું.

એ આઘાતમાંથી બચ્યા પછી તેમણે ઘણાં ઘણાં કાર્યો કર્યાં છે અને આજે પણ તેમની પ્રવૃત્તિનો દોર અસ્ખલિતપણે ચાલુ જ છે.


આવા એક બહુશ્રુત, ધર્મનિષ્ઠ તથા ઉત્તમ કોટિના સમાજસેવકનું જાહેર સન્માન થાય તે સર્વથા યોગ્ય છે. તેની હું દીર્ઘકાલથી પ્રતીક્ષા કરતો હતો. તેઓ દીર્ઘાયુ બની જિનશાસન, સાહિત્ય, સમાજ તથા રાષ્ટ્રની વધારે ને વધારે સેવા કરે એવી શુભેચ્છા સાથે વિરમું છું.

એમના કેટલાએ પ્રેરક પ્રસંગો મારે લખવા હતા, પણ અત્યારે મારી પાસે સમય ન હોવાથી મુલતવી રાખવા પડયા છે.

પુરુષાર્થના એ અડીખમ યોદ્ધાને–પોતાના આધ્યાત્મિક જીવનની જ્યોતને પ્રજ્વલિત બનાવતા રહે એ અનુરોધ કરવા સાથે–'ધર્મલાભ'.

મુંબઈ
રીજરોડ
શ્રા. વ. ૧૦
સં. ૨૦૩૧


—યશોવિજયજી




શ્રી ધીરજલાલ શાહ ભારતના રાષ્ટ્રપતિ ડૉ. એસ. રાધાકૃષ્ણન તથા મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી શ્રીપ્રકાશને જૈન સાહિત્ય અંગે માહિતી આપી રહ્યા છે. તા. ૨૭–૩–૬૦



સુવર્ણદાનપ્રસંગે ભારતના ગૃહમંત્રી શ્રી ગુલઝારીલાલ નંદા સાથે શ્રી ધીરજલાલ શાહ વાર્તાલાપ કરી રહ્યા છે. પાછળ શેઠ ભવાનજી અરજણ ખીમજી બેઠેલા છે.



દિલ્હીમાં મુખ્ય મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી સાથે દેવનાર કતલખાના અંગે વાર્તાલાપ:
ડાબી બાજુથી: (૧) ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી, (૨) શ્રી ધીરજલાલ શાહ
તથા (૩) શ્રી રમણીકચંદ મોતીચંદ ઝવેરી.



અમદાવાદમાં ગણિતસિદ્ધિ ગ્રંથસમર્પણ વખતે શ્રી મોરારજીભાઈ સાથે વાર્તાલાપ:
બાજુમાં કુ. મણિબહેન પટેલ બેઠેલા છે. તા. ૧૬-૧૦-૬૬

# કેટલાંક સંસ્મરણો

લે. પ. પૂ. આચાર્ય શ્રી વિજયકીર્તિચંદ્રસૂરિજી મહારાજ

કવિ, લેખક, શતાવધાની તથા વ્યાખ્યાન-
વિશારદ આચાર્યશ્રી પં. શ્રી ધીરજલાલભાઈના
સારા સંપર્કમાં આવેલ છે. તે અંગે તેમનાં
સંસ્મરણો તેમણે આ લેખમાં અંકિત કર્યાં છે.

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહના નામથી હું જાણીતો હતો, પણ કયારેય મળવાનો સંયોગ સાંપડયો ન હતો. વિ. સં. ૨૦૧૦માં તેઓ સાહિત્ય-સંશોધનાર્થે કર્ણાટકમાં આવ્યા હતા. ત્યાંથી તેઓ બેંગલોર આવ્યા, ત્યાં ગુરુદેવ વિજય-લક્ષ્મણસૂરીશ્વરજી મ. ના દર્શન કરી એમણે આનંદ અનુભવ્યો, પ્રાસંગિક અનેક વિષયો પર વિચારવિનિમય થયો. વાતમાં વાત નીકળતાં 'અવધાનકલા' વિષે વાત નીકળી અને તેમણે કહ્યું કે 'હાલ મારી પાસે એક મોટા સમુદાયના નવેક સાધુઓ અવધાનકલાનો અભ્યાસ કરી રહ્યા છે.' પૂ. ગુરુદેવે મારા માટે ભલામણ કરી કે તમે કીર્તિવિજયજીને પણ આ કલામાં તૈયાર કરો તો! તેમણે કહ્યું : 'ઘણી સારી વાત, હું હાલ ત્રણ દિવસ અત્રે રોકાવાનો છું. તે દરમિયાન તેમને હું આ શિક્ષણ આપીશ. અને ત્યારબાદ પત્ર દ્વારા શિક્ષણ આપતો રહીશ.' શરૂઆતમાં પંડિતશ્રી ધીરજલાલ-ભાઈએ કેટલાક પ્રશ્નો દ્વારા મારી બુદ્ધિની ચકાસણી કરી અને તેના ધાર્યા જવાબો મળતાં તેઓ પ્રસન્ન થયા. વિ. સં. ૨૦૧૧ના માગશર વદ ૭ને ગુરુવારના શુભ મુહૂર્તે આ વિદ્યા શીખવાનો મેં પ્રારંભ કર્યો. ૬ થી ૭ મહિનાના ટૂંકા ગાળામાં પંડિતશ્રીએ મને આ વિદ્યામાં તૈયાર કરી દીધો. તેમાં ગુરુકૃપા પણ કારણભૂત ખરી જ.

સં. ૨૦૧૧ના નીપાણીના ચાતુર્માસમાં શતાવધાનનો જાહેર સમારંભ પૂ. ગુરુદેવ શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. ની અધ્યક્ષતામાં તા. ૩૦-૧૦-૫૫ રવિવારના રોજ યોજવાનો નિર્ણય થયો. સંચાલન માટે પંડિત શ્રી ધીરજલાલભાઈ ને આમંત્રણ આપ-વામાં આવ્યું. તેઓ સમયસર આવી પહોંચ્યા અને બધી તૈયારીઓ કરી. આ કાર્યક્રમ પાંચ કલાક સુધી ચાલ્યો અને હું તેમાં અણીશુદ્ધ પાર ઉતર્યો. તેથી સહુને ખૂબ આનંદ થયો. શ્રીસંઘે મને શતાવધાનીનું બિરુદ અર્પણ કર્યું અને સફલ સંચાલન માટે પંડિત શ્રી ધીરજલાલભાઈનું પણ બહુમાન કર્યું. આ પછી ૮-૧૦ શહેરોમાં મારા અવધાન-પ્રયોગો પૂ. ગુરુદેવની શુભ નિશ્રામાં હજારોની જનમેદની સમક્ષ થયા અને જૈનશાસનની અપૂર્વ પ્રભાવના થવા પામી.

વિ. સં. ૨૦૧૨નું બીજાપુર ચાતુર્માસ કરી શ્રી કુલ્પાકજી તીર્થ વગેરેની યાત્રા કરી. મુંબઈ જતાં વચમાં બારસી શહેર આવ્યું. ત્યાંના સંઘે અવધાન કરવા આગ્રહ કર્યો અને પં. શ્રી ધીરજલાલભાઈને પણ ત્યાં ખાસ બોલાવવામાં આવ્યા. તા. ૫–૫–૫૭ રવિવારે ભવ્ય મંડપમાં મારા અવધાનપ્રયોગ થતાં ત્યાંની સમગ્ર જનતા આશ્ચર્યમુગ્ધ બની. પંડિત શ્રી ધીરજલાલભાઇ સંચાલનકાર્યમાં અત્યંત નિપુણ હોઇ, એમના દ્વારા જ્યાં જ્યાં કાર્યક્રમો ગોઠવાય છે, ત્યાં ત્યાં તેઓ ભવ્ય વાતાવરણ સર્જી શકે છે. અહીં પણ તેમની આ નિપુણતાનાં દર્શન થયાં હતાં. બારસીના શ્રી સંઘે આ અણમોલ તક ઝડપી લઈ શ્રી ધીરજલાલભાઇના પ્રખર પાંડિત્યને સન્માનવા ખાસ અભિનંદનપત્ર ચાંદીના કાસ્કેટમાં અર્પણ કર્યું હતું. આ પ્રસંગનું અધ્યક્ષસ્થાન પૂ. ગુરુદેવે શોભાવ્યું હતું.

આમ શ્રી ધીરજલાલભાઇનો પરિચય વધતો ગયો. હું તે વખતે ખાસ કંઇ લખતો નહોતો. નાનકડાં પુસ્તકો લખ્યાં હતાં. એમણે મને લેખનકળામાં કેમ આગળ વધાય, તે માટે પણ યોગ્ય માર્ગદર્શન આપ્યું, જેથી મારા લખેલાં પુસ્તકો જનતામાં વધુ ને વધુ લોકપ્રિય બનતાં ગયાં.

વિ. સં. ૨૦૨૦માં શાંતિનગરના ચાતુર્માસમાં ૧૫,૦૦૦ માનવસમૂહ વચ્ચે ભવ્ય અને વિશાળ મંડપમાં પૂ. ગુરુદેવ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ.ની છત્રછાયામાં મારા ૫૬ અવધાનપ્રયોગો થયા. રાજનગરની પ્રજા આ અવધાનો નિહાળી આશ્ચર્યમુગ્ધ બની. આ પ્રયોગોનું સંચાલન પણ શ્રી ધીરજલાલભાઈએ જ કર્યું હતું. લોકો તેમની વ્યવસ્થાશક્તિને વારંવાર અભિનંદતા હતા.

## દક્ષિણમાં દિવ્ય પ્રકાશ

એકવાર મેં પંડિતજીને કહ્યું : 'દક્ષિણના પ્રવાસની કડીબદ્ધ સામગ્રી મારી પાસે તૈયાર છે. તમે સિદ્ધહસ્ત લેખક છો, તેથી તે અંગે ગ્રંથરચના કરો તો સારું.' પંડિતજી-એ તે જ વખતે તેનો સ્વીકાર કર્યો. લગભગ છ માસ સુધી સતત પરિશ્રમ કરતાં એ ગ્રંથ તૈયાર થયો. તેનું નામ રાખવામાં આવ્યું : "દક્ષિણમાં દિવ્ય પ્રકાશ." આ બૃહદ્ કલામય ગ્રન્થનું પ્રકાશન ભવ્ય સમારોહપૂર્વક મુંબઇના સ્પીકર શ્રી સીલમના શુભહસ્તે થયું હતું. એની વ્યવસ્થાનો ભાર શ્રી ધીરજલાલભાઈએ ઉપાડયો હતો અને તેનું સંચાલન પણ તેમણે જ કર્યું હતું.

## સાહિત્યવારિધિ પદ

આ વખતે સકલજનસમુદાય દ્વારા પં. શ્રી ધીરજલાલભાઈને 'સાહિત્ય-વારિધિ'નું માનવંતુ બિરુદ અર્પણ કરી સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો.

વિ. સં. ૨૦૧૩નું ચાતુર્માસ પૂ. ગુરુદેવે શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિરમાં કર્યું. આસો માસમાં એન્ટોનીયા હાઈસ્કુલના વિશાળ કમ્પાઉન્ડમાં ૧૩ હજાર મનુષ્યોની હાજરી વચ્ચે મારા અવધાનપ્રયોગો થયા. તેની વ્યવસ્થા તથા સંચાલનનો ભાર પણ પંડિતજીએ જ ઉપાડયો હતો અને તેમાં તેઓ યશસ્વી થયા હતા.

વિ. સં. ૨૦૧૫ના કોટના ચાતુર્માસમાં પૂ. ગુરુદેવે આત્મા, કર્મ અને ધર્મ એ ત્રણ વિષયો પર વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો આપ્યાં હતાં, જેનો વ્યવસ્થિત સંગ્રહ કરવામાં આવ્યો હતો. એ વ્યાખ્યાનોના સંપાદનનું કાર્ય શ્રી ધીરજલાલભાઈને સોંપવામાં આવ્યું.

**આત્મતત્ત્વ વિચાર ભાગ ૧-૨**

કલમના કસબી શ્રી ધીરજલાલભાઈએ આ પ્રવચનોને થોડા જ વખતમાં ઠઠારી-મઠારી તૈયાર કર્યાં કે જે '**આત્મતત્ત્વવિચાર**' ભાગ ૧-૨ ના નામથી પ્રસિદ્ધિ પામ્યાં. તેમણે ખરે જ આ સંપાદન પોતાની અનેરી પ્રતિભા વડે અત્યંત સુંદર કર્યું હતું.

'નમસ્કારમહિમા' તથા 'શાસનપ્રભાવક સૂરિદેવ' જેમાં પરમગુરુદેવ શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ. નું જીવનચરિત્ર છે. આ બે ગ્રંથનું તેમ જ ભ. મહાવીર વગેરે અન્ય પુસ્તકોનું સંપાદન-સંશોધન કાર્ય પણ તેમણે કર્યું હતું.

**સંશોધન કાર્ય**

પં. શ્રી ધીરજલાલભાઈને થયું કે જે સાહિત્ય હું તૈયાર કરું છું, એ બધું સાહિત્ય જો વિદ્વાન ગુરુવર્યોની નજર તળે પસાર થઈ પ્રચાર પામે તો સોનામાં સુગંધ ભળે. તે માટે તેમણે અનેક સંશોધકોમાં મારું નામ પણ પસંદ કર્યું હતું.

'જીવવિચારપ્રકાશિકા યાને જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન', 'નવતત્ત્વદીપિકા યાને જૈન ધર્મનું અદ્ભુત તત્ત્વજ્ઞાન', 'જિનોપાસના' 'શ્રી નમસ્કારમંત્રસિદ્ધિ' અને 'હ્રીઁકારકલ્પતરુ' આ બધાં પુસ્તકોનું સંશોધન કરવાની સોનેરી તક મને મળી હતી. આ ગ્રંથોના વાચનથી મને ખરેખર અપૂર્વ આનંદ થયો હતો.

પં. શ્રી ધીરજલાલભાઈના લેખનની એ ખૂબી છે કે તેઓ જે કંઈ લખે છે, તે તે વિષયના અનેક પુસ્તકોનું દોહન કરીને પછી જ લખે છે, જેથી તેમનાં પુસ્તકો વિદ્વત્તા-પૂર્ણ, સર્વાંગસુંદર, સુવાચ્ય અને લોકપ્રિય બને છે. તેઓ વર્ષોથી લેખનકાર્ય કરતા આવ્યા છે, એટલે એમની લખવાની હથોટી બેસી ગઈ છે અને ભાષા પર ઘણો કાબૂ છે. લખાણ એકદમ સરળ અને સ્વચ્છ હોઈ વાંચકોનો રસ જળવાઈ રહે છે અને નવનવું જાણવાનું મળે છે. ત્યાર પછી તો તેમણે મંત્રશાસ્ત્ર ઉપર ઉપરાઉપરી અનેક ગ્રંથોનું લેખન-પ્રકાશન કર્યું છે. હોમ્બુજાના શ્રી પદ્માવતીજી દેવીની તેઓ અનન્ય મને વર્ષોથી ઉપાસના કરતા આવ્યા છે. કર્ણાટકમાં આવેલા એ હોમ્બુજાના શ્રી પદ્માવતીજીનાં

દર્શનાર્થે તેઓ વારંવાર જાય છે અને એ ઉપાસના દ્વારા તેમણે સારી એવી સિદ્ધિ અને ખ્યાતિ મેળવી છે.

તેમણે પોતાનાં જીવન દરમિયાન સાહિત્યની અનન્ય ઉપાસના કરી છે અને દૂર-સુદૂર સુધી પ્રસિદ્ધિ પામ્યા છે. એમનું મિત્રમંડળ પણ બહોળું છે. એમની કાર્યશક્તિ અનોખી છે. કંઈક કરી છૂટવાની ધગશ દિલમાં ભરેલી છે. કલાકો સુધી એક જ આસને બેસી લેખનકાર્ય કરતા જ રહે છે. તેમનાં અંગમાં આળસ નથી. પ્રમાદને પરિહરી હાથમાં લીધેલું કાર્ય કરવામાં તેઓ સદાય તત્પર રહે છે.

મુંબઈના મોટા મોટા અનેક સમારંભો તેમના માર્ગદર્શન નીચે સફળ રીતે પાર પડયા છે.

આવા એક મહાન સાહિત્યકાર, સત્ત્વશાલી સાધક અને કુશળ કાર્યકર દીર્ઘાયુજીવી જૈન શાસનની વધુ ને વધુ સેવા બજાવતા રહે, એ જ મનોકામના.

## સરસ્વતીને પ્રણામ

શુભ્રોજ્જવલા સુકોમલા સુધાંશુ-દેહ-ધારિણી,
સરોજ-શુભ્ર-વાહિની સુજાડચદૈન્ય-હારિણી;
સુહાસિની સુભાષિણી સુકીર્તિ-કાંતિ-કારિણી,
સરસ્વતી નમું સદા તું પાપપુંજહારિણી.

—ધી.

# અધ્યાપક જ નહિ,  વિદ્યાર્થી પણ

**લે. મુનિશ્રી નથમલજી**

શીઘ્ર કવિ અને સુપ્રસિદ્ધ તત્ત્વચિંતક મુનિશ્રી આચાર્ય તુલસીની પરમકૃપા પામેલા એક દર્શનીય સંત છે, તેમણે થોડા શબ્દોમાં પણ પંડિતશ્રીની કાર્યશીલતાનો જે ખ્યાલ આપ્યો છે, તે સહુને પ્રભાવિત કરે એવો છે.

ધીરજલાલભાઇને હું વ્યક્તિ કરતાં ગતિ કહેવાનું વધારે પસંદ કરું છું. વ્યક્તિ સ્થિતિસૂચક છે, ગતિ ક્રિયાસૂચક. મેં પ્રારંભથી જ ધીરજલાલભાઈને ક્રિયાશીલ જોયા છે. એમની સક્રિયતા અનેક દિશાઓમાં પ્રખર રહી છે. તેઓ સહુ પ્રથમ અમારી સામે શતાવધાનીના રૂપમાં પ્રસ્તુત થયા. એમના શતાવધાનના પ્રયોગો મેં જોયા. મેં અનુભવ કર્યો કે તેમનામાં માત્ર શતાવધાનીની પ્રક્રિયા નહિ, મેધા પણ છે. એ મેધા જ એમને શતાવધાની બનાવવામાં સફલ થઇ છે.

ઈ. સ. ૧૯૫૪માં આચાર્યશ્રી તુલસી મુંબઇમાં ચાતુર્માસ કરી રહ્યા હતા. આ ચાતુર્માસમાં ધીરજલાલભાઇ ઘણી નિકટતાથી અમારા સંપર્કમાં આવ્યા. પહેલો સંપર્ક હતો શતાવધાનીના રૂપમાં, બીજો સંપર્ક થયો એક યોગસાધકના રૂપમાં. યોગના વિષયમાં મારી રુચિ હતી અને એમની પણ. આ રુચિની સમાનતાએ અમને બંનેને વધારે નિકટ લાવી દીધા. તેઓ યોગસાધનામાં રુચિ રાખનારી કેટલીક વ્યક્તિઓને મારી પાસે લાવતા અને સાધનાના વિષયમાં અમો ચર્ચાઓ કરતા.

એક દિવસ મેં એમને પૂછયું 'શું તમે મંત્રવિદ્યામાં પણ રુચિ રાખો છો?' એનો ઉત્તર એમણે હકારમાં આપ્યો. એમણે કહ્યું: 'મારી પાસે 'વિદ્યાનુશાસન' નામનો મંત્રગ્રંથ છે. મંત્રવિદ્યામાં એ પ્રમાણભૂત છે.' મેં ફરી પૂછયું–'તમારી પાસે માત્ર મંત્રગ્રંથ છે કે તમે મંત્રની સાધના પણ કરી છે?' તેમણે ઘણી જ સહજતાથી ઉત્તર આપ્યો: 'હું આ વિદ્યાનો અધિકારી નથી, વિદ્યાર્થી છું.' મેં જોયું કે ધીરજલાલભાઈ કેવલ અધ્યાપક જ નહિ, વિદ્યાર્થી પણ છે. નવીનવી વિદ્યાઓની ઉપલબ્ધિનું રહસ્ય વિદ્યાર્થી બની રહેવામાં જ છે. વિદ્યાર્થિતા અને વિનમ્રતાને હું એકાર્થી સમજું છું. વિનમ્રતા એ એવો ગુણ છે કે જે ગ્રહણશક્તિને કદી કઠિન થવા દેતો નથી.

સને ૧૯૭૩માં ધીરજલાલભાઇ મળ્યા. મેં પૂછયું : ' આજકાલ શું ચાલી રહ્યું છે ? ' તેમણે કહ્યું : ' કેટલાક પ્રયોગો કરી રહ્યો છું. હમણાં એક શિબિર યોજી હતી, તેમાં ઉપાસના અને મંત્રના પ્રયોગો કરાવ્યા. એ ઘણા સફલ થયા.'

સને ૧૯૭૪માં દિલ્લી આવ્યા. મેં પૂછયું : ' કેમ આવવાનું થયું ? ' ધીરજભાઇએ કહ્યું : ' મુનિશ્રી યશોવિજયજીએ ભગવાન મહાવીરની ચિત્રાવલિ તૈયાર કરાવી છે. તેનું પ્રકાશન રાષ્ટ્રપતિના હાથે કરાવવું છે. એ ઉદ્દેશ્યથી અહીં આવવાનું થયું છે.' સુંદરલાલ ઝવેરી પણ એમની સાથે હતા.

મેં વિચાર્યું' જેમનો આત્મા સ્વચ્છ હોય છે, તે અનેકવિધ પ્રવૃત્તિઓમાં પણ એકાગ્ર રહી કાર્યસિદ્ધિ કરી શકે છે.

ગ્રીન હાઉસ (જયપુર) (હિંદી પરથી)
૨૨–૭–૭૫

## વીર વિભુને વંદના

ગર્જે છે ઘનઘોર મેઘ સઘળે કે દૃષ્ટિ ચાલે નહિ,
ઘોરે ઘોર રવે સુણી વનપતિ ઘેઘુર ઝાડી મહીં;
વિદ્યુત્ દિવ્ય છટા ધરી ઝબકતી ને દૂર દર્શાવતી,
ધ્યાને મગ્ન હરીમુખે વીર વિભુ હેતે નમું હું અતિ.

—ધી૦



# સ્મૃતિવિકાસની પ્રક્રિયા
# શતાવધાનવિદ્યા

**લે. સાધ્વીશ્રી નિર્મલાશ્રીજી મહારાજ**
એમ. એ. સાહિત્યરત્ન, ભાષારત્ન.

જ્ઞાનપ્રચાર માટે અવિશ્રાંત પરિશ્રમ કરનાર પૂ. સાધ્વીજીનો આ લેખ તો વૈજ્ઞાનિક છે, પણ તેમાં પંડિતશ્રીના જીવનનાં સોનેરી સંસ્મરણો સંકળાયેલાં છે, તેથી અહીં પ્રકાશિત કરવામાં આવે છે.

અર્વાચીન યુગ ભૌતિકવાદી યુગ છે. મનુષ્ય ભૌતિકવાદના આકર્ષણમાં અધ્યાત્મવાદને ભૂલી રહેલ છે. ત્યાગથી ભોગની તરફ વધી રહેલ છે. અપરિગ્રહથી પરિગ્રહ તરફ ઝુકી રહેલ છે. મનુષ્ય જ્યાં સુધી ભૌતિકવાદમાં ભટકતો રહેલ છે, ત્યાં સુધી તેને સુખ, શાંતિ અને સંતોષ પ્રાપ્ત થઈ શકતો નથી. ભારતીય સંસ્કૃતિનું લક્ષ્ય ભોગ નહિ, ત્યાગ છે. સંઘર્ષ નહિ, શાન્તિ છે. વિષમતા નહિ, સમતા છે. વિષાદ નહિ, આનંદ છે. જીવનની આધારશિલા ભોગને માની લેવાથી જીવનનો વિકાસ નહિ પણ વિનાશ થઈ જાય છે. જીવનના વિકાસ માટે આધ્યાત્મિક વિદ્યાની અનિવાર્ય આવશ્યકતા છે.

ભારતવર્ષ સદૈવ અધ્યાત્મવિદ્યાઓની પ્રયોગભૂમિ રહેલ છે. જ્યારે આજના ભૌતિકવાદી વિદ્વાનો પ્રયોગશાળાઓમાં બેસીને અણુશક્તિના અન્વેષણમાં લાગેલ છે, ત્યારે અધ્યાત્મવાદી ઋષિ-મુનિઓએ આત્મ-શક્તિઓનું અન્વેષણ કર્યું હતું. જ્યાં આજના વૈજ્ઞાનિકોએ અણુબમ, ઉદ્જનબમ જેવા જનઅહિતકર વિધ્વંસક શસ્ત્રોનું સર્જન કર્યું, ત્યાં ભારતીય આત્મનિષ્ઠ તે મનીષિઓએ અહિંસા અને સત્ય આ બે વિશ્વ-કલ્યાણકારી શસ્ત્રોનો આવિષ્કાર કર્યો. વિજ્ઞાને જ્યારે મનુષ્ય દૂરથી જોઈ શકે, દૂરની વાતો સાંભળી શકે અને જાણી શકે તેવા સાધનો આપ્યાં, ત્યારે ભારતીય યોગ અને અધ્યાત્મસાધનાએ આત્મશક્તિને ઉદ્દીપ્ત કરી અને કોઈપણ સાધન–સામગ્રી વિના આંખ–

કાન અને ચિત્તની વ્યગ્રતા બંધ કરીને કેવળ આત્મ-નિદિધ્યાસન દ્વારા પરમાણુથી લઈને સમગ્ર વિશ્વને જાણવાની ક્ષમતા પ્રદાન કરી. તેઓ પૂર્ણજ્ઞાન પ્રાપ્ત કરીને સર્વજ્ઞ કહેવાયા. આ એક નિર્વિવાદ સત્ય છે. અણુશક્તિ અસીમ છે, તો આત્મશક્તિ અનંત. આવશ્યકતા એ છે કે મનુષ્ય તેને પ્રાપ્ત કરવાનો માર્ગ શોધે.

જ્ઞાન આત્માનો એક સ્વાભાવિક ગુણ છે. શતાવધાન-વિદ્યા આત્મ-શક્તિ યા સ્મૃતિ-વિકાસની એક પ્રક્રિયા છે. સ્મૃતિ આત્માનો સહજ ગુણ છે. સ્મૃતિ બે પ્રકારની હોય છે: એક સહજ પ્રતિભાજન્ય અને બીજી પ્રયત્નજન્ય. શતાવધાનમાં સહજ પ્રતિભાની અપેક્ષા રહે છે, જેવી રીતે વકતા. અક્ષરજ્ઞાન બધી વ્યક્તિઓને હોય છે અને વાણીની પટુતા પણ તેમનામાં હોય છે, છતાં પણ પ્રત્યેક વ્યક્તિ વક્તા નથી થઈ શકતી. તે તો હજારોમાં એક હોય છે, જેમાં વકતા બનવાની પ્રતિભા હોય છે. શતાવધાની થવામાં પણ પ્રતિભા અને ચિત્તની અવ્યગ્રતા અપેક્ષિત છે.

બંધ અને મોક્ષનું નિમિત્ત મન શક્તિશાળી છતાં ચંચળ છે. સાધનાક્ષેત્રમાં મનનું જેટલું મહત્ત્વ છે, તેટલું કોઈપણ અન્ય સાધનનું નથી. યદિ મનની શુદ્ધિ ન થઈ શકી તો જેમ કોઈપણ સાધનાનું શુભ ફળ જીવનમાં દૃષ્ટિગોચર થતું નથી; તેમ સ્મૃતિવિકાસપ્રક્રિયા યા શતાવધાનવિદ્યામાં પણ સંકલ્પ-વિકલ્પ રહિત-ચિત્તની સ્થિરતા ન થઈ તો સ્મૃતિવિકાસ કાર્યમાં સફળતા પ્રાપ્ત થતી નથી. આ સ્મૃતિવિકાસની પ્રક્રિયા, યોગ-સાધનાના અભિનવ આરોહણમાં પણ તીવ્ર જિજ્ઞાસા ઉત્પન્ન કરે છે. દૃઢ સંકલ્પપૂર્વક પ્રયાણ થાય તો સાધક સિદ્ધિના સોપાનોમાં ક્રમશઃ ચઢતો જાય છે.

પ્રાચીન કાળમાં સામાન્ય-લોકોમાં પણ સ્મૃતિની પ્રખરતા દેખાતી હતી, તે ઇતિહાસ બતાવે છે. જૈન આગમ, વેદ, ઉપનિષદ્ આદિ કંઠસ્થ પરંપરાથી ચાલતા હતા. ગુરુ પોતાનું મૌખિક જ્ઞાન શિષ્યોને આપતા અને શિષ્ય પોતાના શિષ્યોને. આ પ્રકારે હજારો શ્લોકો કલમ કે કાગળ વિના કેવળ સ્મૃતિ ઉપર જીવિત રહેતા હતા. કહેવાય છે કે સ્મૃતિ જ્યારે નિર્બળ થવા લાગી ત્યારે તાડપત્ર ઉપર લખવાનો ઉપક્રમ ચાલ્યો.

ગમે તે હોય સ્મૃતિની પ્રખરતાના વિલક્ષણ ઉદાહરણ પ્રાચીન ઈતિહાસમાં પણ મળે છે અને વર્તમાનમાં પણ દેખાય છે. મહામુનિવર સ્થુલિભદ્રજીની જક્ષા, જક્ષદિન્ના આદિ સાત બહેનોની સ્મરણ-પ્રતિભા અસાધારણ હતી. જક્ષાને જ્યારે એક વાર જ સાંભળવાથી યાદ થઈ જતું હતું ત્યારે જક્ષદિન્નાને બેવાર, ક્રમશઃ સાતમી બહેન રેણાને સાતવાર સાંભળવાથી અવધારણ થઈ જતું હતું. વિદ્યાના શોખીન મહારાજા ભોજના દરબારમાં એવા કવિઓ હતા કે જેઓ ગમે તેવા અઘરા શ્લોકો યાદ કરી લેતા. મહાકવિ ધનપાળે રચેલો તિલકમંજરી નામનો ગ્રંથ રાજાની આજ્ઞાથી નષ્ટ થતાં, તેમની પુત્રી તિલકમંજરીએ અક્ષરશઃ ફરીથી લખાવ્યો હતો. ગુજરાતના મહાન્

જ્યોતિર્ધર શ્રી હેમચંદ્રાચાર્યજીને લાખો શ્લોકો યાદ હતા. તેઓ અખંડધારાએ ગ્રંથ-રચના કરી શકતા હતા. બાળક વ્રજકુમારને ત્રણ વર્ષની બાલ્યાવસ્થામાં પૂ. સાધ્વીજીના મુખથી અગિયાર અંગનું શ્રવણ કરતાંજ તેમને કંઠસ્થ થઈ ગયેલ. સૂરિપુરંદર શ્રી મુનિસુંદરજી મ. એક હજાર ને આઠ અવધાન કરવા જેટલી શક્તિ ધરાવતા હતા, એટલે સહસ્રાવધાની હતા. ન્યાયવિશારદ પૂ. યશોવિજય મ. પણ બાલ્યાવસ્થાથીજ અદ્ભૂત સ્મરણશક્તિ ધારક હતા. બચુ કવિને બે લાખ પદો યાદ હતાં. સ્વામી વિવેકાનંદ, અધ્યાત્મપ્રેમી શ્રીમદ્ રાજચંદ્રજી આદિ અનેક મહાપુરુષો તેમની અદ્ભૂત સ્મરણશક્તિ માટે ભારતભરમાં વિખ્યાત છે. વિદેશોમાં પણ એવી અનેક વ્યક્તિઓ છે. જેમકે મી. સ્ટેન્ટન્ પ્રખ્યાત નવલકથાકાર ડીકન્સની કોઈપણ નવલકથાનું કોઈપણ પ્રકરણ અક્ષરશઃ બોલી શકતો. સન્ ૧૯૬૮માં એક ભોજનપ્રસંગે તેણે આ પ્રયોગ કરી બતાવ્યો હતો. કેરોની વિદ્યાપીઠમાં કુરાને શરીફને આખુંને આખું બોલી જનારા અનેક વિદ્યાર્થીઓનાં નામ ઉજ્જવલ અક્ષરે નોંધાયેલાં છે. તાત્પર્ય કે જગતભરમાં સમયે સમયે અદ્ભૂત સ્મૃતિવાળા સ્ત્રીઓ-પુરુષો પેદા થતા રહ્યા છે ને આજે પણ પેદા થાય છે. જો કે તેમની સંખ્યા વિરલ હોય છે.

શતાવધાનનો અર્થ છે સો વસ્તુઓનું અવધારણ યા ગ્રહણ. યદ્યપિ શતાવધાન વિદ્યા સહજ અવધારણશક્તિથી અધિક સંબંધ રાખે છે, તોપણ આચાર્યોએ સ્મૃતિ-વિકાસની વિભિન્ન પદ્ધતિઓ નિર્ધારિત કરેલ છે. સામાન્ય વ્યવહારમાં મનુષ્ય જે વાતને યાદ રાખવા ઇચ્છે છે, તે સંકેતરૂપથી પોતાની ડાયરીમાં લખી લે છે. આ સંકેતવિધિનો સંબંધ આચાર્યોએ સ્મૃતિથી જોડેલ છે. અજ્ઞાત ભાષાઓને યાદ રાખવા માટે તે ધ્વનિને પોતાની ભાષામાં પરિણત કરી અવધાનકાર પોતાના યથાક્રમ ચિત્રમાં જોડે છે.

સાહિત્યવારિધિ શતાવધાની વિવિધ પ્રતિભાસંપન્ન પં. ધીરજલાલ શાહ, તેમની વિવિધ સંસ્કારી પ્રવૃત્તિઓથી જનતામાં સુપરિચિત છે. તેમણે બાળસાહિત્ય, યુવાસાહિત્ય, ધ્યાન-જપ સાહિત્ય આદિ અનેક સાહિત્યગ્રંથોનું સર્જન કરીને માનવજીવનના ઘડતરમાં સુંદર ફાળો આપેલ છે. તેમણે ધ્યાન-ધારણાના વર્ગો ચલાવીને અનેક આત્માઓને આધ્યાત્મિક વિકાસ કરાવવાના પ્રયાસો કરેલ છે. તેમણે અનેક ગ્રંથોનું સંપાદનકાર્ય કરેલું છે. તેમની પાસે સો-અવધાનકલાની સિદ્ધિ છે. જાહેરમાં ઘણીવાર તેમના પ્રયોગો થયા છે. તેમણે આ વિષયની તાલીમ આપીને કેટલીક વ્યક્તિઓને તૈયાર કરેલી છે, તેમાંની એક હું પણ છું.

શતાવધાની પં. ધીરજલાલભાઈનો સન્ ૫૭માં ડિંગણઘાટ ચાતુર્માસ દરમિયાન મને સર્વપ્રથમ પરિચય થયેલ. સ્મૃતિકલા વિષયક વાર્તાલાપ થતાં તેમણે મારી જિજ્ઞાસાને અપૂર્વ પ્રોત્સાહન આપ્યું. પત્રવ્યવહાર દ્વારા કાર્યક્રમ આગળ વધ્યો. શિક્ષણની પૂર્ણાહુતિ

થયા બાદ કલકત્તા ચાતુર્માસ દરમિયાન મનમાં સંકલ્પ-વિકલ્પ થવા લાગ્યો કે શું સાધ્વીજી શતાવધાન પ્રયોગ જાહેરમાં ન કરી શકે? કોટિ નમસ્કાર મહામંત્ર આરાધક મારા પરમ ઉપકારી માતા ગુરુદેવ સુનંદાશ્રીજી મ૦ તથા મારા જીવનમાં ઉત્સાહવર્ધક આચાર્ય ભગવંત શ્રી હર્ષસૂરીશ્વરજી મ૦ સા૦ બન્ને ગુરુવર્યોના હાર્દિક આશીર્વાદ પ્રાપ્ત થતાં જ અવધાન-પ્રયોગ-જિજ્ઞાસાએ મૂર્તસ્વરૂપ ધારણ કર્યું. વિવિધ કમીટીઓનું સર્જન થયું.

આ પ્રસંગે પં. શ્રી ધીરજલાલભાઈનું કલકત્તામાં આગમન થયું અને મારા ઉત્સાહમાં વધારો થયો. તેમનું કુશલ માર્ગદર્શન અને સ્વ૦ શ્રેષ્ઠિવર્ય સવાઈલાલ કે. શાહના અપૂર્વ સહયોગના કારણે કલકત્તા હિન્દી હાઈસ્કૂલમાં તા. ૨૩-૧-૫૮ ગુરુવારના ૧૧ વાગે એંગ્લો-ગુજરાતી સ્કૂલની બાળાઓએ મંગલાચરણ ગીત ગાયું. પ્રેસિડેન્ટ એસ. પી. જૈને પોતાનું વક્તવ્ય આપ્યું. કલકત્તા હાઈકોર્ટના મુખ્ય જજ શ્રી પી. બી. મુકર્જી આદિ ચાર જજો, સુપ્રસિદ્ધ જાદુગર કે. લાલ આદિ કલાકારો, પં. દિનેશમિશ્ર આદિ વિદ્વાનો, ફ્રેંચ, અમેરિકન, જર્મન આદિ વિદેશી લોકો, શાહુ, જાલાન, અનેક શ્રેષ્ઠિવર્યો, વિજયસિંહજી નહાર આદિ અનેક રાજનીતિજ્ઞ વ્યક્તિઓ, પત્રકારો આદિ અનેક પ્રત્યક્ષદર્શીઓની સામે શતાવધાનનો કાર્યક્રમ સફળ રહ્યો, થોડા દિવસ પછી તરતજ ગાંધી ઈન્સ્ટીટયુટવાળાએ તેમની સંસ્થામાં મને અવધાન-પ્રયોગ કરવાની પ્રાર્થના કરી. આ બધું પંડિતજીની કાર્યક્ષમતાને આભારી છે.


આ રીતે પંડિતજી મારા જીવનના પણ એક ઉપકારી છે. તેમનું સન્માન થાય તે આનંદદાયક છે. ગુણાનુરાગી વ્યક્તિ જ ગુણવંતનું બહુમાન કરે છે, એની પ્રશંસા કરે છે. ગુણાનુરાગથી ઈર્ષ્યાનો નાશ થાય છે. એક અંગ્રેજ વિદ્વાને કહ્યું છે કે :—

'To love one that is great is almost to be great oneself.'

ગુણવાન વ્યક્તિઓના ગુણનો અનુરાગ પોતાને મહાન બનાવે છે. ગુણાનુરાગનું વર્ણન કરતા-ગ્રંથકાર કહે છે કે—

उत्तम गुणानुराओ निवसइ, हिययम्मि जस्स पुरिसस्स ।
आतित्थयर-पयाओ, न दुल्लहा तस्स रिद्धिओ ॥

જે વ્યક્તિના હૃદયમાં ઉત્તમ વ્યક્તિઓના પ્રતિ ગુણાનુરાગ વધે છે, તેને તીર્થંકર-પદ સુધીની સિદ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે.



નવનવોન્મેષશાલિની

પ્રજ્ઞાના પ્રતીક

# શ્રી ધીરજલાલભાઈ

લે. શ્રી શાંતિકુમાર જે. ભટ્ટ
એમ. એ., એલ્. એલ્. બી., સાહિત્યરત્ન

યોગ એકેડેમીના પ્રમુખ અને મુંબઈ સમાચાર સાપ્તાહિકના વિદ્વાન તંત્રીના મન પર શ્રી ધીરજલાલ ભાઈનું જે ચિત્ર અંકિત થયું છે, તેને અહીં સુંદર અક્ષરદેહ અપાયો છે.

કલમને અને કલમબાજને પણ ગૌરવનો અનુભવ થાય એવા પડછંદ અને પ્રતિભાશાળી શ્રી ધીરજલાલ ટોકરશી શાહનું જીવન આપણને હજારો વર્ષ જીવતા ઋષિ મુનિઓનું સ્વાભાવિકતયા જ સ્મરણ કરાવે છે. સીત્તેર વર્ષના જીવનની પ્રત્યેક પળને એમણે ઉદાત્ત પ્રવૃત્તિઓથી અનેકગણી બનાવી છે અને એ રીતે એમનું આયુષ્ય વાસ્તવિક રીતે કેટલું વીત્યું છે, એ કાળગણના ગંભીર સમસ્યામય છે. પેલા સંસ્કૃત સુભાષિતની માફક તેઓ માને છે કે આવતી કાલનું કાર્ય આજે કરવું, સાંજનું કામ સવારે જ કરી નાખવું, કારણ કે આ માનવીએ કાર્ય પૂરું કર્યું છે કે નહીં એનો વિચાર કરી મૃત્યુ રાહ જોતું નથી. કદાચ મૃત્યુંજયનો આ જ અર્થ હોઈ શકે કે મૃત્યુ આવ્યા પછી જ થઈ શકે એવા અસંખ્ય સત્કાર્યો પણ પૂરા કરી નાંખે! આ અર્થમાં ધીરજલાલભાઈ મૃત્યુંજય પણ છે જ!

કાવ્યમીમાંસાકાર મમ્મટે કાવ્યના જે આશયો ગણાવ્યા છે, એ આશયોથી જ માત્ર વિશાળ વાંઙ્મયનું સર્જન ધીરજલાલભાઈએ નથી કર્યું, છતાં એ આશયો પરિણામ રૂપે સિદ્ધ થયા જ છે. યશ, અર્થ, વ્યવહારવિજ્ઞાન, અનિષ્ટ સામે રક્ષણ તથા સદ્ય પરનિર્વૃતિ એ સર્વ આ વાંઙ્મય અને અન્ય પ્રવૃત્તિઓમાંથી શેરડીમાંથી નીકળતા રસ માફક પ્રગટ્યા છે. કવિ ખબરદારે ગાયું છે કે 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદા કાળ ગુજરાત' પણ આપણે જરૂર કહી શકીએ કે જ્યાં જ્યાં ગુજરાતી વસે છે ત્યાં ત્યાં ગુજરાતીના હૃદયમાં ધીરજલાલભાઈ માટે સન્માનનીય સ્થાન છે, એટલું જ નહીં પણ એમના ચાહક અને પ્રશંસક વર્ગમાં બિનગુજરાતીઓનો પણ વિશાળ વર્ગ

છે. આવા પ્રથિત યશસ્વી ધીરજલાલભાઈના સાહિત્યે ભાષાનું સીમોલ્લંઘન પણ કર્યું છે અને એમનાં પુસ્તકોના અનુવાદો અંગ્રેજી, હિન્દી, બંગાળી ઇત્યાદિ ભાષામાં પ્રગટ થયા છે.

અર્થની બાબતમાં પ્રારંભમાં એમણે ઘણી મુશ્કેલી વેઠી, પણ પાછળથી આ બાબતમાં તેઓ નિશ્ચિન્તપણે સાહિત્યારાધના થઈ શકે એવી સ્થિતિએ પહોંચી ગયા છે. બાકી તો મનસિ ચ પરિતુષ્ટે કોઽર્થવાન્ કો દરિદ્રઃ ?

એમના સાહિત્યસર્જનમાં વ્યવહારવિજ્ઞાનના રચનાત્મક સર્જનો પણ છે. અનિષ્ટના નિવારણ માટે એમણે ધાર્મિક, આધ્યાત્મિક, મંત્રશાસ્ત્રના, ફિલસૂફીના અને યોગના ગ્રન્થોનું પણ સર્જન કર્યું. સદ્ય પરનિર્વૃતિ માટે એમનું કાવ્યસર્જન દષ્ટાન્તાત્મક છે અને ૩૫૮ પુસ્તકોનું સર્જન–પ્રકાશન કરીને તથા પચીસ લાખ નકલો પ્રસરાવીને એમણે સાહિત્યસર્જનમાં વિક્રમ સર્જ્યો છે—અપ્યપ્રસિદ્ધં યશસે હિ પુંસામનન્યસાધારણમેવ ધર્મઃ.

આમાંય વિષયની વિવિધતાનો પણ એમણે વિક્રમ જ સર્જ્યો છે. ચરિત્રો, કિશોર કથાઓ, ભૌગોલિક પ્રવાસ, ગણિત, મનોવિજ્ઞાન, સામાન્ય વિજ્ઞાન, કાવ્યો, શિલ્પસ્થાપત્ય, મંત્ર, યોગ, નાટકો, જૈન ધર્મગ્રન્થો—કેટલાની ગણતરી કરવી ? એમનું સાહિત્ય સાચા જ અર્થમાં આબાલવૃદ્ધ માટે છે. સામાન્ય વાંચતા બાળકથી માંડીને વૃદ્ધ વિદ્વાનને પણ વાંચવામાં રસ પડે, પ્રેરણા મળે અને જ્ઞાન મળે એવી વિપુલ સાહિત્યસમૃદ્ધિ એમણે સર્જી છે. આમાંય પાછું લેખક પોતે, પ્રકાશક બહુધા પોતે અને વિક્રેતા પણ પોતે !

વાંગ્મયનો આવો વિપુલ પથરાટ તલસ્પર્શી ઊંડાણ પણ ધરાવે છે, એ એમનાં સર્જનની આગવી વિશેષતા છે. ‘ નામૂલં લિખ્યતે કિંચિત્ ’ એ સિદ્ધાન્તને એમણે ચીવટપણે પાળ્યો છે. કોઈપણ વિષયનું આલેખન કરવું હોય ત્યારે એ વિષયનું આધારભૂત સાહિત્ય અભ્યાસીની નિષ્ઠાથી વાંચી જવું, એ વિષયના જાણકારો પાસેથી વધુ જ્ઞાન પ્રાપ્ત કરવું. આમાં ય તેઓ દઢતાથી માને છે કે ‘ ગુણાઃ પૂજાસ્થાનં ગુણિષુ ન ચ લિંગં ન ચ વયઃ ’ એ વિષય પર ઊંડી વિચારણા કરવી, આલેખનનું પૂર્વાયોજન કરવું અને ક્યાંય ચેકચાક ન થાય એ પ્રમાણે એકાગ્રતાપૂર્વક આલેખન કરવું, એ એમની વિશિષ્ટ પદ્ધતિ છે. આવું આલેખન થયા પછી પણ લખાણની નકલ કોઈ વિદ્વાનને વંચાવવી અને તેઓ કોઇ સુધારાવધારા સૂચવે તો વિવેકપૂર્વક તેમને સ્વીકારવા જેટલી એમની પરિપક્વ બુદ્ધિ છે. પરિણામે એમના તમામ ગ્રન્થો પરિણત પ્રજ્ઞાના પરિપક્વ ફલ સમાન બન્યા છે.

શીલ તેવી શૈલી કહેવાય છે, પરંતુ ઘણીવાર મહાન ગ્રન્થોનાં ચારિત્ર્ય શંકાસ્પદ હોય છે, પરંતુ ધીરજલાલભાઈનું ચારિત્ર્ય એટલે સો ટચનું સોનું. એમની વિચારશુદ્ધિ એવી ઉચ્ચકક્ષાની છે કે જેવા એમના વિચાર હોય એવી જ એમની વાણી રહે છે.

મનમાં વિચારવું એક અને બોલવું બીજું એ એમના સ્વભાવમાં જ નથી. તદુપરાંત ચારિત્ર્યની બીજી મહત્ત્વની બાબત એ છે કે જેવી એમની વાણી છે, એવું જ એમનું વર્તન છે. બોલવું એક અને કરવું બીજું એ એમનામાં અપવાદરૂપ પણ જોવા નહીં મળે. પ્રાણ જાય પણ વચન ન જાય, એવી એમની વચનનિષ્ઠા છે. આમ મન, વાણી અને વર્તનની એકરૂપતા એમના આધ્યાત્મિક બળનું ઊંડું રહસ્ય છે.

જીવનના વ્યવહારમાં નાનામોટા સહુની સાથે કામ પાડવું પડે. આમાંય એમની વિવેકબુદ્ધિ નોંધપાત્ર છે. શ્રીમંતો એમના જ્ઞાન અને સિદ્ધિઓ પ્રત્યે માનની દૃષ્ટિએ જુએ છે, છતાં એમની સમક્ષ તેઓ કદી લાચારી કે હીનતાનો દેખાવ કરતા નથી, પરંતુ માત્ર ગૌરવજનક જ વ્યવહાર રાખે છે. આવી જ રીતે પોતાના કામકાજ માટે કોઈપણ સામાન્ય વ્યક્તિનું જરાય શોષણ ન થાય એની તેઓ પૂરતી કાળજી રાખે છે. 'યોગ્યં યોગ્યેન યોજયેત્' એમ માની અનેક કલાકારો, વિદ્વાનો ઇત્યાદિને તેઓ સતત પ્રત્યક્ષ રીતે સહાયભૂત થતા આવ્યા છે.


તેઓ કલા ખાતર કલાના સંપ્રદાયમાં માનતા નથી. કલા શબ્દનો અર્થ જ કંઈક રચનાત્મક, કંઈક સર્જનાત્મક એવો થાય છે. સમયોચ્છેદક સાહિત્યનું સર્જન કરવાને બદલે એમણે ચરિત્રાત્મક સાહિત્યથી શરૂઆત કરી અને તેય વિશેષતઃ બાળકો માટેના સાહિત્યથી. આમ ચરિત્રાત્મક સાહિત્યથી ચારિત્ર્ય-ઘડતર એ એમનો મૂળભૂત આશય. ત્યારબાદ ધાર્મિક, આધ્યાત્મિક અને અન્તે યોગના સાહિત્યની પરિસીમા.

સાહિત્યકાર, સાક્ષર, ચિત્રકાર, ચિકિત્સક, મંત્રવિશારદ, યોગસાધક, શતાવધાની, કવિ, પત્રકાર, નાટ્યકાર, ગણિતજ્ઞ, ઇત્યાદિ અનેક વ્યક્તિત્વ મળીને એમનું વિરાટ વ્યક્તિત્વ ઘડાયું છે. ધીરજલાલભાઈ આવશે તો આપણને કંઈક જાણવાનું મળશે, કંઈક પ્રેરણા મળશે, એવી ખાતરી એમના સંપર્કમાં આવનાર સહુ કોઈને થાય.

ધીરજલાલભાઈની વિધિએ અનેકવેળા અગ્નિપરીક્ષા પણ કરી જોઈ છે, પરંતુ એ સર્વમાં ધીરજલાલભાઈ સફળતાથી પાર ઊતર્યા છે. પારાવાર ગરીબી, આર્થિક સંકટ અને કુટુંબમાં ત્રણ ત્રણ પુત્રીઓના મૃત્યુ, એ બધામાં એમણે આત્મશ્રદ્ધા કદી ગુમાવી નથી. આવા સંકટોમાં અને સંતાપમય વેદનામાં પણ એમણે અધ્યાત્મબળ વિકસાવ્યું છે.

ધીરજલાલભાઈએ પોતાની ત્રિવિધ સેવાઓથી સાહિત્યનો સાત્ત્વિક આનંદ આપ્યો છે, સંકટોથી ઘેરાયેલી વ્યક્તિઓને મંત્રસાધનાના માર્ગે વાળીને સંકટોથી મુક્ત કર્યા છે અને સુખી માનવીઓને પણ આધ્યાત્મિક માર્ગે વાળીને એમના સુખી ભાવિને સાત્ત્વિક બનાવ્યું છે. જ્યાં જાય ત્યાં આશા, ઉત્સાહ, પુરુષાર્થ, ઉદારતા, સેવાભાવના વગેરે ગુણોનો પ્રકાશ પાથરનાર ધીરજલાલભાઇ સાચે જ એક દિવ્યવિભૂતિ છે, એમ એમના વધુ ને વધુ સંપર્કમાં આવનારને લાગે છે.

સીત્તેર વર્ષે પણ સત્તર વર્ષના યુવાનની ધગશથી પળેપળ પારમાર્થિક પ્રવૃત્તિઓમાં ગાળનાર શ્રી ધીરજલાલભાઇ હજી પણ અનેક દાયકા આપણી વચ્ચે રહે અને તંદુરસ્ત રહી સેવાની મનોકામના પૂરી કરે, એવી શુભેચ્છા.



# શક્તિનો મહાસ્રોત

**લે. શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા**

પંડિતશ્રી સાથે વર્ષોથી ગાઢ પરિચયમાં આવેલા અને તેમની દરેક પ્રવૃત્તિઓમાં ભાગ લેનારા અધ્યાત્મપ્રેમી સજ્જન આ લેખમાં શ્રી ધીરજલાલભાઈના જીવનની અનેક જાણવા જેવી હકીકતો રજૂ કરે છે.

ઈ. સ. ૧૯૩૬ કે ૧૯૩૭ની વાત છે.

કરાંચી અને સિંધમાં મારી ઓફિસના કામકાજ અંગે અવારનવાર જવાનું બનતું. એ વખતે ત્યાં બિરાજતા શ્રી વિદ્યાવિજયજી મહારાજના દર્શનાર્થે જતા સૌથી પ્રથમ તેમની પાસે સાંભળ્યું કે શ્રી. ધીરજલાલ ટોકરશી શાહ એક સારા શતાવધાની છે અને સ્મરણશક્તિની અદ્‌ભુત કળા તથા વિદ્યા ધરાવે છે. તે પછી પૂ. વિદ્યાવિજયજી મહારાજ સાહેબ અંગે જ કોઈ બાબતમાં ટી. જી. શાહવાળા સ્વ. શ્રી. જીવરાજભાઈ અને શ્રી. ધીરજલાલભાઈ મારી ઓફિસમાં આવ્યા. તે વખતે શ્રી ધીરજલાલભાઈ સાથે પ્રથમ પરિચય થયો. તેમની સાદાઈ અને સરળતા જોઈ હું ભારે પ્રભાવિત થયો. એ પછી તેમનો વધુ પરિચય થયો અને ઈ. સ. ૧૯૩૯માં સર પુરુષોત્તમદાસ ઠાકોરદાસના પ્રમુખપદે મેટ્રો સિનેમામાં તેમણે શતાવધાનના પ્રયોગો કરી બતાવ્યા, જે જોઈ હું આશ્ચર્યચકિત થઈ ગયો. તે પછી તેમનો સંપર્ક વધતો ગયો અને તેમના બહોળા મિત્રમંડળમાં મારું પણ એક નામ ઉમેરાયું.

શ્રી. ધીરજલાલભાઈમાં અનેક શક્તિઓનો સુમેળ થયેલો છે. ગમે તેવા અટપટા વિષયને ગ્રહણ કરવાની અદ્‌ભુત શક્તિ, અથાગ કાર્યશકિત અને અસાધારણ વ્યવસ્થા-શકિત એ તેમના વિશિષ્ટ ગુણો છે. સામાન્ય રીતે લેખકોને કોઈને કોઈ વ્યસન હોય જ છે, જેમકે ચા, તમાકુ–સીગારેટ, પાન વગેરે. પરંતુ શ્રી ધીરજલાલભાઈને કોઈ

પણ વ્યસન સ્પર્શી શક્યું નથી. તેઓ કહે છે કે, વ્યસન મુક્ત હોવાના કારણે જ તેઓ આટલા બહોળા પ્રમાણમાં સાહિત્યનું સર્જન કરી શક્યા છે. શ્રી. ધીરજલાલભાઈના ઘડતરમાં જે જે વ્યકિતઓનો હિસ્સો છે, તેમાં સૌથી અગ્રસ્થાન તેમણે તેમની માતાને આપ્યું છે. 'હજાર શિક્ષકથી એક માતા શ્રેષ્ઠ'–એ આપણી પ્રાચીન ઉકિતને શ્રી મણિબહેને સાચી પૂરવાર કરી આપેલી છે અને સાથે સાથે તેમણે પુત્રના શ્રેયાર્થે અપૂર્વ ભોગ આપ્યો છે.

આર્થિક સ્થિતિ અને સંજોગો કફોડા હોય એવા એવા સમયે પણ કમાઈ શકે તેવા પુત્રને અભ્યાસના માર્ગે દોરવવો, સહાયરૂપ બનવું, એવું માતા સિવાય અન્ય કોણ કરી શકે?

શ્રી ધીરજલાલભાઈના પિતાના સ્વર્ગવાસ સમયે કુટુંબની આર્થિક પરિસ્થિતિ ઘણી નબળી હતી. એવા કપરા સમયે માતા મણિબહેને કેવું અડગ ધૈર્ય દાખવ્યું, તેનું બ્યાન આપતાં શ્રી ધીરજલાલભાઈએ તેમના એક પુસ્તકમાં કહ્યું છે કે: "જો આ વખતે મારા માતુશ્રી નશીબને દોષ દઈને બેસી રહ્યા હોત કે 'હાય મારું ભાગ્ય ફૂટયું' એવો કલ્પાંત કરવામાંથી ઊંચા આવ્યા ન હોત, તો અમારી હાલત અત્યંત બૂરી થાત, પણ તેમણે ધાર્મિક વિચારોથી પોતાનું મન વાળી જાતમહેનત કરવા તરફ લક્ષ્ય આપ્યું અને કાળી મજૂરી કરવા માંડી. રોજનું દશ કીલો ધાન્ય દળવું, પાંચ–સાત પાણીનાં બેડાં ભરી લાવવાં તથા લોકોનાં ભરતગુંથણ કરી આપવાં, એ તેમનો રોજનો ક્રમ બની ગયો હતો. આવી કાળી મજૂરી કરતાં શરીર લથડયું, છતાંય તેમણે જાતમહેનત છોડી ન હતી. જાતમહેનત–પુરુષાર્થ એ અમારો જીવનમંત્ર બની ગયો હતો, એટલે અમે (ધીરજલાલભાઈ) પણ બધી જાતનાં કામો કરતા હતા અને તેમાં જરાય શરમ કે સંકોચ અનુભવતા ન હતા. એક વાર રજાના દિવસોમાં બે રૂપિયા નફો મળે તે માટે કેરીનો એક ટોપલો સુરેન્દ્રનગરથી દાણાવાડા સુધી એટલે સાત માઈલ ઉંચકી લાવેલા."


સહજ સાહસિકતા, પ્રવાસપ્રિયતા. કર્તવ્યપરાયણતા, દીર્ઘદષ્ટિ અને સમાજસેવાના ગુણોને કારણે તેઓ અત્યંત લોકપ્રિય બન્યા છે. ઇ. સ. ૧૯૨૪માં અઢાર વર્ષની વયે તેઓ ગુજરાત વિદ્યાપીઠના વિનીત થયા, ત્યારે તેમના હસ્તક રહેલા શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયના પુસ્તક–સંગ્રહાલયમાંના ૧૬૦૦ જેટલાં પુસ્તકો તેમણે વાંચી લીધાં હતાં અને તેમાં અજાયબી પમાડે એવું તત્ત્વ તો એ હતું કે એ પુસ્તકોનો ક્રમ અને રૂપરંગ વગેરે પણ તેમને બરાબર યાદ રહી ગયા હતા. ગાઢ અંધકારમાં પણ તેઓ એ પુસ્તકોમાંના કોઈ પણ પુસ્તકને બરાબર શોધી આપતા અને આ બાબતમાં તેમની વિધિસર પરીક્ષા થતાં તેઓ પૂરેપૂરા સફળ થયા હતા.

તેઓ શાળામાં અભ્યાસ કરતા, ત્યારથી જ તેમની લેખનપ્રવૃત્તિ શરૂ થઈ હતી.

એ વખતે તેમણે ‘ છાત્ર ’ નામનું એક પાક્ષિક શરૂ કર્યું હતું. ત્યાર બાદ ‘જૈનયુવક’ ‘જૈન જ્યોતિ’ ‘વિદ્યાર્થી’ ‘નવી દુનિયા’ વગેરે સામયિકોના સંપાદક બન્યા અને નાના મોટા ગ્રંથોનું નિર્માણ કરી લેખકની પ્રસિદ્ધિ પામ્યા. આજે તેઓ ગુજરાતી ભાષાના એક સિદ્ધહસ્ત ઉત્તમ કોટિના લેખક ગણાય છે. અનેક સંસ્થાઓએ તેમની એ કલાનો લાભ લીધેલો છે.

લેખનપ્રવૃત્તિ દરમિયાન શ્રીમદ્ રાજચંદ્રનું જીવન લખતાં તેમને શતાવધાની થવાની પ્રબળ ઇચ્છા થઈ. ત્યાર બાદ સને ૧૯૩૪માં તેઓ શતાવધાની મુનિશ્રી સંતબાલજીના સંપર્કમાં આવ્યા અને તેમની પાસેથી પ્રારંભિક માર્ગદર્શન મેળવી સ્વબળે આગળ વધ્યા. સને ૧૯૩૫ના સપ્ટેમ્બરની ૨૯મી તારીખે એટલે આજથી ચાલીસ વર્ષ પહેલાં વીજાપુરના જૈન સંઘના આમંત્રણથી તેઓ વીજાપુર ગયા અને ત્યાં તેમણે ઉપા. શ્રી સિદ્ધિમુનિજી, મુનિશ્રી હેમેન્દ્રસાગરજી વગેરે સંખ્યાબંધ સાધુ–સાધ્વીઓ તથા નાગરિકોની વિશાળ હાજરીમાં પૂરાં ૧૦૦ અવધાનો સફળતાપૂર્વક કરી બતાવ્યાં. શ્રી. રામચંદ્ર જમનાદાસ અમીન બી.એ; એલએલ.બી. આ સમારોહના અધ્યક્ષસ્થાને હતા. આ રીતે તેમણે સો અવધાનો કરી બતાવતાં વીજાપુરના શ્રીસંઘે તેમને સુવર્ણચંદ્રક સાથે ‘શતાવધાની’નું બિરુદ આપ્યું. આજે તો તેઓ ભારતના એક છેડાથી બીજા છેડા સુધી ‘શતાવધાની’ તરીકે પ્રસિદ્ધ છે.


દીવો જેમ દીવાને પ્રગટાવે છે, તેમ શ્રી ધીરજલાલભાઈએ આ કળા પ્રાપ્ત કરી, તેને ખાનગી ન રાખતા ગ્રંથ દ્વારા જાહેર પ્રજા સમક્ષ ખુલ્લી કરી છે, એટલું જ નહિ પણ તેમની દોરવણી નીચે અનેક અવધાનકારો તૈયાર થયા છે. આચાર્ય શ્રી વિજય કીર્તિચંદ્રસૂરિજી, પ્રવર્તક મુનિશ્રી જયાનંદવિજયજી, મુનિશ્રી ધનરાજજી સ્વામી, મુનિશ્રી શ્રીચંદ્રજી સ્વામી, સાધ્વી શ્રી નિર્મલાશ્રીજી, સાધ્વીશ્રી વિદ્યાવતીજી; શ્રી મનહરલાલ બી. શાહ એડવોકેટ વગેરે. આ કારણે, અવધાનપ્રયોગોની પરંપરા જળવાઈ રહી છે અને તેથી લોકસમૂહનું આ વિદ્યા તરફ નોંધપાત્ર આકર્ષણ થયેલું છે. અવધાનવિદ્યા દ્વારા તેમણે ગણિતસિદ્ધિના વિશિષ્ટ પ્રયોગો નિર્માણ કર્યાં, જે એમની અસાધારણ પ્રતિભાને આભારી છે. આ પ્રયોગોથી હજારો મનુષ્યો પ્રભાવિત થયા છે અને તેમાં ભારતના સુપ્રસિદ્ધ વિદ્વાનો, દેશનેતાઓ, પંડિતો, પત્રકારો તેમજ સ્કોલરોનો પણ સમાવેશ થાય છે. ભારતના માજી નાયબ વડાપ્રધાન માનનીય શ્રી મોરારજી દેસાઈએ આવા એક પ્રયોગ સમયે તેમના વિષે બોલતાં કહ્યું હતું કે, “ શ્રી. ધીરજલાલભાઈની સિદ્ધિઓ માટે ગુજરાત ગૌરવ લઈ શકે એમ છે. ગણિત એ અટપટું નથી, એ વાત શ્રી ધીરજલાલભાઈએ તેમના ગણિતગ્રંથો દ્વારા સિદ્ધ કરી બતાવી છે. મેં ‘ગણિતસિદ્ધિ’ ગ્રંથનું સમર્પણ એટલા માટે જ સ્વીકાર્યું છે કે એ નિમિત્તે હું તેમના પ્રત્યેનો સદ્ભાવ વ્યક્ત કરી શકું.”



શ્રી મહાવીર-વચનામૃતના પ્રચાર અંગે કલકત્તામાં યોજાયેલી એક સભામાં
શ્રી તાજમલજી બોથરા અને શ્રી ધીરજલાલ શાહ ભાગ લઇ રહ્યા છે. સને ૧૯૬૩



શ્રી મહાવીર-વચનામૃતનું કલકત્તા ખાતે પ્રકાશન થયું ત્યારે સભાના અધ્યક્ષ શ્રી વિજયસિંહ
નહાર શ્રી ધીરજલાલ શાહને સન્માનાર્થે ચાંદીનો અશોકસ્થંભ અર્પણ કરી રહ્યા છે. તા. ૪-૮-૬૩



ઝારગ્રામ (બંગાળ)માં શ્રી વિનોબાજીને શ્રી મહાવીર-વચનામૃત ગ્રંથ
સમર્પણ કરતી વખતે શ્રી ધીરજલાલ શાહ પ્રવચન કરી રહ્યા છે. ૬-૮-૬૩



શ્રી વિનોબાજી શ્રી ધીરજલાલ શાહકૃત
'શ્રી વીર-વચનામૃત' ગ્રંથ રસપૂર્વક વાંચી રહ્યા છે.

એક સાહિત્યકાર તરીકે શ્રી. ધીરજલાલભાઈની સિદ્ધિ અજોડ છે. તેમણે નાનાં મોટાં સાડાત્રણસો ઉપરાંત પુસ્તકો લખ્યાં છે અને તેની પ્રસિદ્ધ થયેલી કુલ નકલોનો આંકડો વીશ લાખથી પણ વધુ છે. આ ગ્રંથો તેમણે વિધવિધ વિષયો પર લખ્યા છે. તેમાં ભારતના મહાન પુરુષોનાં જીવનચરિત્રો, પ્રવાસવર્ણન, માનસવિજ્ઞાન, શિલ્પ-સ્થાપત્ય, ગણિતવિદ્યા, યોગ અને અધ્યાત્મ તેમજ મંત્ર, તંત્ર અને જૈનધર્મ વિષયક ગ્રંથો મુખ્ય છે. જૈન ધર્મશાસ્ત્રો તેમજ ઇતિહાસના તેઓ ઊંડા અભ્યાસી છે અને તેમનાં લખેલાં કેટલાંક પુસ્તકો જૈન પાઠશાળાઓમાં પાઠ્ય પુસ્તકો તરીકે સ્વીકારવામાં આવ્યાં છે.

જૈન ધર્મવિષયક સાહિત્યમાં તેમણે લખેલ જૈન શિક્ષાવલી, જીવવિચાર-પ્રકાશિકા, નવતત્ત્વ દીપિકા, જિનોપાસના, વીર-વચનામૃત, જૈનધર્મસાર, ભક્તામર-રહસ્ય, ઉવસગ્ગહરં સ્તોત્ર, હ્રીંકારકલ્પતરુ, શ્રી પાર્શ્વ-પદ્માવતી આરાધનાવગેરે મુખ્ય છે. પ્રતિક્રમણસૂત્ર પ્રબોધ ટીકાના તેમણે તૈયાર કરેલા ત્રણ ભાગો માટે ભારતનો સમગ્ર જૈનસમાજ હરહંમેશ માટે તેમનો ઋણી રહેશે. પંચપ્રતિક્રમણ સૂત્રોની અર્થઘટના, સમજણ અને વિસ્તૃત વિવેચન, સંશોધનની દૃષ્ટિએ આ ગ્રંથોમાં આપવામાં આવેલ છે, જે અભ્યાસીઓ માટે અત્યંત ઉપયોગી થઈ પડે તેવા છે. સૂત્રોનું હાર્દ સમજવા માટે આપણે ત્યાં આજ સુધી આવું કોઈ પ્રકાશન થયેલું જોવામાં આવતું નથી.

શ્રી ધીરજલાલભાઈને ઘણાં પ્રમાણપત્રો, ઘણા ચંદ્રકો તથા ઘણી પદવીઓ મળી છે, પણ તેમણે તેનું કદિ અભિમાન કર્યું નથી. એક વાર એક મહાશયને શ્રી ધીરજલાલ-ભાઇને પ્રાપ્ત થયેલા સુવર્ણચંદ્રકો જોવાની ઇચ્છા થઇ અને તેની માંગણી કરી, ત્યારે શ્રી ધીરજલાલભાઇએ માથું ખંજવાળ્યું. 'તે ક્યાં પડ્યા છે? તે વિચારવું પડશે.' આ પરથી આ બાબતની તેમની નિઃસ્પૃહતા જણાઇ આવે છે.

ઉપર કહ્યું તેમ જીવનના પ્રારંભથી જ તેઓ સરસ્વતીના ઉપાસક બન્યા છે અને ગમે તેવા અટપટા સંયોગોમાં પણ તેમણે પોતાની એ ઉપાસના છોડી નથી. છેલ્લાં કેટલાંક વર્ષોથી તેમની ઉપાસના અતિ જ્વલંત બની છે અને તેણે અનેક લોકોનું ભારે આકર્ષણ કર્યું છે. તેમનું નિવાસસ્થાન એક ગૃહસ્થનાં રહેઠાણને બદલે સરસ્વતીમાતાના મંદિર જેવું લાગે છે. જ્યારે જ્યારે તેમને ત્યાં મળવા જવાનું બને ત્યારે તેઓ કંઈ ને કંઈ લખતા હોય અગર પ્રૂફો સુધારતા હોય અને આસપાસ પુસ્તકોના ઢગલા ખડકાયેલા હોય. તેઓ સાચું જ કહે છે કે 'પુસ્તકો એ મારા સાચા પ્રિયજન છે અને તેમની વચ્ચે રહેવાનું મને વધારે ગમે છે.'

કોઈ જ્ઞાની પુરુષે સાચું જ કહ્યું છે કે 'पुण्यवंतो हि दुःखभाजो भवन्ति' દુઃખમાં જ માનવ આત્મામાં રહેલી શક્તિઓનો વિકાસ થાય છે. જર્મન કવિ ગેટેએ તો ત્યાં

સુધી કહ્યું છે કે સુખ એ પ્રભુએ અજ્ઞાનીઓને આપેલી બક્ષિસ છે, જ્યારે દુઃખ એ જ્ઞાનીઓનો વારસો છે. શ્રી ધીરજલાલભાઈનું સમગ્ર જીવન આ કથનને પૂરવાર કરે છે. તેમની સાધના અને તપ અજોડ છે, પણ આપણા જીવનની મોટામાં મોટી કરુણતા એ છે કે આપણે માનવોની સિદ્ધિ જોઈ શકીએ છીએ, પણ એ સિદ્ધિ પાછળની સાધના અને તપનો આપણને ખ્યાલ આવી શકતો નથી.

શ્રી ધીરજલાલભાઈની સિદ્ધિમાં તેમના સ્વ. માતુશ્રીનો જેટલો હિસ્સો છે, તેટલો જ હિસ્સો તેમની પત્ની શ્રી. ચંપાબહેનનો છે. શ્રી ચંપાબહેન તપસ્વી છે, સહિષ્ણુ છે અને પતિની સિદ્ધિના પાયામાં તેમનો મહત્ત્વનો ફાળો છે. પત્ની જ્યાં સુધી પતિને પૂરેપૂરી રીતે સાનુકૂળ નથી બની જતી, ત્યાં સુધી પતિ ભાગ્યે જ કોઈ મોટું કાર્ય કરી શકતો હોય છે. શ્રી ચંપાબહેનને જોઈએ છીએ કે તરત જ પંડિત વાચસ્પતિ મિશ્રના પત્ની 'ભામતી' યાદ આવે છે. યૌવનકાળમાં અમદાવાદ હતા, ત્યારે ધીરજલાલભાઇ ઘરમાંથી પૈસા લઈ શાક લેવા તો જાય, પણ શાક લાવવાને બદલે તે પૈસા માસિક પોસ્ટ કરવાના પોસ્ટલ સ્ટાંપો માટે વાપરી આવતા અને શ્રી. ચંપાબહેન શાકની રાહ જોઈ ઘેર બેસી જ રહેતા. આ પણ એક પ્રકારનું તપ જ છે ને ! શ્રી. ચંપાબહેને આવું તો ઘણું સહન કર્યું છે, પણ તેમની સહનશીલતા, સેવાપરાયણતા અને સમર્પણભાવનાના કારણે જ વર્તમાનકાળે આપણે શ્રી ધીરજલાલભાઈની આવી અપૂર્વ સિદ્ધિ જોઈ શકીએ છીએ.

સિત્તેર વર્ષની પાકટવયે પણ શ્રી ધીરજલાલભાઈની તમામ ઈંદ્રિયો સાબૂત અને કાર્યદક્ષ છે. આજે પણ એક યુવાનની માફક તેઓ કાર્ય કરી રહ્યા છે. સિત્તેરમા વર્ષે પણ તેમના પાંચેક પુસ્તકોનું પ્રકાશન થવા પામેલ છે, આ કાંઈ નાનીસૂની સિદ્ધિ નથી. આવા એક મહાન સાહિત્યકાર, કલાકાર અને ઉપાસક એવા શ્રી. ધીરજલાલભાઇનું જાહેર સન્માન થતું જોઈને મને અત્યંત આનંદ અને હર્ષ થાય છે. અંતમાં પરમાત્મા શ્રી ધીરજલાલભાઇને તન્દુરસ્તીભર્યું દીર્ઘજીવન અર્પે, તેમજ તેઓ તેમના કાર્યક્ષેત્રમાં ઉત્તરોત્તર વધુ અને વધુ પ્રગતિ કરે, એ જ અભ્યર્થના.



# દૂરદર્શી પંડિતપ્રવર

લે. ડૉ રમણલાલ સી. શાહ
એમ.એ.,પી.એચ.ડી.

મુંબઈ યુનિવર્સિટીના માનનીય પ્રાધ્યાપક, લેખક તથા ચિંતક શ્રી ધીરજલાલભાઈ અંગે પોતાના સ્મરણનો ખજાનો આ લેખમાં ખૂબીથી ખુલ્લો કરે છે.

શતાવધાની પંડિતશ્રી ધીરજલાલ ટોકરશી શાહને હું મારી બાલ્યાવસ્થાથી ઓળખું છું અને એમના બહુમુખી વ્યક્તિત્વની છાપ મારા મન ઉપર ઘણી ઊંડી પડી છે.

મારા એક જયેષ્ઠ બંધુ શ્રી જયંતીભાઈએ અમદાવાદના શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરેલો. દર વર્ષે એ રજાઓમાં ઘરે આવે ત્યારે છાત્રાલયના વિવિધ અનુભવો અમને સંભળાવે. વતન પાદરા છોડી મુંબઈમાં અમારા કુટુંબે સ્થાયી વસવાટ કર્યો, ત્યારે તેઓ સી. એન. છાત્રાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે સ્થપાયેલ 'ચીમન છાત્ર મંડળ'ના સભ્ય બન્યા. એ મંડળ તરફથી વખતોવખત વિવિધ કાર્યક્રમો યોજાતા અને તેમાં જયંતીભાઈ સાથે અમે પણ જતા. આ કાર્યક્રમોનું સરસ આયોજન શ્રી ધીરજલાલભાઈ કરતા, કારણ કે ચીમન છાત્ર મંડળના એ મુખ્ય પ્રણેતા હતા. એ મંડળના ઉપક્રમે કલ્યાણ પાસે આવેલા એક રમણીય સ્થળ રાયતાનું પર્યટન ગોઠવવામાં આવેલું. એ પર્યટનમાં હું જોડાયેલો અને ત્યાં મેં પંડિત શ્રી ધીરજલાલને પહેલી વાર જોયેલા. એ પર્યટનનું જે આયોજન એમણે કરેલું તે એટલું વ્યવસ્થિત, ચોક્કસાઈવાળું અને સુંદર હતું કે એની છાપ મારા ચિત્ત ઉપર દૃઢપણે અંકિત થઈ ગઈ, જે આજ સુધી પણ એટલી જ તાઝી છે. ઉલ્હાસ નદીમાં સ્નાન, આસપાસ પ્રકૃતિના રળિયામણા વાતાવરણમાં ફરવાનું, દૂધપાકપુરીનું ભોજન, મનોરંજન કાર્યક્રમ અને ભાષણો એ બધું જોયું-અનુભવ્યું ત્યારે એમ લાગ્યું કે પર્યટન તો આવું યોજાવું જોઈએ.

પંડિત શ્રી. ધીરજલાલભાઈના નામથી તો પહેલાં જ સુપરિચિત થયો હતો, એમની વિદ્યાર્થી-વાચનમાલાની પુસ્તિકાઓથી. 'ભગવાન ઋષભદેવ' પુસ્તિકા વાંચ્યા પછી એ શ્રેણીની ઘણી પુસ્તિકાઓ મારી કિશોરાવસ્થામાં વાંચી ગયો. ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારની પુસ્તિકાઓ પ્રથમ વાર જ છપાઈ હતી અને શાળાઓના વિદ્યાર્થીઓને

તેમજ આમજનતાને એ ખૂબ ઉપયોગી થઈ પડી હતી. આમ માહિતીસભર અને લોકપ્રિય પુસ્તિકાઓએ ગુજરાતી સાહિત્યમાં અનોખું સ્થાન મેળવ્યું.

મુંબઈમાં સ્થિર વસવાટ કર્યા પછી શ્રી ધીરજલાલભાઈએ અલંકાર થિયેટર સામે એક મકાનમાં માનસચિકિત્સાના ઉપચારનું કેન્દ્ર ચાલુ કરેલું. 'ચિમન છાત્ર મંડળ'ના કામ માટે કોઈ કોઈ વાર શ્રી જયંતીભાઈ સાથે હું એમના કેન્દ્ર પર જતો. ત્યારે હું નાનો કિશોર હતો. તે વખતે જયંતીભાઈને પૂછેલું કે ધીરજલાલભાઈ શું કામ કરે છે? માનસચિકિત્સા શબ્દ ત્યારે પહેલવહેલો સમજાયો, જ્યારે જયંતીભાઈએ કહ્યું–મને સમજાય એ રીતે કે–'તેઓ ગાંડા માણસને સાજા કરવાનું કામ કરે છે.' તે વખતે ધીરજલાલભાઈ પ્રત્યે મારો અહોભાવ ખૂબ વધી ગયો. આપણા પછાત દેશમાં બહુ ઓછા લોકો આ પ્રકારની ચિકિત્સા કરાવતા, એટલે એમનો એ વ્યવસાય બહુ સારી રીતે ચાલ્યો નહિ, પરંતુ યુરોપ–અમેરિકામાં તેઓ આવો વ્યવસાય ચલાવતા હોત તો અઢળક સંપત્તિ મેળવી હોત.

કોલેજના અભ્યાસકાળ દરમિયાન કોઈ કોઈ વખત ધીરજલાલભાઈને મળવાનું થયેલું. એમના શતાવધાનના પ્રયોગો જોયેલા. તે દરમિયાન અજંટા–ઈલોરાના પ્રવાસે જવાનું થયું, ત્યારે કોલેજની લાયબ્રેરીમાં એ સ્થળો વિશે કોઈ પુસ્તક હોય તો વાંચી લેવું એવી ઈચ્છાથી પુસ્તક મેળવવા ગયો. પુસ્તક મળ્યું, 'કુદરત અને કળાધામમાં વીસ દિવસ.' એના લેખક શ્રી ધીરજલાલભાઈ છે એ જાણી ખૂબ આનંદ થયો. એટલી બધી માહિતીથી સભર એ પુસ્તક હતું કે ગુજરાતીમાં અંજટા–ઈલોરા વિશેનું આટલું માહિતીસભર ત્યારે ભાગ્યે જ કોઈ લખાયું હશે!

સમય જતાં જૈન ધર્મ અને સાહિત્યમાં રસ પડવા લાગ્યો. પંચ પ્રતિક્રમણ વિશેનાં જુદાં જુદાં પુસ્તકો જોઈ ગયો. પરંતુ તેમાં ધીરજલાલભાઈએ જે પુસ્તકો તૈયાર કર્યાં છે, એટલાં સમર્થ અને વિદ્વદ્‌ભોગ્ય પુસ્તકો ગુજરાતીમાં હજુ કોઈ તૈયાર થયાં નથી.

શ્રી ધીરજલાલભાઈ સાથે વધારે ગાઢ સંપર્કમાં આવવાનું થયું જ્યારે વીજાપુરમાં શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી જ્ઞાનમંદિરનું ઉદ્‌ઘાટન હતું ત્યારે. તે સમયે કાર્યક્રમ પતી ગયા પછી સાંજે બધા કાર્યકર્તાઓ બેઠા હતા ત્યારે દરેક વિષયમાં ધીરજલાલભાઈ જે માહિતી આપતા તે સમયે તેમની વિદ્વત્પ્રતિભાનો અનોખો પરિચય થયો. એમણે ધર્મના ક્ષેત્રે પણ જુદા જુદા વિષયોનું કેટલું બધું અધ્યયન કર્યું છે, તેનો ખ્યાલ આવ્યો. વીજાપુરથી અમે બધા મહુડી ગયા. મહુડીથી પાછા ફરતાં જે એક ઘટના બની તેનો મારા ચિત્ત ઉપર ઘણો પ્રભાવ પડયો. મહુડી ધર્મશાળામાંથી નીકળી અમે બધા બસમાં બેઠા. તે સમયે ધીરજલાલભાઈએ મારા ખીસામાં એક ચબરખી નાખી. હું કાઢવા જતો હતો, પરંતુ તેમણે મને અટકાવ્યો અને કહ્યું, 'હમણાં નહિ, થોડીવાર પછી હું

કહું ત્યારે એ ખીસામાંથી કાઢજો.' એ પ્રમાણે એક બીજી ચબરખી એમણે શ્રી. મનસુખલાલ તારાચંદના ખીસામાં મૂકી. બીજી ત્રણેક ચબરખી જુદી જુદી વ્યક્તિઓના ખીસામાં મૂકી. બસ ચાલુ થઈ. કંડક્ટર અમારી પાસે ટિકિટ લેવા આવ્યો. ટિકિટો લેવાઈ. ધીરજલાલભાઈએ કહ્યું સૌ સૌની પાસે પોતાની ટિકિટ હોવી જોઈએ. દરેકની પાસે ટિકિટ આવી ગઈ. ત્યાર પછી એમણે કહ્યું 'હવે તમે પેલી ચબરખી વાંચી જુઓ.' એ ચબરખીમાં એમણે દરેકના ટિકિટના નંબરનો છેલ્લો આંકડો લખ્યો હતો. બધાની ટિકિટની બાબતમાં એમણે જે લખ્યું હતું, તે અક્ષરશઃ સાચું પડ્યું. ધીરજલાલભાઈની આ શક્તિ જોઈને અમે બધા છક થઈ ગયા. એમણે કહ્યું, "સાધનાથી આવી વિવિધ પ્રકારની શકિતઓ ખીલવી શકાય છે."

શ્રી ધીરજલાલભાઈએ શતાવધાનના વિવિધ પ્રયોગો ઘણે સ્થળે કરી બતાવ્યા છે. ગણિતના પણ વિવિધ પ્રયોગો એમણે કર્યા છે. આ ઉપરાંત સામાન્ય જનતા જાદુ કહે એવા પ્રકારના ચમત્કારના કેટલાક પ્રયોગો એમણે એમનાં પુસ્તકોના પ્રકાશનવિધિના સમારોહ પ્રસંગે કરી બતાવ્યા છે. આ બધી શક્તિ એમને વર્ષોના જપ, ધ્યાન, યોગ, અવધાન-વગેરેની સાધનાના પરિણામે પ્રાપ્ત થઈ છે. મંત્રવિદ્યાના તેઓ ઊંડા જાણકાર છે. એ વિષયમાં એમણે જે ગ્રંથો લખ્યા છે, એવા ગ્રંથો ગુજરાતી ભાષામાં ખાસ કોઈ લખાયા નથી.

શ્રી ધીરજલાલભાઈની બીજી એક શક્તિ તે કુશળ આયોજનની છે. કોઈ પણ કામ કરવું તે એમના શબ્દોમાં કહીએ તો સોળ આની કરવું જોઈએ. એટલા માટે તેઓ પોતે જે કંઈ જવાબદારી ઉપાડે તે બહુ જ સુંદર રીતે પાર પાડે છે. તેઓ મહિનાઓ અગાઉથી તૈયારી કરતા હોય છે, કારણ કે તેઓ જેમ જીવનમાં દીર્ઘદૃષ્ટા છે, તેમ આયોજનમાં પણ દૂરદર્શી છે. દરેક યોજના કે કાર્યક્રમની તેઓ ખૂબ મનનપૂર્વક વિચારણા કરી, તેને લગતા બધા મુદ્દાઓને આવરી લઈ, તેની પાછળ ખંત અને ચીવટથી લાગી જાય છે અને તેને પૂરી સફળતા અપાવે છે. આવા કાર્યક્રમોના સંચાલન સમયે ધર્મમાં તેમની અડગ શ્રદ્ધા અને પૂર્ણ આત્મવિશ્વાસની આપણને પ્રતીતિ થાય છે.

શ્રી ધીરજલાલભાઈની પ્રતિભા બહુમુખી છે. એ પ્રતિભાનાં કેટલાંક પાસાંની મારા મન ઉપર પડેલી છાપનો અહીં સંક્ષેપમાં પરિચય કરાવ્યો છે.

શ્રી ધીરજલાલભાઈને સીત્તેરમું વર્ષ ચાલે છે. આ ઉંમરે પણ અવનવી યોજનાઓ પાર પાડવાની, એક યુવાનને પણ શરમાવે એવી ધગશ અને શક્તિ તેઓ ધરાવે છે. પ્રભુ એમને દીર્ઘાયુ બક્ષે અને શતાયુ બનાવે એવી અભિલાષા વ્યક્ત કરું છું.

# વિરાટ્ વ્યક્તિત્વ અને સ્વરાટ્ વૈદુષ્ય

## [ સંસ્મરણની ઝલકમાં ]

લે. ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી એમ. એ., પીએચ. ડી. નવી દીલ્લી.

હિંદી અને સંસ્કૃત ભાષાના ઉત્તમ કવિ, મંત્રશાસ્ત્રના મર્મજ્ઞ તથા અનેક શાસ્ત્રોના પારગામી વિદ્વાન, આ લેખમાં શ્રી ધીરજલાલભાઈ સાથેના સંપર્ક–સહવાસથી થયેલા લાભોનું, તેમજ તેમના વ્યક્તિત્વનું વિશદ રેખાંકન રજૂ કરે છે.

શતાવધાની પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહનું સન્માન–અભિનંદન કરવા તેમના સિત્તેર વસંતોની સુરભિ વડે સુવાસિત થયેલો સમાજ તત્પર બન્યો છે અને તે અંગે એક ગ્રંથ પણ તેમને અર્પિત કરવાનો છે, આ વાત ઘણા–ઘણાને આનંદ પમાડનારી છે. શ્રી ધીરજલાલભાઈ પોતાના બાલ્યકાળથી જ સાહિત્ય અને સમાજની સેવામાં અહર્નિશ આગળ વધતા રહ્યા છે. તેમણે સમાજને ઘણું ઘણું આપ્યું છે અને આજે પણ સતત પરિશ્રમપૂર્વક અનેરું સાહિત્ય પીરસી રહ્યા છે. આવા મહાન સાહિત્યસેવીનું સન્માન કરવું, એ આપણું આવશ્યક કર્તવ્ય છે.

આ પ્રસંગે લગભગ ૨૫ વર્ષનાં સંસ્મરણો મારાં મસ્તિષ્કમાં તરી આવે છે. કેવું વ્યક્તિત્વ અને કેવું વર્ચસ્વ? સને ૧૯૫૦ થી ૧૯૫૭ સુધીના વચગાળામાં પ્રાયઃ પ્રતિદિન હું તેમની સાથે રહી કંઈક શીખતો હતો. તેમના સંપર્કમાં રહી મારા જીવનને યોગ્ય દિશામાં લઈ જવાની પ્રેરણા મેળવતો અને પગલે પગલે તેઓમાં ઉત્સાહ, કર્મઠતા, પ્રગતિશીલતા વગેરેના આદર્શો જોઈ તેનું અનુકરણ કરવાનો પ્રયત્ન કરતો હતો. તે અંગેનાં કેટલાંક સંસ્મરણો આ રીતે છે :—

### પહેલો પરિચય

સને ૧૯૫૦ની સાલમાં શ્રી ધીરજલાલભાઈનો પ્રથમ–પરિચય થયો, તે વખતે હું મુંબઈનાં વિલેપારલામાં અધ્યયન કરતો હતો. સંન્યાસાશ્રમમાં પ્રતિષ્ઠા–મહોત્સવના દિવસોમાં બપોરના સમયે મારા પૂજ્ય ગુરુદેવ પાસે તેઓ અલંકાર–સંબંધી વિચારણા માટે આવેલા અને તેમની પ્રેરણાથી જ હું પણ એમને મળ્યો. શ્રી શાહે મને 'અજિત–

શાંતિસ્તવ'ના અલંકારો અંગે વિવેચન લખી આપવાનું કામ સોંપ્યું. મેં હા પાડી. પણ પુસ્તકોના અભાવે કાર્ય કેમ થશે ? આ પ્રશ્ન રજૂ થયો, ત્યારે તેમણે મારું સરનામું લખી પુસ્તકો મોકલી આપવા જણાવ્યું.

તે પછી હું એ પુસ્તકોની પ્રતીક્ષામાં હતો, એવામાં તેઓ પોતે જ પુસ્તકો આપવા પધાર્યા ત્યારે મારા મનમાં તેમના પ્રત્યે શ્રદ્ધા જાગી તથા મને લાગ્યું કે એક પ્રખ્યાત સાહિત્યકાર હોવા છતાં શ્રી ધીરજલાલભાઈમાં 'પારસમણિ'ના ગુણો પણ છે, કે જે પોતે પ્રેરણા અને પ્રોત્સાહન આપી સાહિત્યસેવા માટે મને પ્રેરી રહ્યા છે. મેં તેમના કહેવા પ્રમાણે કામ પૂરું કર્યું, એટલે તેઓ મને જૈન સાહિત્ય વિકાસમંડળમાં આવી જવાની ભલામણ કરવા લાગ્યા. તેની સાથે જ મારા ભાવી જીવનને સાહિત્યસેવી બનાવવાનો ઉપદેશ પણ આપ્યો, જે આજ સુધી મારા માટે વરદાનરૂપ બન્યો છે. તે એક રીતે 'નદી–નાવ–સંજોગ' હતો.

## 'જૈન સાહિત્ય વિકાસમંડળ' માં

શ્રી ધીરજલાલભાઈના ઉદાર સહયોગથી હું 'જૈન સાહિત્ય વિકાસમંડળ' માં કાર્યરૂઢ થયો. ત્યાં 'શ્રી પ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકા'ના બીજા ભાગનું સંપાદન ચાલુ હતું. શેઠ શ્રી અમૃતલાલ કાલિદાસ દોશીએ સ્થાપેલી આ સંસ્થામાં તેઓ પોતે પૂરેપૂરો રસ લેતા હતા અને કેટલાક મુનિરાજો તથા પંડિતવર્ય શ્રીલાલચંદ ભગવાન્ ગાંધીનો પણ આ કાર્યમાં સહકાર હતો, તેથી મને નિત્ય નવું જ્ઞાન મળતું, કામ કરવાની આવડત વધતી અને શ્રી ધીરજલાલભાઈ સાચા સ્નેહથી કોઈ પણ કાર્યમાં સાથે રાખી આગળ વધવાની પ્રેરણા આપતા રહેતા. લગભગ સાત વર્ષ સુધી તેમની સાથે રહી મેં અનુભવ્યું કે તેઓ એક સાચા સાહિત્યકાર છે, ઉચ્ચ કોટિના વિચારક છે, કુશલ ચિત્રકાર છે, નિપુણ માનસવૈદ્ય છે, મંત્રશાસ્ત્રના જ્ઞાતા છે, ગણિતશાસ્ત્રના પંડિત છે અને શતાવધાની પણ છે.

## સ્વાધ્યાયી અને અધ્યવસાયી

સાહિત્યસેવાનું કાર્ય અસિધારા જેવું કઠિન કાર્ય છે. ઘણા સાહિત્યકારો કલ્પનાજીવી હોય છે. તેમની લેખિનીમાં જે પ્રવાહ આવે છે, તે ભાવગંગાના પ્રવાહથી વધારે બળવાન બને છે, પણ શાસ્ત્રીય સાહિત્યસેવાનું કાર્ય તેથી વધારે અઘરૂં છે. ત્યાં મનોવિલાસની અપેક્ષા બુદ્ધિગત શ્રમનો ફાળો વધારે હોય છે. આવું કાર્ય ગુરુપરંપરા અને સ્વાધ્યાયની શ્રૃંખલાથી સંભવિત બને છે. પૂર્વાચાર્યોની મેધાનું પરિજ્ઞાન તેમજ તેનું સર્વસુલભ શબ્દોમાં ઉપસ્થાપન સર્વ સામાન્યનું કામ નથી.

શ્રી ધીરજલાલભાઈ આવા કાર્યને પાર પાડવા માટે નવા નવા ગ્રંથોનો સ્વાધ્યાય કરતા અને તેમાં ઓપ આણવા માટે જોઈતો અધ્યવસાય કરવામાં સદા તૈયાર રહેતા.

એક વાર સંશોધન કરતી વખતે તિઉક્ખર શબ્દ ઉપર વિચારણા થઈ. કોશગ્રંથો જોતાં તેમાં ત્રિપુષ્કરનો સામાન્ય અર્થ મળ્યો, પણ તેથી સંતોષ થયો નહિ. એટલે તેઓ તે અંગે જુદા જુદા વિષયોના વિદ્વાનોને મળ્યા અને છેવટે સંગીતશાસ્ત્રના એક વિદ્વાન પાસેથી તેનો વાસ્તવિક અર્થ મેળવવામાં સફળ બન્યા કે જે અર્થ હતો : ચામડાંથી મઢેલાં ત્રણ પ્રકારનાં વાદ્ય : મૃદંગ, પણવ અને દર્દુર.

એક વાર નમસ્કાર-સ્વાધ્યાય ગ્રંથ માટે પ્રાચીન સાહિત્ય જોવા અમો પ્રવાસે ગયા, ત્યારે મહામહોપાધ્યાય શ્રીગોપીનાથ કવિરાજ પાસે નમસ્કારની મંત્રમયતા અંગે ચર્ચા કરી. તેઓએ અન્યાન્ય ચર્ચા સાથે સ્વામી પ્રત્યક્ચેતનાનંદજીને કલકત્તામાં મળી તેમના ગ્રંથો મેળવવા અને વાંચવાની ભલામણ કરી હતી. તે પછી કલકત્તામાં તેમને મળવા અને તેમનાં પુસ્તકો મેળવવા માટે જે પરિશ્રમ શ્રી ધીરજલાલભાઈએ ખેડયો હતો, તે જોતાં મને ભારે આશ્ચર્ય થયું હતું. આ રીતે કોઈ પણ કાર્ય હોય, તેને સ્વીકાર્યા પછી શ્રી ધીરજલાલભાઈ 'देहं वा पातयामि, कार्यं वा साधयामि 'ની ઉક્તિને ચરિતાર્થ કરે છે. તેમનું વાંચન એટલું બધું વિસ્તૃત છે કે આપણે તેનો તાગ પામી શકતા નથી, એટલે મારી માન્યતા છે કે તેઓ ઉત્તમ ' સ્વાધ્યાયી અને અધ્યવસાયી ' છે.

## વિનોદપ્રિય અને સાહિત્યરસિક

જે વ્યક્તિ શાસ્ત્રાભ્યાસી અને દાર્શનિક હોય છે, તે સદા ગંભીર હોય છે. તેમાં એકાંતસેવનની નિષ્ઠાએ વધારે ઘર કરેલું હોય છે અને તે પોતાના જ્ઞાનની આગળ બીજા બધાને લઘુ માનતી થાય છે. શ્રી ધીરજલાલભાઈ આવા દોષોથી સર્વથા મુક્ત છે. જયારે તેઓ વાર્તાલાપ કરતા હોય છે, ત્યારે પ્રસન્નમુદ્રામાં રહી તેઓ નાના-મોટા વિનોદપ્રસંગો બહુ સરસ રીતે રજૂ કરે છે. તેમના મુખેથી સાંભળેલા કેટલાય વિનોદ-પ્રસંગો મને યાદ છે. સાહિત્યિક વિનોદમાં એક વાર તેઓશ્રીએ એક પ્રાચીન પંડિતનો હસ્તલિખિત પ્રતના સંપાદનનો પ્રસંગ બહુ જ ગમત સાથે સંભળાવેલો. કોઈ વાર મંત્રતંત્રના ચમત્કારો તો કોઈવાર પોતાના અનુભવો સંભળાવી અનેરો આનંદ પમાડતા. તેમની સાથે શોધકાર્ય પ્રસંગે અથવા પુસ્તકપ્રકાશન સમારોહ અંગે કરેલા પ્રવાસોમાં તેમની આનંદમુદ્રાનો સાક્ષાત્કાર સહેજે મને મળતો રહ્યો છે.

શ્રી શાહની દઢ ધારણા છે કે, 'બધાને સાથે લઈને ચાલવામાં જ શ્રેય છે.' એટલે તેઓ કોઈ પણ સમારોહનું આયોજન કરે છે, ત્યારે તેની સાથે જ સાહિત્ય અને સંગીત, નૃત્ય અને ગીત વગેરેના કાર્યક્રમો અવશ્ય રાખે છે. કેટલાય કવિદરબારો, નૃત્યપ્રયોગો, નાટ્યસમારંભો, વિદ્વત્સમ્માન તથા અન્યાન્ય પ્રવૃત્તિઓના લીધે જ તેઓ વડે આયોજિત સમારોહોમાં કોઈ દિવસ પ્રેક્ષકોની ઉપસ્થિતિ ઓછી હોતી નથી. અને બાલક હોય કે વૃદ્ધ બધાને પોતપોતાની રુચિ પ્રમાણે માનસિક ખોરાક મળે છે. તેમની

આવી ઉત્તમ મનોવૃત્તિના કારણે દરેક સાહિત્યકાર, કવિ, લેખક, સંગીતજ્ઞ, ગીતકાર અને અન્ય જાતના કલાકારો તેમના ઈશારા માત્રથી સહકાર આપવા તૈયાર રહે છે.

"આદર કરવાથી જ આદર મળે છે" આ લોકોક્તિ પ્રસિદ્ધ છે. આ દૃષ્ટિએ ઘણીવાર જોયું છે કે તેઓ સામાન્યથી સામાન્ય કલાકારને પણ તેટલું જ સન્માન આપે છે, કે જેટલું એક ઉત્તમ કલાકારને આપે છે. એકવાર જૈન સાહિત્ય વિકાસમંડળમાં 'અજિતશાંતિસ્તવ'ની ગાથાઓને સંગીત-પદ્ધતિએ તૈયાર કરાવવાની વિચારણા થઈ ત્યારે મને તેમણે કોઇ સંગીતજ્ઞ શોધી લાવવા માટે કહ્યું. હું મારી જાણ પ્રમાણે એક માણસને લઈ આવ્યો. તે સામાન્ય સ્થિતિનો હતો અને પોસ્ટ ઓફિસની બહાર કાગળ-મનીઓર્ડર વગેરે લખવાનું કામ કરતો હતો. તેની સાથે વાત ચલાવતાં જાણવા મળ્યું હતું કે તે પાકિસ્તાનથી આવેલો શરણાર્થી હતો, પણ સંગીતવિદ્યાનો સારો પંડિત હતો, તેથી તેની વિદ્યાને ધ્યાનમાં રાખી સારૂં સન્માન કરાવ્યું હતું. પાછળથી આ સંગીતપ્રયોગ આજના જાણીતા સંગીતનિર્દેશક શ્રી કલ્યાણજી આણંદજીની પાર્ટી વડે ઘણા સમારોહપૂર્વક યોજાયો હતો.

આ રીતે મંત્રવિદ્યાના નિષ્ણાતો, જ્યોતિષવિદ્યાના વિશેષજ્ઞો, આયુર્વેદના વિદ્વાનો કે અન્ય કલાકારો વગેરે સાથે સારો સંબંધ રાખી તેમનું બહુમાન કરવા-કરાવવામાં શ્રી ધીરજલાલભાઈ સદા અગ્રણી રહે છે. તેમની સાથે રહેવાથી મને પણ દેશના ઉચ્ચ સાહિત્યકારો-મહામહોપાધ્યાય પં. ગોપીનાથ કવિરાજ, મ. મ. નારાયણશાસ્ત્રી ખિસ્તે, શ્રી હજારીપ્રસાદ દ્વિવેદી, પં. કે. ભુજબલી શાસ્ત્રી, મ. મ. કાલીપદ તર્કાચાર્ય, સંગીત-માર્તણ્ડ પં. ઓંકારનાથ ઠાકુર, રાષ્ટ્રસંત વિનોબાજી વગેરે અનેક વ્યક્તિઓ સાથે પરિચય થયેલો છે.

વર્ષમાં બે-ચાર મેળાવડાના પ્રસંગો લાવી પોતાના સ્નેહીજનોને જાતજાતની સાહિત્યિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વાનગી આપવાનું કાર્ય શ્રી ધીરજલાલભાઈ ઘણાં વર્ષોથી કરતા આવ્યા છે. નવાં પુસ્તકો લખી તેમનું પ્રકાશન કરવા માટે તેઓશ્રી વડે યોજાતા સમારોહો મુંબઈ અને બીજા શહેરોમાં બહુ આવકાર પામ્યા છે. આ સમારોહોમાં રાષ્ટ્રનેતા, સમાજસેવી, શાસનના અધિકારી, તેમજ બીજા અગ્રય-માન્યજનોને શોધી કાઢવા, તેમજ તેમની નિશ્રામાં સમાજને ઉદ્બોધન આપવાની કુશળતા ખરેખર શ્રીશતાવધાનીજીની દૈવીસંપદા છે

## સરલહૃદયી અને સૌજન્યમૂર્તિ

આપણે ઘણી વાર જોઈએ છીએ કે કેટલાક વિદ્વાનો 'विद्या ददाति विनयं'ની ઉક્તિથી સાવ વિપરીત સ્વભાવવાળા થતા જાય છે. જેમ જેમ તેમનું સન્માન વધે છે, તેમ તેઓ આત્મીયજનો તથા સામાજિક કાર્યકર્તાઓ સાથે સંપર્ક ઓછો કરતા જાય છે,

પણ શ્રી ધીરજલાલભાઇ તેમાં અપવાદ છે. તેઓ અભિમાનને પાસે પણ આવવા દેતા નથી. જૈન સાહિત્ય વિકાસમંડળના કાર્યકાલમાં મધ્યાહ્ન-વિરામના સમયે તેઓ અમને જુદા જુદા પ્રસંગો રજુ કરી પોતાના અનુભવો, વિનોદ-વાર્તાઓ વગેરે સંભળાવતા. તેમની સાથે પ્રવાસ કરતાં પણ મને ઘણું-ઘણું જાણવા-જોવા મળ્યું છે. એક જાતની વિશિષ્ટ કર્તવ્યનિષ્ઠા સાથે તેઓ પ્રવાસકાળમાં પોતાના કાર્યક્રમો રાખતા હતા. પ્રાતઃ કાળથી માંડી રાત્રિ સુધી જે જે પ્રવૃત્તિઓ થતી તે રાત્રે સૂતા પહેલાં લખી તૈયાર કરી શયન કરવું એ તેમનો નિયમ હતો. વારાણસી, કલકત્તા, ઝાડગ્રામ, સૂરત, અમદાવાદ વગેરેમાં તેમની સાથે પ્રવાસ અને ત્યાંના કાર્યક્રમોમાં ભાગ લેવાના મારા અનુભવો અતિસુખદ અને જ્ઞાનવર્ધક નીવડયા છે. આવા પ્રસંગોમાં સમાન વ્યવહાર રાખી કોઈ પણ જાતના ભેદ-ભાવ વગર બધી પ્રવૃત્તિઓમાં સાથે રાખવાથી ઉત્સાહવૃદ્ધિ થાય તે સ્વાભાવિક છે.

ઝાડગ્રામમાં પૂજ્ય વિનોબાજીને '**શ્રીમહાવીર-વચનામૃત**' ગ્રંથ સમર્પણ કરવા માટે કલકત્તાથી સ્પેશ્યલ રિઝર્વેશન કરાવી સમાજના આગેવાનો સાથે પ્રવાસ કરેલો. તેમાં શ્રી ધીરજલાલભાઈએ એટલી બધી સુંદર વ્યવસ્થા રાખી હતી કે જેથી બધા સાથીઓ ખુશ થઈ ગયા હતા. પ્રસંગોપાત્ત કાવ્યગોષ્ઠિઓ, હાસ્ય-વિનોદ, ક્રીડા-પ્રવૃત્તિ અને અન્ય આવશ્યક ખાવા-પીવા, નાસ્તા વગેરેની વ્યવસ્થાથી બધા વિસ્મિત બન્યા હતા. તેમના ઘેર ચિ. નરેન્દ્રભાઇના લગ્નપ્રસંગે યોજાયેલ સાહિત્યિક કાર્યક્રમો અને જમણના પ્રસંગોમાં ધનપતિઓ, સમાજસેવકો, સાહિત્યકારો-સાક્ષરો વગેરેની સહર્ષ ઉપસ્થિતિ અત્યંત શ્લાઘનીય હતી. તેથી શ્રી ધીરજલાલભાઈની સરલહૃદયતા અને સૌજન્યનો સ્હેજે ખ્યાલ આવી જાય છે.

### ઉદાત્ત આદર્શોના અનુરાગી

આજનો સંક્રમણકાલ કે જ્યારે દરેક માણસ એક યા બીજા ભૌતિક સંકટને લીધે પોતાની દૈનિક ક્રિયાઓને મુશ્કેલીથી સંપન્ન કરી રહ્યો છે, ત્યારે પણ શ્રી ધીરજલાલ-ભાઈ પોતાની આદર્શ પ્રવૃત્તિ પર સક્ષમ જ રહ્યા છે. તેઓ આધ્યાત્મિક જીવન-યાપનની દૃષ્ટિ રાખી આત્મકલ્યાણ અને પરોપકારના માર્ગે આગળ વધતા રહ્યા છે. તેમના સમગ્ર સાહિત્યને જોતાં કહી શકાય છે, કે તેઓ એક મહાપુરુષ છે કે જેઓ નિરંતર સાધનાનું આલંબન લઈ તેનાથી પ્રાપ્ત થયેલા અમરફળનો એકલા ઉપયોગ ન કરતા સકલ સમાજને તેમાં ભાગીદાર બનાવે છે; ઉપદેશ, આદેશ, આલેખન તેમજ વ્યાખ્યાન વડે માનવતાના દ્વાર ઉઘાડે છે; સત્ પ્રેરણા આપી કર્મનિષ્ઠ બનાવે છે અને સેવા-સદ્ભાવથી બધાને આનંદિત કરે છે.

જીવનના વિવિધ સંઘર્ષોમાં પસાર થતા શ્રી શતાવધાનીજી પોતાના આદર્શોમાં

કોઈપણ જાતનો ફેર-બદલ કર્યા વગર સ્વીકારેલા માર્ગે વધતા રહ્યા છે. તેમનું સાહિત્ય બાળક, જુવાન કે વૃદ્ધ બધાને માટે આદર્શ પ્રેરણા આપનારું છે. લોકરંજન અને દ્રવ્યલાભને ગૌણ રાખી સાચા મનથી મા ભારતીની પવિત્ર સેવામાં તન્મય રહેવાની તેમની ભાવના ખરેખર દરેક સાહિત્યસેવી માટે આદર્શરૂપ છે. એટલે તેઓ એક રીતે **'આધ્યાત્મિક ચેતનના અગ્રદૂત'** છે.

**શતશત અભિનંદન**

આવા એક મહાન સાહિત્યકાર અને આદર્શ પુરુષનું બહુમાન થવું જ જોઇએ. જેઓએ પોતાની સાહિત્યિક પ્રવૃત્તિના આરંભકાળથી આજ સુધી મનમાં શિવ-સંકલ્પ રાખી અહર્નિશ પાર પાડવા માટે જ ઉત્તમોત્તમ સાહિત્યની રચના કરી, પ્રવાસો કર્યા, ગ્રંથો ઉપર ટીકાઓ રચી, અવધાન-વિદ્યાનો વિશિષ્ટ પ્રયત્નપૂર્વક વિકાસ કર્યો, મંત્ર, તંત્ર અને યંત્રોની શાસ્ત્રીય પ્રક્રિયાઓ રજૂ કરી, સ્વયં ઉપાસના કરવા વડે દીન-દુઃખીઓનાં દુઃખો મટાડ્યા, ગણિતવિદ્યાના આશ્ચર્યપૂર્ણ પ્રયોગો પ્રસ્તુત કર્યા, તેમજ સમાજસેવા વડે પોતાના જીવનને ધન્ય બનાવ્યું, એવા શતાવધાની, વિદ્યાભૂષણ, મંત્ર-મનીષી પં. શ્રી ધીરજલાલભાઈને શત-શત અભિનંદન છે. તેઓ દીર્ઘાયુ થાઓ તથા નિરાપદ્ જીવન વ્યતીત કરી આત્મકલ્યાણ અને લોકકલ્યાણના પંથને આલોકિત કરો, એ જ શુભકામના.

## ધન્ય ધરા ગુજરાતની

નવાણુ નાનાં નિર્મળાં, ભદ્રિક ભોળા લોક;
ધન્ય ધરા ગુજરાતની, આપે સંપત્તિ થોક. ૧

સુંદર ઝાડી ઝુંપડાં, વળી હરિયાળાં ખેત;
કિચુડ બોલે કોસ ત્યાં, ઉપજે અદકું હેત. ૨

વાનરની વસ્તી ઘણી, ધીંગાં એનાં ઢોર;
ટહૂકે કોયલ કુંજમાં, નાચે મનહર મોર. ૩

—ધી.

# વિશાળ વડલાની શીતળ છાયા

લે. શ્રી કુમારપાળ દેસાઈ

અનેક ગ્રંથોના યશસ્વી નિર્માતા તથા ગુજરાતી પત્રોના સુપ્રસિદ્ધ કટારલેખક આ લેખમાં શ્રી. ધીરજલાલભાઈનો અનેરો પરિચય કરાવે છે.

વિશાળ ઘેઘૂર વડલાની વડવાઈઓ ચોતરફ ફેલાઈ હોય, એ વડવાઈ પાછી ધરતીમાં રોપાઈને નૂતન વૃક્ષરૂપે શોભતી, ફૂલતી અને ફાલતી હોય અને આમ આસપાસની ધરતીને ઢાંકી દે એવો એનો વ્યાપ વિસ્તર્યો હોય !

બસ, આવી જ મુ. શ્રી. ધીરજલાલભાઈના વ્યક્તિત્વ વિશેની મારી કલ્પના હતી. એમના જૈન સંસ્કારોના બીજમાંથી "જૈન બાલગ્રંથાવલી", "જૈન શિક્ષાવલી", "વીરવચનામૃત" તેમજ "શ્રી પ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકા" (ત્રણ ભાગ) જેવી મનોરમ ધર્મકૃતિઓનું પ્રાગટ્ય થયું. વિદ્યાર્થી અવસ્થામાં તેઓ "છાત્ર" નામનું હસ્તલિખિત સામયિક ચલાવતા હતા, એમાંથી "જૈન જ્યોતિ" અને "વિદ્યાર્થી" જેવાં માતબર સાપ્તાહિકો પ્રગટ કર્યા. એવી જ રીતે ગણિત તરફની વિશેષ રુચિને કારણે એમાં સિદ્ધિ પ્રાપ્ત કરી, પણ એ સિદ્ધિમાં એમની આંતરિક સાધનાનું તત્ત્વ ભળતાં એનો કોઈ નૂતન સ્વરૂપે જ આવિર્ભાવ થયો.

જીવનમાં આવેલી કપરી આપત્તિના સમયે ઇશ્વરના સતત સ્મરણે એમને સાચો માર્ગ ચીંધ્યો અને જીવનની આ નાનીશી ઘટનાના બીજમાંથી આરાધનાના માર્ગે ઉન્નત પ્રયાણ કરનાર મુ. શ્રી. ધીરજલાલભાઇ પાસેથી સરળ અને સર્વજનયભોગ્ય એવું મંત્ર–સાહિત્ય મળ્યું. ધનના ગર્વમાં અને વૈભવના આડંબરમાં જીવનસાર્થક્ય માનતા આ જમાનામાં એમણે આત્માની તાકાત પર નજર ઠેરવી. આ બીજમાંથી જ શતાવધાનના પ્રયોગોની વિરલ શક્તિ પ્રગટ થઈ, જેણે શ્રી ધીરજલાલભાઈને સમગ્ર દેશમાં મોટી નામના અપાવી છે.

આટઆટલી સિદ્ધિ મેળવી હોવા છતાં એમની નમ્રતા સહેજે લોપાઈ નથી. એમની

સાદાઈ એવી ને એવી જ અક્ષત રહી છે. ૭૦ વર્ષની વયે પણ એ શક્તિવંતા જુવાનની પેઠે આસન લગાવીને, ચટાઈ પર બેસીને વાતો કરતા હોય છે. આમ જૈન સંસ્કારો અને ગાંધીજીએ પ્રબોધેલા આદર્શો–એ બંનેનો સુભગ સમન્વય એમના તાજગીભરેલા સંયમપૂર્ણ જીવનમાં જોવા મળે છે.

નિશાળના અભ્યાસકાળ દરમ્યાન મેં એમની "જૈન બાલગ્રંથાવલી" વાંચી. મારા કૉલેજના અભ્યાસકાળ દરમ્યાન એમના શતાવધાનના વિસ્મયકારી પ્રયોગો નિહાળ્યા. એ પછી મંત્ર–સાહિત્ય વિશે જાણવાની અભિરુચિ જાગતા એમણે લખેલા મંત્ર–સાહિત્યનો અભ્યાસ કર્યો. મોટાભાગના ગ્રંથોમાં તો આ જટિલ વિષયનું જટિલ રીતે જ આલેખન કરવામાં આવતું, જ્યારે મુ. શ્રી ધીરજલાલભાઈના મંત્રવિષયક પુસ્તકોમાં મંત્ર અને આરાધનાની સાચી રીત સમજાવીને, એને અંગેની વિસ્તૃત છણાવટ કરવામાં આવી હોય છે, આરાધનાની ઝીણામાં ઝીણી માહિતી દર્શાવવામાં આવી હોય છે. આ વિષયમાં પ્રવેશ કરનારને અથવા તો ગતિ કરી ચૂકેલાને–એ બંનેને મદદરૂપ થાય તેવું આ સાહિત્ય છે. ગુજરાતમાં આટલી સરળતાથી, આટલું બહોળું મંત્રસાહિત્ય બીજા કોઈએ લખ્યું હોય તેવું મારા ખ્યાલમાં નથી.

જીવનના પ્રારંભે કારમી આર્થિક ભીંસમાં શ્રી ધીરજલાલભાઈનું ઘડતર થયું છે. નાની વયે જ પિતાની છત્રછાયા ગુમાવનાર શ્રી ધીરજલાલભાઈના ધૈર્યની કસોટી કરતા અનેક પ્રસંગો એમના જીવનમાં આવ્યા છે, પરંતુ આ આપત્તિઓ સામે હસતે મુખે ઝઝૂમીને નિર્ધારિત ધ્યેયને માર્ગે સતત આગળ ધપતા રહ્યા છે. નિરાશા કે નિર્બળતા કદી એમને સ્પર્શી શક્યા નથી. એને પરિણામે જ એમના જીવન પ્રત્યેના અભિગમમાં ક્યાંય કટુતા જોવા મળતી નથી.

થોડા વખત પહેલા જ મને મુ. શ્રી ધીરજલાલભાઈના પ્રત્યક્ષ પરિચયમાં આવવાની તક સાંપડી. આ સમયે મારા પિતાશ્રી શ્રી જયભિખ્ખુ સાથેના એમના ઘણાં સ્મરણો તાજાં થયાં. એથી ય વિશેષ તો એમના હૂંફાળા વાત્સલ્યનો અનુભવ થયો. વડલાસમી પ્રતિભાની વિશાળતાનો મને ખ્યાલ હતો, જ્યારે એની શીતળતાનો નવો અણસાર આ સમયે સાંપડ્યો. એમના દીર્ઘજીવન અંગે "જીવેત શરદઃ શતમ્"ની પ્રાર્થના સાથે વિરમું છું.



**લે. શ્રી ઇન્દુમતી ચીમનલાલ શેઠ**

રાષ્ટ્રપ્રવૃત્તિના એક સૂત્રધાર તથા શિક્ષણ-ક્ષેત્રે જીવનનું સર્વસ્વ સમર્પણ કરનાર શેઠ ચી. ન. વિદ્યાવિહાર તથા શ્રીમતી માણેકબા વિનયમંદિરના સંચાલિકા અને મુંબઈ તથા ગુજરાત રાજ્યના માજી શિક્ષણપ્રધાન આ લેખમાં શ્રી ધીરજલાલભાઈ અંગે પોતાનું અંતર ઉઘાડે છે.

*

# શ્રી ધીરજલાલભાઈ

લગભગ પચાસ વર્ષ પહેલાંની વાત છે. તે વખતે શેઠ ચી. ન. વિદ્યાવિહારનુ સ્વરૂપ ફક્ત એક છાત્રાલયનું જ હતું. મોટા ભાગના છાત્રો હાઈસ્કૂલ કે કુમારશાળાની સગવડ વિનાના ગામડાંઓમાંથી આવતા. તે સમયે હાઈસ્કૂલ તો જૂજ ફક્ત શહેરોમાં જ હતી અને કુમારશાળાઓ પાંચ થી સાત ધોરણની પણ મોટા ગામોમાં જ હતી. તેથી વાલીઓની હાડમારીનો પાર નહોતો. વળી તે સમયે ગામડાં છોડીને શહેરમાં વસવાની પ્રક્રિયાએ જોરદાર વેગ પકડયો નહોતો, તેથી ઘણાં મધ્યમ વર્ગનાં વેપાર કરતાં જૈન-વૈષ્ણવ કુટુંબો ગામડામાં વસતાં અને તેમના પુત્રોને શેઠ ચી. ન. છાત્રાલયમાં ભણવા માટે મૂકતા.

તે વખતે ૭૦–૮૦ વિદ્યાર્થીઓ રહેતા અને આસપાસની હાઈસ્કૂલોમાં પાંચથી અગિયાર ધોરણોમાં અભ્યાસ કરતા.

બુનિયાદી શિક્ષણની તો તે વખતે કલ્પના પણ નહિ, પણ રૂસો વગેરે મોટા કેળવણી-કારોના વિચારો શિક્ષિતવર્ગમાં પ્રચલિત હતા. તે સમયની કેળવણી કેવળ યાદદાસ્તની પુસ્તકિયા તાલીમ હતી, તદ્દન એકાંગી હતી અને શાળાઓમાં વ્યાયામ, કારીગરી, કલા, અભિવ્યક્તિ, ભાવના, સંવેદનશીલતા, શ્રમ વગેરેનું નામ પણ નહોતું, પણ શેઠ ચીમનલાલ નગીનદાસે પોતાના વીલમાં એમ દર્શાવ્યું હતું કે બાળકોને ઉદ્યોગ અને કારીગરીનું શિક્ષણ પણ આ ટ્રસ્ટમાંથી અપાય.

સ્વ. અંબાલાલભાઈ પ્રખર વાચક હતા. બાળકોને નાનપણથી સારી તાલીમ આપવી જોઈએ અને તે જ મોટામાં મોટો વારસો છે, એમ તે માનતા અને તે જ વિચારથી તેમણે પોતાનાં બાળકોને માટે રીટ્રીટ શાળા સ્થાપી હતી. શેઠ ચી. ન. છાત્રાલયના ટ્રસ્ટીમંડળના તેઓ પ્રમુખ હતા.

ગામડાના વિદ્યાર્થીઓને સારું શિક્ષણ આપવા ટ્રસ્ટીમંડળે વિચાર કર્યો અને એવા નિર્ણય ઉપર આવ્યા કે સર્વાંગી વિકાસ સાધવાને માટે એક પ્રાયોગિક શાળા શરૂ કરવી

અને જ્યાં સુધી સરખું ન ગોઠવાય ત્યાં સુધી મેટ્રીકના છેલ્લા વર્ષમાં આ કુમારોને આસપાસની શાળાઓમાં દાખલ કરીને ત્યાંથી મેટ્રીકની પરીક્ષા અપાવવી. તે સમયમાં પરીક્ષા લઈને બાળકો ગમે તે ધોરણમાં દાખલ કરી શકાતા હતા.

છાત્રાલયના જૂના વિદ્યાર્થી ધીરજલાલભાઈ આ નાનકડી પ્રયોગશાળામાં શિક્ષક તરીકે જોડાયા. મૂળ ગામડાના. તેમના માતુશ્રી અત્યંત ધાર્મિક વૃત્તિના અને તેજસ્વી. દીકરાને ધનવૈભવનો વારસો નહિ પણ ધર્મવૃત્તિ, જ્ઞાનજિજ્ઞાસા અને સેવાપરાયણતાનો વારસો આપેલો, તે અંકુરને આ વિદ્યા અને ચારિત્ર્યઘડતરના સુવાસિત વાતાવરણમાં પાંગરવાની તક મળી.

બાળકો તો ઉત્સાહથી થનગનતા હતા. બે-ત્રણ સાથીઓ સાથે ધીરજલાલભાઈ આ સંસ્થાને વિકસાવવા અને સ્થિર કરવા મંડી પડયા. સાહિત્યના શોખની સાથે જ તેમણે ચિત્રકળાના શોખને સારો વિકસાવ્યો હતો.

શાળાના વિદ્યાર્થીઓ ઓછા તેથી પોતાની રુચિ અને ઈચ્છા અનુસાર તેઓ વિદ્યા અને કારીગરીમાં સમય આપતા. શાળા બે પાળીમાં ચાલતી. સવારના ચારેક કલાક બૌદ્ધિક વિષયો લેવાતા અને બપોરે કલા-કારીગરી વગેરે વિષયો ચાલતા. વિદ્યાર્થીઓ ધીરજલાલભાઈને ચિત્રની ઉપાસના કરતા જોતા અને તેમાંથી પ્રેરણા મેળવતા. કંપોઝીશન, ફીગર ડ્રોઈંગ, રંગમિલાવટ બધું તેમાંથી બાળકો આપોઆપ શીખે. પ્રશ્નોત્તરી, વાતચિત, ટોળટપ્પા ચાલતા રહે, હાસ્યવિનોદ પણ થાય અને વિદ્યાર્થી શીખતો જાય. તે પોતે પણ ન જાણે એ રીતે સંસ્કાર સિંચાતા જાય. કારીગરીના-ધાતુ કોતરકામ, ક્રેટવર્ક, નેતરકામ, સિલાઈકામ વગેરેના વર્ગો ચાલે. વિદ્યાર્થીઓ હોંસે હોંસે તેમાં જાય. પોતાની અંદર રહેલી ભાવના અને શક્તિને અભિવ્યક્તિ મળે તેથી તેમનો આનંદ સમાય નહિ. ધીરજલાલભાઈ બધા ઉદ્યોગોના જાણકાર-વિદ્યાર્થીને ઉત્તેજન આપે, સૂચન કરે અને તેનું કામ બિરદાવે. કોઈ વાર વિદ્યાર્થીઓના કલા-કારીગરીનું પ્રદર્શન પણ ગોઠવે.

સાહિત્ય અને અધ્યયનનો પણ ધીરજલાલભાઈને ઘણો શોખ. હસ્તલિખિત અંકોની પ્રવૃત્તિ તો એમની જ. વિદ્યાર્થીઓને લેખો લખવા કહે. વિદ્યાર્થીની કક્ષાને અનુરૂપ સંદર્ભપુસ્તકોનાં નામ આપે. વિદ્યાર્થી ઉત્સાહપૂર્વક પુસ્તકો વાંચે અને લેખ તૈયાર કરે-તેને ખબર પણ ન પડે તે રીતે અધ્યયન અને અધ્યાપન થઈ જાય.

તે જ અરસામાં શાળાની શરુઆતમાં હું શાળામાં શિક્ષણકાર્યમાં જોડાઈ બાળકોને અંગ્રેજી અને ગુજરાતી શીખવાડતી. તેમના ઉત્સાહથી અને રસથી મને આનંદ આવતો. મને યાદ છે કે કવિતાના છંદ બાળકો ઉત્સાહપૂર્વક શીખતા. ધીરજલાલભાઈ પણ ગુજરાતી શીખવતા.

ચારિત્ર્યનું ઘડતર થાય અને વાંચતા મઝા પડે તેવું કથાસાહિત્ય ગુજરાતીમાં બાળકો માટે બહુ ઓછું હતું. ધીરજલાલભાઈએ એ ઉણપ દૂર કરવા કમર કસી અને જૈન કથાઓની સરસ નાની પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરી. તે સમયે ભાવ પણ પાંચ પૈસા જેટલો જ રાખ્યો.


જૈન સાહિત્ય અતિસમૃદ્ધ છે અને વિશાળ સમુદ્ર જેવું છે. તેમાંથી મોતી જેવી સુંદર બોધદાયક રસથી ભરપૂર વાર્તાઓ શોધી શોધી ઘૂંટી ઘૂંટીને તેમણે તૈયાર કરી. આ પ્રવૃત્તિમાંથી તેમને કદાચ પોતાની સાહિત્યિક અભિરુચિની પણ જાણ મળી હશે. પછી તો સાહિત્યનો ધોધ બહાર પડવા લાગ્યો. કથાસાહિત્યની લગભગ ત્રણસો જેટલી પુસ્તિકાઓ પ્રસિદ્ધ થઈ. બાળકોને અનુરુપ જરા મોટા ટાઈપ અને સાદી શિષ્ટ સુરેખ રસદાર ભાષા. આ માળાની કેટલીએ આવૃત્તિઓ થઈ ગઈ. હવે તો તેની કિંમત પણ વધી છે, પણ તે એટલીજ લોકપ્રિય ને બાલપ્રિય રહી છે.

ધીરજલાલભાઈ બાળકોના—અને પછીથી યુવાનો અને પ્રૌઢોના પણ સત્વ અને શક્તિને બહાર કાઢી શકતા. બાળકોનો આત્મવિશ્વાસ તે જાગૃત કરતા અને બાળક મહેનતપૂર્વક ધ્યેય સિદ્ધ કરવા લાગી જતો. ધીરજલાલભાઈ પ્રત્યે તેની વફાદારી અને શ્રદ્ધા વળતી અને સાથે સાથે જે સંસ્થાએ તેમને અને આ વિદ્યાર્થીઓને મદદ કરી મુશ્કેલીમાં વાલીનો અને તેના પાલ્ય વિદ્યાર્થીનો હાથ પકડયો અને અનુકૂળતા આપી અભ્યાસ કરાવ્યો અને પ્રગતિને પન્થે તેમને ચડાવ્યા, તે સંસ્થા પ્રત્યે વફાદારી, સાત્વિક આભાર અને પ્રેમની ઉત્કટ ભાવના જાગૃત કરી. માતૃસંસ્થાને માટે કાંઈક કરવું જોઈએ તે ભાવના જૂના છાત્રોમાં ઉગી અને પાંગરી.

વિદ્યાવિહારના દાતા શેઠ ચીમનલાલ નગીનદાસની જન્મશતાબ્દી પ્રસંગે આ ભૂતપૂર્વ છાત્રોએ શ્રી ધીરજલાલ અને બીજા ભાઈઓની રાહબરી નીચે એક લાખ અગીયાર હજાર એકસોને અગિયાર રૂપિયા એકઠા કરવાનું ઠરાવ્યું. આ રકમ તેઓએ મુંબઈ અને અમદાવાદના છાત્રભાઈઓ પાસેથી એકઠી કરીને સંસ્થાના વ્યવસ્થાપકોને સુપરત કરી અને આજે સ્મારકનિધિની કારોબારી સમિતિ દ્વારા જૂના છાત્રો અને વિદ્યાવિહારના સંચાલકો એનો વહીવટ કરે છે અને તેમની ભાવના અનુસાર ઉચ્ચ અભ્યાસ અર્થે છાત્રાલયમાં રહી અભ્યાસ કરેલો હોય તેવા ભાઈઓને લોન અને બેનોને શિષ્યવૃત્તિ રૂપે વિદ્યાદાન આપીને છાત્રો પોતાનો આભાર અને ઋણશોધન કરે છે. આની પાછળ ધીરજલાલભાઈની પ્રેરણા અને ધગશ નોંધપાત્ર છે. આ રકમ કદાચ મોટી ન લાગે પણ અમને તો તે ઘણી મૂલ્યવાન છે. તેની પાછળ જે ઉચ્ચ ભાવના અને સામાજિક વૃત્તિ રહેલી છે, તે જ અતિ ઉત્તમ અને કલ્યાણદાયી છે. જૂના છાત્રોમાંના કેટલાક આજે શ્રીમન્ત છે અને ઉચ્ચ અધિકારપદે પણ છે. તેઓ સમાજમાં પૂછાય છે અને સારો મોભો ધરાવે છે. એ સૌ સંસ્થા સાથે પ્રેમભાવની સગાઈ રાખી રહ્યા છે અને પોતાના




ભાયખલા જૈન મંદિરના ચોગાનમાં શ્રી ધીરજલાલ શાહની
સુરમ્ય સાહિત્યવાટિકા નામનું પ્રદર્શન યોજાયું હતું, તેનું દૃશ્ય.



સાહિત્યવાટિકા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યાં પછી શ્રી મેઘજી પેથરાજ શાહ
શ્રી ધીરજલાલ શાહના સાહિત્યનું રસપૂર્વક નિરીક્ષણ કરી રહ્યા છે. તા. ૧૮-૧૧-૬૨



યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશનના ચેરમેન શ્રી ડી. એસ. કોઠારી શ્રી ધીરજલાલ શાહ
વિરચિત ભક્તામર-રહસ્ય ગ્રંથનું પ્રકાશન કરી રહ્યા છે. તા. ૬-૩-૭૧



આ પ્રસંગે શેઠ નારાણજી શામજી મોમાયા શ્રી ધીરજલાલ શાહની
દીર્ઘકાલીન સાહિત્યસેવા માટે રૌપ્ય કમલ અર્પણ કરી રહ્યા છે.


સાથીઓ અને ખાસ કરીને છાત્રાલયમાં ભણતા નાના ભાઈ–બેનોને તેઓ ભૂલતા નથી. અવારનવાર તેઓ આવે છે અને આ નાના કુમાર કન્યાઓને પ્રોત્સાહન અને પ્રેરણા આપી જીવનમાં કેવી પ્રગતિ, નિશ્ચયબળ અને ઘડતરથી સાધી શકાય છે, તેનું ઉજળું અને જીવતું દષ્ટાંત પૂરૂં પાડે છે. કુમારછાત્રાલયના બાળકો તેમના આ મોટાભાઈ અને વડીલોના ઉદાહરણથી ખૂબ પ્રભાવિત થાય છે અને ભલે આજે અમે ગરીબ અને નબળા છીએ પણ પુરુષાર્થ કરી કઠનાઈઓ સહન કરી શરીરને કસીને અભ્યાસ કરીશું અને ઇશ્વરે જે તક આપી છે તેનો ઉત્તમોત્તમ ઉપયોગ કરી કુટુંબ, સમાજ અને દેશને ઊંચો લાવીશું એવાં સ્વપ્ન સેવતાં તેઓ વર્તમાનની હાડમારી અને મુશ્કેલીઓને ગૌણ લેખતાં, કસોટીનો સામનો કરતાં પ્રગતિ સાધે છે.

આ ઉપરાંત ધીરજલાલભાઈએ સ્વાધ્યાય વધાર્યો અને જૈન ધર્મનાં સૂત્રો ઉપર અનેક ગ્રંથો લખ્યા અને હજી તે પ્રવૃત્તિ ચાલુ જ છે. આ પ્રવૃત્તિએ તેમને પંડિતનું બિરુદ અપાવ્યું છે.

પ્રાચીન પ્રણાલિકા અનુસાર તેમણે મંત્રજાપનો અભ્યાસ વધાર્યો અને આજે તે શાસ્રમાં તેઓ પ્રમાણભૂત વિદ્વાન ગણાય છે. આ સિદ્ધિઓ માટે આપણે તેમને અભિનંદન આપીએ અને તેમાં ઘણી પ્રગતિ ઇચ્છીએ.

હજુ પણ તેમનો ઉત્સાહ અને નિષ્ઠા યુવાનને હંફાવે એવા છે અને તેમના વિદ્યાર્થીઓ અને સાથીઓના ઊંડા આદર અને પ્રેમને પકડી રહ્યા છે, તે આપણે માટે આનંદની વાત છે.

ઈશ્વર તેમને તંદુરસ્તી અને દીર્ઘાયુષ્ય આપે તેવી પ્રાર્થના અને શુભેચ્છા.



# આજીવન સાધક પં. ધીરજલાલ

લે. ઝીણાભાઇ દેસાઇ (સ્નેહરશ્મિ)

ગુજરાતના સુપ્રસિદ્ધ કવિ, શિક્ષણશાસ્ત્રી અને ગુજરાતી સાહિત્યપરિષદના નિવૃત્ત પ્રમુખ તથા શેઠ ચી. ન. વિદ્યાવિહાર–અમદાવાદના નિયામક શ્રી ધીરજલાલભાઈ અંગે પોતાનો પરિચય આ લેખમાં પ્રકટ કરે છે.

કેટલાંક વર્ષ પહેલાંનો એક પ્રસંગ છે. સૂરતની એક જાહેર સંસ્થા તરફથી શ્રી ધીરજલાલભાઈના અવધાનના પ્રયોગોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એમાં હાજર રહેવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું હતું. હું ભૂલતો ન હોઉં તો કાર્યક્રમ સૂરતના રંગભવનમાં હતો. શતાવધાનના અનેક પ્રયોગો આ પહેલાં મેં જોયા હતા અને એમાંના કેટલાકથી હું પ્રભાવિત પણ થયો હતો, પરંતુ શ્રી ધીરજલાલભાઈના આ પ્રયોગોથી હું ખરેખર આશ્ચર્યચકિત બન્યો. એટલુંજ નહી પણ મુંઝવણમાં મૂકાઈ ગયો. ઉદાહરણ તરીકે–એક પ્રયોગ હતો એનસાયક્લોપીડિયા અને એવા મોટા મોટા અન્ય સંદર્ભ ગ્રંથોના ખડકલામાંથી પ્રેક્ષકોમાંના કેટલાકે પસંદ કરેલાં અવતરણો અંગેનો. ગમે તે ગ્રંથ ઉપાડી ગમે તે પાના ઉપરથી તમે કોઈક વાક્યો વ્યક્તિગત રીતે તમારા મન સાથે નક્કી કરો અને ગ્રંથ પાછો મૂળ જગ્યાએ મૂકી દો. આવી રીતે ચાર–પાંચ જણા જુદા જુદા ગ્રંથોમાંથી પોતાને ઠીક પડે એવા વાક્યો નક્કી કરે અને દરમિયાન શ્રી ધીરજલાલભાઈ પોતાના બીજા પ્રયોગો પૂરા કરી લઈ આ ગ્રંથોમાંના અવતરણો, ગ્રંથનું નામ અને પાનાનો નંબર અક્ષરશઃ કહી આપે. આ કઈ રીતે શકય બને છે, એ મને હજી સુધી સમજાતું નથી. આપણે યોગની શક્તિ વિષે જે સાંભળીએ છીએ, વાંચીએ છીએ, તેવું આ કંઈક હશે ?

મને આ પ્રસંગે સ્વામી વિવેકાનંદનો એક કિસ્સો યાદ આવ્યો. અમેરિકાથી પાછા વળતાં એક વિદ્વાન જર્મન અધ્યાપકના તેઓ મહેમાન હતા. અધ્યાપકને સંજોગોવશાત્ બહાર જવાનું થતાં તેમની પાસે તાજેતરમાં આવેલ એક ગ્રંથ ઉપર નજર નાખવાની સ્વામીજીને એ ભલામણ કરતા ગયા. પાછા વળતાં અધ્યાપકે એ ગ્રંથ કેવો લાગ્યો, એ અંગે પૂછતાં સ્વામીજીએ જણાવ્યું કે આખો ગ્રંથ એ જોઈ ગયા અને એમને ગમ્યો છે. અધ્યાપક ચકિત બન્યા. તેમણે આટલા ટૂંકા સમયમાં કેવી રીતે ગ્રંથ

જોયો, એવી શંકા વ્યક્ત કરતાં સ્વામીજીએ એમને ગમે તે પૃષ્ઠોમાંથી પ્રશ્ન પૂછવાનું સૂચવ્યું. અધ્યાપકે કેટલાંક વાક્યોનો ઉલ્લેખ કર્યો ત્યારે સ્વામીજીએ એ કયાં પાનાં ઉપર છે, તે જણાવ્યું. એ જ પ્રમાણે અમુક પાના ઉપર શું છે, તેનો પણ સ્વામીજીએ સચોટ ઉત્તર આપ્યો. આ સિદ્ધિ શાને આભારી છે ? એવા પ્રશ્નોના જવાબ આપતાં સ્વામીજીએ બ્રહ્મચર્યનો ઉલ્લેખ કર્યો. અલબત્ત અહીં બ્રહ્મચર્યથી યોગની ચરમ સ્થિતિ અભિપ્રેત હતી. શ્રી ધીરજલાલભાઈની આ સાધનામાં કયાં મહત્વનાં તત્ત્વોએ ભાગ ભજવ્યો છે ? એની વાત એમણે પોતેજ હવે સામાન્ય લોકોને પ્રેરણા મળે એ રીતે કહેવી જોઇએ, એવું મને લાંબા વખતથી લાગ્યા કરે છે.

શ્રી ધીરજલાલભાઈ સાથે પ્રત્યક્ષ પરિચય વિદ્યાવિહારમાં હું આવ્યો ત્યાર પછી થયો. પરંતુ એ પહેલાં એમની સાહિત્યપ્રવૃત્તિ તેમજ શેઠ ચી. ન. છાત્રાલયની એમની કામગીરીથી હું ઠીક ઠીક માહિતગાર હતો અને એક ધ્યેયનિષ્ઠ અવિશ્રાન્ત કાર્યકર્તા તરીકે મારા મનમાં એમની એક સુરેખ આકૃતિ અંકાઈ ગઈ હતી. એ જમાનો ગાંધીજીની પ્રેરણા હેઠળના પ્રચંડ રાષ્ટ્રીય ઉત્થાનનો હતો. એમાં કેળવણીનાં નવાં મૂલ્યો આકાર લઈ રહ્યાં હતાં. એ બધાંને પોતાના જીવનમાં અને છાત્રોના વ્યવહાર તેમજ વિકાસમાં વણી લેવા શ્રી ધીરજલાલભાઈ દિવસ-રાત મથતા હતા. એના એક બાહ્ય ઇંગિત તરીકે વિદ્યાર્થીઓના લાંબા પગપાળા પ્રવાસ, એ દ્વારા એમનામાં કેળવાતું ખડતલપણું, ટાઢ, તાપ અને કુદરતની મુશ્કેલીઓને હસતે મુખે ઝીલવાની તમન્નાનો ઉલ્લેખ કરવા જેવો છે. એ બધું વિદ્યાર્થીઓમાં વિકસાવવામાં શ્રી ધીરજલાલભાઈનો ફાળો નોંધપાત્ર હતો, એવું તે વખતે હું સાંભળતો અને પાછળથી જ્યારે મને વિગતો જાણવા મળી, ત્યારે મને લાગ્યું કે વિદ્યાવિહારના ઘડતર ને ચણતરમાં શ્રી ધીરજલાલભાઈ જેવા છાત્રાલયના અનેક અંતેવાસીઓનો ઘણો મોટો હિસ્સો છે.

વર્ષોથી શ્રી ધીરજલાલભાઇ મુંબઈવાસી બન્યા છે, પરંતુ ખબરદારે ગુજરાત માટે ગાયું છે તેમ "શેઠ ચી. ન. છાત્રાલયનો છાત્ર જ્યાં વસતો હોય ત્યાં ચી. ન. છાત્રાલય જ છે." એવી પ્રતીતિ તેઓ સતત કરાવતા રહ્યા છે. મુંબઈમાં પોતાના સાથીઓ સાથે મળી, 'શ્રી મુંબઈ ચીમન છાત્રમંડળ' જેવી એક પ્રાણવાન સંસ્થાનું સર્જન કરવામાં એ અગ્રણી રહ્યા છે. એ સંસ્થા દ્વારા જીવનનાં વિવિધ ક્ષેત્રમાં પડેલા ભાઈઓ અને તેમના કુટુંબીઓ વચ્ચે જે આત્મીયતાનો સંબંધ બંધાયો છે, તે પૂ. બાપાજી સ્વર્ગસ્થ શેઠ ચીમનલાલ નગીનદાસનું કુટુંબ કેટલું વિશાળ છે, કેટલું પ્રાણવાન છે, તેની એક આહ્લાદક પ્રતીતિ કરાવે છે. આનું એક સુભગ દર્શન પૂ. બાપાજીની જન્મ-શતાબ્દી પ્રસંગે થયું. એ વખતે કેવળ છાત્રાલયના છાત્રોના મુંબઇ અને અમદાવાદના સંઘોએ ભેગા મળી રૂા. ૧,૧૧,૧૧૧ નો ગૌરવવંતો ફાળો એકઠો કર્યો અને એ નિમિત્તે ઋષિઋણ અદા કરવાનો એક ઉમદા આદર્શ લોકો સમક્ષ મૂક્યો. એમાં શ્રી ધીરજલાલ-

ભાઈએ જે શ્રમ ઉઠાવ્યો અને પોતાની માતૃસંસ્થા માટે જે ઊંડી લાગણી એમના વર્તનમાં સતત અભિવ્યક્ત પામતી રહી તે અવિસ્મરણીય રહેશે.

શ્રી ધીરજલાલભાઈ આજીવન સાધક રહ્યા છે. એમની સાધનામાં જૈન દર્શન ને તત્ત્વજ્ઞાન માટેની એમની ભક્તિ સહેજે ધ્યાન ખેંચે એવાં છે. અને એથી એમને મળેલી "પંડિત" ઉપાધિને એ સર્વથા પાત્ર બન્યા છે. આખું જીવન વિદ્યોપાસનામાં ગાળનાર આવા સાધક જ્યારે જીવનસંધ્યાને આરે આવીને ઊભા છે, ત્યારે આપણે સૌ શ્રદ્ધાપૂર્વક કહી શકીએ એમ છીએ કે એમની જીવનસંધ્યા આથમતા સૂરજના આકાશમાં છલકાતાં અનેક રંગોની કલા અને માળામાં પાછા વળતાં પંખીઓના ગાનથી સભર હશે, અને એ જીવન સાર્થક્યની ધન્યતામાં એમને સતત આનંદમગ્ન અને ધ્યાનમગ્ન રાખશે.

## દીકરા

દીકરા હોજો દી કરા, જે કાઢે જગ નામ;
તેમજ માતપિતા તણી, પૂરે આશ તમામ. ૧
બાકીના તો ઠીકરા, ઠેબે આવે રોજ;
રાડો લાવે ગામની, ફજેતિયાની ફોજ. ૨
ધીરજ તો સાચું કહે, ક્યાંથી આવે ગુણ?
નાખ્યું નહિ જો આપણે, થોડુંયે મહીં લૂણ? ૩

—ધી.

# પં. ધીરજલાલ શાહનું અભિવાદન

**લે. ભોગીલાલ જ. સાંડેસરા** એમ.એ. પી.એચ.ડી.

પ્રાકૃત, અપભ્રંશ તથા જુની ગુજરાતી ભાષાના અનન્ય અભ્યાસી તથા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના નિવૃત્ત અધ્યાપકનો આ લેખ શ્રી ધીરજલાલભાઈની સાહિત્યોપાસના અંગે ઘણું ઘણું કહી જાય છે.

પં. ધીરજલાલ ટોકરશી શાહનો પ્રથમ પ્રત્યક્ષ પરિચય આશરે ૪૩ વર્ષ પહેલાં અમદાવાદમાં રાયપુરમાં હવેલીની પોળમાં તેમના નિવાસસ્થાને મને થયો હતો. 'જૈન જ્યોતિ' નામે એક શિષ્ટ માસિક પત્રનો તેમણે આરંભ કર્યો હતો અને એનો પ્રથમ અંક પાટણમાં મારા વિદ્યાગુરુ સદ્ગત મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ પાસે મેં જોયો હતો. એ માસિકના ઘણું કરીને બીજા અંકમાં–કારતક સં. ૧૯૮૮ના અંકમાં 'શૃંગારમંજરીની પ્રશસ્તિ' એ નામનો મારો લેખ ધીરજલાલભાઈએ છાપ્યો હતો. જયવંતમુનિકૃત કાવ્યગુણયુક્ત જૂની ગુજરાતી રાસકૃતિ 'શૃંગારમંજરી'ની ઐતિહાસિક પ્રશસ્તિ પાટણના વાડી પાર્શ્વનાથના ભંડારમાંની હસ્તપ્રતને આધારે મેં એ લેખમાં આપી હતી અને મૂલ રચનાનો સંક્ષિપ્ત પરિચય કરાવી એ વિશિષ્ટ કાવ્યના સંપાદન અને પ્રકાશનની આવશ્યકતા દર્શાવી હતી. (મને અહીં નોંધતાં આનંદ થાય છે કે શ્રી કનુભાઇ વ્રજલાલ શેઠે પોતાના પીએચ. ડી. માટેના સંશોધન નિમિત્તે 'શૃંગારમંજરી'નું શાસ્ત્રીય સંપાદન તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટીમાં કર્યું છે અને યોગાનુયોગે એ તપાસવાનું કર્તવ્ય મારે બજાવવાનું આવ્યું હતું.) ધીરજલાલભાઇએ મારો લેખ તત્પરતાથી છાપ્યો, એને પરિણામે અમદાવાદ આવવાનું થતાં જ એમને રૂબરૂ મળવાને હું આકર્ષાયો. એ વખતે હું કિશોર હતો અને તેઓ નવયુવાન હતા. અમારી વચ્ચે મુગ્ધ ચિત્તે અનેક વિષયોનો વાર્તાલાપ થયો અને મારા મન ઉપર ઊંડી છાપ પડી કે જ્ઞાનસાધના અને સમાજસેવાનાં અનેક કાર્યો ધીરજલાલભાઈને હસ્તે નિશ્ચિતપણે થશે.

'જૈન જ્યોતિ' એક ઉત્તમ માસિક હતું, પણ સંજોગવશાત્ તે લાંબો સમય

ચાલ્યું નહિ, પરન્તુ હું માનું છું કે ધીરજલાલભાઈની સાહિત્યસેવા અને લેખનપ્રવૃત્તિ માટે એક પ્રકારની તાલિમશાળા રૂપ તે હતું. એ પછી ટૂંક સમયમાં જ ધીરજલાલભાઈએ વિપુલ લેખનકાર્ય આરંભ્યું, જેમાં 'જળમંદિર પાવાપુરી', 'કુદરત અને કળાના ધામમાં વીસ દિવસ' અને વિદ્યાર્થી વાચનમાળાની પુસ્તિકાશ્રેણીએ અનેરું આકર્ષણ જમાવ્યું.

ધીરજલાલભાઈ સાથે રૂબરૂ મળવાના પ્રસંગો પ્રમાણમાં ઓછા આવ્યા છે, પણ એમની સાથે પત્રવ્યવહાર સતત થતો રહ્યો છે. એમની અવિરત જ્ઞાનસાધનાનો હું હંમેશા સાક્ષી તેમજ પ્રશંસક રહ્યો છું. એમની 'પ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકા'ના ગ્રન્થો વડોદરા સાધના પ્રેસમાં છપાતા હતા ત્યારે મારાં કેટલાંક પુસ્તકો અને સંપાદનો પણ એ પ્રેસમાં છપાતાં હોઈ મારે વારંવાર જવાનું થતું હતું અને એની અમુદ્રિત પ્રેસ-કોપીઓ ઉપર પણ દૃષ્ટિપાત થતો હતો. ધીરજલાલભાઈના આ તેમજ બીજા ગ્રન્થો અને સંપાદનોમાં જે ઉત્કટ તપશ્ચર્યા અને વિરલ ખંત પ્રગટ થયાં છે, તે જોઈ કોઈ પણ જ્ઞાનોપાસકનું મસ્તક સ્વાભાવિક રીતે નમી પડશે.

બુદ્ધિ અને ભાવનાની વિરલ શક્તિઓ પં. ધીરજલાલ શાહને વરેલી છે. પંડિતોમાં ભાગ્યે જોવા મળે એવો ભાવશક્તિ અને ક્રિયાશક્તિનો સમન્વય તેમનામાં છે તથા એ શક્તિઓ લગભગ અર્ધી શતાબ્દીથી સતત કાર્યરત રહી છે. એ શક્તિઓનું જાહેર અભિવાદન થાય તથા એ નિમિત્તે એક ગ્રંથ પ્રગટ થાય એ સર્વથા ઉચિત છે.

પં. ધીરજલાલ શાહ આરોગ્યમય દીર્ઘાયુ ભોગવે તથા એમની શક્તિઓનો ઉત્તરોત્તર અદકો લાભ આપણા સમાજને મળે એવી શુભ કામનાઓ પાઠવું છું.

# શતાવધાની પંડિત
# શ્રી ધીરજલાલ શાહ



લે. પં. લાલચંદ્ર ભગવાન ગાંધી

સંસ્કૃત, પ્રાકૃત તથા ઇતિહાસના અનન્ય અભ્યાસી તથા રાષ્ટ્રીય પુરસ્કાર પામેલા પંડિતશ્રીના મનમાં શ્રી ધીરજલાલભાઇના પરિચયે જે ચિત્ર અંકિત કર્યું છે, તે અહીં આકાર પામે છે.

શતાવધાની પં. શ્રી ધીરજભાઈનું નામ તો જૈનસમાજમાં લાંબા વખતથી પ્રસિદ્ધ છે. વર્ષો પહેલાં મને તેમનો પરિચય થયેલો. ખાસ કરીને વિ. સં. ૨૦૦૯માં –આજથી ૨૫ વર્ષો પહેલાં, વડોદરામાં સ્વ૦ નાગકુમાર મકાતીને ત્યાં થઈ, તેઓ અચાનક મારે ત્યાં આવ્યા. તે વખતે તેઓ સુપ્રસિદ્ધ સાહિત્યપ્રેમી, ઉત્સાહી શ્રીમાન્ શેઠ અમૃતલાલભાઇ કાલિદાસ દોશીના નવા જૈનસાહિત્ય વિકાસ મંડળના મંત્રી તરીકે જોડાયા હતા. પ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકાની યોજના ઘડી રહ્યા હતા. મને એ શુભ કાર્યમાં સહાયક થવા પ્રેરણા કરી, મેં એમાં યથાશક્તિ સહાયક થવા સંમતિ આપી, ત્યારથી અમારો પરિચય–સમાગમ–સંસર્ગ વધતો રહ્યો એમ કહી શકાય.

ધીરજભાઈની દીર્ઘદષ્ટિભરી પ્રતિભા–પ્રજ્ઞાશક્તિનો ઉંચો ખ્યાલ બંધાયો. તેમની માન્યતા હતી કે, તેવું જ કાર્ય હાથમાં લેવું, જે પાર ઉતારી શકાય, તથા તેવા જ શુભ કાર્યનો પ્રારંભ કરવો કે, જે યશસ્વી રીતે સમયસર પૂર્ણ કરી શકાય. એવા ઉચિત કાર્ય માટે દેશાટન કરવું પડે, વિશિષ્ટ વિવિધ બુદ્ધિશાલી પંડિતોની સાથે મિત્રતા કરવી પડે, અનેક શાસ્ત્રોનું અવગાહન કરવું પડે, એના અર્થોનું અવલોકન કરવું પડે, તો તે અભીષ્ટ છે, કાર્યસાધક હોઈ તે કરવા યોગ્ય છે. તેને માટે થોડો વિલંબ થાય, તો તે સહ્ય ગણી શકાય એથી વિશિષ્ટ કાર્ય–સિદ્ધિ થાય.

ધીરજભાઈમાં કર્તવ્ય–દક્ષતા છે. કોની સહાયથી આ કાર્ય સાધી શકાશે? કયા મનુષ્યમાં કેવી કેવી યોગ્યતા–શક્તિ રહેલી છે, તેની પારખશક્તિ છે. સામી વ્યક્તિને કઈ રીતે અનુકૂલ કરી શકાય? એની યુક્તિ–પ્રયુક્તિ અથવા સમજણશક્તિ છે–સમજાવવાની કળા છે, ગુણાનુરાગિતા છે, સજ્જનતા સાથે કૃતજ્ઞતા છે. એમની સ્મરણશક્તિ અદ્ભુત છે, સ્વાર્થ સાથે પરમાર્થ સાવધાની વિશિષ્ટ કળા છે, વિરલ માનવોમાં એ હોઇ શકે.

સાહિત્ય દ્વારા પરોપકાર અથવા સમાજ–સેવા કઈ રીતે કરી શકાય? સમાજને વર્તમાનમાં શેની જરૂર છે? લોકો અધ્યાત્મપ્રેમી બને, ધાર્મિક શિક્ષણના પ્રેમી બને–

એવું ધાર્મિક ઉચ્ચ શિક્ષણ-સાહિત્ય શું છે? કેવા ધાર્મિક શિક્ષણની વર્તમાનમાં જરૂર છે? એ વિષયમાં એમણે વર્ષોના અનુભવથી જે વિચારી રાખ્યું છે, એની યોજનાઓ પ્રકટ થઈ રહી છે.

એક જાદુગર પ્રોફેસરની જેમ શત અવધાનના પ્રયોગો કરતા ધીરજભાઈને ઘણા લોકોએ નીહાળ્યા હશે-એથી એમની એવી વિશિષ્ટ શક્તિ માટે સન્માન ઉત્પન્ન થયું હશે. એમણે એ કળા કેટલાક મુનિવરોને પણ શીખવાડી છે. સ્મરણકલા અને સંકલ્પસિદ્ધિ જેવા મનનીય ગ્રંથોની પણ એમણે રચના કરી છે.

તેમણે સાદી અને સરલ લોકભોગ્ય ભાષામાં વિવિધ વિષયોનું જ્ઞાન આપનારી નાની-મોટી સેંકડો પુસ્તિકાઓ લખી છે, પ્રકાશિત કરી-કરાવી છે, જે પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓને જ નહિ, બીજા જિજ્ઞાસુઓને પણ ઉપયોગી થઇ શકે તેવી છે. વિશ્વવંદ્ય ભગવાન મહાવીરની અનેક આવૃત્તિ અને સંખ્યા લાખ જેટલી પ્રકાશિત થયેલી જણાય છે. જૈન ચરિત્રમાળાનાં ૨૦ પુસ્તકો પણ વાંચવા યોગ્ય છે. દક્ષિણમાં દિવ્યપ્રકાશ જેવા અનેક ગ્રંથો રચ્યા છે. સદ્ગત મહારાજા સયાજીરાવ ગાયકવાડનાં ઉપયોગી વ્યાખ્યાનોનો સંગ્રહ પણ ધીરજભાઈએ સંપાદિત કરેલ છે.

જૈનધર્મના અભ્યાસી વિદ્યાર્થીઓને આવશ્યકસૂત્ર-પ્રતિક્રમણસૂત્રના સ્પષ્ટ શુદ્ધ પાઠ અને તેના વિસ્તારથી શુદ્ધ અર્થ સમજાવનાર વિશિષ્ટ શ્રેષ્ઠ ગ્રંથની આવશ્યકતા તેમણે વિચારી-એ પછી જૂદી જૂદી સંસ્થાઓએ અને વ્યક્તિઓએ એને લગતાં પ્રકાશિત કરેલાં પુસ્તકોની ૩૮ જેટલી આવૃત્તિયો સંગૃહીત કરી અને એના આધારભૂત પ્રામાણિક પ્રાચીન આવશ્યક સૂત્ર-ચૂર્ણિવૃત્તિ, સ્વોપજ્ઞ વિવરણ સાથે યોગશાસ્ત્ર વગેરે ઉપયોગી અનેક ગ્રંથોનો સંગ્રહ મંડળમાં કરાવ્યો, જેનો ઉપયોગ પ્રામાણિક સંશોધનમાં કરી શકાયો.

એ પછી અષ્ટાંગ વિવરણવાળી પ્રતિક્રમણસૂત્ર-પ્રબોધટીકાની સંકલના ધીરજભાઇએ કરી. પ્રયોજક ઉત્સાહી શ્રીમાન્ શેઠ અમૃતલાલ કાલિદાસ દોશીએ ઘણી ધીરજ સાથે પ્રોત્સાહન આપ્યું. એ રીતે શેઠ કાલિદાસ વીરજી સ્મારક ગ્રંથમાળામાં ૨૪૦૦ પૃષ્ઠો જેટલા વિસ્તૃત ૩ ભાગો ક્રમશઃ પ્રકાશમાં આવ્યા. વડોદરાના વિખ્યાત સાધના પ્રેસ (પાછળથી મ.સ.યુનિ. પ્રેસ તરીકે પ્રસિદ્ધ)માં તેનું મુદ્રણ થયું. તેના સંશોધકો તરીકે પંન્યાસજી ભદ્રંકરવિજયજી ગણી, તથા પંન્યાસજી ધુરન્ધરવિજયજી ગણી સાથે આ લેખકનું નામ પણ પ્રકાશિત છે. પ્રા. અજિત-શાન્તિ-સ્તવની ચિત્રમય કાવ્ય-સંકલનામાં પં. રુદ્રદેવ ત્રિપાઠીનો સહકારયોગ છે.

એના સંપાદન-પ્રકાશનનો પરિશ્રમ વગેરે વિચારવામાં આવે, તો તેના પ્રત્યેક ભાગની કિંમત પાંચ રૂપીઆ તો નામની જ કહી શકાય. એની ઉપયોગિતા વિચારીએ તો ધાર્મિક શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓને જ નહિ, તેવા જિજ્ઞાસુ ધાર્મિક શિક્ષકોના જ્ઞાનમાં પણ સારી વૃદ્ધિ કરી શકે તેવા તે ૩ ભાગો-ગ્રન્થરત્નો છે,

તે પ્રતિક્રમણસૂત્ર-પ્રબોધટીકાના બીજા ભાગના પ્રકાશન-સમારોહ પ્રસંગે વિ. સં. ૨૦૦૮માં મુંબઈની અનેક ધાર્મિક સંસ્થાઓએ, નામાંકિત અનેક જૈનાચાર્યો-મુનિવરોની નિશ્રામાં, મુંબઈના શ્રીનમિનાથજી જૈન ઉપાશ્રયમાં, વડોદરાના માજી નાયબ દિવાન સર મણિભાઈ બાલાભાઈ નાણાવટીના પ્રમુખપદે પ્રયોજક શ્રીમાન્ શેઠ અમૃતલાલ કાલિદાસ દોશીની, ટીકાલેખક પં. ધીરજભાઈની અને સંશોધકોની પ્રશસ્તિ ઉચ્ચારવામાં આવી હતી, સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં આ લેખકનો પણ સમાવેશ છે. એની પ્રતિકૃતિઓ (ફોટાઓ) 'જૈન'ના અંકમાં પ્રસિદ્ધ થઈ હતી.

ત્યાર પછી ધીરજભાઈએ નમસ્કારમંત્રસિદ્ધિ, ઉવસગ્ગહરં સ્તોત્ર, જીવવિચાર પ્રકાશિકા, નવતત્ત્વદીપિકા જેવા અનેક ગ્રંથોની સંકલના કરી છે, ધાર્મિક શિક્ષણમાં ઘણા ઉપયોગી થઈ શકે તેવી તેની રચના છે. ધાર્મિક પાઠશાલાઓમાં પાઠ્ય ગ્રન્થો તરીકે ચલાવાય છે, ચલાવવા જેવા છે.

ધીરજભાઈએ સં. ૨૦૧૯માં ગુજરાતી અર્થ સાથે ૪૦ જેટલી વિચારધારાથી વિશિષ્ટ 'વીર-વચનામૃત'ની વિશિષ્ટ સંકલના કરી છે. તેમાં ભગવાન મહાવીરની દર્શનીય પ્રતિકૃતિ સાથે, શ્રદ્ધાલુ નામાંકિત ૩૨ શ્રીમંતોની સાદર વંદના સાથે નામાંકિત અનેક વ્યક્તિઓની શ્રદ્ધાંજલિયો છે. એ જ ગ્રન્થનો હિન્દી અનુવાદ પં. રુદ્રદેવ ત્રિપાઠીએ તૈયાર કર્યો હતો, જે 'શ્રીમહાવીર-વચનામૃત' નામથી એ જ સમયમાં પ્રકાશિત છે.

વિ. સં. ૨૦૨૦માં પંન્યાસજી મ. શ્રી ધુરન્ધરવિજયજી ગણિના આચાર્યપદ-પ્રદાનપ્રસંગે સમિતિ રચાઈ, તેમાં શ્રી ધીરજભાઈની પણ યોજના હતી, એથી એ પ્રસંગ બહુ ભવ્ય વ્યવસ્થિત અને સંસ્મરણીય, દેદીપ્યમાન વિશિષ્ટ બન્યો હતો. એ પ્રસંગ પર આચાર્ય મ. ની સંમતિથી અતિથિવિશેષ તરીકે આ લેખકને આમંત્રણ અપાયું હતું. એ પ્રસંગે પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયઅમૃતસૂરિજી, શ્રીવિજય-ધુરન્ધરસૂરિજી મ. આદિની નિશ્રામાં, મુંબઈની વિશાલ સભામાં, શ્રીજૈન સંઘની સમક્ષ, મહારાષ્ટ્ર રાજ્યના નાયબ શિક્ષણ સચિવ દ્વારા આ લેખકનું કિંમતી શાલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ. મ. શ્રી અમૃતસૂરિજીએ આ લેખક માટે 'પ્રાચ્યવિદ્યા વિશારદ', 'પંડિતરત્ન' જેવા પદનો ઉચ્ચાર કર્યો હતો, તેનું પ્રાસંગિક સંસ્મરણ થાય છે.

શ્રીધીરજભાઈએ વિશિષ્ટ રીતે સંકલિત કરેલ 'ભક્તામર-રહસ્ય' નામના પુસ્તકના પ્રકાશન-સમારોહ પ્રસંગે વિ. સં. ૨૦૨૭માં મુંબઈના ક્રોસ મેદાનમાં વિશિષ્ટ આઠ વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં આ લેખકનો પણ સમાવેશ હતો. તે પ્રસંગે નાટિકા, કવિઓ, કલાકારો વગેરેનું પણ આકર્ષણ હતું. એ પ્રસંગે તારીખ ૬-૩-૭૧ના પ્રકટ થયેલ સારસ્વત-સ્મારિકા પુસ્તિકામાં ધીરજભાઇ સાથે તેમનાં ધર્મ-

પશાયણુ તપસ્વિની પત્નીની પણ પ્રતિકૃતિ તથા પં. રુદ્રદેવ લિખિત પરિચય છે. તેમાં ઉપર્યુક્ત વ્યક્તિઓનો પણ પરિચય પ્રકાશિત છે.

ધીરજભાઇએ મંત્રવિજ્ઞાન, મંત્રચિન્તામણિ, મંત્રદિવાકર, હ્રીંકારકલ્પતરુ જેવા ગ્રંથોની સંકલના કરી પ્રકાશિત કરાવ્યા હોવાથી તેઓ 'મંત્રમનીષી' તરીકે પ્રસિદ્ધ થયા છે.

ગણિત-ચમત્કાર, ગણિત-રહસ્ય અને ગણિતસિદ્ધિ જેવા મહત્ત્વના ગ્રંથોની સંકલના કરવાથી ધીરજભાઈ 'ગણિતદિનમણિ' તરીકે ઓળખાય છે.

તેઓ અધ્યાત્મવિષયના સુજ્ઞ હોવાથી 'અધ્યાત્મવિશારદ' તરીકે તથા વિદ્યાઓને શોભાવી હોવાથી 'વિદ્યાભૂષણુ' પદવીથી વિભૂષિત છે તથા કેટલાક તેમને 'સાહિત્ય-વારિધિ' પદવીથી જોડે છે.

મુંબઈના સુપ્રસિદ્ધ શ્રીગોડીજી પાર્શ્વનાથ મંદિરનો ૧૫૦ વર્ષનો સ્મારકગ્રન્થ રચવામાં પણ ધીરજભાઈની વિશિષ્ટ યોજના હતી. તેઓ શ્રીપાર્શ્વનાથ ભગવાનના તથા પદ્માવતી દેવીના ખાસ ઉપાસક-આરાધક છે. કેટલાક શ્રદ્ધાળુઓને તેમણે તેમની ઉપાસના આરાધનામાં જોડયા છે.

અનિષ્ટ અશુભ ગ્રહોની યુતિના વિષમ સમયમાં ધીરજભાઇએ સર્વના શુભ માટે વિશ્વ-શાંતિની વિશિષ્ટ યોજના કરી હતી. ×

ધીરજભાઇ તેમના શાંત, સૌમ્ય, મધુર સ્વભાવને લીધે જૈનસમાજમાં સર્વત્ર આદરપાત્ર થયા છે. શ્વેતામ્બર, દિગમ્બર, સ્થાનકવાસી, તેરાપંથી સમાજમાં પણ મહાન આચાર્યોના, મુનિવરોના, તથા અનેક સદ્‌ગૃહસ્થોના પ્રીતિપાત્ર થયા છે. માત્ર તપાગચ્છમાં જ નહિ, ખરતરગચ્છ, અંચલગચ્છ વગેરેમાં પણ તેઓએ સારી ચાહના મેળવી છે. ભિન્ન ભિન્ન વિચારો ધરાવતા મુનિ-સમુદાયોમાં તેઓ તટસ્થભાવે યોગ્ય વિચારણા કરી શકે છે, તેમજ જૈનેતર અનેક વિદ્વાનો સાથે પણ તેઓનો નમ્રતાભર્યો, સૌજન્યભર્યો સમન્વયકારક, સંતોષજનક વ્યવહાર જોવામાં આવે છે. એથી ઘણા વિદ્વાન મુનિવરોને પોતાના ગ્રંથના સંશોધક તરીકે, પ્રસ્તાવનાલેખક તરીકે અથવા સમર્થક તરીકે તેઓ મેળવી શક્યા છે. તેમજ ઘણા નામાંકિત સદ્‌ગૃહસ્થોને પોતાની તરફ આકર્ષી શક્યા છે, ઘણા શ્રીમાન સજ્જનો તેમના વચનને માન આપે છે, તેમની તરફ મમતા ધરાવે છે, તેમના ઉપયોગી કાર્યમાં સહકાર કરે છે. એ રીતે વિચારીએ તો ધીરજભાઈ આદેયનામકર્મી યશસ્વી છે.

ધીરજભાઇ 'જૈન જ્યોતિ' 'જૈન શિક્ષણસાહિત્યપત્રિકા'ના તંત્રી તરીકે પત્રકાર હતા. ધીરજભાઈ માત્ર સિદ્ધહસ્ત લેખક જ નહિ, પ્રૌઢ વક્તા પણ છે, ચિત્રકાર

+ આ યોજના પ. પૂ. મુનિરાજ શ્રીયશોવિજયજી મહારાજે કરી હતી, પણ તેની વ્યવસ્થાનો ભાર શ્રી ધીરજલાલભાઇએ ઉપાડયો હતો. સં.

પણ છે, માનસવિદ્યાના રોગોના નિષ્ણાત ભિષક્ પણ છે–એવી રીતે અનેક કલા–વિશારદ છે. સમાજના ઉચ્ચ કોટિના વિશિષ્ટ કાર્યકર સાથે નમ્ર સેવક છે.

તેમના ચિ. નરેન્દ્રકુમારે પ્રજ્ઞા પ્રકાશન મંદિરનું કાર્ય સંભાળ્યું છે. અકાળે અવસાન પામેલ ચિ. સુલોચના બહેનનું અહિં દુઃખદ સ્મરણ થાય છે.

આવા સુયોગ્ય કર્તવ્યનિષ્ઠ મહાનુભાવનું સમુચિત સન્માન થાય, એ અભીષ્ટ છે–ઇચ્છવા યોગ્ય છે.

એક કવિએ સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે કે—

" नागुणी गुणिनं वेत्ति, गुणी गुणिषु मत्सरी ।
गुणी च गुणरागी च, विरलः सरलो जनः ॥ "

ભાવાર્થઃ–ગુણહીન માનવી ગુણી મનુષ્યને જાણી શકતો નથી અને ઘણા ભાગે ગુણી (ગુણવાન) મનુષ્ય, ગુણી મનુષ્યો પ્રત્યે મત્સર (ઈર્ષ્યા–અદેખાઈ) કરનાર જોવાય છે; પોતે જાતે ગુણી (ગુણવાન) હોઈ બીજાના ગુણો પ્રત્યે રાગ ધરાવનાર હોય એવો સરલ સજ્જન જગતમાં વિરલ (બહુ થોડા) હોય છે.

—ધીરજભાઈના સન્માન–સત્કારમાં અમારૂં અનુમોદન છે. ધીરજભાઈનું શારીરિક, માનસિક સ્વાસ્થ્ય સારી રીતે જળવાય, તેઓ સંતોષકારક દીર્ઘાયુ ભોગવી, સાહિત્યની અને સમાજની યશસ્વી સેવા કરવા શક્તિશાલી થાય, એમ અંતઃકરણથી પરમાત્માને પ્રાર્થીએ છીએ.

સં. ૨૦૩૧ શ્રાવણ સુ. ૫, સોમ
વડીવાડી, રાવપુરા, વડોદરા.



# બ☆હુ☆મુ☆ખી
# પ્ર તિ ભા

લે. જયંતી શુકલ-તંત્રીશ્રી જન્મભૂમિ

અદમ્ય નિષ્ઠા અને અપ્રતિમ પુરુષાર્થ દ્વારા માનવી પ્રગતિનાં સોપાનો સર કરી શકે છે. આ વિધાન કેટલું સાચું છે એની પ્રતીતિ જાહેરજીવનમાં પડેલી કેટલીય વ્યક્તિઓનાં જીવન અને કાર્ય પરથી થતી હોય છે. આવી કક્ષામાં આવતી વ્યક્તિઓમાં શ્રી ધીરજલાલ ટોકરશી શાહનો સમાવેશ થાય છે.

સામાન્ય કુટુંબમાં જન્મેલા અને આઠ વર્ષની કુમળી વયે પિતાનું શિરછત્ર ગુમાવનાર ધીરજલાલભાઈએ વિદ્યાભ્યાસમાં કેવું હૈવત દાખવ્યું હતું એ એમની તેજસ્વી કારકિર્દી પરથી જણાઈ આવે છે. આજે એમની વિવિધ સિદ્ધિઓ પરિચયમાં આવનારને પ્રભાવિત કરે તેવી છે, પણ એના મૂળમાં વિદ્યાર્થી અવસ્થામાંની એમની તિતિક્ષા છે. આ તિતિક્ષાને લીધેજ એમની નિષ્ઠા ધારદાર બનેલી છે.

ધીરજલાલભાઈના પ્રત્યક્ષ પરિચયમાં તો હું છેલ્લા ત્રણ વર્ષથી આવ્યો છું, પરંતુ એમની વિદ્વત્તા વિશે મિત્રો પાસેથી ઘણું સાંભળ્યું હતું. તેઓ શતાવધાની છે પણ એમની એ વિદ્યાનો અનુભવ થયેલો નહિ. પરંતુ થોડા સમય પહેલાં જન્મભૂમિભવનમાં 'ગણિતમંડળ'ના એક કાર્યક્રમમાં એમના પ્રયોગો યોજવામાં આવ્યા ત્યારે એમની એકાગ્રતા કેવી તીવ્ર છે તેનો પરિચય થયો. એ પછી તો એમના કેટલાંક પુસ્તકો પણ વાચ્યાં.

ધીરજલાલભાઈ સાહિત્યના વિવિધ પ્રકારોને આસાનીથી ખેડનારા વિદ્વાન છે એમ એમની ત્રણસોથી વધુ કૃતિઓ પર ઉપરછલ્લી નજર નાખતાં જણાઈ આવ્યા વિના નહિ રહે. એમણે આપણી 'મંત્રશક્તિ' કેટલી પ્રભાવક છે એનો ખ્યાલ આપતા ગ્રંથો લખ્યા છે, જે મંત્રવિદ્યામાં રસ ધરાવનારાઓએ અચૂક વાંચવા જેવા છે. જૈન ધર્મ અંગે એમણે કરેલું સાહિત્યસર્જન વિપુલ છે. એમણે લખેલાં પ્રવાસવર્ણનો રોચક છે. કોયડાસંગ્રહ, ગણિતચમત્કાર, ગણિતરહસ્ય અને ગણિતસિદ્ધિ નામનાં એમનાં પુસ્તકો ગણિત અને અંકશાસ્ત્રની દુનિયાની અદ્‌ભુત સફર કરાવનારાં છે.

ધીરજલાલભાઈનું સાહિત્ય સર્જન વિપુલ હોવા છતાંય એની ગુણવત્તાને ક્યાંય ઘસારો લાગેલો નથી. એનું કારણ એ લાગે છે કે એમણે શાસ્ત્રીય દૃષ્ટિ કેળવેલી છે અને આ દૃષ્ટિ પણ નાનામાં નાનું કાર્ય ચીવટ અને ચોકસાઈથી કરવાની એમની ટેવની નીપજ છે.

ધીરજલાલભાઈ સરસ, પ્રભાવશાળી વક્તા છે, તેઓ પત્રકાર પણ છે. શતાવધાની તરીકે તેઓ જે પ્રયોગો કરે છે અને ગણિતના રહસ્યો સમજાવે છે ત્યારે એમની વકતૃત્વકલાની ખૂબીઓ જણાઈ આવે છે. આ જ પ્રમાણે પત્રકાર તરીકે એમનાં પુસ્તકોમાં એમની સંપાદકીય સૂઝ વર્તાઈ આવે છે. ધીરજલાલભાઈએ ચિત્રકાર બનવા માટે પદ્ધતિસરની તાલીમ લીધી છે અને ગુજરાતના કલાગુરુઓના આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે.

આવા મેધાવી સર્જકનું સન્માન કરવાનો અને એમના જીવન અને કાર્યથી સમાજ વધુ પરિચિત બને એ માટે 'શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ જીવન દર્શન ગ્રંથ' પ્રગટ કરવાનો નિર્ણય સર્વથા ઉચિત છે. બહુમુખી પ્રતિભા ધરાવતા પંડિતજીનું ગૌરવ કરીને સમાજ વાસ્તવમાં તો, પોતાનું જ ગૌરવ વધારી રહ્યો છે. અસ્તુ.

## જ્ઞાનસુધારસ

( તોટક )

નર કોઈ કહે સુખ સુંદર જ્યાં,
ધનધાન્ય થકી ભવનો ઉભરે;
નર કોઈ કહે સુખ સુંદર જ્યાં,
હુકમે શત સેવક કામ કરે. ૧
નર કોઈ કહે સુખ સુંદર જ્યાં,
તરુણીગણ તુષ્યતી હાસ્ય કરે,
પણ ધીરજ જ્ઞાન – સુધારસને
નિત ઝુકત લાખ સલામ ભરે. ૨

—ધી.

# ધીરજલાલભાઇએ દેશને અને સમાજને ઘણુંઘણું આપ્યું છે.....

● રમણલાલ શેઠ
: સમાચાર તંત્રી :
જન્મભૂમિ

શ્રી ધીરજલાલભાઇનો પ્રથમ એકપક્ષીય પરિચય મને આજથી લગભગ ૩૮ વર્ષ પહેલાં થયો હતો. એ વખતે એટલે ૧૯૩૭માં હું કરાચીમાં અભ્યાસ કરતો હતો. કરાંચીની એન્જીનીઅરિંગ કોલેજમાં તેમના શતાવધાનના પ્રયોગોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કોલેજના ગુજરાતી મંડળે આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. એ કાર્યક્રમ જોવા એક વિદ્યાર્થીની કુતૂહલતાથી હું હાજર રહ્યો હતો અને તેમના શતાવધાનના સ્મરણશક્તિના અવનવા પ્રયોગો જોઈને અને સાંભળીને હું તો શું પણ સમારંભમાં હાજર રહેલા સંખ્યાબંધ વિદ્યાર્થીઓ, પ્રોફેસરો તથા શિક્ષકો છક્ક થઈ ગયા હતા.

અમારા જેવા વિદ્યાર્થીઓને સ્મરણશક્તિ કેળવવામાં રસ હતો. એક સાથે આટલી બધી વસ્તુઓ, વાતો, વાર્તાઓ, પંક્તિઓ, દાખલાઓ, આંકડાઓ અને શ્લોકો ઘડીના છઠ્ઠા ભાગમાં જો યાદ રહી જાય તો પરીક્ષા વખતે મજા પડી જાય... શ્રી ધીરૂભાઇએ વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબો આપ્યા હતા અને મગજમાં ચોક્કસ પ્રકારના કાલ્પનિક ખાનાઓ નક્કી કરીને, ચોક્કસ વસ્તુઓ અને વાતો તથા આંકડાઓ વગેરે કેવી રીતે યાદ રાખવા તેની સમજ આપી હતી. તેમણે મનની એકાગ્રતા અને વિચારની દૃઢતા પર વિવેચન કર્યું હતું અને પોતે કઈ રીતે પ્રયોગો કરે છે, તેનું વર્ણન કર્યું હતું.

કરાંચીમાં તેમના વધુ પ્રયોગો પણ થયા હતા અને મને યાદ છે કે કરાંચીવાસીઓ તેમના પર મુગ્ધ થઇ ગયા હતા.

ડેન્ટલ કોલેજ, કાત્રક હોલ અને કારિયા હાઇસ્કુલમાં પણ તેમના પ્રયોગો અંગેના સમારંભો યોજાયાનું મને યાદ આવે છે. એન્જીનિયરિંગ કોલેજ ખાતેના સમારંભમાં તેમણે પાંચ આંકડાની રકમનો બીજી પાંચ આંકડાની રકમ સાથે ક્ષણવારમાં ગુણાકાર લખી આપ્યો હતો. તેમણે ૧૯૧૭ના ચોક્કસ મહિનાની ચોક્કસ તારીખે કયો વાર હતો એ તુરત જ કહી આપ્યું હતું. તેમણે ફ્રેન્ચ ભાષાની કવિતાની એક પંક્તિ સાંભળીને અડધા કલાક બાદ અક્ષરશઃ કહી સંભળાવી હતી. (તેમને ફ્રેન્ચ ભાષા આવડતી નથી).

શ્રી ધીરૂભાઈને કરાંચીની પ્રજાએ સુવર્ણચંદ્રક, માનપત્ર અને હારતોરાથી નવાજ્યા હતા. આ વખતથી શ્રી ધીરજલાલભાઈની પ્રતિભાશાળી પ્રતિમા મારા મનમાં અંકિત થઈ ગઈ હતી.

દરમ્યાન અમદાવાદથી પ્રગટ થતું તેમનું સાપ્તાહિક 'વિદ્યાર્થી' મારા હાથમાં આવ્યું અને મારૂં સૌ પ્રથમ લખાણ એ 'વિદ્યાર્થી'માં પ્રગટ થયું હતું.

....અને પછી વર્ષો બાદ લગભગ ૧૯૫૮–૫૯માં, જ્યારે હું 'મુંબઈ સમાચાર'ના તંત્રી વિભાગનો સભ્ય હતો ત્યારે એકાએક શ્રી ધીરજલાલભાઈનો મને ભેટો થઈ ગયો. તેઓ કોઇ કામ અંગે 'મુંબઈ સમાચાર'માં મારી પાસે આવ્યા હતા, ત્યારથી અમારો પરિચય દ્વિપક્ષી થયો. હું તો તેમને ઓળખતો જ હતો પણ ૧૯૫૮–૫૯થી તેમને મારો પણ પરિચય થયો અને આજસુધી એ પરિચય વધતો રહ્યો છે.

મુંબઈમાં શ્રી ધીરૂભાઈ એટલે શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ. કરાંચી પછી તેમણે સિદ્ધિના જે અનેક સોપાનો સર કર્યા છે તે ગૌરવપ્રદ છે. તેમની અનેરી પ્રતિભા, તેમની સાદાઈ, તીવ્ર સ્મરણશક્તિ, સામાજિક સેવાઓ, તેમના વિશાળ સાહિત્યસર્જન અને ગણિતસિદ્ધિના અદ્‌ભૂત પ્રયોગો માટે તેઓ મુંબઈ ઉપરાંત ગુજરાતભરમાં અને બૃહદ્ ગુજરાતમાં સારી રીતે ખ્યાતિ પામ્યા છે.

તેમની લેખનપ્રવૃત્તિ આજ સુધી ચાલુ રહી છે. તેમણે ૩૫૮ જેટલાં પુસ્તકોનું સર્જન કર્યું છે. તેમના વિવિધ પ્રકારના પુસ્તકોમાં ધર્મ, તત્ત્વજ્ઞાન, મંત્ર અને યોગ જેવા વિષયોને પણ આવરી લેવાયા છે. વડોદરાના સ્વ. મહારાજા સયાજીરાવના હીરક મહોત્સવ પ્રસંગે તેમની જીવનરેખા લખવા માટે શ્રી ધીરજલાલભાઈની પસંદગી થઈ હતી અને તેમણે આલેખેલી એ જીવનરેખાની બે લાખ પ્રતિઓ પ્રસિદ્ધ થવા પામી હતી. 'વિશ્વવંદ્ય પ્રભુ મહાવીર' નામની તેમની પુસ્તિકા ૧ લાખનો આંકડો વટાવી ગઇ હતી. તેમણે લખેલા પુસ્તકોની અત્યારસુધીમાં લગભગ ૨૦ લાખ નકલો પ્રચાર પામી છે. તેમણે તેમનાં પુસ્તકો દ્વારા લોકોને સંયમ અને સદાચાર પ્રત્યે દોરવા ઉપરાંત આશાભર્યું જીવન જીવવાની પ્રેરણા આપી છે. તેઓ જૈન ધર્મના પ્રખર વિદ્વાન છે અને જૈનધર્મ વિષે તેમણે અનેક ગ્રંથો લખ્યા છે.


અવધાનવિદ્યા એ શ્રી ધીરજલાલભાઈનું આગવું જ્ઞાન છે. તેમણે જૈન મુનિશ્રી સંતબાલજી પાસેથી આ અંગે માર્ગદર્શન મેળવ્યું હતું અને ભારતના અનેક શહેરોમાં શતાવધાનવિદ્યાની પ્રાચીન પરંપરામાં કેટલુંક નવસંસ્કરણ કરી તેને લોકભોગ્ય બનાવેલ છે અને તેની પરંપરા જળવાઈ રહે તે માટે શિષ્યસમૂહ પણ તૈયાર કર્યો છે. તેમણે 'સ્મરણકલા' નામનું પુસ્તક પણ લખ્યું છે.

શતાવધાનના પ્રયોગો પર મનન કરીને તેમણે ગણિતસિદ્ધિ (મેથે–મેજિક)ના કેટલાક પ્રયોગો નિર્માણ કર્યા છે. ગણિતવિદ્યાને પ્રજામાં વધુ લોકપ્રિય બનાવવા માટે તેમણે 'ગણિતચમત્કાર', 'ગણિતરહસ્ય' અને 'ગણિતસિદ્ધિ' નામના ત્રણ રસપ્રદ અને રોમાંચક પુસ્તકો રચ્યા છે.

શ્રી ધીરજલાલભાઈ સામાજીક સેવાઓમાં અને ખાસ કરીને જૈન સમાજની સેવામાં ઊંડો રસ લ્યે છે. તેમને 'સાહિત્યવારિધિ', 'અધ્યાત્મ વિશારદ', 'વિદ્યાભૂષણ', 'સરસ્વતીવરદપુત્ર', 'મંત્રમનીષી', અને 'ગણિતદિનમણિ' આદિ માનદ પદો તથા સંખ્યાબંધ સુવર્ણચંદ્રકો અને સન્માનપત્રો અર્પણ થયા છે.

શ્રી ધીરજલાલભાઈની સેવાઓ, પ્રગતિ અને સિદ્ધિઓ આજના યુવાન વર્ગ માટે ઉદાહરણરૂપ બની શકે તેમ છે. મેં એમને તેમની ૩૦-૩૧ વર્ષની યુવાન વયે કરાંચીમાં જોયા હતા ત્યારે તેમનામાં યુવાનીનો તરવરાટ અને મહત્વાકાંક્ષા હતા, શતાવધાનની વિદ્યા પ્રાપ્ત કર્યાને એ વખતે તેમને માત્ર બે વર્ષ થયા હતા.... પણ તેમની શક્તિ, નિષ્ઠા, ઉત્સાહ, અને જુસ્સો એવા હતા કે તેઓ ટુંક સમયમાં અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરશે એમ લાગતું હતું અને એ માન્યતા સાચી પુરવાર થઈ છે.


આજે શ્રી ધીરજલાલભાઈ ૭૦ વર્ષના 'યુવાન' છે. તેમની બત્રીસી હજુ અકબંધ છે. હજુ તેઓ સતત પ્રવૃત્તિશીલ છે. સ્વચ્છ, સરળ અને સાદું જીવન જીવે છે. તેમને તેમની સિદ્ધિઓનું ગૌરવ છે, પણ ગર્વ નથી. તેમની પાસેની વિદ્યા અને જ્ઞાન સમાજના ઉપયોગ માટે ખર્ચવા તેઓ સદાય તત્પર હોય છે. દેશને અને સમાજને તેમણે ઘણું ઘણું આપ્યું છે....પણ તેમને તેનો પૂરતો પ્રતિઘોષ મળ્યો છે? મારા મનમાં શંકા છે.



પશ્ચિમ બંગાળના મુખ્ય મંત્રી શ્રી પી. સી. સેનને 'શ્રી મહાવીર-વચનામૃત' ગ્રંથ અર્પણ થયો તે સમયે શ્રી ધીરજલાલ શાહ વાર્તાલાપ કરી રહ્યા છે. સને ૧૯૬૩



'ગણિત-ચમત્કાર'ના પ્રકાશન પછી શ્રી કે. કે. શાહ
શ્રી ધીરજલાલ શાહને અભિનંદન આપી રહ્યા છે. સને ૧૯૬૫



સુરતના જૈન સંઘ તરફથી નગરશેઠ શ્રી નવીનચંદ્ર બાબુભાઇ શ્રી ધીરજલાલ શાહને 'ગણિતદિનમણિ' પદ સમર્પિત કરી રહ્યા છે. તા. ૨૮-૮-૬૬



નમસ્કાર-મંત્રસિદ્ધિના સફલ પ્રયોગો પછી ઘાટકોપર કચ્છી જૈન શ્વે. મૂ. સંઘ તરફથી શ્રી વસનજી ખીમજી છેડા શ્રી ધીરજલાલ શાહને શાલ અર્પણ કરી રહ્યા છે. સને ૧૯૬૮



# શ્રેયસ્કર સાધક

લે. શ્રી કનુભાઈ ત્રિકમલાલ શાહ–અમદાવાદ

શિક્ષણ, સાહિત્ય અને સમાજસેવાનાં કાર્યોમાં રસ લઈ રહેલા આ યુવાન કાર્યકર્તાએ શ્રી ધીરજલાલભાઈના જીવનનું પ્રતિબિમ્બ ઝીલ્યું છે અને તેને અહીં અક્ષરાંકિત કર્યું છે.

એક ચિંતકે કહ્યું છે કે જે મનુષ્ય મુશ્કેલીમાં તક જુએ, તે આશાવાદી અને જે મનુષ્ય તકમાં મુશ્કેલી જુએ તે નિરાશાવાદી. શ્રી. ધીરજલાલભાઇની જીવનગાથામાં પ્રગતિ અને સિદ્ધિનાં જે દર્શન થાય છે, તે પરિસ્થિતિજન્ય મુશ્કેલી અને દૃઢ આત્મવિશ્વાસપૂર્વક આચરેલા અસ્ખલિત પુરુષાર્થથી ફલિત થયેલા તકના સંઘર્ષમાંથી ઉદ્ભવેલ આશાવાદનું અપ્રતિમ પ્રતીક છે. છેક બાલ્યાવસ્થાથી અનેક પ્રતિકૂળ સંજોગોમાંથી પસાર થઈ સતત આરાધનાના બળે તેમણે સિદ્ધિના ઉચ્ચતમ શિખરો હસ્તગત કર્યા છે. નિરંતર અભ્યાસ, અથાગ પરિશ્રમ અને સ્વાવલંબી જીવનશૈલી તેમની ઉન્નતિના પાયારૂપ સદ્ગુણો છે; એટલું જ નહિ પરંતુ સમાજના અનેકવિધ ક્ષેત્રોમાં અભિનંદનીય પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા છતાં નમ્રતા, સાદગી અને સદ્ભાવનાને તેમણે તજી નથી એ વિશિષ્ટતા છે. તેમનું જીવન સૌ કોઈ માટે પ્રેરક દૃષ્ટાંતરૂપ છે.

આ બધા માનવીય સદ્ગુણોના મૂળમાં જે દિવ્ય સંસ્કારબીજ દૃષ્ટિગોચર થાય છે, તે છે તેમની ધર્મભાવના અને હિંમતયુક્ત પરિશ્રમ. પિતાનું સાહચર્ય જો કે તેમને અલ્પ વર્ષો પૂરતું જ મળ્યું, તો પણ પિતાની નિષ્ઠા અને પ્રામાણિકતા શ્રી ધીરજલાલ-ભાઇના સર્વ કાર્યોના તાણાવાણામાં ઊંડે સુધી વણાયેલા જોવા મળે છે. લગભગ તેમની આઠ વર્ષની વયે તેમણે પિતાશ્રીને ગુમાવ્યા ત્યારથી જ તેમનાં માતુશ્રી ત્રિવિધરૂપે તેમના મા, બાપ અને શિક્ષક બન્યા. અમાપ રણમાં મીઠી વીરડી સમાન કુટુંબમાં તેઓ એકલા હતા. ન કોઈ ભ્રાતા, ન ભગિની. પ્રાચિન ઐતિહાસિક ઘટનાઓના સંદર્ભમાં જેમ વનરાજ ચાવડાની વીરતા તેની માતા રૂપસુંદરીને આભારી હતી, શિવાજી મહારાજનું છત્રપતિપણું તેમની માતા જીજાબાઈને આભારી હતું, તેમ શ્રી ધીરજલાલભાઈનો ધર્મપ્રેમ, ધગશ અને સાહસિકતા તેમના માતા મણિબેનને આભારી છે. અને આજના સમાજને પ્રાપ્ત થયા એક નિરક્ષર પણ સૌજન્યશીલ માતાના સાક્ષરપુત્ર. હકીકતમાં તો એ સંસ્કારનો જ ચમત્કારી પ્રભાવ છે.

સાહિત્ય, ગણિત, અવધાન અને આધ્યાત્મિક જ્ઞાન વૃદ્ધિ કરનારાં જૈન તત્ત્વદર્શન તથા યોગ ઉપરના તેમનાં બહુમૂલ્ય પુસ્તકો સમાજમાં વિચાર અને આચારનો સમન્વય કરી શાન્તિ, પ્રગતિ અને આત્મસિદ્ધિનો સહજ માર્ગ બતાવે છે. ધર્મને ગૂઢ રહસ્યમય

અને વિદ્વાનો કે સાધુઓનાં કાર્યક્ષેત્ર પૂરતું સીમિત ન રાખતાં વૈજ્ઞાનિક દૃષ્ટિપૂર્ણ તેની અગત્યતા સમાજ સમક્ષ પ્રસ્તુત કરી તેને લોકાભિમુખ બનાવવાનું માન શ્રી ધીરજલાલભાઈને ફાળે જાય છે.

વિચારનો વિવાદ અને તેમાંથી જન્મતો સંઘર્ષ એ બુદ્ધિવાદી પ્રક્રિયા કે પ્રણાલિકા છે. અલબત્ત વિચારવિનિમય એ ગતિશીલ સમાજનું લક્ષણ છે, પણ વિચારને સંકુચિત વાડા બનાવી પોતાની દંભી સ્વાર્થાન્ધતા પોષવા સમાજમાં અનેકતા ઊભી કરવી એ વ્યક્તિ અને સમાજ બંનેની એકતાને છિન્નભિન્ન કરનારી બાબત છે.

શ્રી ધીરજલાલભાઈએ પોતાને અને સમાજને તેમના વિચારો અને લખાણો દ્વારા આ તિરસ્કૃત સંઘર્ષમાંથી અલિપ્ત રાખ્યો છે, તે તેમની સ્વસિદ્ધિ ઉપર સુવર્ણ-કળશ સમાન છે. ભગવાન મહાવીરના સ્યાદ્વાદના ઉપદેશને તેમણે આંતર-બાહ્ય દૃષ્ટિએ આત્મસાત્ કર્યો છે અને સાચા જૈન તરીકે જીવન શોભાવ્યું છે. પદ કે પ્રતિષ્ઠા તથા સન્માન કે સંપત્તિની સ્વાર્થદૃષ્ટિ તજી તેમણે સમાજની સાચી અભિરુચિ પોષવા સજાગ કાર્યસાધના કરી છે, જે ખરેખર વિરલ છે; એટલું જ નહિ પણ મહાન ત્યાગભાવનાના વિશિષ્ટ પ્રમાણરૂપ છે. આજના આ ઝંઝાવતી વાતાવરણમાં તેમની ધર્મદૃષ્ટિ કેટલી શાન્તવનરૂપ છે? સરળ બાલસાહિત્ય દ્વારા ઉછરતી માનવ ફૂલવાડીમાં સંસ્કાર, શૌર્ય અને કર્તવ્યનિષ્ઠાનું જળસિંચન કરી તેમણે રાષ્ટ્રીયભાવનાનું એક કોડિયું પ્રદીપ્ત કર્યું છે, જેનો પ્રકાશ ભવિષ્યના તેજસ્વી નાગરિકો દ્વારા રાષ્ટ્રને રોશન કરશે.

શ્રી ધીરજલાલભાઈના જીવનઘડતરમાં તેમના માતા પછી સંસ્કારગુર્જરી સંસ્થા શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયનો મહત્ત્વનો ફાળો છે. તેઓ શિક્ષણ માટે છાત્રાલયમાં જોડાયા, ત્યારથીજ સંચાલકોની પ્રેમભાવના અને તે વખતના ગૃહપતિ શ્રી મનસુખલાલભાઈના હુંફાળા માર્ગદર્શનથી તેમના ડુભાયેલા જીવનમાં પ્રબળ આશા અને ઉત્સાહના ઝરણાં ફૂટયાં, પ્રારબ્ધ અને પુરુષાર્થનો સંગમ થયો.

ટયુશન અને વર્તમાનપત્રોની ફેરી દ્વારા 'ખરી કમાણી' કરી પોતાનો અને માતાના નિર્વાહનો ખર્ચ કાઢવા લાગ્યા. છાત્રાલયમાં સ્થિર થતા સઘળી શક્તિ-ઉપાસના પાછળ ખર્ચવા માંડી. પ્રજ્ઞાના તેજસ્વી કિરણોને સુદૂર ક્ષિતિજો મળી. છાત્રાલયમાં તેઓ ચિત્રકામ અને ધાર્મિકના વર્ગો લેતા અને નબળા વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત અને હિન્દીના વર્ગો લેતા. ભણવું અને ભણાવવું એ એમનો નિત્યક્રમ થયો. આ રીતે I do not return but pass it on નો સ્વમાનશીલ જીવનમંત્ર સાર્થક કર્યો. નાનપણથીજ તેમનામાં જ્ઞાન સાથે અસરકારક વાણીપ્રાવીણ્ય હતું, જેનાથી તેઓ ગમે તેવા ગંભીર અને સામાન્ય રીતે નિરસ લાગતા વિષય ઉપરના પ્રવચનમાં

શ્રોતાઓને પ્રભાવિત કરી શકતા. તેઓ કાકા સાહેબ કાલેલકર, આચાર્ય ક્રિપલાની, પં. સુખલાલજી જેવા સંસ્કારસ્વામીઓના ગાઢ પરિચયમાં આવ્યા અને તેમના માર્ગદર્શન અને પ્રેરણાથી તેમની પ્રજ્ઞતિકુચ વેગવંતી બની. શ્રીમદ્ રાજચંદ્રજીના જીવન ઉપરથી પ્રેરણા લઈ તેમણે શતાવધાની તરીકેની સિદ્ધિ પ્રાપ્ત કરી.

આ રીતે તેમની કારકિર્દી દરમ્યાન બાલચરિત્રો, નાટકો, વિજ્ઞાન, ગણિત, કલા, પ્રવાસવર્ણન, સાહિત્ય, ધર્મ, અધ્યાત્મજ્ઞાન, યોગ એ વિષયો પર લગભગ ૩૫૦ થી વધુ પુસ્તકો તેમણે લખ્યાં છે, જેની લગભગ ૨૦ લાખ જેટલી પ્રતો ગુજરાતી, હિન્દી, બંગાળી, અંગ્રેજી ભાષાઓમાં રસપૂર્વક વંચાઈ રહી છે અને વિવિધ વિષયનું જ્ઞાન પ્રસારિત કરે છે.

તેમની આ સર્જનશક્તિ સાથે તેમનામાં રહેલી અદ્ભુત સંગઠન અને સંયોજન-શક્તિનો ઉલ્લેખ જરૂરી છે. મુંબઈમાં શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું છાત્રમંડળ ચાલે છે, તેના તેઓ શરૂઆતથી જ ક્રિયાશીલ કાર્યકર્તા છે અને મંડળની સર્વ પ્રવૃત્તિના પ્રાણ સમાન છે. અમદાવાદ અને મુંબઈનાં મંડળોના તેઓ સેતુ સમાન છે. અનેક પ્રભાવકારી કાર્યક્રમોનું સફળ આયોજન કરી સમાજમાં જ્ઞાન અને અધ્યાત્મવાદનો રસ રેલાવ્યો છે.

શ્રી ધીરજલાલભાઈનાં લખાણોમાં વિષયોનું ખૂબ ઊંડાણ, મૌલિક તત્ત્વોની શોધ અને સમાજ-અભિમુખ રોચક શૈલી જોવા મળે છે. પ્રેયસ્ અને શ્રેયસ્ વચ્ચે તેમણે શ્રેયસ્‌ને પસંદ કરી શ્રેયાર્થી તરીકે સત્ય અને શાશ્વત મૂલ્યોની પ્રતિષ્ઠા માટે જીવન-સાધના કરી છે અને સમાજને સમ્યગ્ જ્ઞાનનું પ્રદાન કર્યું છે. ટૂંકમાં તેમણે ધર્મને જીવનવ્યવહારમાં ઉતારી માનવજન્મને સફળ કર્યો છે.

શ્રી ધીરજલાલભાઈ એક કર્મશીલ બહુ પ્રતિભાવંત અને આધ્યાત્મિક વ્યક્તિ છે. તેમનું જીવન નિમ્ન મસ્તકે સળગતી મશાલ જેવું છે, જે જાતે સળગી સમાજને દિવ્ય જ્યોતનો પ્રકાશ આપે છે. તેમના સન્માન-સમારંભ પ્રસંગે તેમને અભિનંદન આપતા ગૌરવ અનુભવું છું.

એક કવિએ કહ્યું છે તે પ્રમાણે :-

'સિન્ધુ પ્રત્યે વહે જેવી ઉર્મિઓ નદીઓ તણી,
લોકનાં હેતનાં પૂર વહેતાં રહેવા તમો ભણી.'

પ્રભુ તેમને દીર્ઘ આયુષ્ય, નિરામય સ્વાસ્થ્ય અને વધુ સત્પ્રવૃત્તિઓ કરવા શક્તિ આપે, એવી આ શુભ પ્રસંગે પ્રાર્થના છે.

# અભિનંદનીય
# પંડિત શ્રી ધીરજલાલ શાહ

લે. શ્રી અગરચંદ નાહટા–બીકાનેર

પ્રાચીન અને અર્વાચીન સાહિત્યના અનન્ય અભ્યાસી તથા સંશોધક અને હિંદી ભાષાના સુપ્રસિદ્ધ લેખક આ લેખમાં શ્રી ધીરજલાલભાઈના વ્યક્તિત્વનો વિશદ પરિચય આપે છે.

ભારતની ઘણી યે પ્રાચીન વિદ્યાઓ યોગ્ય વ્યક્તિઓના અભાવથી લુપ્ત થઈ ગઈ. જે કંઈ બચી ગઈ છે, તેનો આમ્નાય વિચ્છેદ જેવો થઈ ગયો છે. તેથી એ વિદ્યાઓના વિકાસને બદલે હ્રાસ થતો રહ્યો છે. આવશ્યકતા છે એના પુનરોદ્ધારની, જેથી ભારતનું ગૌરવ વધે. જે ભારતને 'જગદ્‌ગુરુ' જેવું ગૌરવ પ્રાપ્ત થયું હતું, તેના નિવાસીઓ આજે પાશ્ચાત્ય દેશો તરફ મોઢું માંડીને બેઠા છે. આ સ્થિતિ ખરેખર શોચનીય છે. આપણે માત્ર પ્રાચીન ગૌરવની ડાંડી પીટીએ છીએ, આપણા પૂર્વજોની ડીંગ મારીએ છીએ, એથી કામ થવાનું નથી. વર્તમાનમાં પણ આપણે કંઈક કરી બતાવવું જોઈએ. બીજાના મુકાબલામાં ચડિયાતા સિદ્ધ થવું જોઈએ.

આ દિશામાં જે ભારતીય વિદ્વાનોએ કંઈ ઉલ્લેખનીય કાર્ય કર્યું છે, તેમાં શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહનું પણ ઉલ્લેખનીય સ્થાન છે. સાધારણ સ્થિતિમાંથી વિકાસ કરતા તેઓ આગળ વધતા ગયા. પોતાની લગની અને પરિશ્રમથી તેમણે કેટલીયે દિશાઓમાં અસાધારણ યોગ્યતા તથા પ્રતિભાનો પરિચય આપ્યો છે. પ્રાચીન ભારતીય વિદ્યાઓને લુપ્ત થતી બચાવવાનો પ્રયત્ન કર્યો છે અને કેટલુંક મૌલિક પ્રદાન પણ કર્યું છે, જેથી આપણો તૂટેલો વિશ્વાસ ફરી સંધાયો છે અને સ્થિર થયો છે. સાધારણ રીતે મંત્ર–યંત્ર–તંત્ર આદિ પ્રતિ લોકોનો વિશ્વાસ ઓછો થઈ રહ્યો છે, તેને પોતાના અનુભવના બલથી તેમણે ફરી સ્થિર કરવાનો ઉલ્લેખનીય પ્રયત્ન કર્યો છે.

પ્રાચીન કાલમાં આપણા પૂર્વજોની સ્મૃતિ ઘણી તીવ્ર હતી. મોટા મોટા ગ્રંથો મૌલિક રૂપે જ શતાબ્દીઓ સુધી સ્મરવામાં તથા યાદ કરવામાં આવતા. પરંતુ હવે આપણી સ્મૃતિનો ઘણો હ્રાસ થઈ ચૂક્યો છે. આ દિશામાં પણ ધીરજભાઈએ અવધાન-કલામાં પ્રવીણતા પ્રાપ્ત કરવાની સાથે કેટલાક મહત્ત્વપૂર્ણ ગ્રન્થ સ્મરણકલા અને ગણિતચમત્કાર સંબંધી લખ્યા છે. તેમણે પ્રાપ્ત ક્ષયોપશમનો ઘણો સદુપયોગ કર્યો, પરિણામે એક દીવામાંથી અનેક દીવાઓ બળતા થયા, અર્થાત્ ધીરજભાઈના સહયોગથી કેટલાય શતાવધાનીઓ તૈયાર થયા. સાધારણ રીતે લોકો પોતાની વિશેષતા અથવા લબ્ધિ બીજાને આપવામાં અથવા શીખવાવમાં કૃપણ હોય છે, પરંતુ આ બાબતમાં

ધીરજભાઈએ ઉદારતા તથા હૃદયની વિશાલતાનો પરિચય આપ્યો છે, જે પણ યોગ્ય વ્યક્તિએ તેમની પાસેથી જાણવા અથવા શીખવાની ઈચ્છા કરી, તે વ્યક્તિને આગળ વધારવામાં તેમણે સદા સહયોગ આપ્યો છે.

નાની નાની બાલોપયોગી પુસ્તિકાઓથી માંડીને ગંભીર વિષયોના મોટા મોટા ગ્રંથો તેમણે લખ્યા છે, જેની સંખ્યા હવે ૩૫૮ સુધી પહોંચી ગઈ છે. વિવિધ વિષય અને અનેક શૈલિઓના ગ્રંથો લખીને તેમણે બાળકથી માંડીને વૃદ્ધ સુધીના સહુ કોઈ માટે એક ઉપયોગી સત્-સાહિત્ય-સર્જનનું મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે.


સંસ્થા અને ગુણવત્તા બંને દૃષ્ટિઓથી એમનું લેખન તો ઉલ્લેખનીય છે જ, પણ તેની સાથે એ સાહિત્યને ખપાવવાની તથા પ્રસારિત કરવાની કલામાં તેમણે જે દક્ષતા પ્રાપ્ત કરેલી છે, તે વિરલ વ્યક્તિઓમાં જોવામાં આવે છે. તેથી જ તેમની કેટલીક કૃતિઓ તરત ખપી ગઈ. તેનો ઘણો સારો પ્રચાર થયો અને તેમને તથા તેમના સાહિત્યને ઘણો સારો આદર મળ્યો. તેઓ નિરંતર લખતા રહે છે, જેથી તેમના સાહિત્યનો ઘણા લોકોને લાભ મળી રહ્યો છે.

તેમની સાથે મારો પ્રથમ પરિચય 'જૈન જ્યોતિ' પત્રિકા દ્વારા થયો, જે તેઓ અમદાવાદથી પ્રકાશિત કરતા હતા. એ ગુજરાતી ભાષાની પત્રિકા હોવા છતાં તેમણે મારા હિંદી લેખો તેમાં પ્રકાશિત કર્યા. ત્યારથી અમારો સાહિત્યિક સંબંધ ઉત્તરોત્તર વધતો તથા દૃઢ થતો ગયો. એક વાર હું જ્યારે અમદાવાદ ગયો ત્યારે જ્યોતિ કાર્યાલયમાં તેમનો સાક્ષાત્ પરિચય થયો અને વાતચીતનો પ્રસંગ સાંપડ્યો. ત્યાર પછી તેઓ ઘણી વાર મારે ત્યાં પધાર્યા અને હું પણ મુંબઈમાં તેમને ત્યાં ગયો. અમારો હાર્દિક પ્રેમસંબંધ આજ સુધી પૂર્વવત્ રહ્યો છે અને તેમાં દિનપ્રતિદિન વૃદ્ધિ થઈ છે.

ધીરજભાઈ આયોજન-કુશલ વ્યક્તિ છે. તેઓ જે કામ હાથમાં લે છે, તેને સારામાં સારા સ્વરૂપે પૂરું કરવાનો પ્રયત્ન કરે છે. તેમનું ચિંતન ગંભીર છે, હૃદય સરલ અને પવિત્ર છે, બીજાને સહકાર આપવામાં તેઓ સદા તત્પર રહે છે.

તેઓ સ્વયંગુણી છે અને બીજાના ગુણોની પૂજા કરનારા છે. તેમણે અનેક ગુણી વ્યક્તિઓનો સંપર્ક સાધ્યો છે. આજ પણ તેમના પરિચય અને સંપર્કમાં અનેક પ્રકારની વિશિષ્ટ વ્યક્તિઓ જોવામાં આવે છે. પદ્માવતી દેવી પર તેઓ ઘણી શ્રદ્ધા રાખે છે. મોટા મોટા આયોજનમાં કેટલાય ચમત્કારો બતાવી લોકોને આશ્ચર્યમાં ડૂબાવ્યા છે. કયું કાર્ય કેવી રીતે કરવાથી વિશેષ લાભ થશે એ વિષયમાં તેઓ ઘણા અનુભવી અને કુશલ છે.

તેમના વિપુલ સાહિત્ય-સર્જન અને અનેક વિષયોની દક્ષતા આદિનું સન્માન કરવા માટે મુંબઈમાં આગામી નવેમ્બર માસમાં જે આયોજન થયું છે, તે બધી દૃષ્ટિએ ઉપયોગી અને અનુમોદન કરવા યોગ્ય છે. આ શુભ પ્રસંગ પર મારી શુભ કામના પાઠવું છું. તેઓ સ્વસ્થ રહે, દીર્ઘાયુ બને અને માતા ભારતીનો ઝંકાર કરતા રહે, એ જ મંગલ કામના. (હિંદી પરથી અનુવાદિત)



# વિદ્યાધર

# પંડિત શ્રી ધીરજલાલ શાહ

લે. શ્રી અમૃતલાલ યાજ્ઞિક
પ્રિન્સીપાલ મીઠીબાઈ કૉલેજ, વિલેપાર્લે-મુંબઈ

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ પોતાની વિદ્યાનિષ્ઠાને લીધે સમગ્ર ગુજરાતમાં જાણીતા છે. એમની સાથે મારે ઠીક ઠીક પરિચય છે અને મારા તેમની સાથેના સંબંધ ઉપરથી તે વિદ્યાપૂજક પ્રતિભાશાળી વ્યક્તિ હોવાનો મેં નિર્ણય કર્યો છે, તેથી મને તેમના પ્રત્યે પ્રેમાદર ઉત્પન્ન થયા છે.

શતાવધાન કરવામાં તેમની વૃત્તિ અન્યને આંજી દેવાની નથી, પણ વિદ્યાનું મહત્ત્વ દર્શાવવા તરફ વિશેષ હોય છે. તેમના અનેક કાર્યક્રમોમાં હાજર રહેવાનો લાભ મને મળ્યો છે અને તેમાં મેં તેમની વિશિષ્ટ ભાવના નિહાળી છે. તેમના કાર્યક્રમમાં વિદ્વાનોની પ્રતિષ્ઠા સાચવવાનું ને વધારવાનું કામ કેન્દ્રસ્થાને હોય છે. તેમની વ્યવહારકુશળતા અને તેમની વિદ્વત્પૂજકતાનો સુસંયોગ તેમની કાર્યરચનામાં નજરે પડયા વિના રહેતો નથી.

થોડાં વર્ષો પહેલાં તેમણે ક્રોસ મેદાનમાં કાર્યક્રમ યોજ્યો હતો. તેની રૂપરેખાની અમે ચર્ચા કરતા હતા. પ્રમુખસ્થાને કોને લાવવા એની વાત થઈ. શ્રી ધીરજલાલભાઈએ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પ્રમુખ ને વિજ્ઞાન તેમજ શિક્ષણક્ષેત્રમાં પ્રખ્યાત શ્રી ડી. એસ. કોઠારીને લાવવાનું બીડું ઝડપ્યું. દિલ્હીથી કામમાં ગળાડૂબ શ્રી કોઠારી પ્રમુખસ્થાન સ્વીકારે તેની મારા મનમાં દહેશત હતી. મેં એ વ્યક્ત કરી. શ્રી ધીરજલાલભાઈએ અત્યંત શ્રદ્ધાભર્યા સૂરે કહ્યું. "હું તેમને લઈ આવી શકીશ. એમના જેવા વિદ્વાન પ્રમુખસ્થાને બિરાજે તેમાં આપણું કાર્યગૌરવ રહ્યું છે. આપણી કાર્યપ્રવૃત્તિ માટે તેમના જેવી વ્યક્તિ અભિનંદન આપે તો શોભે. તો જ મને આનંદ થાય." ખરેખર, શ્રી ધીરજલાલભાઈ પોતે જઈને શ્રી કોઠારીને મળ્યા ને પ્રમુખસ્થાનનું નક્કી કરી આવ્યા. આ પ્રસંગમાં વિદ્યામૂલ્ય અને વ્યવહાર એ બન્નેનો સમન્વય નજરે પડે છે.

શ્રી ધીરજલાલભાઈએ અનેક પુસ્તકો લખીને જૈન ધર્મની તથા સમાજની મોટી સેવા કરી છે. જૈનધર્મનું આત્મતત્ત્વ સમજવાની પ્રબળ વૃત્તિ તેમનામાં કેટલી ઊંડી છે તે તેમનાં પુસ્તકો સ્પષ્ટ કરે છે. આટલાં બધાં પુસ્તકો લખવામાં તેમને કેટલો

અથાગ પરિશ્રમ કરવો પડયો હશે, તે કલ્પવું અઘરું નથી. પણ પ્રિય કાર્યમાં પરિશ્રમ આનંદપ્રદ બનતો હોવાથી તેનો બોજો સાલતો નથી. ગ્રન્થલેખન તેમને માટે આવી રીતે આનંદભર્યું કાર્ય બન્યું છે, તે તેમના ગ્રન્થોની સંખ્યા કહી આપે છે. શ્રી ધીરજલાલભાઈનો ધાર્મિક અભ્યાસ ઊંડો હોવા છતા તેમનાં લખાણોમાં તે સામાન્ય વાચકને સમજાય તેવી સરળ ને રસભરી શૈલીમાં લખે છે તે તેમની વિશેષતા છે.

શ્રી ધીરજલાલભાઈના સંપર્કમાં આવનાર દરેક વ્યક્તિ જાણે છે કે તેમનામાં નમ્રતા એ તરી આવે એવો ગુણ છે. વિદ્વત્તાનો ભાર એમણે કદી દર્શાવ્યો નથી. મિલનસાર સ્વભાવ પણ સાચી નમ્રતાને કારણે તેમના વ્યક્તિત્વમાં વણાઈ ગયો છે. તેઓ શ્રીમંતને મળે કે સામાન્ય સ્થિતિવાળાને મળે તેમના વર્તનમાં કશો ફેરફાર જોવામાં આવતો નથી. સાચી ધાર્મિકતામાંથી આવું વર્તન જન્મે તે સ્વાભાવિક છે. ધાર્મિક ગ્રન્થો માત્ર એમણે લખ્યા નથી, પણ એને અનુરૂપ આચરણ પણ તેમણે ઘડયું છે.

આવા વિદ્વાનનું સન્માન થાય તેમાં સમાજની શોભા છે, એટલું નહીં પણ તેનું ગૌરવ વધે છે. શ્રી ધીરજલાલભાઈ દીર્ઘાયુષ બની લોકોની સેવા કરતા જ રહે, એવી શુભેચ્છા વ્યક્ત કરીને હું તેમને વંદન કરું છું.




## પ્રભાત

પદ

પુનિત પ્રશાંત પ્રભાત જય તવ સુભગ સુખદ પ્રકાશનથી,
નષ્ટ થયું તિમિર સવિ અતિ ગહન ગુહા ગિરિકાનનથી. પુનિત.
સુર મધુર ભરપુર અમીરસ વહી રહ્યા વિહગાનનથી,
લેત મધુ મધુકર કર ચુંબન બન સુમનને સુમનથી. પુનિત.
પ્રકાશ ક્ષણ ક્ષણ આ તવ વધતો નવચેતન જગમાં ભરતો,
વિશ્વજીવન સૂર્યોદય કાજે રંગ રુચિર વિધ વિધ ધરતો. પુનિત.

—ધી.



# સાહિત્યશિલ્પી શતાવધાની શ્રી ધીરજલાલ શાહ

**લે. શ્રી ખીમચંદ મગનલાલ વોરા**

સ્થાનકવાસી સમાજના એક અગ્રગણ્ય કાર્યકર્તા તથા સાહિત્ય–શિક્ષણ–પ્રેમી આ મહાનુભાવે શ્રી ધીરજલાલભાઈના જીવનનું અનુભવપૂર્ણ આલેખન કર્યું છે.

ઈસ્વીસન ૧૯૩૭નું એ વર્ષ હતું. કરાંચી (સીંધ)માં શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયના વિદ્વાન મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજનું ચાતુર્માસ હતું. શ્રી વિદ્યાવિજયજી મહારાજ બહુશ્રુત, વિદ્વાન અને સારા વક્તા હતા. કરાંચીમાં એમણે બે–ત્રણ ચાતુર્માસ કર્યાં એ દરમિયાન એમની વિદ્વત્તાભરી પ્રતિભાશક્તિ વડે જૈન–જૈનેતર સમાજમાં જૈનધર્મ, દર્શન અને જ્ઞાનની ભારે પ્રતિષ્ઠા પ્રસ્થાપિત કરેલી.

એમના ગુરુ આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજીની જયંતી ભારે ભવ્યતાથી ઉજવવા મુનિરાજે દૃઢ સંકલ્પ કર્યો, જેમાં જૈનોના ચારેય ફિરકાઓ ઉપરાંત કરાંચીની અનેક આગેવાન સંસ્થાઓ, વિદ્વાનો, જાહેર કાર્યકરોનો તેમને ભારે સહકાર પ્રાપ્ત થયેલ હતો. એ સમયે હું કરાચીના સ્થાનકવાસી સંઘનો મંત્રી હતો, અને શ્રી વિજયધર્મસૂરિ જયંતી કમીટીનો પણ મંત્રી હતો. જેથી હું સારી રીતે શ્રી વિદ્યાવિજયજી મહારાજના સંપર્કમાં આવેલો.

શ્રી વિજયધર્મસૂરિજીની જયંતી ભવ્યતાથી ઉજવાય એ માટે ત્રણેક દિવસના વિવિધ કાર્યક્રમોનું આયોજન થયેલું, જેમાં શતાવધાની પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહનો અવધાનનો કાર્યક્રમ યોજવામાં આવેલ અને ખાસ આમંત્રણ દ્વારા શ્રી ધીરૂભાઈને અમદાવાદથી બોલાવવામાં આવેલ. આ પ્રસંગે મારે શ્રી ધીરૂભાઈનો પ્રથમ પરિચય થયો.

ભૌગોલિક રીતે દૂરસુદૂર એવા કરાંચી શહેર માટે શતાવધાનનો કાર્યક્રમ ભારે આકર્ષક અને અદ્વિતીય બની ગયો. લોકો આ પ્રયોગો જોઈને મંત્રમુગ્ધ બની ગયેલા. ગણિત, જ્યોતિષ, વ્યાકરણીય, ભાષાકીય આદિ અનેક પ્રકારના પૂછાતા પ્રશ્નોના ત્વરિત અને સચોટ જવાબોથી લોકો હેરત પામી જતા. પાંચેક દિવસ માટે કરાંચી આવેલા ધીરૂભાઈને જનતાની સતત માગણીથી લગભગ અઢારેક દિવસ કરાંચીમાં રહેવું પડ્યું, જે દરમિયાન

તેઓએ અનેક શિક્ષણસંસ્થાઓ, શાળા, કોલેજો અને જૈનેતર જાહેર સભાઓમાં ભારે સફળતાપૂર્વક અવધાનપ્રયોગો વડે લોકોને હર્ષઘેલા બનાવેલા.

શ્રી ધીરૂભાઇનું સમગ્ર જીવન સાહિત્યોપાસનામાં વીત્યું છે. એમણે લખેલ પુસ્તકોની સંખ્યા લગભગ ૩૫૮ના આંકે આંબી જાય છે, જેમાંના ઘણાં પુસ્તકો જૈન દર્શન અને જૈન સાહિત્ય પરત્વે લખાયાં છે. 'સંકલ્પસિદ્ધિ', 'મંત્રવિજ્ઞાન', 'મંત્ર-દિવાકર', 'આત્મદર્શનની અમોઘ કલા' ગ્રંથ આદિ મુખ્ય છે. એમની વિદ્યાર્થી વાચન-શ્રેણીની નાની નાની પુસ્તિકાઓ શિક્ષણસંસ્થાઓમાં સારો આદર પામેલી. એમના પુસ્તકોમાં, વિજ્ઞાનયોગ, કાવ્યયોગ, ભૌગોલિક, પ્રવાસવર્ણન, શિલ્પ અને સ્થાપત્યનાં વર્ણનો જોવા મળે છે. કેટલીયે શાળાઓમાં તેનો પાઠ્ય પુસ્તકો તરીકે સ્વીકાર થયો છે.

પત્રકારિત્વ ક્ષેત્રે પણ તેમણે સારી સફળતા પ્રાપ્ત કરેલી. એમનું "જૈન જ્યોતિ" પત્ર સારો પ્રચાર પામેલ હતું, જેમાં તેઓ સમાજના પ્રશ્નોની નિડર સમીક્ષા કરતા. તેઓ સારા એવા ચિત્રકાર પણ છે. એમનાં કેટલાંક પ્રાકૃતિક દૃશ્યો (Landscapes) સારી પ્રશંસા પામ્યાં છે.

તેઓએ વૈદકશાસ્ત્રનો પણ અભ્યાસ કર્યો છે. એમની વૈદિક ચિકિત્સા ઠીકઠીક પ્રશંસા પામેલી. તેઓ પોતાનું દવાખાનું પણ ચલાવતા, અને વૈદરાજ કહેવાતા હતા. જીવનની અનેક તડકી-છાંયડી જોયેલ ધીરૂભાઇએ, આર્થિક રીતે ભારે મથામણો અનુભવી છે, પરંતુ અનેક પ્રકારના વ્યવસાયો કરવા છતાં સરસ્વતીના આ ભેખધારી સેવકે એમના જીવનનો લગભગ સમગ્ર કાળ પુસ્તકો લખવામાં, પ્રકાશનો કરવામાં અને અવધાનો કરવામાં તથા સમાજની સેવા કરવામાં વીતાવ્યો છે.

શ્વેત ખાદીનો ઝભ્ભો, સ્વદેશી ધોતીયું, શીરે ખાદીની ટોપી અને હાથમાં થેલી પકડીને ચાલ્યા જતા આ ખડતલ, ભરાવદાર આદમીને જોતાંજ લાગે કે એ ધીરૂભાઈ છે. એમના ઘરમાંજ એ 'પ્રજ્ઞા પ્રકાશન મંદિર' નામની પુસ્તકપ્રકાશન સંસ્થા ચલાવે છે, અને જયારે એમના ઘેર જઈએ ત્યારે એ પુસ્તકોના ઢગલા નીચે દબાયેલા જ જોવા મળે. ઉપર નીચે આજુબાજુ અને દિવાલે ચિત્રો અને ચોપડીઓજ જોવા મળે-જાણે કે સરસ્વતીનું મંદિર.

૭૦ વર્ષની આયુમર્યાદા ચેતનભરી રીતે વીતાવી જનાર આ વિદ્યાવ્યાસંગી, ચિત્રકાર, લેખક, પત્રકાર, સાહિત્યકાર, શતાવધાની પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહના જાહેર સન્માનપ્રસંગે અમે હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.



# સંસ્મરણોના સથવારે

લે. શ્રી અનુપચંદ રાજપાલ શાહ

રાષ્ટ્રીય ક્ષેત્રમાં વર્ષોથી લોકસેવાનું કાર્ય કરનાર તથા ગુજરાત રાજ્ય ધારાસભાના સભ્ય શ્રી ધીરજલાલભાઇના ગાઢ સંપર્કમાં આવેલા છે. તેઓ તેમની પૂર્વાવસ્થાનાં અનેક સંસ્મરણો અહીં રજૂ કરે છે.

કોઈ પણ જીવંત વ્યક્તિના ગુણો, વિચારો, આદર્શો, કાર્યો અને સિદ્ધિઓનું મૂલ્યાંકન કરવાનું કામ કપરૂં અને મૂંઝવણભર્યું છે, પરંતુ શ્રી ધીરજલાલભાઈનું જીવન ઉઘાડી કિતાબ જેવું હોઇને આજની પેઢીના જ નહિ, આવતી પેઢીઓના બાળકો અને યુવાનો માટે પણ પ્રેરણાત્મક હોવાનું મને લાગ્યું છે.

એક ઉત્તમ લેખક, વક્તા, પત્રકાર, ચિંતક, વિદ્વાન ઉપરાંત સારા ચિત્રકાર, સારા વૈદ અને શતાવધાની તરીકે તેઓ સમાજને સુપરિચિત છે. પરંતુ તેમની કારકિર્દીની શરૂઆતમાં યુવાનોના ઘડતર માટેની તેમની દૃષ્ટિ અને તેમણે આપેલ ફાળાથી સમાજ અપરિચિત હશે.

આપણે આજે જેમને શતાવધાની પંડિત તરીકે પિછાણીએ છીએ, તે શ્રી ધીરજલાલનો જન્મ ઝાલાવાડમાં મુળી તાલુકા (તે વખતે મુળી સ્ટેટ) ના દાણાવાડા ગામે સાધારણ પણ જૈન ધર્મમાં પરમ આસ્થા ધરાવતા કુટુંબમાં થયો હતો. પિતાનું શિરછત્ર નાનપણમાં જ ગુમાવ્યું, પરંતુ ધાર્મિક સંસ્કારો અને ચારિત્ર્યનો અમૂલ્ય વારસો તેમને મળ્યો હતો. તેમની યાદશક્તિ નાનપણથી જ તીવ્ર હતી. પ્રબળ પુરુષાર્થ અને અખંડ સાધનાએ તેમનાં જીવનઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

અમદાવાદમાં શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં અભ્યાસ કર્યો અને ત્યાં જ ધાર્મિક શિક્ષક તરીકે જોડાયા. જીવન ભોગ માટે નથી, પણ પરના તથા આત્માના કલ્યાણ માટે છે, એ સૂત્ર તેમના જીવનમાં વણાઈ ગયું છે. તેમનામાં પડેલી કેટલીક અસાધારણ શક્તિઓ, અને ગુણોનો ઉપયોગ ધાર્મિક શિક્ષણ આપવાનું કાર્ય હોવા છતાં એ સમયમાં છાત્રોના સર્વાંગી ઘડતર કરવા માટે તેમણે કર્યો.

એ દિવસો રાષ્ટ્રીય જાગૃતિના હતા. ગાંધીજીના નેતૃત્વ નીચે દેશની આઝાદી મેળવવા વિદ્યાર્થીઓ અને યુવાનોમાં થનગનાટ હતો. વીર ક્રાંતિકારીઓ દેશ માટે ફના થઈ રહ્યાના અને ફાંસીના માંચડે ચડી હસતા મોંએ બલિદાન આપી રહ્યાના સમાચારો પણ આવતા. સાબરમતી આશ્રમ જ નહિ પણ ગુજરાતભરના છાત્રાલયો

રાષ્ટ્રીયતાના રંગે રંગાયા હતા. શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં પણ પૂજ્ય માણેકબા તથા કુ. ઇન્દુમતિબ્હેનના માર્ગદર્શન નીચે રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ ચાલતી હતી ત્યારે આગેવાની શ્રી ધીરજલાલ કરતા હતા.

આમ યુવાનો અને વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવના વ્યાપક અને પ્રબળ બની રહી હતી ત્યારે વિદ્યાર્થીઓ નિર્ભય બને, સાહસિક બને, ખડતલ બને તથા વહેમો અને ખોટી રૂઢિઓમાંથી મુક્ત થાય તેવી કેળવણી તેમને મળે તે માટેનો પડકાર શ્રી ધીરજલાલે જાણે કે ઝીલી લીધો હતો.

શનિ-રવિની રજાઓમાં છાત્રોને તેઓ અવારનવાર પગપાળા પ્રવાસે લઈ જતા હતા. આવા પ્રવાસોનો તેમણે જીવન-ઘડતરની કેળવણીના સાધન તરીકે ઉપયોગ કર્યો. પ્રવાસમાં રસોઇ માટે સીધુંસામાન, નાસ્તો, સૂવા-ઓઢવાના તેમજ પાણી ભરવાના અને અન્ય સાધનો જાતે જ ઉપાડીને દસ, પચીસ કે ત્રીસ માઇલ જેટલા દૂરના સ્થળની પસંદગી કરવામાં આવતી. લાંબી રજાઓમાં દૂરના પ્રવાસો પણ યોજાતા.

આવા એક પર્યટનમાં એક ગામની નજીક પડાવ હતો. ગામના પાદરમાં સાત કોઠાની એક જુની વાવ હતી. વાવમાં પાણી જોઈને કેટલાક વિદ્યાર્થીઓને ન્હાવા માટે તેમાં પડવાનું સહજ મન થયું. પણ ગામલોકોએ કહ્યું કે આ વાવ દર વરસે ભોગ લે છે. વાવમાં ચૂડેલનો વાસ છે અને જો કોઈ ઢોરઢાંખર પાણી પીવા ઉતરે કે કોઈ ન્હાવા પડે છે તો ચૂડેલ તેનો પગ ઝાલીને પાણીમાં ખેંચી જાય છે. ત્યારે ગામડાંઓમાં આવી વાતો ખૂબ પ્રચલિત હતી. આ સાંભળી વિદ્યાર્થીઓ ડરી ગયા અને મૂંઝાયા. કેપ્ટન ધીરજલાલે આ વાત જાણી કે તરત જ ધોતીયાનો કછોટો ભીડયો અને પાણીના ઊંડાણનો વિચાર કર્યા વગર કે ગામલોકોની વિનવણીની દરકાર કર્યા સિવાય 'જય મહાવીર' કરીને વાવના મુખ્ય કોઠામાં ઉપરથી જ ઝંપલાવ્યું અને પાણીની અંદર ઉતરી ગયા. બધાના જીવ તાળવે ચોંટયા હતા, ત્યાં જ પાણીની સપાટી ઉપર તરી આવ્યા અને જેમને તરતા આવડતું હતું, તે બધા વિદ્યાર્થીઓએ પણ એક પછી એક ઝંપલાવ્યું. આમ ગામની વાવને, ગામને અને વિદ્યાર્થીઓને વહેમ અને ભયમુક્ત કર્યા.

પ્રવાસના આવા તો કેટલાયે સંસ્મરણો છે. પાવાગઢના પ્રવાસમાં પાછલી રાતે રસ્તો ભૂલ્યા અને વાઘનો ભેટો થયેલો તે પ્રસંગ આજે પણ યાદ આવે છે. સાબરમતી અને મહી નદીના ભયંકર કોતરોમાં ભ્રમણ કરાવ્યાં છે. જંગલોમાં આવેલા નર્મદાના તટે ગરૂડેશ્વર અને સુરપાણેશ્વરના તીર્થધામોના પગપાળા પ્રવાસો યોજ્યા છે. રાત્રિમુકામ માટે સ્મશાન પસંદ કરી વિદ્યાર્થીઓ પાસે અખંડ ચોકી પહેરા ભરાવ્યા છે, અને કડકડતી ઠંડીમાં નર્મદાના રેતાળ પટમાં રાત્રે સૂવડાવ્યા છે.એક વાર અંધારી રાતે સાબરમતી નદી પાર કરવાની હતી. ઢીંચણબૂડ પાણીમાંથી બધા રસ્તો કાપી રહ્યા હતા. ત્યાં સામેથી એક

ગામડીયાએ બધાને પડકાર્યા અને પાણીમાં જ ભેટંભેટા થઈ ગયા. તાલીમ પામેલા વિદ્યાર્થીઓએ પડકાર ઝીલી લીધો અને અંધારામાં પાણીમાં લાઠીઓથી ઝપાઝપી થઇ. ગામડીયાની લાઠી ચકની જેમ વીંઝાઈ રહી હતી અને એકસામટા આવતા લાઠીઓના પ્રહારો ઝીલી લેતી. કેટલાક વિદ્યાર્થીઓ પાણીમાં પડી ગયા અને સઘળા ભીંજાયા. અંતે ગામડીઓ હસી પડયો ત્યારે જ બધાને જાણ થઈ કે એ તો કેપ્ટન ધીરજલાલ હતા અને વિદ્યાર્થીઓની કસોટી કરી રહ્યા હતા.

આ બધા પ્રસંગો યાદ કરીએ છીએ ત્યારે જ વિદ્યાર્થીઓને સાહસિક, નીડર અને ખડતલ બનાવવામાં તેમણે આપેલ ફાળાનું મૂલ્ય સમજાય છે.

છાત્રાલય છોડયા પછી શ્રી ધીરજલાલ અનેકવિધ પ્રવૃત્તિઓમાં પડયા. તેમણે જે જે કાર્યો હાથ પર લીધાં છે, તેમાં યશસ્વી થયા છે. પ્રમાદ કે નિરાશા જેવા શબ્દો તેમના શબ્દકોષમાં જ નથી. બાળસુલભ ભાષાથી તે પંડિતભોગ્ય ભાષા તેમની લેખન-શૈલીમાં રહી છે, તે તેમની વિશિષ્ટતા છે. જૈન ધર્મનાં સૂત્રો અને સ્તોત્રો રાગ રાગિણી અને છંદોમાં તાલબદ્ધ રીતે આજથી ૪૫ વરસો પહેલાં તે ગાતા અને શીખવતા હતા. વરસો પહેલાં તેઓ શ્રીમુળી પ્રજામંડળ સાથે જોડાયા હતા અને મુળીના પ્રશ્નોમાં પણ રસ લીધો હતો.

જૈનધર્મનો પ્રચાર અને પ્રભાવના તેમનું મુખ્ય કર્તવ્ય રહ્યું છે, તેમ છતાં સમાજ, બાળકો, વિદ્યાર્થીઓ, યુવાનો અને રાષ્ટ્રને વિવિધ ક્ષેત્રે અને વિવિધ પ્રકારે તેમણે કરેલું પ્રદાન આગામી પેઢીઓ માટે ઉપયોગી અને પથદર્શક બની રહેશે.

# વ્યક્તિ........ નહિ........પણ .......શક્તિ

લે. શ્રી ચંદ્રકાન્ત હ. શાહ

હિમાલયનો પગપાળા સાહસિક પ્રવાસ કરનાર તથા ગીરનાં જંગલો આદિમાં પરિભ્રમણ કરી સાહસિકતાનો આનંદ માણનાર આ નવયુવાન શ્રી ધીરજલાલભાઈના જીવનનું કઈ રીતે મૂલ્યાંકન કરે છે, તે જાણવા જેવું છે.

શ. પંડિતશ્રી ધીરજલાલ શાહ સન્માનસમિતિ તરફથી તેઓને વિષે લખવાનું આમંત્રણ મળ્યું. ઘણીવાર લખવાની ઈચ્છા તો ખૂબ થાય, પરંતુ કોઈ "નિમિત્ત" વિના કઈ રીતે લખી શકાય ?

કૌટુમ્બિક સબંધોને લીધે તેમના જીવનની પુનિત ફોરમનો અનુભવ થયો હોય તે સ્વાભાવિક છે; તેથી કોઈ એકાદ સંસ્મરણાત્મક પ્રસંગને ચિત્રિત કરવાનું જરાય અશકય નથી, પરંતુ તેથી તેમની બહુમુખી પ્રતિભાને હું યોગ્ય ન્યાય કરતો હોઉં એવું ન લાગવાથી એમના સમર્થ વ્યક્તિત્વનું સર્વાંગી વિશ્લેષણ કરવાનું વધારે સમુચિત, બુદ્ધિગમ્ય અને લોકોપયોગી લાગે છે.

અલબત્ત, મારી લેખન–શક્તિની મર્યાદાને કારણે અમર્યાદિત શક્તિ ધરાવતી વ્યક્તિ વિષે લખવું એ કસોટી છે, છતાં તક મળી છે તેથી એમના પ્રત્યેના પ્રેમને પ્રગટ કરવા આ સ્નેહનું સાહસ ખેડું છું, એટલે ભાષાને કેન્દ્રમાં ન લેતાં તે પાછળના ભાવને સૌ લક્ષ્યમાં લેશે એવી શ્રદ્ધા છે.

ધી. ટો. શાહને હું એક વ્યક્તિ નહિ; પણ શક્તિ સ્વરૂપે જોઉં છું, અને તેથી તેઓ વ્યક્તિ ન રહેતાં સંસ્થાનું જ સ્વરૂપ બની ગયા છે. શક્તિ અને સદ્‌ગુણનો આવો સુભગ સમન્વય બહુ ઓછી વ્યક્તિઓમાં જોવા મળે છે, અને તેથી તેઓ એકલે પંડે જેટલું કાર્ય કરી શકયા છે અને કરી રહ્યા છે, એટલું કાર્ય કદાચ કોઈ સંસ્થા પણ ન કરી શકી હોત.

સ્વતંત્ર સર્જનાત્મક કાર્યોને જ્યાં સુધી સંબંધ છે ત્યાં એવા કાર્યો માટે સંસ્થાનો પણ પ્રશ્ન રહેતો નથી, પરંતુ જે અન્ય સ્થૂલ કાર્યો માટે પણ સંસ્થા જેવી સમૂહશક્તિની

અનિવાર્યતા હોય તેવાં તમામ કાર્યો પણ તેઓ એકલે હાથે પાર પાડે છે, તે તેમનામાં રહેલી અપાર વ્યવસ્થાશક્તિ, ચીવટ અને અસાધારણ આત્મવિશ્વાસનો પુરાવો છે.

દરેકે દરેક વ્યક્તિમાં ભીતર સુષુપ્ત શક્તિ તો રહેલી જ છે, પરંતુ એ શક્તિઓ કેટલી પરાકાષ્ટાએ પાંગરી શકે છે તેના તેઓ જીવંત પ્રતીક છે. જેઓમાં શક્તિ હોય તેઓમાં સદ્‌ગુણોનો પણ સંગમ રચાયેલો જ હોય એવું માનવાને ખાસ કારણ નથી અને તેથી જ સામર્થ્યનો સંદર્ભ આ બંનેના સંયોગીકરણમાં રહેલો છે. એ દૃષ્ટિએ અહીં શક્તિ અને સદ્‌ગુણોએ તેની પરિપૂર્ણતાએ જ પ્રકાશિત થઈ જવાનો જાણે કે યજ્ઞ આરંભ્યો છે.

કયારેક સાચા સાધુત્વ વિષે કે નિર્વાણાવસ્થાની ઉપલબ્ધિ અંગેની યોગ્યતાના સંદર્ભમાં વિચારતો હોઉં છું ત્યારે એવા નિષ્કર્ષ પર પહોંચું છું કે જે વ્યક્તિ તેના જીવનમાં જેટલે અંશે જે જે સુતત્ત્વો તેની સમગ્રતામાં પ્રતિષ્ઠિત કરી શકે એ વ્યક્તિ એટલે અંશે એ ઉપલબ્ધિની નિકટ છે એવું નિર્વિવાદપણે તારવી શકાય. પછી એ વ્યક્તિ સંસારી હોય કે સંસારત્યાગી એ મહત્ત્વનું રહેતું નથી. આ દૃષ્ટિએ શ્રી શાહનું સમગ્ર જીવન એ સંસારમાં હોવા છતાં પણ સાધુનું જ રહ્યું છે. શબ્દભેદ જો આવશ્યક હોય તો એમ કહી શકાય કે તેઓ સંસારીસાધુ છે અને એ રીતે સંસારી પણ મનથી સંસારજાળથી અલિપ્ત હોવાથી સંસારત્યાગી જ છે અથવા તો ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં પણ વ્યક્તિ જીવનપર્યંત સંન્યાસાશ્રમી જીવન જીવી શકે છે એ તેઓએ પ્રત્યક્ષ જીવન દ્વારા સિદ્ધ કર્યું છે.

છેલ્લાં ૩૦–૪૦ વર્ષથી તેઓએ મુંબઈને જ કર્મભૂમિ બનાવી હોવા છતાં અને સ્વતંત્ર ફ્લેટ લઈ સુખવૈભવમાં જીવન ગુજારી શકે એવી શકયતા હોવા છતાંય તેઓ તેનાથી મુક્ત રહ્યા છે. ખરેખર તો એવો ભૌતિક મોહ કે એવી વૃત્તિઓથી તેઓ તદ્દન વિમુખ છે એમ કહેવું વધુ ન્યાયોચિત થશે. આજદીન સુધી રેડિયો, ટેલીફોન કે ઘડિયાળ જેવી બિલકુલ જરૂરી વસ્તુઓ પણ ન વસાવનાર, સ્વેચ્છાએ સાદા–સંયમી જીવનનો અંગીકાર કરનાર અને તમામ સુતત્ત્વોથી જીવનના બાગને સુવાસિત રાખનાર વ્યક્તિની ભૂમિકા કેટલી ઉચ્ચ, અપરિગ્રહી, સત્યનિષ્ઠ અને અહિંસક હોઈ શકે તે સહેજે કલ્પી શકાય એમ છે.

કયારેક અનાયાસે ગાંધીજીની પેલી પ્રાર્થના યાદ આવી જાય છે :

સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોતું નવ સંઘરવું,<br>
બ્રહ્મચર્ય ને જાતે મહેનત, કોઈ અડે ના અભડાવું;<br>
અભય, સ્વદેશી, સ્વાદ–ત્યાગ ને સર્વ ધર્મ સરખા ગણવા,<br>
આ અગિયાર મહાવ્રત સમજી, નમ્રપણે દૃઢ આચરવા.

આ મહાવ્રતો, અનેક સુટેવો અને સુતત્ત્વોથી સંપન્ન એમનું જીવન સૌને પ્રેરક છે. પાલન કરવાના માત્ર સભાન પ્રયત્નો જ નહિ પરંતુ એ તત્ત્વો જીવનમાં એક રસ થઈ જાય અને આ દેહ એ તો પ્રતિષ્ઠિત થઇ ગયેલા સુતત્વોનું હરતું ફરતું માત્ર એક અસ્તિત્વ બની રહે એવી સહજ "સ્થિતિ" સરજાવી એ જ ઉચ્ચતમ ભૂમિકાની અંતિમ ઉપલબ્ધિ છે. જીવનમાં રાગ–દ્વેષ, મોહ–માયા, દંભ–દેખાવ, અહં, સ્વાર્થ–લોભ, ઘૃણા, અપેક્ષા, નિંદા વગેરે કુતત્ત્વોથી પર રહેવું ને પર થવું એ નાનીસૂની સિદ્ધિ નથી. ખરેખર તો આવી માનસિક શ્રેષ્ઠ કક્ષાને કારણે જ તેઓ અનેક ક્ષેત્રે અને તે પણ ઘણા મહાન કાર્યો કરી શક્યા છે. સંસારમાં રહેવા છતાં જળકમળવત્ રહીને નિરંતર કર્મ કર્યે જનાર સહજ પ્રક્રિયાથી નિષ્કામ થયેલી વ્યક્તિ ઝડપભેર સર્વોચ્ચ વિકાસ સાધી શકે છે એ મૂળભૂત સત્ય અહીં ધબકતું દેખાય છે.


લખવા બેસીએ તો પાર ન આવે એવું એમનું અનૂભૂતિઓથી સંપન્ન જીવન છે. જીવનચેતનાની શાશ્વતભૂમિ પર તેઓએ શુભકર્મોનાં બીજ વાવ્યાં અને આ જીવનમાં જ તેઓ તેના મીઠાં ફળ મેળવી શક્યાં છે. કર્મયોગને તેના ઊંડા સંદર્ભમાં આ જીવનમાં જ સાક્ષાત્ કરનાર વ્યક્તિઓની હરોળમાં તેઓએ પોતાનું સ્થાન સ્થાપિત કર્યું છે. ભાવિ પેઢી તેમને એક મોટા લેખક, સમાજ–સેવક અને ધાર્મિક પુરુષ તરીકે યાદ કરશે. જે જે વિષયોમાં તેમણે પ્રવેશ કર્યો છે, તે તે વિષયોનું પૂર્ણ અધ્યયન અને સ્વાનુભવથી આત્મસાત્ કર્યા પછી જ કલમ ચલાવી છે, તેથી તેઓના લેખનમાં અનૂભૂતિનો રણકાર અને હૃદયને સ્પર્શવાની શક્તિ છે.

અલબત્ત, માનવસહજ સ્વભાવની કોઇક ત્રુટીઓ કેટલીક પ્રકૃતિ–મર્યાદાને કારણે હોઈ શકે, પરંતુ તે સમગ્ર જીવનના મૂલ્યાંકન સમયે તદ્દન ગૌણ બની જાય છે. શક્તિ અને સદ્વૃત્તિઓનો ભંડાર ભર્યો હોય ત્યારે સામાન્ય ખામીઓનું જરાય મહત્વ રહેતું નથી. વળી બીજું એક સત્ય એ છે કે જેઓમાં વિશિષ્ટ શક્તિ અને સ્વતંત્ર દૃષ્ટિ કે વ્યક્તિત્વ હોય છે, ત્યારે તેઓમાં ઉપરછલ્લી દૃષ્ટિએ કેટલોક વિરોધાભાસ કે આચરણ ભિન્નતા જોવા મળે છે, પરંતુ એક નિશ્ચિત દિશા કે એક જ ધ્યેય દૃષ્ટિએ તેઓ જીવનના અંત સુધી સ્થિર, સ્વસ્થ અને કલ્પનાતીત ગતિશીલ રહેતા હોય છે. એટલે દેખાતો વિરોધાભાસ એ તો અભિવ્યક્ત થવા ઉછાળા મારતી આંતરિક શક્તિના પ્રચંડ વેગનું જ પરિણામ હોય છે. એટલે જ મહાપુરુષોના જીવનમાં સતત પરિવર્તનના પૂર ધસ્યે જતા જોવા મળે છે અને તેથી જ તેઓના વિકાસમાં કલ્પનાતીત ગતિ હોય છે. અંતે માનવી પૂર્ણ તો નથી જ, પૂર્ણ થવા માટે જંખતો જીવ જરુર છે અને તેથી પૂર્ણ થાય છે, ત્યારે તે પરમાત્મા બની જાય છે. એટલે મહત્વનું જે છે તે સુતત્ત્વો કેટલી પ્રબળતાથી જીવનમાં પ્રતિષ્ઠિત થયેલાં હોય છે તે અને એના સબળ પાયા

પર જ સાચા વિકાસનું તટસ્થ અને સર્વગ્રાહી મૂલ્યાંકન થઇ શકે, એ સિવાયના તમામ માપદંડ અધૂરાં છે. નદીની સમુદ્ર પ્રતિ ગતિ રહે એ જ પ્રથમ અને સૌથી મહત્વની વાત છે, પછી તે કયા માર્ગે થઈને સમુદ્રમાં ભળે છે, તે વિવાદ નિરર્થક બની રહે છે.


જીવન એ યોગ છે, તેથી યોગી બનવા માટે જંગલમાં જવાની જરૂર નથી એવા સનાતન સત્યનું ભાન કરાવતું સમૃદ્ધ જીવન આપણી વચ્ચે ૭૦ વર્ષની ઉંમરે પણ કર્મયોગની ધરતી પર ધબકે છે તે ઓછા ગૌરવની વાત નથી. યોગ, ઉદ્યોગ અને સહયોગ આ ત્રણ તત્ત્વો જીવનમાં સમરસ થઈ જાય તો જીવન એ અખંડાનંદ, પરમ શાંતિ અને મુક્તિનું મહાદ્વાર બની રહે. આપણે એમના જીવન અને કાર્યને સમજવાનો પ્રયત્ન કરીએ, પ્રેરણા મેળવીએ અને સાદર કદર કરીએ.

છેલ્લે છેલ્લે એક સૂચન કરવાની ઇચ્છાને રોકી શકતો નથી. ધી. ટો. શાહના જીવનને માત્ર સંસ્મરણાત્મક ગ્રંથ પૂરતું જ મર્યાદિત ન રાખતા આત્મકથા સ્વરૂપે પ્રગટ કરવાનું વિચારાશે તો તે હતાશ યુવાનોના દીલમાં ઉમંગ અને ઉત્સાહની જ્યોત પેટાવશે અને મૃતમાર્ગે ભટકાઈ રહેલા જીવનમાં નવો પ્રાણ પૂરશે એવો વિશ્વાસ છે.



હ્રીંકારમયી મહાદેવી શ્રી પદ્માવતી

જેમની ઉપાસનામાં પંડિત શ્રી ધીરજલાલભાઈ અનેરો રસ ધરાવે છે.


इति मानतुंगसूरिविरचितं भक्तामरस्तोत्रं संपूर्णम्।

ઽ પંડિત શ્રી ધીરજલાલ શાહે વિ. સં. ૧૯૮૬ના આષાઢ સુદિ ૩ ના રોજ એક આસને બેસીને લખેલા ભક્તામરસ્તોત્રની સમાક્ષરી પ્રતિકૃતિ.



# પુરુષાર્થ અને પ્રેરણાના પ્રતીક

લે. ડૉ. ભાઈલાલ એમ. બાવીશી-પાલીતાણા

સામાજિક સેવાના રંગે રંગાયેલા તથા શિક્ષણ-સાહિત્યના અનન્ય પ્રેમી આ મહાશયે શ્રી ધીરજલાલભાઇના અનેક પ્રસંગોને સ્મરણના બળે સજીવન કર્યા છે.

જીવનભર પરિશ્રમ વેઠી, પુરુષાર્થ ફોરવી, ક્રમેક્રમે સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર અને એ દિશામાં પગરણ માંડવા પ્રેરણા આપનાર પ્રોત્સાહિક પુરુષને પ્રત્યક્ષ નિહાળવા હોય તો મુલાકાત લેવી શ્રી ધીરજલાલ ટોકરશી શાહની !

મારા લાંબા પરિચય, ગાઢ સંપર્ક અને પ્રત્યક્ષ અનુભવ પરથી મેં એ નવનીત તારવ્યું કે શ્રમ-પરિશ્રમ, મહેનત-જહેમત અને આશા-નિરાશા વચ્ચે અડગ-અડોલ રહી ઝઝુમતા અને અંતે સફળતા મેળવતા શ્રી ધીરૂભાઈનું જીવન ને કવન કોઈ પણ સંપર્કમાં આવતી વ્યક્તિને નિરાશા ને નિષ્ફળતા વચ્ચે આગળ ધપવા પ્રેરણાદાયી નિવડે તેવું છે! કેટલાક અંગત અનુભવો અને પ્રેરક પ્રસંગો પરથી મેં આ નિચોડ કાઢયો છે.

હું મહાવીર જૈન વિદ્યાલયમાં અભ્યાસ કરતો હતો. મને સાહિત્યનો શોખ એટલે મેં સંસ્થાના મુખપત્ર 'તણખા'નું સંપાદન-પ્રકાશન કરવાનું માથે લીધું. સાહિત્ય-સભર લેખો-નિબંધો, કાવ્યો ને અન્ય સામગ્રી મેળવવા માટે 'નોટીસ બોર્ડ' પર આકર્ષક ને પ્રેરક વિનંતિ-પત્ર મૂકયો. જોગાનુજોગ શ્રી ધીરૂભાઇને 'વિદ્યાલય'માં આવવાનું થતાં તેમણે નોટીસ વાંચી, ખુશ થયા, મને મળ્યા. 'તણખા'ને રસપદ બનાવવા અને સુંદર સજાવટ કરવા પ્રેરણા આપી—માર્ગદર્શન આપ્યું. ખરેખર મને ખૂબ પ્રોત્સાહન મળ્યું. હું તો તાજુબ થયો કે જેનો મને કદી પ્રત્યક્ષ પરિચય નથી એ મહાનુભાવ આટલી બધી લાગણીથી મને સલાહ-સૂચન આપી રહ્યા છે! મને એમાં એમની સાહિત્ય પ્રત્યેની અભિરુચિ અને સામાજિક ઉત્કર્ષની ભાવનાનાં સુરેખ દર્શન થયાં !

જો કે હું તો તેમને પરોક્ષ રીતે ઘણા સમયથી તેમના લેખો, પુસ્તિકાઓ ને પ્રવૃત્તિઓ દ્વારા (અખબારો ને સમાચારોથી) એક સમર્થ લેખક ને સંનિષ્ઠ કાર્યકર

તરીકે જાણતો હતો. તેમનું પ્રકાશન 'જૈન જ્યોતિ' ઘણીવાર વાંચતો એટલે એમના એ ક્રાંતિકારી વિચારો જાણી પ્રભાવિત થયેલ. તેમણે શૈક્ષણિક દૃષ્ટિએ બાળકો ને જિજ્ઞાસુઓ માટે પ્રકાશિત કરેલ નાની નાની પુસ્તિકાઓની શ્રેણીઓ જેમાં ટુંકું ને મીઠું, વળી રસપ્રદ ને બોધપ્રદ વર્ણન હોઈ, વાંચવામાં મજા પડતી, જાણવાનું પણ મળતું.

પછી તો તેમણે આગળ કદમ ઉઠાવ્યું. સાહિત્યક્ષેત્રે અને સામાજિક કાર્યોમાં ચમકવા લાગ્યા. શેઠ શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી અને અન્ય મહાનુભાવોના સહકાર ને સહાયથી સાહિત્યગ્રંથો સંપાદિત-પ્રકાશિત કરવા માંડયા, જેની સમાજમાં સારી પ્રશંસા થવા લાગી. અને એક સારા સાહિત્યકાર તરીકે બહાર આવ્યા. ત્યારબાદ તેમણે પોતાની સ્વતંત્ર પ્રવૃત્તિઓ ને પ્રકાશનોને વેગ આપવા પ્રથમ 'જૈન સાહિત્ય પ્રકાશન મંદિર' અને ત્યાર પછી થોડા વખતે 'પ્રજ્ઞા પ્રકાશન મંદિર' નામની સંસ્થાઓની સ્થાપના કરી અને એના ઉપક્રમે વૈવિધ્યભર્યાં ને વિશિષ્ટ-ઉચ્ચકક્ષાનાં પ્રકાશનો બહાર પાડવા માંડયાં, જેમાં ગણિત-વિજ્ઞાન, મંત્ર-યંત્ર-તંત્રશાસ્ત્ર અને જૈન ધર્મ તથા દર્શનને સ્પર્શતા મહત્વપૂર્ણ ગ્રંથોનો સમાવેશ થાય છે. આ સંદર્ભમાં એમની વિશિષ્ટતા એ હતી કે પ્રસ્તુત ગ્રંથોનું પ્રકાશન પ્રસિદ્ધ આગેવાનો પ્રેરિત સમારંભપૂર્વક થતા. જે પ્રસંગે શ્રી ધીરૂભાઈની વિદ્વત્તા ને વિશિષ્ટતા, ગ્રંથની મહત્તા ને ઉપયોગિતા અને સાહિત્ય વિષયક પ્રવચનો ઉપરાંત તેમના પોતાના સિદ્ધ કરેલા ગણિતના પ્રયોગો રજુ કરતા જે ખરેખર સૌને અદ્‌ભુત ને ચમત્કારિક લાગતા અને પ્રેક્ષકો ને શ્રોતાઓ એના એ મોઢે વખાણો કરતા. એમ કહું કે સમાજે ને સાહિત્યકારોએ એમને એક સિદ્ધહસ્ત લેખક તરીકે મહોર મારી છે.

એક સંનિષ્ઠ ને સમર્થ કાર્યકર તરીકે શ્રી ધીરૂભાઇએ અન્ય ક્ષેત્રો ઉપરાંત ખાસ 'જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ'નાં કાર્યોમાં સુંદર ફાળો આપ્યો છે. 'કોન્ફરન્સ'નું નાવડું જ્યારે ખરાબે ચડયું, કોઈ રસ્તો સૂઝે નહિ ત્યારે સૌની દૃષ્ટિ પડી શ્રી ધીરૂભાઈ ઉપર.. એમણે કાર્ય સંભાળી લીધું, દિલ રેડી લાગી ગયા કામે અને બધુંજ વ્યવસ્થિત ને આયોજિત કરી આપ્યું. ઓગણીશમા, વીશમા તથા એકવીશમા અધિવેશનમાં તેઓ પ્રચાર મંત્રી હતા.

'કોન્ફરન્સ'નું બાવીશમું અધિવેશન આમંત્રણ આપી અમોએ પાલીતાણામાં ભર્યું, હું પોતે સ્વાગત-મંત્રી હતો પણ આવા વિશાળ કાર્યમાં પૂરી સૂઝ પડે નહિ, એટલે શ્રી ધીરૂભાઈ અમારી વહારે આવ્યા. તેઓ અગાઉથી આવી બેસી ગયા અને દરેક કામ માટે દોરવણી આપવા લાગ્યા અને કેટલુંક અગત્યનું કામ તો તેમણે પોતે સંભાળી લીધું અને અધિવેશન સફળ બન્યું. આ પ્રસંગે ખરેખર એમની વ્યવસ્થાશક્તિ, કાર્ય-પદ્ધતિ, ગમે તેવા ગુંચવાડાનો ત્વરિત ઉકેલ અને સાથોસાથ એમનો આનંદી ને મળતાવડો

સ્વભાવ તેમજ કાર્ય લેવાની કુનેહ—આ બધાથી હું ખૂબ જ પ્રભાવિત થયો અને એમની કાર્યશક્તિ માટે માન ઉપજ્યું. મને તો થયું કે કોઈપણ સામૂહિક કે સાત્ત્વિક સમારંભોના આયોજન–સંચાલન માટે શ્રી ધીરૂભાઈને પકડવા તો જરૂર કાર્ય સફળ થાય. અને ઘણા પ્રસંગોએ એ ચરિતાર્થ થતું મેં નજરે નિહાળ્યું છે. એટલે જ સમાજે એમને એક સમર્થ લેખક, શક્તિશાળી વ્યવસ્થાપક અને કુનેહબાજ આયોજક તરીકે સ્વીકાર્યા છે, બિરદાવ્યા છે.

તળાજામાં 'જૈન વિદ્યાર્થી ભવન'ના રજત મહોત્સવનો પ્રસંગ હતો, જે વખતે શ્રી ધીરૂભાઈએ ખાસ હાજરી આપેલ અને પોતાની યાદશક્તિ અને ગણિતશક્તિનો પ્રભાવ અનેક ચમત્કારિક પ્રયોગો દ્વારા અદ્‌ભુત રીતે બતાવ્યો. જાણે જાદુ કરી રહ્યા હોય એમ જ લાગે. શેઠશ્રી ભોગીભાઈ મગનલાલ અને બીજા આગેવાનો તો તાજુબ થઈ ગયા અને એમને ધન્યવાદ આપવા લાગ્યા. એમને સમાજે 'શતાવધાની', 'ગણિત-દિનમણી', 'સાહિત્યવારિધિ', 'પંડિતજી' આદિ બિરુદો એનાયત કર્યા છે, તે યથાર્થ છે.

પાલીતાણામાં 'કેસરીયાજી' સંસ્થાનો મહોત્સવ હતો. વ્યવસ્થા માટે અમે તો હતા જ, પરન્તુ પ્રસંગ હતો મોટો અને ઉજવવો હતો ખૂબ ભવ્ય રીતે, એટલે યાદ આવ્યા શ્રી ધીરૂભાઈ. તેમને બોલાવ્યા. તેઓ તરત આવ્યા અને સંચાલન ઉપાડી લીધું. આયોજનપૂર્વક બધી વ્યવસ્થા સુંદર રીતે કરી અને પ્રસંગને સફળતાથી પાર પાડયો. સૌ કોઈ મોઢામાં આંગળા ઘાલી ગયા કે વ્યવસ્થા તો આનું નામ! નહિ ગરબડ, નહિ ગેરવ્યવસ્થા, અપૂર્વ શાંતિ ને અદ્‌ભુત શિસ્ત!

પણ શ્રી ધીરૂભાઈની ખરી વિશેષતા તો તેમના સાહિત્ય–સર્જનમાં છે. તેમણે 'પ્રજ્ઞા પ્રકાશન મંદિર' અને અન્ય સંસ્થાઓ દ્વારા ઘણા આધારભૂત અને મૌલિક ગ્રંથો રચ્યા, પ્રકાશ્યા ને સંપાદિત કર્યા છે, જેની મોટા મોટા વિદ્વાનો ને સાહિત્યકારોએ પ્રશંસા કરી છે. તેમનું સાહિત્ય વૈવિધ્યભર્યું છે, સામાન્ય જનતાને પણ રસ પડે તેવું છે, એટલે જ તેમના પ્રત્યેક ગ્રંથની બીજી–ત્રીજી આવૃત્તિઓ બહાર પડી છે.

એક વખત તેઓ પાલીતાણા આવેલ અને ગુરુકુલમાં મિલન–સમારંભ યોજેલ, ત્યારે તેમણે પોતાના અનુભવોનું સુંદર બ્યાન કર્યું અને ત્યાં હાજર રહેલાઓને 'નવકાર'નો અર્થ પૂછવા માંડયો. તેના ઉત્તરો અપાવા માંડયા, પણ તેમની પરીક્ષામાં પાસ થવું સહેલું ન હતું. જેવા તેવા ઉત્તરો ચાલે જ નહિ. બધા એકબીજાના સામું તાકી રહ્યા. આખરે તેમણે પોતે તેનો વિશિષ્ટ રીતે વિગતથી અર્થ કરી બતાવ્યો, જેથી અમો સૌ એમના જ્ઞાન, તર્ક ને બુદ્ધિમત્તાથી ખૂબ જ પ્રભાવિત થયા, તેમને ધન્યવાદ આપ્યા.

બીજો એક નાનકડો પ્રસંગ પણ પાલીતાણાનો. મારી વિનંતિથી શ્રી ધીરૂભાઈએ મિત્રોનું એક મિલન યોજવાનું સ્વીકાર્યું. તે 'શત્રુંજયવિહાર' ધર્મશાળામાં ગોઠવ્યું.

તેમણે પોતાના કેટલાક અનુભવો કહ્યા અને ગણિતના પ્રયોગો કરી બતાવ્યા, તે જોઈ અમે બધા આશ્ચર્યમાં ડૂબી ગયા, તેમ જ ખૂબ આનંદ પામ્યા.

આવા તો નાના-મોટા ઘણા પ્રસંગો છે, જ્યારે તેમની તીવ્ર પ્રજ્ઞા, પ્રબળ પુરુષાર્થ, પ્રેરક વ્યક્તિત્વ અને સુંદર વ્યવસ્થાશક્તિનો અનુભવ થયો છે. જો આવો શક્તિશાળી પુરુષ ઈંગ્લાંડ-અમેરિકા કે જર્મનીમાં હોત તો એક સાહિત્ય-સમ્રાટ્ અને સંપત્તિ-સ્વામી હોત. અત્યારે જવા દઈએ એ વાત, પરન્તુ જરૂર લક્ષ્યમાં લઈએ કે આવા વિદ્વાનો ને મહાનુભાવો માટે સમાજ ગંભીરતાથી વિચારે અને શક્ય કરી છૂટે.

હું સાહિત્યક્ષેત્રે કાંઈક રસ લેતો ને આગળ ધપતો થયો છું એમાં શ્રી ધીરૂભાઈની પ્રેરણા અવશ્ય કામ કરી ગઈ છે, સહાયભૂત બની છે, એ સ્વીકાર્યા વગર રહી શકતો નથી.

'સન્માનસમિતિ' શ્રી ધીરૂભાઈની સાહિત્ય-પ્રવૃત્તિ ને સમાજસેવા માટે તેમનું બહુમાન કરી રહેલ છે, એ જાણી ખૂબ આનંદ થયો. ભલે બીજી રીતે કદર ઓછી-વધુ થાય પરન્તુ આવા સેવકોને જાહેર રીતે બિરદાવીએ તો પણ સમાજે એનું અંશતઃ ઋણ અદા કર્યું ગણાશે. એમાં મારો સૂર પુરાવું છું અને સાહિત્ય ને સેવાક્ષેત્રે તેઓશ્રી પોતાનું શેષ જીવન વિતાવી ધન્ય બને એવી શુભેચ્છા પાઠવું છું.



# શતાવધાનીની સંકલ્પસિદ્ધિ

લે. શ્રી દુલેરાય કારાણી

કચ્છના લોકપ્રિય કવિ તથા લેખક આ લેખમાં શ્રી ધીરજલાલભાઈના જીવનનું પોતાની અનોખી શૈલિએ દર્શન કરાવે છે.

કેટલાંક ઝરણાં કોઈ પહાડી પ્રદેશમાંથી નીકળીને એકધારી સીધી ગતિથી પોતાના લક્ષ્ય સ્થાન પર પહોંચે છે, જ્યારે કેટલાંક ઝરણાં અનેક જંગલો, ઝાડીઓ વચ્ચેથી પોતાનો માર્ગ કાઢી, કેટલાયે ખાડા-ટેકરા અને આડા અવળા વળાંક ઓળંગીને આખરે પોતાનું લક્ષ્ય-બિંદુ સર કરે છે. આપણા શતાવધાની પંડિત શ્રી ધીરજલાલભાઈનું જીવન આ બીજા પ્રકારનાં ઝરણાં જેવું છે.

બાલ્યાવસ્થામાંજ પંડિતજીએ એમના કુટુંબના આધારસ્તંભ જેવા પિતાની છત્ર છાયા ગુમાવી દીધી. આખું કુટુંબ નિરાધાર બની ગયું. કુટુંબના ભરણ-પોષણનો ભાર એમની વિધવા માતા પર આવી પડ્યો.

પરંતુ દુનિયાના પ્રત્યેક તત્ત્વને બે બાજુ હોય છે. કોઈ વ્યક્તિને કુદરત જ્યારે સમર્થ બનાવવા માગે છે, ત્યારે એક વાર તો તેના પર કારમો પ્રહાર કરી બેસે છે. એમના કુટુંબ પર આવી પડેલા આ કારમા ઘા માંથી જ આગળ જતાં એક શતાવધાની પંડિત પ્રકટ થવાના હતા એ વાત કુદરતે આ અસહ્ય આઘાતના ગર્ભમાં જ છૂપાવી રાખી હતી.

નિરાધાર બાળકો માટે છાત્રાલયો જ આશીર્વાદ સમાન હોય છે, એટલે એમને છાત્રાલયોનો જ આશરો લેવો પડે છે. એ રીતે આપણા બાલ પંડિત પણ અમદાવાદમાં શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં દાખલ થયા. અહીં અભ્યાસ કરતાં કરતાં એમને કાશ્મીરી સૌન્દર્યના ફારસી ભાષાના અમૂલ્ય શબ્દોનો પરિચય થયો :

અગર ફિરદૌસ, બરરૂએ ઝમીનસ્ત,
હમીનસ્તો હમીનસ્તો હમીનસ્ત.

અર્થાત્-યદિ આ ધરતીના પૃષ્ઠ પર જો કયાં યે સ્વર્ગ હોય તો અહીં છે, અહીં છે, અહીં છે.

એ દિવસથી આ શબ્દોનું સૌન્દર્ય અને આ શબ્દોની સૌન્દર્યભૂમિ કાશ્મીરનું સૌન્દર્ય આ સૌન્દર્યપ્રેમી કિશોરના હૃદયમાં રમવા લાગ્યું. કાશ્મીરના સૌન્દર્યે એમના માનસનો કબજો લઈ લીધો. આ ઊગતા યુવકના અંતરમાં કાશ્મીરની સ્વર્ગીય ભૂમિનાં દર્શન કરવાની ઉત્કટ ઇચ્છા જાગી ઊઠી. આ મહત્ત્વાકાંક્ષા એટલી પ્રબળ હતી અને એમની આત્મશક્તિ એટલી બળવાન હતી કે એક અણધારી દિશામાંથી એકાએક એમને જોઈતી સહાય મળી ગઈ અને એમની મનોકામના પૂરી થઈ ગઈ. આ હતી એમની સૌથી પહેલી સંકલ્પસિદ્ધિ !

પંડિતજીને એમના કૌટુમ્બિક વારસાની એક મહાન બક્ષિસ મળી હતી. આ બક્ષિસ હતી, સ્મરણશક્તિની. પંડિતજીનાં પૂજ્ય માતુશ્રી મણિબહેન એક અજબ જેવી સ્મરણશક્તિ ધરાવતાં હતાં. આ શક્તિ પંડિતજીમાં ઊતરી આવી.

નિરાધાર બની બેઠેલા કુટુંબનું ગામનાં દળણાં-પાણી કરીને અને કાલાં ફોલીને ગુજરાન ચલાવનાર એમનાં માતુશ્રીએ અનાયાસે જ પંડિતજીમાં આ શક્તિ રોપી દીધી હતી. આ શક્તિનો પંડિતજીએ પોતાના પુરુષાર્થ વડે વિકાસ કર્યો અને સ્મરણશક્તિનો જે ઉપયોગ એમનાં માતુશ્રી ન કરી શક્યાં તે ઉપયોગ યાદદાસ્તના અજબ જેવા પ્રયોગો વડે એમણે કરી બતાવ્યો. આવા પ્રયોગોના અનેક કાર્યક્રમો સમાજ સમક્ષ રજૂ કરીને શ્રી ધીરજલાલભાઈ શતાવધાની પંડિત બની ગયા. એમનાં માતુશ્રીનો આત્મા એમની આ સફળતાથી પ્રસન્ન થઈ ગયો હશે !

પોતાને જે કંઈ યોગ્ય લાગે તે જાહેર કરી દેવાની એમનામાં જાહેર હિંમત છે. માનવીએ ચન્દ્ર પર પગ મૂકયો ત્યારે એ વાત એમણે તરત સ્વીકારી લીધી અને નિસંકોચ જાહેર પણ કરી દીધી.

પંડિતજી જે શક્તિથી આગળ વધ્યા છે એ શક્તિ છે પુરુષાર્થની. પુરુષાર્થના બળ વડે જ એમણે એમના જીવનનો વિકાસ સાધ્યો છે. એ બળ વડે જ એમણે ધાર્મિક, આધ્યાત્મિક, સામાજિક વગેરે અનેકવિધ સાહિત્ય-પ્રકાશનોનો એક મોટો ગંજ એમણે સમાજ સામે ધરી દીધો છે. એમનું આ સાહિત્ય સાત્ત્વિક સાહિત્ય છે. માર્ગ ભૂલેલા માનવીને એ માર્ગદર્શન આપે છે. ઉર્દુભાષાના એક શાયરે સાચું જ કહ્યું છે —

રોશન હૈ આસમાં મેં, સિતારે કઈ મગર-
જો માર્ગ દિખાવે ઔરોં કો, વે ઔર સિતારે હોતે હૈં.

ભાવાર્થ-આકાશમાં અનેક સિતારા પ્રકાશમાન છે, પરંતુ જે માર્ગ બતાવે છે એ સિતારા તો જુદા જ છે.

પંડિતજીનાં પ્રકાશનોમાં એક સૂર ઊઠે છે—માનવજીવનને ઉચ્ચ કક્ષામાં લઈ જવાનો, નવો માર્ગ બતાવવાનો.

એમની કલમે સાહિત્યની કોઈ દિશાને છોડી નથી. મને ખબર છે એમણે કચ્છી સાહિત્યની પણ સેવા કરી છે. કચ્છના લોકસાહિત્ય પર પણ એમનાં પ્રકાશનોમાં માનવ-કલ્યાણની ભાવના તરવરતી રહી છે, એ જ એમના જીવનની મહાન સિદ્ધિ છે.

# શ્રીયુત ધીરુભાઈની સાધના અને સફલતા

લે. શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

જૈન સમાજના જાણીતા લેખક તથા તત્ત્વચિંતક આ લઘુલેખમાં શ્રી ધીરજલાલભાઈના વ્યક્તિત્વ વિષે ઘણું ઘણું કહી જાય છે.

શ્રીયુત ધીરૂભાઈએ (સુપ્રસિદ્ધ પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહે) પોતાના જીવનને એવી રીતે કેળવી અને સાધનામય બનાવી જાણ્યું છે કે એને લીધે તેઓ જે કોઈ કામ કે યોજના હાથ ધરે છે, એમાં ધારી સફળતા મેળવી શકે છે. કાર્યસિદ્ધિની આવી શક્તિ ઓછી વ્યક્તિઓમાં જોવા મળે છે.

શ્રી ધીરૂભાઈનું શરીરબળ અસાધારણ કહી શકાય એવું છે; એનાં કરતાંય ચડી જાય એવું એમનું બુદ્ધિબળ છે; અને એમનું સંકલ્પબળ કે મનોબળ તો બીજાઓને માટે દાખલારૂપ બની રહે એવું અને સામી વ્યક્તિમાં ચેતના જગાડે એવું અનોખું અને અદમ્ય છે. તેથી જ તો તેઓ ક્યારેય લીધેલ કામથી પાછા નથી હઠતા કે કોઈથી ક્યારેય ડરતા નથી.

શ્રી ધીરૂભાઈએ પોતાની લગભગ અરધી સદી જેટલી સુદીર્ઘ કારકિર્દી દરમ્યાન નવાં નવાં કેટકેટલાં ક્ષેત્રોમાં કામ કર્યું છે, અને એમાં કેટલી બધી સફળતા હાંસલ કરી છે! સાહિત્યના સર્જક તરીકે, પત્રકાર તરીકે, સાહસી અને પ્રકૃતિના પ્રેમી પ્રવાસી તરીકે, સાહિત્યના પ્રકાશક તરીકે, ચિત્રકાર તરીકે; માનસિક રોગોના ચિકિત્સક તરીકે, મંત્ર-તંત્ર-ગણિતવિદ્યાના જાણકાર અને ગ્રંથકાર તરીકે, ધાર્મિક શિક્ષણના યોજક તથા શિક્ષક તરીકે, શતાવધાનના મુશ્કેલ પ્રયોગના સફળ સાધક અને નિપુણ અધ્યાપક તરીકે, કોઈ પણ યોજનાના નિષ્ણાત આયોજક અને યશસ્વી સંચાલક તરીકે અને એક અસરકારક લેખક અને વક્તા તરીકે—આ રીતે સાહિત્ય, વિદ્યા, શિક્ષણ, કળા અને સંસ્કૃતિને લગતાં અનેક ક્ષેત્રોમાં તેઓએ સફળ કામગીરી બજાવીને ખૂબ નામના અને યશ મેળવ્યાં છે.

કોઈ પણ કામ નાનું હોય કે મોટું, પોતાનું હોય કે બીજાનું, એ બિલકુલ વ્યવસ્થાપૂર્વક અને યોજનાબદ્ધ રીતે થાય એ માટેની પૂરતી ચીવટ, ધીરજ અને ખંત રાખવાનો એમનો સ્વભાવ છે. અવ્યવસ્થા કે અનિશ્ચિતતા તરફ એમને સખ્ત અણગમો છે. જેમ એમણે પોતાના જીવનને ધર્માનુરાગ અને ધર્મક્રિયા તરફની અભિરુચિથી સુરભિત

બનાવ્યું છે, તેમ એમાં ખડતલપણું, શ્રમશીલતા અને પ્રમાદરહિતતાનું વાવેતર કરીને એને વિશેષ તેજસ્વી અને ખમીરવંત બનાવ્યું છે. આળસ કે અકળામણ તો એમને સ્પર્શી શકતાં જ નથી—સતત ઉદ્યમશીલતા અને કર્તવ્યપરાયણતા જાણે એમનો જીવન-મંત્ર છે. જેમ એમની કાર્યશક્તિ અપાર છે, તેમ એમની યોજનાશક્તિ પણ અસાધારણ છે. અને એમની સફળતાની આ જ ચાવી છે.

સુંવાળું, સુખશીલિયું અને સદા નવી નવી સગવડોની ઝંખનાથી પામર બનેલું જીવન એમને મુદ્દલ પસંદ નથી, તેથી જ તેઓ સાદાઈ, સંયમ અને સ્વાશ્રયના સાચા સાધક બની શકયા છે; અને આમાંથી ઉત્પન્ન થતી આંતરિક તાકાત એ જ એમની બહુમુખી સફળતાની ગુરુચાવી છે. શ્રી ધીરુભાઈની શક્તિઓ અને આવડતનો લાભ જનસમાજને લાંબા વખત સુધી મળતો રહે એવી શુભેચ્છા હું દર્શાવું છું.

૬, અમૂલ સોસાયટી; અમદાવાદ–૭
તા. ૧૭-૯–૧૯૭૫, બુધવાર

# પંડિત શ્રી

લે. શ્રી શાન્તિલાલ નાગરદાસ શાહ

આપબળે આગળ વધનાર અને સામાજિક તથા શૈક્ષણિક ક્ષેત્રમાં ઊંડો રસ ધરાવનાર લેખક મહાશય છેલ્લાં થોડાં વર્ષોથી શ્રી ધીરજલાલભાઈના સંપર્કમાં આવ્યા છે. તેમના વ્યક્તિત્વનું જે ચિત્ર તેમના મનમાં ઉપસ્યું છે, તે અહીં રજૂ થાય છે.



વ્યક્તિના જીવનનું મૂલ્યાંકન તેણે જીવનમાં પરિપૂર્ણ કરેલ સીમાચિહ્નરૂપ મહદ્ કાર્યોના અનુસંધાનમાં કરવામાં આવે છે. મહાન કાર્યોથી વ્યક્તિની મહત્તા પીછાણવી એ એક સામાન્ય શિરસ્તો છે. એમાં ખોટું પણ કાંઈ નથી, પરંતુ જીવનની રોજ-બ-રોજની નજીવી અને સામાન્ય ગણાતી બાબતોને પણ પાર પાડવામાં વ્યક્તિ જે ચોક્કસાઈ, ચીવટ અને પ્રામાણિકતા દાખવે છે, તે જ તેની ખરી મહત્તા વધારે છે. મહાન કાર્યોની પ્રાપ્તિ પાછળનું મૂળ કારણ પણ આ જ હોય છે. એટલે જ કહેવાયું છે કે નાની અને નજીવી બાબતો વ્યક્તિને મહાન બનાવે છે. જેમ કાપડનું ગુણાંકન કરવા માટે તેમાં રહેલ સૂક્ષ્મ તાણા-વાણાનું નિરીક્ષણ આવશ્યક છે, તેમ જીવનની રોજીંદી નજીવી સામાન્ય બાબતો પણ વ્યક્તિના ગુણાનુવાદ માટે ખૂબજ ઉપયોગી છે.

છેલ્લાં પાંચેક વર્ષથી પંડિતશ્રીના પુસ્તક-પ્રકાશન તથા ભક્તિ-આરાધના અંગેના સમારોહમાં મેં મંત્રી તરીકે તેમજ અન્ય રીતે કાર્ય કર્યું છે. આ સમય દરમિયાન પંડિતશ્રીના નિકટના સંસર્ગને કારણે મને પણ એમના જીવન તથા વ્યક્તિત્વના દર્શન-નિરીક્ષણનો લ્હાવો મળેલ છે, જે વિષે વિનમ્ર ભાવે એક બે વાત કહેવા પ્રેરાયો છું.

પંડિતશ્રીની પ્રથમ મુલાકાત મને આજેય બરાબર યાદ છે. પંડિતશ્રી રચિત પ્રતિક્રમણ-પ્રબોધ ટીકા ભાગ બીજો કેટકેટલાય સ્થળે તપાસ કરવા છતાં મળ્યો નહિ, એટલે થયું કે લાવ લેખક પાસે જ માગણી કરું. પંડિતશ્રીના ચીંચબંદરના નિવાસસ્થાને રૂબરૂ ગયો, પરંતુ તેઓશ્રીનો મેળાપ ન થયો. તેમના પુત્ર શ્રી નરેન્દ્રભાઈએ જણાવ્યું કે તેમની પાસે ગ્રંથની એક પણ પ્રત નથી, પણ અમદાવાદ પત્ર લખી એકાદ પ્રત મેળવવા જરૂર પ્રયત્ન કરશે. ત્યારબાદ તેમની તપાસનું શું પરિણામ આવ્યું તે અર્થે બે-ત્રણ વાર પંડિતશ્રીના નિવાસસ્થાને ગયો, પરંતુ એકેય વાર પંડિતશ્રીની મુલાકાતનો યોગ ન થયો.

કેટલાક દિવસ બાદ શ્રી નરેન્દ્રભાઈ મારી ઓફિસે આવી રૂબરૂ મારે જોઈતા ગ્રંથની એક પ્રત પહોંચાડી ગયા, અને કહ્યું કે અનુકૂળતાએ કોઈપણ દિવસે સાંજના સમયે મળી જવા માટે પિતાશ્રીએ જણાવ્યું છે. બન્યું એવું કે કંઈક કામસર કેટલાક દિવસ

સુધી હું પંડિતશ્રીને મળવા ન જઈ શક્યો. એક દિવસે બપોરના સમયે પંડિતશ્રી ખુદ મારી ઓફિસે આવ્યા! હું માની પણ નહોતો શકતો કે આવી મહાન વ્યક્તિ ખુદ મને મળવા ચાલી આવે. હું ખુરશી પરથી ઊભો થઈ ગયો, અને કંઈક શરમાતા એમનું અભિવાદન કરતાં મળવા ન જઈ શક્યો તે બદલ માફી ચાહી. "કંઈ નહિ. કંઈ નહિ, મહમ્મદ પહાડ પાસે ન જઈ શકે તો પહાડે તો મહમ્મદ પાસે આવવું જ જોઈએ ને?" એમ કહી હસતાં હસતાં પંડિતશ્રીએ બેઠક લીધી. અમારી એ પ્રથમ જ મુલાકાત હતી, પણ એક સ્વજનસુલભ સહજતાપૂર્વક પંડિતશ્રીએ મારી સાથે વાતો કરી, અને તેમનાં કેટલાંક ભાવિ કાર્યોમાં સાથ આપવા મને આમંત્રણ આપ્યું.

ત્યારથી તે આજ સુધીમાં તેમના દરેકે દરેક પ્રસંગોમાં ભૂલ્યા સિવાય એમણે મને વત્તુ-ઓછું સ્થાન આપ્યું છે. તેમના સમારોહની યોજના પણ વ્યવસ્થિત અને ખુબી-યુક્ત હોય છે. શરૂઆતથી માંડીને અંતસુધીની એવી વ્યવસ્થિત ગોઠવણી હોય છે કે મન ઉપર કશાય બોજા વગર લીધેલ કાર્ય નિર્ધારિત રીતે પાર પડે છે. દરેક સમારોહમાં સંસ્કારી અને પ્રતિષ્ઠિત પ્રેક્ષકગણથી હોલ ખીચોખીચ ભરાઈ જાય છે. આમંત્રિતો નાણાં ખરચી વિશાળ સંખ્યામાં હાજરી આપે છે, તે શું આશ્ચર્યકારક નથી લાગતું?

દરેક સમારોહ અંગે પ્રબંધકસમિતિ રચાય છે અને સારી સારી વ્યક્તિઓ તેમાં હોંશે હોંશે જોડાય છે. દરેક વ્યક્તિને લેખિત આમંત્રણ આપવામાં આવે અને સંમતિ લીધા બાદ જ તેનું નામ જાહેર કરવામાં આવે. સમિતિની દરેકે દરેક સભાની સભ્યને અગાઉથી લેખિત જાણ કરવામાં આવે અને રૂબરૂ મળી તે સભામાં હાજર રહી શકશે કે નહિ તે જાણી લઈ તે મુજબ બેઠકની વ્યવસ્થા કરવામાં આવે. આવી સામાન્ય લાગતી સર્વ બાબતો પણ જે ચીવટ અને ચોક્કસાઈપૂર્વક ધ્યાનમાં લેવામાં આવે છે તેમાંથી એક કાર્યકરે ઘણું ઘણું શીખવાનું છે.

સમિતિના હોદ્દેદારો તથા સભ્યોને તેમની શક્તિ અને અનુકૂળતા મુજબ કાર્યની યોગ્ય વહેંચણી કરવામાં આવે છે. કોઈ સભ્ય કારણસર સોંપેલ કાર્ય ન ઉપાડી શકે તો જરાય આગ્રહ નહિ. એમનું કાર્ય પંડિતશ્રી પોતે ઉપાડી લે. કઈ વ્યક્તિ કેટલું કાર્ય કરશે, તેની પણ ટકાવારી તેમના ખ્યાલમાં જ હોય. આખરે ગણિતશાસ્ત્રી ખરાં ને!

સમારોહનું મોટાભાગનું કાર્ય પોતે કરે, છતાંય બધોય યશ સમિતિને મળે. આમ છતાં કાર્યક્રમની દરેકે દરેક નાનીમોટી બાબતોથી સમિતિને પૂરેપૂરી વાકેફ રાખે અને આખુંય કાર્ય દરેકે દરેક સભ્યને વિશ્વાસમાં રાખીને કરે.

એ વખતે અમે પંડિતશ્રીના 'પાર્શ્વ-પદ્માવતી આરાધના' સમારોહની તૈયારીમાં પડ્યા હતા. પ્રસંગને અનુરૂપ એક નાટિકા સ્ટેજ ઉપર રજૂ કરવાની હતી. સમાજના કોઈ એક વર્ગે શ્રી પાર્શ્વપ્રભાવ નામની આ નાટિકા ન ભજવવા માટે

પત્ર લખ્યો અને સાથે ધમકી પણ ઉચ્ચારી કે એમની માગણી વિરૂદ્ધ નાટિકા ભજવવામાં આવશે તો તેઓ વિરોધમાં પિકેટીંગ વગેરે દ્વારા કાર્યક્રમમાં ભંગાણ પડાવશે.

આ પત્ર કોણે, કયાંથી લખ્યો છે, તે બાબત પંડિતશ્રીએ જાતે તપાસ કરી. વિરોધીઓને રૂબરૂ મળી આખાય કાર્યક્રમમાં જૈન શાસન વિરૂદ્ધની કોઈપણ બાબત નથી એની ખાત્રી આપી. સામેના જુથમાં બળ કે સંગઠ્ઠન નથી તેનું પણ માપ કાઢી લીધું.

વાત અહીં પતી જતી હતી, પરંતુ સમિતિને પણ આ વાતથી વાકેફ કરવી જોઈએ એમ માની તાત્કાલિક સભા બોલાવી. સભ્યોને પણ વિરોધીઓની વાત કેટલી વજુદ વગરની છે તે મુદ્દાસર સમજાવી વિશ્વાસમાં લીધા. કાર્યક્રમ વખતે વિરોધીઓ કોઇપણ જાતનું તોફાન કરે તેને પહોંચી વળવા યોગ્ય પોલિસનો બંદોબસ્ત પણ કરાવ્યો. કહેવાની ભાગ્યે જ જરૂર હોય કે પંડિતશ્રીની ધારણા મુજબ કશીય ધાંધલ કે તોફાન વગર કાર્યક્રમ સફળ રીતે પૂરો થયો.

એમના કાર્યક્રમની વિગતવાર છણાવટમાં પંડિતશ્રીના ચીવટ, ચોકસાઈ, પ્રામાણિકતા વગેરે બહુમૂલ્ય ગુણોનું દર્શન થાય છે. પંડિતશ્રીની સાદાઈ, નિખાલસતા, પ્રામાણિકતા, ચીવટ, ચોકસાઈ, સતત કાર્યશીલતા વગેરે ગુણો એમણે આજસુધી હાંસલ કરેલ સિદ્ધિઓની પાછળના મુખ્ય અને મૂળભૂત કારણો છે. પંડિતશ્રીનું સંકલ્પબળ જબરું અને પ્રબળ છે. સંકલ્પની સિદ્ધિને જ તેઓશ્રી કાર્યની સિદ્ધિ માને છે. તેમણે રચેલ 'સંકલ્પસિદ્ધિ' ગ્રંથ સફળતાની ચાવી રૂપ છે.

ગણિત, વૈદક, મંત્ર, તંત્ર, જપ, ધ્યાન, યોગ જે જે વિષયો ઉપાડયા તેમાં પારંગત થઈ પોતે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. પોતાના આ જ્ઞાન તથા અનુભવનો લાભ લોકોને પણ મળે તે અર્થે તે તે વિષય ઉપર વિદ્વત્તાપૂર્ણ મનનીય ગ્રંથો રચી વિપુલ સાહિત્યવારસો ઊભો કર્યો છે. પંડિતશ્રી એક સફળ લેખક તેમજ નાટયકાર ઉપરાંત ચિત્રકાર પણ છે, એનો બહુ ઓછા જણને ખ્યાલ હશે!

પંડિતશ્રીએ અવધાનના પ્રયોગો જાહેરમાં કરી પોતાની અનન્ય શક્તિનો પરચો દેખાડી 'શતાવધાની પંડિતશ્રી'નું બિરૂદ મેળવેલ છે. તેમના માર્ગદર્શન નીચે કેટલાય મુનિ–મહારાજશ્રીઓ પણ શતાવધાની તરીકે તૈયાર થયા છે.

પંડિતશ્રીનું જીવન વિવિધ વિષયોના જ્ઞાનની ઉપાસનાથી સરસ છે, તો એમનું વ્યક્તિત્વ બહુમૂલ્ય ઉદાત્ત ગુણોની સૌરભથી સભર છે. આવી બહુગુણસંપન્ન કાર્ય-સિદ્ધ વ્યક્તિનું જાહેર બહુમાન કરનાર સમાજ પોતે પણ ગૌરવાન્વિત બને છે. પંડિતશ્રી જેવી વ્યકિત સમાજ કે રાષ્ટ્રની જ નહિ બલ્કે સમસ્ત માનવજાત માટે મહાન ઉપકારી ઉપયોગી એવી સંપત્તિ સમાન છે.

ઈશ્વર પંડિતશ્રીને ચિરાયુ બક્ષે, એ જ અભ્યર્થના.



# સિદ્ધિઓના સ્વામી

લે. શ્રી જયંતભાઈ માવજીભાઈ શાહ

બી. કોમ., એફ. સી. એ. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,
સ્પેશ્યલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ-મુંબઈ જૈન
શ્વેતામ્બર કોન્ફરન્સના મંત્રી વગેરે.

પંડિત શ્રી ધીરજલાલભાઈ આજે જીવનના સીત્તેરમા વર્ષનો પ્રવાસ કરી રહ્યા છે. તેમણે અત્યાર સુધીમાં ૩૫૮ પુસ્તકો અનેકવિધ વિષયો ઉપર સમાજના ચરણે ધરી દીધાં છે.

આટલી મોટી સંખ્યામાં આટલાં પુસ્તકો જ્યારે સરળ ભાષામાં સમાજના દરેક થરને ઉપયોગી થાય તે રીતે સમાજ સામે મૂકયાં છે, ત્યારે શેકસપીયરની વાત યાદ આવે છે કે એક માણસ આટલા ટૂંકા જીવનમાં આટલાં બધાં પુસ્તકો કેમ રજૂ કરી શકે? વળી એના વિષયોમાં પણ ઘણી વિવિધતા છે, છતાં આ એક હકીકત છે અને તે તેમના જીવનની અપૂર્વ સિદ્ધિ છે. સમાજ તેમને માટે ખૂબ જ ઋણી રહેશે.

તેમનું જીવન અનેકવિધ સિદ્ધિઓથી ભરેલું છે. આ સિદ્ધિઓ તેમણે અનેકવિધ કપરા સંયોગો સામે વીરતાથી બાથ ભીડીને મેળવી છે.

લીધેલા કાર્યમાં ઓતપ્રોત થઈ જવું અને કોઈ સાથ ન આપે તો એકલા પણ એ કાર્યને આગળ ધપાવવું એ એમના સ્વભાવની ખાસિયત છે. જો કે હવે તો તેમની હાકલ થતાં અનેક કાર્યકર્તાઓ હાજર થાય છે અને તેમણે ચીંધેલું કાર્ય કરવા મચી પડે છે.

મારે તેમની સાથે અનેક વાર કામ કરવાનો પ્રસંગ આવ્યો છે, અને તેમાં હંમેશા જશ જ મળ્યો છે.

આ 'જશ'ની પાછળ શ્રી ધીરજલાલભાઈનું આયોજન, તેમની દીર્ઘદૃષ્ટિ અને સતત પરિશ્રમ કરવાની ટેવ કારણભૂત છે. આજના યુવાનોએ તેમાંથી બોધ લેવા જેવો છે.

તેમની પ્રભુભક્તિ અને સાધના પણ નોંધપાત્ર છે. શ્રી પાર્શ્વનાથ અને તેમની શાસનસેવિકા શ્રી પદ્માવતીદેવીની ઉપાસનામાં તેઓ ઘણો રસ ધરાવે છે અને તેને લગતાં પૂજનો તથા અનુષ્ઠાનો તેમણે અનેક વાર કરાવેલાં છે.

મારે તેમની સાથે અનેક વાર જાહેરમાં કામ કરવાનો પ્રસંગ બને. સવારે કાર્યક્રમ હોય, આગલા દિવસે ન ધાર્યો હોય તેવો કુદરતી કે રાજકીય બનાવ બને અને

કાર્ય નહિ થાય તેવો પાકો ખ્યાલ બેસી જાય, પણ તેઓ આત્મશ્રદ્ધાથી કહે કે 'જયંતભાઈ ફિકર ન કરો. કાલે આપણો કાર્યક્રમ બરોબર પાર પડશે.' અને તે ખરેખર પાર પડે. આજથી બે વર્ષ પહેલાં પાટકર હોલમાં તા. ૧લી જુલાઈએ કાર્યક્રમ રખાયો હતો. બધાને લાગ્યું કે આ તારીખ પસંદ કરવામાં ભૂલ થઈ છે, પણ શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'ફીકર ન કરો. કાર્યક્રમ બરાબર થશે.' હવે કાર્યક્રમની આગલી રાત્રે જ જોરદાર વરસાદ શરૂ થયો અને સહુને લાગ્યું કે ખેલ ખલાસ છે, પણ શ્રી ધીરજલાલભાઈ નિશ્ચિંત હતા. સવારના છ વાગે વરસાદ બંધ થઈ ગયો અને ફૂલ હાઉસથી કાર્યક્રમ થયો. એ કાર્યક્રમ પૂરો થયા પછી વરસાદ પાછો શરૂ થયો! આથી બધાને લાગ્યું કે નક્કી કોઈ દૈવીશક્તિ તેમને સહાય કરી રહી છે.

આશરે છ વર્ષ પહેલાં તેઓશ્રીને હરકીશન હોસ્પીટલમાં દાખલ કર્યા હતા, કારણ કે તેમને 'બ્રેન હેમરેજ' થઈ ગયું હતું. આવા કેસમાં કવચિત કોઈ સાજા થાય અને સાજા થાય તો શારિરીક ખામી તો રહી જ જાય. જ્યારે યોગનિષ્ઠ પંડિત ધીરૂભાઈ જાણે કાંઈ થયું જ નથી, તે રીતે થોડા દિવસમાં જ સાજા થઈ ગયા. ડોકટરોને પણ નવાઈ લાગી. પરંતુ આજે પણ તેઓ આપણી વચ્ચે પૂર્વવત્ કામ કરી રહેલ છે.

તેમનું જીવન અનેકવિધ શક્તિઓ અને ઉપાસનાથી ભરપુર રહ્યું છે. તેમણે સમાજ પાસેથી જે લીધું છે, તેના કરતાં સમાજને અનેકગણું આપ્યું છે. શું આ ઓછું ગૌરવપાત્ર છે?

પંડિત ધીરજલાલભાઈએ અનેક સ્થળોએ તેમનાં શતાવધાનના કાર્યક્રમો આપ્યા છે અને કંઈક વિદ્યાર્થીઓ તથા ગુરુભગવંતોને તૈયાર કર્યા છે. આ ઉપરાંત ગણિતસિદ્ધિના અદ્‌ભુત પ્રયોગો રજૂ કરીને હજારો હૈયાંને આશ્ચર્ય અને આનંદમાં ડુબાવી દીધા છે.

તેઓ કલમના કસબી છે અને તેના આધારે માનભર્યું સ્વતંત્ર જીવન જીવી રહ્યા છે. તેઓ સ્પષ્ટ વક્તા છે, એવો અનુભવ અનેક વાર થયો છે. કોઈની શેહમાં દબાઈ જવું એ એમના સ્વભાવમાં નથી. આથી કેટલીક વાર તેમને સહન કરવું પડયું છે, પણ તેમણે તેની દરકાર કરી નથી.

પૂજ્ય મહાત્મા ગાંધીજીના જીવનને અનુરૂપ કાવ્યની પંક્તિ પણ તેમના જીવનને તેટલી જ બંધબેસતી છે કે

"થાકે ન થાકે છતાંય એ માનવી ના લેજે વિસામો"

આજના આ ભવ્ય પ્રસંગે પ્રાર્થના કરું કે સમાજ અને શાસનનાં કાર્યો કરવા પ્રભુ તેમને તંદુરસ્તીભર્યું દીર્ઘ જીવન આપે.



# સંભારણાં

લે. શ્રી ધરણેન્દ્ર વાડીલાલ શાહ બી. એસસી. (એન્જી)

*શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયના જુના છાત્ર તથા શ્રી ચીમનછાત્ર સંઘ-અમદાવાદના મુખ્ય કાર્યકર્તા તેમજ શૈક્ષણિક ક્ષેત્રે સુંદર કામગીરી બજાવનાર લેખક મહાશય શ્રી ધીરજલાલભાઈના ગાઢ સંપર્કમાં આવેલા છે. તેઓ આ લેખમાં અનેક મીઠાં સંભારણાં રજૂ કરે છે.*

મને યાદ છે ત્યાં સુધી ઇ. સ. ૧૯૨૭નું વર્ષ હતું અને ચૈત્ર સુદ ૧૩નો મહાવીર જયંતીનો દિવસ હતો. કાળુપુર ટંકશાળના ચોગાનમાં જૈનોની સભા રાતના આશરે આઠ વાગે મહાવીર જયંતી ઉજવવા મળી હતી. મુંબાઇના એક આગેવાન પ્રમુખસ્થાને હતા. ધીરજલાલભાઇ બોલવા ઊભા થયા. ઉંમર આશરે ૨૨-૨૩ હશે. મહાવીર પ્રભુના જીવનના એક પછી એક પ્રસંગનું વર્ણન થવા માંડયું, તેમના સંદેશ અંગે વિવેચન થયું અને આજની પરિસ્થિતિમાં જૈનોએ શું કરવા જેવું છે, તે બધું એવી તો સરસ રીતે રજૂ થયું કે હું આશ્ચર્યચકિત થઈ ગયો. શેઠ ચી. ન. છાત્રાલયના બીજા વિદ્યાર્થીઓની સાથે હું પણ સભામાં હાજર હતો જાહેર સભાઓમાં શ્રોતાઓને મંત્રમુગ્ધ કરવાની એ ઉંમરે એમની આ શકિત હતી.

ધાર્મિક અને ચિત્રકામના શિક્ષક તરીકે તેમનું શિક્ષણ ખૂબ જ ઉચ્ચ કક્ષાનું હતું. ધાર્મિક શીખવવાની એમની પદ્ધતિ આજે પણ યાદ આવે છે. સૂત્રના અર્થો સામાના મનમાં ઉતારવાની એમની રીત બિલકુલ અનોખી હતી. એ અર્થો યાદ રહી જતા, એટલું જ નહિ, ભવિષ્યમાં ભૂલાતા પણ નહિ. ધાર્મિક સૂત્રોના અર્થો યાદ રાખવા સારું જે ગુજરાતીકરણ એમણે કરેલું તે હજુ પણ યાદ આવે છે. તેના બે દાખલા નીચે આપ્યા છે:

૧. નવકાર સારૂ–

નમું છું અરિહંતને હું, નમું છું હું સિદ્ધને;
નમું છું આચાર્યને હું, નમું છું ઉપાધ્યાયને........વગેરે.

૨. લોગસ્સ સારૂ–

લોકના ઉદ્યોતકર્તા, ધર્મતીર્થંકર જિનો.
સ્તવીશ હું અરિહંતગણ વળી ચોવીશે કેવલી........વગેરે.

અર્થ સમજાવતી વખતે આ પદ્ધતિ હોય તો અર્થ ભૂલાય જ નહિ. ઉપરાંત ધાર્મિક વર્ગોમાં વિદ્યાર્થીઓને આકર્ષણ પણ રહે.

છઠ્ઠા તથા સાતમા (આજના દસમા તથા અગીયારમા) ધોરણમાં વિદ્યાર્થીઓને તત્ત્વાર્થસૂત્ર શીખવવાનું શ્રી ધીરજલાલભાઈએ શરૂ કર્યું. એમની સમજાવવાની શૈલી, સૂત્રોની ગોઠવણી અંગેની દલીલયુક્ત સમજૂતી, જે જે મહાન આચાર્યોએ આ ઉપર ટીકાઓ વગેરે લખી છે, તેમના અર્થઘટન, આ બધું હજૂ ભૂલી શકાતું નથી. મોટા મોટા પંડિતો જ્યાં ગૂંચવાય છે, તે એમના માટે સરળ હતું અને આ જ કારણથી તો પૂ. માણેકબા અને મુ. ગજીબેન પણ આ વર્ગોમાં ઘણીવાર હાજરી આપતા અને કોઈ વખત ન આવી શકાય તો અફસોસ વ્યકત કરતા. આ વખતે શ્રી ધીરજલાલભાઈની ઉંમર ૨૬-૨૭ વર્ષની હશે.

બાલગ્રંથાવલી અંગે લખવાનું શરૂ કર્યું ત્યારે અમને તેમની ચીવટ અને જવાબદારીનું જે ભાન લેખકમાં હોવું જોઈએ તેનાં દર્શન થયાં. દરેક પુસ્તક લખતી વખતે તે અંગેના બધા જ reference જોઈ લેવાના, કથાકાળ અંગે ચોકસાઈ કરી લેવાની, ઉપરાંત લખ્યા પછી જરૂરી જણાય ત્યાં પૂ. સાધુ મહારાજોને વંચાવી જોયા પછી જ તેની પ્રસિદ્ધિ કરવાની. આ બધી વ્યવહારકુશળતા આપણે ન કલ્પી શકીએ એટલી એમનામાં છે. જ્યાં બીજાઓના લખાણોના આધાર લેવાતા ત્યાં તેનો નિર્દેશ કરવાનું ભૂલતા નહિ. જગદ્‌ગુરુ શ્રી હીરસૂરિજી સંબંધી જ્યારે લખવાનું હતું, ત્યારે મને યાદ છે કે મારી નોંધનો તેમણે ઉપયોગ કરેલો અને આવી સામાન્ય વાતનો પણ નિર્દેશ કરવાનું તેઓ ચૂકયા નહોતા.

સાહિત્યની સાથે ચિત્રકળા પણ એમનો પ્રિય વિષય. ચિત્રકામમાં પણ જે જે વિદ્યાર્થીઓ સારા હતા તેમને આગળ વધારવામાં તેઓ ખૂબ જ રસ લેતા અને તેમને ખૂબ જ મદદ કરતા. એમના ખાસ વર્ગો ચલાવતા અને ચિત્રોમાં વોટર કલર તથા ઓઈલ કલરના અસરકારક ઉપયોગ સુધી એમને લઈ જતા. આવી રીતે સારી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમના હાથે તૈયાર થયા. મને પણ આ લાભ મળેલો.


એક વખતે છાત્રોમાં રેખાચિત્રની હરિફાઈ યોજી. મારો એ વિષય તે વખતના વિદ્યાર્થીઓમાં સારો ગણાતો. એમને એમ લાગ્યું કે હું આ હરિફાઈમાં ભાગ લઉં તો બીજાઓને ખાસ ઉત્સાહ રહેશે નહિ. મને બોલાવ્યો, ભાગ નહિ લેવા સમજાવ્યો અને એ રીતે લગભગ ૧૫ થી ૧૬ વિદ્યાર્થીઓને હરિફાઈમાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા. ભાઈ પોપટલાલ ત્રિભોવનદાસ શાહ પ્રથમ આવ્યા અને શ્રી ધીરજલાલભાઈના સંપાદન અને પ્રકાશનવાળી જૈન બાલગ્રંથાવલીની પહેલી શ્રેણીનાં ૨૦ પુસ્તકો ઈનામમાં મળ્યાં કોઈ પણ વિષયમાં વધારેમાં વધારે વ્યક્તિઓને પ્રોત્સાહિત કરવાની આ એમની ખૂબ જ અનુકરણીય રીત છે.

છાત્રાલયમાં તે વખતે ઘણા ઉદ્યોગો શીખવાતા; ચિત્રકામ, સંગીત, નેતરકામ; સોના-ચાંદી ઉપરનું એન્ગ્રેવીંગ, છાપકામનાં બીબા બનાવવાનું કામ, સુથારીકામ, દરજીકામ આ મુખ્ય હતા. અને દરેક ઉદ્યોગ શીખવી શકે તેવા નિષ્ણાત શિક્ષકો પણ હતા. એકલા ઉદ્યોગો શીખે અને તેને બજારમાં મૂકવાની તાલીમ વિદ્યાર્થીઓને ન મળે તો ધંધાકીય બાબતોનો તેનો અભ્યાસ અધૂરો રહે એ દૃષ્ટિએ છાત્રાલયમાં ઉદ્યોગશાળામાં નાના પાયા ઉપર ધંધાકીય વિભાગ શરૂ કરી તેનું સંચાલન શ્રી ધીરજલાલભાઈને સોંપ્યું. તેમના હાથમાં આ કામ આવ્યા પછી તેમણે ચિત્રોના આલ્બમ બનાવવા, ચીની ઉદ્યોગની માફક કાગળના હાર તથા પંખા વગેરે બનાવવા, નાની નેતરની ટોપલીઓ બનાવવી વગેરે કામ શરૂ કરાવ્યું. તેના વેચાણ માટે તેઓ વિદ્યાર્થીઓને આજુબાજુના લતાઓમાં મોકલતા અને જે કાંઈ વેચાણ થાય તે નફા-નુકશાનને ધોરણે મૂલવતા. જે વિદ્યાર્થીઓ આ કામમાં રોકાયેલા તેમાં હું પણ હતો અને મને પૂરેપૂરો ખ્યાલ છે કે ઉદ્યોગની આવડત હસ્તગત કર્યા પછીની મુશ્કેલીઓમાંથી પાર ઉતરવા તેમની પાસેથી ઘણું જાણવાનું મળ્યું.

પર્યટનોનો એમને ખૂબ જ શોખ. છાત્રાલયમાંથી નાનાં ઘણાં પર્યટનો તેમની સાથે કરવાનો લાભ ઘણાને મળેલ છે. ઉપરાંત છાત્રાલયમાંથી ડાંગના જંગલનો પ્રવાસ એ ખૂબ જ યાદગાર પ્રવાસ થઈ ગયો. તે સિવાય એમણે છાત્રાલયના વિદ્યાર્થી ભાઈ વાડીલાલ કેશવજી સાથે કરેલ બ્રહ્મદેશ બાજુનો પ્રવાસ એ એમનાં પ્રવાસનું સીમાચીન્હ હતું. સંકટ સમયે કેમ વર્તવું તે એમના પાવાગઢના પ્રવાસ વખતે, સામે વાઘ જોઇને બધા વિદ્યાર્થીઓ સાથે એમણે જે ટક્કર ઝીલી અને કોઇને ગભરાટ થાય નહિ એની જે તકેદારી રાખી તેના ઉપરથી સમજાય છે. તેમની શારીરિક તંદુરસ્તી અને દૃઢ મનોબળ આ બધાના મૂળમાં છે.

સાત વર્ષ અગાઉ શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારના પ્રણેતા શેઠ શ્રી. ચીમનભાઇની જન્મશતાબ્દી ઉજવાઈ, જુના છાત્રોમાં તેમણે ઋણમુક્તિની ભાવનાનો સંચાર કર્યો અને અમદાવાદ તથા મુંબઈના આ સંસ્થામાં તૈયાર થયેલા છાત્રોને આ અંગે સારો ફાળો આપવા પ્રેર્યા. આ રીતે એ પ્રસંગે છાત્રાલયના સંચાલકોને રૂા. ૧,૧૧,૧૧૧ અર્પણ કરી જુના છાત્રોએ ઋણમુક્તિનો કાંઈક સંતોષ લીધો. આ બધી પ્રવૃત્તિ પાછળ એમની દોરવણી, સમજાવટશક્તિ અને વ્યવસ્થાશક્તિ ખૂબ જ આદર માગી લે તેવી હતી.


૧૯૨૬ થી ૧૯૩૪ સુધીના આઠ વર્ષના ગાળામાં છાત્રજીવન વખતે અને ત્યાર બાદ તેમની સાથેના સંબંધોના હિસાબે અમને તેમની પાસેથી કામમાં ચોકસાઈ, ધ્યેય પાછળ તનતોડ મહેનત, લીધેલું કામ સંપૂર્ણ ઉત્સાહથી પાર પાડવાની તમન્ના અને વ્યવસ્થાશક્તિ અંગે ઘણું શીખવાનું મળ્યું. એમનામાં શક્તિનો અખૂટ ભંડાર છે, એ અમારો અનુભવ છે.



શ્રી ચીમન છાત્રમંડળની કાર્યવાહક સમિતિને શ્રી ધીરજલાલ શાહ ઉદ્બોધન કરી રહ્યા છે.
ડાબી બાજુ: શ્રી રમણલાલ વાડીલાલ શાહ તથા શ્રી વાડીલાલ શિવલાલ દોશી અને જમણી બાજુ:
શ્રી ચંદુલાલ ભાઈચંદ શાહ તથા શ્રી જયંતિલાલ રાજપાલ શાહ બેઠેલા છે.




શ્રી ધીરજલાલ શાહના પ્રયોગો નિહાળતી માનવમેદની
બીરલા માતુશ્રી સભાગાર. સને ૧૯૬૮.
સામાન્ય રીતે તેમના પ્રયોગો વેળા આવી જ ભીડ હોય છે.



શ્રી ધીરજલાલ શાહ મનની અજબ એકાગ્રતા કેળવી અટપટા
પ્રશ્નોના તરત જ ઉત્તરો આપે છે.

ત્રીજો ખંડ

# પ્રશસ્તિ



જીવનમાં પ્રશસ્ત કાર્યો કરનાર
સહુ કોઇના પ્રેમ અને માનનો
અધિકારી થાય છે.

# સંસ્કૃત વિભાગ

[ ૧ ]

( વીજાપુરમાં પૂરાં સો અવધાન કર્યાં, તે નિમિત્તે અર્પણ થયેલું કાવ્ય )

## शतावधानाभिनन्दनम्

[ शार्दूलविक्रीडित-वृत्तम् ]

देवेन्द्रासुरराज-वन्दित-लसत्-पादाम्बुजं निर्मलं,
प्रत्यक्षीकृत-विश्ववस्तु-निकरं निर्मायिनां गोचरम् ।
दक्षं दुष्कृतभेदने नतनृणां मोक्षश्रियाऽऽलिङ्गितं,
वन्दध्वं विशदप्रभं शिवधिया श्रीपार्श्वचिन्तामणिम् ॥ १ ॥

દેવેન્દ્ર તથા દાનવેન્દ્ર વડે વંદન કરાયેલા ઉત્તમ ચરણકમલોવાળા, નિર્મલ સમગ્ર વસ્તુ-સમૂહને પ્રત્યક્ષ કરનારા, શુદ્ધ ચિત્તવાળા લોકોને પ્રાપ્ત થનારા, પ્રણતજનોના દુષ્કૃતોને ભેદવામાં પટુ, મોક્ષલક્ષ્મી વડે આલિંગિત તથા નિર્મલ કાંતિથી વિભૂષિત એવા શ્રીચિંતામણિ પાર્શ્વનાથને મંગલભાવથી વંદન કરો. ૧.

यो योगीन्द्रशिरोमणिः श्रुतयशा विद्वज्जन-श्लाघितो,
ग्रन्थानष्टशतं विधाय रूचिरान् निर्वृत्तिमापत् सुधीः ।
सिद्धान्तागम-पारगामि-विबुधानन्द-प्रदानक्षमं,
तं सूरीश्वर-बुद्धिसागर-गुरुं सञ्चिन्तयेऽहं मुदा ॥ २ ॥

જે વિદ્વત્પ્રવર યોગીન્દ્ર-શિરોમણિ છે, પ્રખ્યાત યશવાળા છે, વિદ્વાનો વડે પ્રશંસિત છે અને ૧૦૮ ઉત્તમ ગ્રંથોની રચના કરી નિર્વાણને પ્રાપ્ત થયા છે, એવા સિદ્ધાંત-આગમોના પારગામી, બુધજનોને આનંદિત કરનારા, ગુરુવર્ય શ્રીબુદ્ધિસાગર સૂરીશ્વરજીનું હું પ્રસન્નતા પૂર્વક સ્મરણ કરું છું. ૨.

दुर्ध्यान-व्यसन-प्रमाद-मलिन-क्रोधाधरीणां क्षयो,
भोज्यं जाठरदीपकं च सुहितं स्वेष्टार्थ-चिन्ता-तपः ।
आत्मीयां स्मृतिमुन्नयत्यनुदिनं दन्तेन्द्रियाणां नृणा-
मात्मानन्द-विशुद्धि-हेतुरपरो नास्त्यन्तरा सुस्मृतिम् ॥ ३ ॥

દુષ્ટ ધ્યાનરૂપ વ્યસનના પ્રમાદથી મલિન એવા ક્રોધાદિ શત્રુઓનો ક્ષય કરનારી, જ્ઞાનરૂપી ક્ષુધાને વધારવામાં ઉત્તમ ભોજ્ય જેવી, પોતાની ઇચ્છિત વસ્તુને આપવામાં તપરૂપ, પ્રતિદિન આત્મ-સ્મૃતિને ઉન્નત કરનારી તથા તપસ્વી જનોના આનંદને વધારવામાં કારણભૂત જો કોઇ હોય, તે ઉત્તમ સ્મૃતિ છે, અન્ય નહિ. ૩.

[ शिखरिणी-वृत्तम् ]

गणाधीशाः सर्वे श्रुत-गणधरादि-प्रभृतय-
स्तथाऽऽचार्याः पूर्व-प्रथितमतयश्चारुचरिताः ।
सदा भव्यश्रेणेरुपकृतिमनल्पार्थविषयां,
वितेनुर्निष्कामाः श्रुतरचनया तत्त्वततया ॥ ४ ॥

પ્રમાણથી જ પ્રશસ્ત બુદ્ધિવાળા તથા ઉત્તમ ચરિત્રશાળી એવા બધા શ્રુતધરો, ગણધરો, સૂરીશ્વરો અને આચાર્યોએ તત્ત્વોથી પરિપૂર્ણ અનંત વિષયોવાળી-અનેકાર્થી શાસ્ત્રોની નિષ્કામ ભાવે રચના કરી ભવ્યજીવોનો સદા ઉપકાર કર્યો છે. ૪.

[ शार्दूलविक्रीडित-वृत्तम् ]

सूरिः श्रीहरिभद्र उत्तमगुणः श्रीसिद्धसेनस्तथा,
सूरीशश्च जिनेश्वरोऽद्भुततरां शक्तिं दधानाः समे ।
वादेऽनेकविधे विकस्वर-पद-स्मृत्यां समस्याविधौ,
राजन्तेऽत्र सदा स्वकीयकृतितः सर्वोत्तमत्वं गताः ॥ ५ ॥

શ્રીહરિભદ્રસૂરિ, શ્રીસિદ્ધસેન દિવાકર તથા શ્રીજિનેશ્વરસૂરિ એ બધા ઉત્તમગુણશાલી, તેમજ શાસ્ત્રાર્થમાં અનેક પ્રકારની સમસ્યાપૂર્તિના પ્રસંગમાં તાત્કાલિક પદોની સ્મૃતિમાં અત્યંત અદ્ભુત શક્તિ ધરાવનારા હતા, જેઓ આજે પોતાની કૃતિઓ વડે ઉત્તમતાને પ્રાપ્ત કરી સદા વિરાજમાન છે-અહીં શોભે છે. ૫.

[ स्रग्धरा-वृत्तम् ]

सूरिः श्रीबप्पभट्टिः पर-हृदयगतं भावमुच्चप्रबोधा-
दज्ञासीद् योगवेदी धृतशुचिसमयः पादपूर्तिं व्यधत्त ।
राजर्षिः पूज्यमूर्तिर्निखिलजनपदे वादिवृन्दं विजित्य,
धर्माधर्मानभिज्ञं विजयपदधरो रेजिवान् भव्यकीर्तिः ॥ ६ ॥

શ્રીબપ્પભટ્ટિસૂરિજી પણ એક મહાન્ સ્મૃતિશાલી હતા કે જેઓ પોતાના ઉચ્ચ જ્ઞાન અને યોગશક્તિને લીધે સામે આવેલા મનુષ્યોના મનની વાત જાણી લેતા હતા, તેઓ મંત્રશાસ્ત્રી હોવાના લીધે સમસ્યાપૂર્તિ વગેરે નિશ્ચિત સમયમાં કરતા હતા, તેઓ રાજર્ષિ અને પૂજ્યમૂર્તિ હતા, તેમજ તેઓ ધર્મ અને અધર્મનાં જ્ઞાનથી શૂન્ય એવા વાદીઓને પરાસ્ત કરી સમસ્ત જનપદમાં વિજયપદ મેળવી ભવ્ય કીર્તિવડે શોભિત થયા. ૬.

[ गीतिः ]

श्रीहेमचन्द्रसूरिर्बभूव कालिकाल-सर्वज्ञः ।
अज्ञान-तिमिर-हरणे द्वितीय इव भास्करो जज्ञे ॥ ७ ॥

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય પણ જૈન પરંપરામાં મહાન્ આચાર્ય થયા છે, જેઓ અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરવા માટે બીજા સૂર્યની જેમ ઉત્પન્ન થયા હતા. ૭.

[ उपजाति-वृत्तम् ]

सदः स्थितो यो विविधप्रबन्धानलेखयल्लेखक-वृन्दकेन ।
न क्वापि दोषस्खलना बभूव, भेजुर्बुधा विस्मयमेव तस्मात् ॥ ८ ॥

જેઓ સભામાં બેસીને લેખકો વડે જુદા જુદા પ્રબંધો લખાવતા હતા અને તેમાં કોઈ પણ સ્થળે દોષ કે સ્ખલના ન થતી, તેથી વિદ્વાનો વિસ્મય પામતા હતા. ૮.

विद्वद्गणः शक्तिमवेत्य यस्य, सूरीश्वरस्यातिविकासभाजम् ।
प्रमोदराशिं भजति स्म नित्यं, भव्यो यथा तीर्थकरप्रभावम् ॥ ९ ॥

જે સૂરીશ્વરની અત્યંત વિકાસશીલ શક્તિને જોઈ વિદ્વાનો અને ભવિકો નિરંતર તીર્થંકરોના પ્રભાવની જેમ તેમને પ્રભાવશાલી માની અતિ આનંદ પામતા હતા. ૯.

[ आर्या ]

श्रीमुनिसुन्दरसूरिरवधानसहस्रकारकः ख्यातः ।
व्याकरण-न्याय-गणितादिषु निष्णातः कविप्रधानोऽभूत् ॥ १० ॥

તે પછી વ્યાકરણ, ન્યાય અને ગણિત વગેરેમાં નિષ્ણાત, પ્રધાન કવિ તથા હજાર અવધાન કરવામાં પ્રસિદ્ધ શ્રીમુનિસુન્દરસૂરિ થયા છે. ૧૦.

[ अनुष्टुप् ]

अजीवायत वाग्वादे गाम्भीर्येऽसागरायत ।
योऽगोत्रायत सद्वृत्ते जयेऽरामायत क्षमी ॥ ॥ ११ ॥

જે મુનિવર વાદવિવાદમાં બૃહસ્પતિ જેવા હતા, ગંભીરતામાં સમુદ્રની જેવા હતા, ઉત્તમ ચરિત્રમાં પૃથ્વીની જેવા હતા અને જય મેળવવામાં રામચંદ્રની જેવા હતા. ૧૧.

[ वसन्ततिलका-वृत्तम् ]

श्रीमद्यशोविजय-वाचक-पुङ्गवोऽभूत्,
सिद्ध्यम्बरेन्दु ( १०८ ) कलिताँल्ललितार्थवित्तान् ।
ग्रन्थाँश्चकार जितकाश्य-बुधप्रकाण्ड-
सिद्धावधान-कुशलो विबुधाग्रणीर्यः ॥ १२ ॥

ત્યાર પછી આ પરંપરામાં વાચકશ્રેષ્ઠ શ્રીમદ્ યશોવિજયજી મહારાજ થયા, જેમણે ઉત્તમ અર્થવડે સુશોભિત ૧૦૮ ગ્રન્થોની રચના કરી હતી. તેમજ જેમણે કાશીના વિદ્વાનોને વાદમાં પરાસ્ત કરી વિજય મેળવ્યો હતો અને વિદ્વાનોમાં અગ્રણી તરીકે સિદ્ધ અવધાનકારની નામના મેળવેલી હતી. ૧૨.

आसीन्महाकविवरश्रुतगट्टुलाल-
आचार्यशङ्करगुरुश्च शतावधानी ।
अद्यापि विश्रुतयशाः कविराजचन्द्रः
ख्यातिं दधाति विदुषां मुनिरत्नचन्द्रः ॥ १३ ॥

તેમજ મહાન્ કવિવરો શ્રીગટ્ટુલાલજી, આચાર્ય શંકરગુરુ શતાવધાની થયા છે. આજે પણ કવિવર શ્રીમદ્ રાજચંદ્રજી અને મુનિ શ્રીરત્નચંદ્રજી પ્રસિદ્ધ અવધાનકારો પોતાની કીર્તિને પ્રસારી રહ્યા છે. ૧૩.

[ उपजाति-वृत्तम् ]

सौराष्ट्रदेशे प्रथिते विशाले, श्रीवर्द्धमानं पुरमस्ति भव्यम् ।
तदन्तिके राजति 'दाणवाडा' ग्रामः प्रशस्तो गुणिवृन्दशोभी ॥ १४ ॥

પ્રસિદ્ધ અને વિશાલ એવા સૌરાષ્ટ્ર દેશમાં ભવ્ય શ્રીવર્દ્ધમાનપુર છે, તેની પાસે ગુણિજનો વડે શોભિત 'દાણાવાડા' ગામ શોભે છે. ૧૪.

तस्मिन् न्यवात्सीद् धनिनां प्रधानः, 'टोकर्षि' रिभ्यप्रवरः सुमेधाः ।
जिनेन्द्रधर्मामृत-पानरक्तो, दक्षो दयालुः सरल-स्वभावः ॥ १५ ॥

તે દાણાવાડામાં ધનિકોમાં પ્રધાન, બુદ્ધિશાળી, જૈન ધર્મના અમૃતનું પાન કરવામાં તત્પર, ચતુર, દયાળુ, સરળ સ્વભાવી અને શ્રેષ્ઠિજનોમાં માન્ય એવા 'શ્રીટોકરશીભાઈ' રહેતા હતા. ૧૫.

तदङ्गना शीलवती-प्रधाना, स्वधर्मनिष्ठा प्रथित-प्रभावा ।
नृनाथ-शीर्षाभरणे मणिर्यथा, विभाति योषित्प्रकरे 'मणिः' सा ॥ १६ ॥

તેમના ધર્મપત્ની શીલવતીઓમાં પ્રધાન, સ્વધર્મપાલનમાં તત્પર, પૂર્ણ પ્રભાવશાળી, રાજાઓના મુકુટમાં જેમ મણિ શોભે છે, તેમ સ્ત્રીજાતિમાં મણિરૂપ 'શ્રીમણિબેન' હતા. ૧૬.

मध्ये दिने फाल्गुनकृष्णपक्षे, द्विषड्रसेन्दु (१९६२) प्रमिते सुवत्सरे ।
महागुणं 'धीरजलाल'-पुत्रमजीजनत् सा शुभभावभाजम् ॥ १७ ॥

વિ. સં. ૧૯૬૨ ના ફાગણ વદિ આઠમના દિવસે મહાન્ ગુણવાળા તથા ઉત્તમ ભાવવાળા **શ્રીધીરજલાલ** નામક પુત્રને શ્રીમણિબહેને જન્મ આપ્યો. ૧૭.

[ शार्दूलविक्रीडित-वृत्तम् ]

यो बाल्यादतिकौशलः कविकला-साहित्य-चित्रादिषु,
यो बाल्याद् रसिको महागिरि-वन-व्यावृत्त-देशाटने ।
कौमार्ये कमलोच्चराजनगरे विद्यार्जितो यः स्थित-
स्तत्रैवाद्य जिनेश-शासन-रतः सम्प्राप्त-सत्साधनः ॥ १८ ॥

બાલ્યકાળથી જ જે ધીરજલાલ શાહ કવિકલા, સાહિત્ય અને ચિત્રકલામાં અત્યંત કુશલ હતા, તેમજ નાનપણથી જ મોટા પર્વતો, જંગલો અને વિભિન્ન દેશોમાં ભ્રમણ કરવાના રસિક હતા, કિશોરાવસ્થામાં જેઓ ધન-સંપત્તિવાળા રાજનગર-અમદાવાદ શહેરમાં વિદ્યાર્જન કરી ત્યાંજ રહ્યા અને આજે ભગવાન્ મહાવીરના શાસનમાં રહી ઉત્તમ સાધનો પ્રાપ્ત કરેલા ત્યાંજ રહે છે. ૧૮.

[ उपजाति-वृत्तम् ]

सुपुस्तकानि ग्रथितानि येन, माधुर्यपूर्णानि मनोहराणि ।
दीपप्रकाशा इव गौर्जराणां, गृहे गृहे भान्ति तमोहराणि ॥ १९ ॥

તે ધીરજલાલભાઈએ મધુરતાથી પૂર્ણ તેમજ મનોહર એવાં ઉત્તમ પુસ્તકો રચ્યાં છે, જે આજે ગુજરાતવાસીઓનાં ઘરોમાં અંધારાને દૂર કરવાવાળા દીપકોના પ્રકાશની જેમ શોભે છે. ૧૯.

[ शार्दूलविक्रीडित-वृत्तम् ]

पूर्वाचार्यमहोदयैर्विविधताख्यातानि हब्धान्यपि,
तत्त्वार्थ-प्रथितानि सन्ति शतधा मुख्यावधानानि वै ।
तत्सन्मापयति प्रकाममधुना विद्वद्वरोऽयं सुधी-
र्विश्वेषां परितोषकः श्रितदया-धर्मः कला-कर्मठः ॥ २० ॥

પૂર્વાચાર્યો વડે વિવિધતાવાળા, કેટલાક નવા પ્રયોગોવાળા, તેમજ તત્ત્વાર્થના લીધે પ્રસિદ્ધ એવા મુખ્ય સો પ્રકારનાં અવધાનો પ્રસિદ્ધ છે. તે અવધાન-પ્રયોગોને અત્યારે વિદ્વદ્વર, પ્રતિભાવાન્, બધાને સંતોષ આપનાર, દયા-ધર્મથી યુક્ત અને કર્મઠ કલાકાર શ્રીધીરજલાલભાઈ પૂર્ણ રીતે કરી બતાવે છે. ૨૦

[ उपजाति-वृत्तम् ]

विभिन्नवार्तान्तरलापिकादौ, 'टोकर्षि' जन्मा गणिताङ्कमेलने ।
प्रश्नोत्तरे दक्षमतिं दधाति, यः पादपूर्तौ च निबन्ध-साधने ॥ २१ ॥

તે ટોકરશીભાઈના પુત્ર શ્રીધીરજલાલ જુદી જુદી વાર્તાઓની રચનામાં; અંતર્લાપિકા-

બહિર્લાપિકા વગેરેના નિર્માણમાં; અંકોની ગણિતપ્રક્રિયામાં; પ્રશ્નોના ઉત્તરો કહેવામાં, સમસ્યાપૂર્તિમાં અને નિગ્રંથોની સાધનામાં પ્રખર બુદ્ધિ ધરાવે છે. ૨૧.

[ शार्दूलविक्रीडित-वृत्तम् ]

मुम्बायां वटपद्र-धर्मपुरयोः साठंबसंज्ञे पुरे,
वड्डालीपुर-मण्डलीपुरवरे प्रह्लादने वीरके ।
अन्येष्वेव पुरेषु येन विहिताः शुद्धावधानक्रियाः,
विद्वद्वार-नरेश-चक्र-सविधे सत्कीर्त्तियुथार्जिताः ॥ २२ ॥

તેમણે મુંબઈ, વડોદરા, ધરમપુર, સાઠંબા, વડાલી, માંડલ, પાલણપુર, વીરમગામ અને બીજા અનેક નગરોમાં વિદ્વજ્જનો તથા રાજા-મહારાજાઓની સમક્ષ શુદ્ધ અવધાન-પ્રયોગો કર્યા અને તેથી અનેક ચંદ્રકો, પ્રશંસાપત્રો, તેમજ બીજા ઉપહારો વડે ઉત્તમ કીર્તિઓ અર્જિત કરી છે. ૨૨.

श्रीमद्धीरजलाल उत्तममतिः सच्छ्रद्धया पूजको,
मूर्त्तेर्देवगुरोश्च धर्मरतिमान् ज्ञातावधानक्रमः ।
श्रीविद्यापुर-पत्तने शतमितां शुद्धावधानक्रियां,
प्रादुर्भावयति स्म शुद्धमतिना सङ्घेन चामन्त्रितः ॥ २३ ॥

ઉત્તમ મતિશાળી, શ્રદ્ધાપૂર્વક દેવ અને ગુરુમૂર્તિની પૂજા કરનાર, ધર્માનુરાગી, અવધાનકલાના જાણકાર શ્રી ધીરજલાલભાઈએ વીજાપુર-શહેરમાં શુદ્ધમતિ જૈન શ્રીસંઘ વડે આમંત્રિત થઈ એક સો શુદ્ધ અવધાનપ્રયોગો કરી બતાવ્યા છે. ૨૩.

तस्मिन्नेव सदस्यनेक विबुधा विद्यार्थिनोऽन्येजना,
नीतिज्ञः प्रमुखास्पदे जनमतः श्रीरामचन्द्रः स्थितः ।
श्रीसङ्घेन सुवर्णचन्द्रकवरस्तस्मै प्रदत्तो मुदा,
बुद्धार्थेन शतावधानविदुषे विद्यापुरे पत्तने ॥ २४ ॥

તે વીજાપુરમાં અવધાનપ્રયોગો વડે યોજાયેલ સભામાં અનેક વિદ્વાનો, વિદ્યાર્થીઓ તથા સામાન્ય જનો ઉપસ્થિત હતા. તથા અધ્યક્ષસ્થાને સર્વસંમતિથી શ્રીરામચંદ્ર જમનાદાસ અમીન બી. એ. એલ્એલ્. બી. વિરાજમાન હતા. તે વખતે શ્રીધીરજલાલભાઈને તેમના શતાવધાન પ્રયોગો જોઈ શ્રીસંઘે પ્રસન્નતા પૂર્વક 'સુવર્ણચંદ્રક' પ્રદાન કર્યો. ૨૪.

[ अनुष्टुप्-वृत्तम् ]

आश्विने शुक्लपक्षे च, द्वितीयायां तिथौ रवौ ।
भूमिनागरसोर्वीभिः, सम्मिते वत्सरे शुभे ॥ २५ ॥

તેમણે વિ. સં. ૧૯૯૨ ના આસો સુદ બીજ રવિવાર (તા. ૨૯–૯–૩૫)ના દિવસે આ પ્રયોગો કર્યા છે. ૨૫.

[ स्रग्धरा–वृत्तम् ]

शुद्धात्माऽनन्तशक्तिर्विलसति विलसद्दिव्यभावातिरेको,
वृद्धि–ह्रासं तदीयं व्रजति विकसनं क्षीणकर्मानुसारात् ।
पुण्योत्कर्षेण सोऽयं शुभगुरुकृपया लभ्यते भव्यजीवैः,
प्राकाश्यं प्राप्य भूयो निजविभवयुतो राजते सिद्धरूपः ॥ २६ ॥

શુદ્ધાત્મા–જીવ દિવ્ય ભાવો વડે શોભતો અનંતશક્તિને પ્રાપ્ત કરી વિલસિત થાય છે. તેનો વિકાસ તેનાં કર્મો અનુસાર વૃદ્ધિ કે હ્રાસને પ્રાપ્ત કરે છે અને પછી તે સુગુરુની કૃપા વડે પુણ્યોત્કર્ષના કારણે ભવ્યજીવોથી પ્રકાશને પામી પોતાના વૈભવથી સંપન્ન બની સિદ્ધના રૂપમાં શોભે છે. ૨૬.

[ उपजाति–वृत्तम् ]

शतावधानाद् विकसन्ति मानसा, भावाः समानाः शुभशर्महेतवः ।
परोपकारप्रमुखश्च सिद्ध्यति, स्वजन्मनाऽर्थो हि किमन्यथाङ्गिनाम् ॥ २७ ॥

શતવધાનથી શુભકલ્યાણનાં હેતુભૂત માનસિક સમાન ભાવો વિકસિત થાય છે અને માનવ–જન્મનો સાર્થકતારૂપ પરોપકારનો પ્રમુખ હેતુ સિદ્ધ થાય છે. અન્યથા પ્રાણિઓને શરીરધારણનું શું ફળ છે?. ૨૭.

प्रकाशते बुद्धिरतीव निर्मला, ततः सुतत्त्वातिशयो विजायते ।
ततश्च वैदुष्यमचिन्तितार्थदं, मलाविलो निर्मलतां समेति ॥ २८ ॥

આવા અવધાનપ્રયોગોના લીધે અત્યંત નિર્મલ બુદ્ધિ પ્રકાશિત થાય છે, તે પછી અતિશય તત્ત્વોનું જ્ઞાન થાય છે, ત્યાર બાદ અકલ્પિત ઇચ્છાઓને પૂરનાર વૈદુષ્ય મળે છે અને અવધાનકાર અત્યંત નિર્મલતાને પ્રાપ્ત કરે છે. ૨૮.

[ वसन्ततिलका–वृत्तम् ]

विद्यापुरीय–जनता–जनितप्रभावा, प्राक्पुण्यभार–वशतः सुधियां वरेण्या ।
सिद्धिर्जयस्य सुमतेः प्रमदस्य लक्ष्म्या, हेम्नः सुखस्य च विभातु विशेषवृद्ध्या ॥२९॥

વીજાપુરની જનતા ઉપર પ્રભાવ પાડનાર પૂર્વપુણ્યોની અધિકતાને લીધે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ વિજય આપનારી શ્રીધીરજલાલભાઇને જે સિદ્ધિ મળી છે, તે હર્ષ, કીર્તિ, ધન–ધાન્ય, તેમજ સુખની વિશેષ વૃદ્ધિ વડે શોભિત થાઓ. ૨૯.

[ स्रग्धरा-वृत्तम् ]

धीरत्वं सन्दधानो विदलित-दुरितो 'धीरजः' शान्तचेताः,
प्राकाश्यं शुद्धशक्तेः स्वपरसुखकृते कार्यवेदी करोतु ।
विद्यानन्दप्रमोदी शुभगुणकलितो जैनसङ्घस्य सेवां,
सर्वत्राप्तप्रयोगः सततमभिमतं धन्यवादं प्रयातु ॥ ३० ॥

ધીરભાવને પ્રાપ્ત, નિર્મલ સ્વભાવ તથા શાન્તચિત્ત 'શ્રીધીરજલાલ શાહ' પોતાના તેમજ જગતના કલ્યાણ માટે અવસરાનુસાર પોતાની શુદ્ધ શક્તિનું પ્રકાશન કરે. વિદ્યાના આનન્દ અને વિનોદપૂર્ણ સ્વભાવશીલ ઉત્તમ ગુણોથી યુક્ત શ્રીશાહ દરેક સ્થળે પોતાના અવધાન-પ્રયોગો વડે નિરંતર ઉચિત સમ્માનને પ્રાપ્ત કરે. ૩૦.

[ वसन्ततिलका-वृत्तम् ]

'हेमेन्द्रसागर'-मुनिप्रवरेण सम्यक् स्पष्टार्थमेतदवलोक्य शतावधानम् ।
श्रेयोऽभिनन्दनमदत्त सतामभीष्टं, सोऽयं सदोन्नति-परम्परया युनक्तु ॥३१॥

**શ્રીહેમેન્દ્રસાગર** મુનિપ્રવરે 'શ્રીધીરજલાલ શાહ' વડે કરાયેલા અવધાન-પ્રયોગોને સારી રીતે જોઈ સજ્જનોને અભીષ્ટ એવું મંગલમય આ પદ્યાત્મક 'અભિનંદન' આપ્યું છે. શ્રીશાહ સદા ઉન્નતિ-પરમ્પરાને પ્રાપ્ત કરો, એ શુભેચ્છા. ૩૧.

[ अनुष्टुप्-वृत्तम् ]

सङ्घाग्रहेण लेखोऽयं रचितो वत्सरे शुभे ।
कार्तिके शुक्लपञ्चम्यां द्विनागरसभूमिते ( १९९२ ) ॥ ३२ ॥

વીજાપુર-જૈન શ્રીસંઘના આગ્રહથી સં. ૧૯૯૨ ના કારતક સુદિ પાંચમના દિવસે આ લેખની રચના કરી છે. ૩૨.

(કલકત્તા સંસ્કૃત–મહાવિદ્યાલયના આચાર્ય મહામહોપાધ્યાય શ્રીકાલીપદ તર્કાચાર્ય વડે અપાયેલું પ્રશંસાપત્ર)

# प्रशस्तिपत्रम्

मोहमयी–प्रतिवासी धीरजलालष्टोकरशीतनयः ।
स जयति शतावधानी यत् कृतिरत्युत्तमा दृष्टा ॥ १ ॥

'મુંબઈના રહેવાસી, ટોકરશીભાઈના પુત્ર શતાવધાની શ્રી ધીરજલાલ શાહ જયવંતા વર્તે છે, જેમની અતિ ઉત્તમ કૃતિ (શતાવધાનકલા) મેં જોઈ છે.' ૧.

अत्यद्भुता तत्स्मृतिशक्तिरीक्षिता, सुदीर्घसंख्यागणनाफलादिषु ।
स्पर्शेण वस्तुप्रणिधानकर्मणा, सन्दर्शिता तेन विचित्रचातुरी ॥ २ ॥

'મોટી–મોટી સંખ્યાઓની ગણના અને તેમનાં ફળ બતાવવામાં, તેમ જ કોઈ પણ વસ્તુને સ્પર્શ વડે યાદ રાખી કહી બતાવવામાં, તેમની આશ્ચર્યભરી ચતુરતા તેમણે દર્શાવી છે.'૨.

हित्वा क्रमं पद्यपदानि शृण्वता, चिरोत्तरं संस्मरता पदावलीम् ।
यथायथं पद्यमुदाहृतं क्रमात्, सुविस्मयो येन सभासदामभूत् ॥ ३ ॥

'(સભામાં આવેલા પ્રશ્નકર્તાઓ વડે રજૂ કરેલા) ક્રમ વગરનાં પદ્યોના પદોને સાંભળી થોડા સમય પછી આખાય પદ્યની પદાવલીને વ્યવસ્થિત રીતે સંભળાવતા સભાસદોને તેમની આવી સ્મૃતિશક્તિના લીધે ઘણું આશ્ચર્ય અને ઘણો આનંદ થયો.' ૩.

तदुत्तरेभ्यः समुपागता जनाः, सभातले प्रश्नकृतो नवा नवाः ।
महान्तमानन्दमुपेत्य तत्कृतेः, प्रशस्तिवादं सुतरामघोषयन् ॥ ४ ॥

'(તેમજ અવધાનના પ્રયોગોમાં જુદા–જુદા પ્રશ્નોને સાંભળી) અવસરે તેમના ઉત્તરો સાંભળી સભામાં આવેલા પ્રશ્નકર્તાઓ અત્યન્ત આનંદિત થયા અને તેમની આવી સ્મરણશક્તિના લીધે નિરંતર પ્રશંસા કરવા લાગ્યા.' ૪.

विचित्ररूपा बहवः पुराऽभवन् 'शतावधानी' त्युपनामभूषिताः ।
विचित्रकृत्यैर्जनविस्मयावहाः, तथाविधाः सम्प्रतिदुर्लभोदयाः ॥ ५ ॥

'પુરાણા જમાનામાં 'શતાવધાની' એવા નામથી વિભૂષિત આશ્ચર્ય પમાડનારા અનેક અવધાનકારો થયા છે, જેઓ પોતાના વિસ્મયકારી કૃત્યો વડે જનતાને આશ્ચર્યમાં મૂકતા હતા, પણ આજે તેવા વિદ્વાનો દુર્લભ છે.' ૫.

इमं बुधं गूर्जरभूमिभूषणं, शतावधानीति पदेन मण्डितम् ।
पृथग्विधप्रश्नसदुत्तरे रतं, समीक्षमाणाः सुखमाश्रिता वयम् ॥ ६ ॥

'આ 'શતાવધાની' એવા પદથી સુશોભિત, ગુજરાતની ભૂમિના ભૂષણરૂપ પં. શ્રી ધીરજલાલ શાહને જુદા જુદા પ્રશ્નોના ઉત્તર આપવામાં તત્પર જોઈ અમે અત્યંત સુખી બન્યા છીએ.' ૬.

ग्रन्था अनेके रचिता मनीषिणा, लोकोपकारं जनयन्ति ये सदा ।
गुणाः किलैतस्य जयन्ति निर्मलाः, पुरातनानां सुविपश्चितामिव ॥ ७ ॥

'વિદ્વત્પ્રવર શ્રી ધીરજલાલ શાહે અનેક ગ્રંથોની રચના કરી છે કે જે સદા લોકોનો ઉપકાર કરે છે. આ પંડિતશ્રીના નિર્મળ ગુણો પ્રાચીનકાળના ઉત્તમ વિદ્વાનોની જેમ જયવંતા વર્તે છે.' ૭.

दृष्टान्तमेतत् समुपेत्य मानवाः, प्रवर्द्धयन्तु स्मृतिशक्तिमग्रतः ।
शतावधानीत्युपनामभागिनः, शताधिका येन जनाः सुसम्भवाः ॥ ८ ॥

'હે મનુષ્યો ! આ દૃષ્ટાન્તને ધ્યાનમાં રાખી તમે પણ પોતાની સ્મૃતિશક્તિ આગળ-આગળ વધારો; જેથી શતાવધાની એવા ઉપનામથી વિભૂષિત સેંકડો વિદ્વાન્ સરળતાથી મળી શકે.' ૮

सुदीर्घमायुर्लभतां निरामयं,
बुधोत्तमोऽयं परमेश्वरेच्छया ।
प्रवर्द्धतामस्य गुणावली सदा,
यथोपकारो जगतो भविष्यति ॥ ९ ॥

'આ પંડિત-પ્રવર પરમાત્માની ઇચ્છાથી રોગરહિત દીર્ઘ આયુષ્યને પ્રાપ્ત કરે તથા તેમની ગુણાવલી સદા વધતી રહે, જેથી જગત્નો ઉપકાર થશે.' ૯

संस्कृत कालेज,
कलकत्ता.
१७-३-५५

(સાહિત્યવારિધિ પદ-પ્રદાન-સમયે સાહિત્ય-સાંખ્ય-યોગાચાર્ય પં. શ્રી રુદ્રદેવ ત્રિપાઠી દ્વારા અર્પણ થયેલું અભિનન્દનકાવ્ય )

**शतावधानकलैककुशल-प्रभूतग्रन्थग्रथनदक्ष-महासाहसिक-धीमद्धौरेय-पं. श्रीधीरजलाल टोकरशी शाह महोदयेभ्यः 'साहित्यवारिधि' विरुदसमर्पणविषये**

# पद्यप्रसूनाभिनन्दनम्

**आन्तरं वः प्रकाशताम्**

अर्हदादि-गुरु-ग्रामाभिरामात्मप्रकाशकम् ।
नमस्कृतिमयं ज्योतिरान्तरं वः प्रकाशताम् ॥ १ ॥

'અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુરૂપ ગુરુઓ વડે અભિરામ અને આત્મપ્રકાશ કરનાર એવી નમસ્કાર-મહામંત્રરૂપ જ્યોતિ તમારા અંતરમાં પ્રકાશિત થાઓ. ૧.

**जिनशासनं जयति**

मा कश्चिद् दुःखभाक् स्याद् भुवि भवतु भयात् त्राणमाराज्जनानां,
जीवाः सर्वेऽपि सर्वैः सह विनयभराः प्रीतिरीतिं चरन्तु ।
वर्तन्तात्मवत्तामखिलजनिजुषो जीवनेऽपीति वाञ्छत्,
ख्यातिं यातं जगत्यां जयति जिनपतेः शासनं शान्तिमूलम् ॥ २ ॥

'સંસારમાં કોઈ દુઃખભાગી ન થાય, લોકોની ભયથી સદા રક્ષા થાય, બધા જીવો બધાની સાથે પ્રેમપૂર્વક વ્યવહાર કરે અને પ્રાણીમાત્ર એક બીજાને પરસ્પર જીવનમાં આત્માની જેમ માને એમ ઇચ્છતું શ્રીમહાવીર પ્રભુનું શાસન જયવંતુ વર્તો.' ૨.

**साहित्यं सुमहः**

चन्द्रार्कावनिशं प्रकाश्य भुवनं यातोऽस्तशैलं पुनः,
शान्तिं याति कृपीटयोनिरपि किं नो वारिभारार्दितः ? ।
वात्यावारिभरान्तरायतिमिरं नालं परं यत्कृते,
साहित्यं सुमहस्तदेव सुतरां विद्योतितं मन्महे ॥ ३ ॥

'ચંદ્ર અને સૂર્ય બંને આ લોકને પ્રકાશીને પુનઃ અસ્તાચલ પર ચાલ્યા જાય છે. અગ્નિ પણ પાણીના વધારે પડતા ભારથી શું શાન્ત થઈ જતો નથી? પરંતુ તોફાન, પાણી કે

તેવા જ બીજા અંતરાયોરૂપ અંધારું પણ જેનું શમન કરવા સમર્થ નથી, તે સાહિત્યરૂપી તેજ જ નિરંતર પ્રકાશે છે, એમ અમે માનીએ છીએ.' ૩.

**विद्वानतो नन्यते**

सूर्यो भातितरामिति द्युतिकृतौ प्राथम्यमाशस्यते,
चन्द्रो ह्लादयतीति भूमिपटले तस्यागतिर्वन्द्यते ।
रत्नानि प्रतिभान्ति नूनमिति तान्यप्याद्रियन्ते जनै-
स्तद्वत् सन्ति सदाग्रहाः सहृदया विद्वानतो नन्यते ॥ ४ ॥

'સૂર્ય ગગનમાં પ્રકાશે છે, તેથી તેને પ્રકાશ આપનારાઓમાં પ્રાથમિકતા અપાય છે. ચંદ્રમા સહુને આહ્લાદિત કરે છે, તેથી ભૂમિ ઉપર તેનું આગમન થતાં વંદના કરાય છે. અને રત્નો નિશ્ચયપણે શોભાયમાન થાય છે, એટલે જનતા વડે તેમનો પણ આદર કરાય છે. તે જ રીતે સત્યનો આગ્રહ રાખનારા સહૃદયી પુરુષો વિદ્વાનો વડે વખણાય છે. ૪.

**भक्तिश्चिदन्तःस्थिता**

श्रीमद्धीरजलालशाहरचितां तत्त्व–प्रभा–भासितां,
साहित्यश्रियमत्र वीक्ष्य विबुधाः कस्यान्तरं नोल्लसेत् ?.
यत्रास्तेऽनुभवस्य सारभरिता व्यक्तिः पराम्बाकृपा-
पारावार–समुद्गताऽमृतमयी भक्तिश्चिदन्तःस्थिता ॥ ५ ॥

'હે વિદ્વજ્જનો ! શ્રી ધીરજલાલ શાહ વડે રચિત અને તત્ત્વજ્ઞાનની પ્રભાવડે ભાસિત એવી સાહિત્યશ્રીને જોઈ કોનું અંતર ઉલ્લસિત ન થાય ? તેમાં માતા પદ્માવતીની કૃપાના સમુદ્રમાંથી ઉત્પન્ન અતઃકરણમાં વિરાજમાન ભક્તિ અને સારપૂર્ણ અનુભવોની અભિવ્યક્તિ રહેલી છે, તેથી અવશ્ય ઉલ્લસિત થાય. ૫.

**धन्यं सुमन्यामहे**

गोत्रायां गुरणे गुरुं गुरुगुणग्रामाग्रणीं ग्रामणीं,
ग्रन्थग्रन्थनगौरवोग्रगरिमग्रैवेयकाग्रे मणिम् ।
गायं गायमलं न तृप्यति मुदा गाथां यदीयां शुभां,
तं श्रीधीरजलालशाहविबुधं धन्यं सुमन्यामहे ॥ ६ ॥

'ભૂમિ ઉપર ઉદ્યમ કરવામાં જે તત્પર છે, મહાન ગુણોના સમૂહને ધારણ કરનારાઓમાં જે અગ્રણી છે, જે સ્વયં નેતા છે, ગ્રન્થોના નિર્માણનું જે ગૌરવ તેના વડે થયેલી જે મહાન ગુરુતા તેના હારના મણિઓમાં જે સુમેરુરૂપ છે અને જેના ગુણની ગાથાઓ

પ્રસન્નતાપૂર્વક ગાઈ ગાઈને જનતા તૃપ્તિ પામતી નથી, તે પં. શ્રી ધીરજલાલ શાહને અમે ધન્ય માનીએ છીએ. ૬.

**कर्मठं नन्दयामः**

विद्वांनं साहसाढ्यं निजवृषसि रतं राष्ट्रसेवासु दक्षं,
नानाशास्त्रेषु सत्यं विमलतममलं ज्ञानसम्पादनोत्कम् ।
यन्त्रे मन्त्रेऽथ तन्त्रे प्रसृतमतिधरं कर्मठं वीक्ष्यमानं,
विज्ञश्रीधीरजाय स्वकृतिकुशलैरर्पितं नन्दयामः ॥ ७ ॥

વિદ્વાન, સાહસિક, સ્વધર્મમાં મગ્ન, રાષ્ટ્રસેવામાં દક્ષ, વિવિધ શાસ્ત્રોમાં રહેલા સાચા અને પવિત્ર જ્ઞાનના સંપાદનમાં ઉત્સાહી, યન્ત્ર-મન્ત્ર-તન્ત્ર શાસ્ત્રમાં વિસ્તૃત મતિ ધરાવનાર તથા કર્મઠ એવા ગુણોથી યુક્ત શ્રી ધીરજલાલ શાહને જોઈને પોતાના કર્તવ્ય-પાલનમાં કુશલ વિદ્વાનોએ તેમને જે માન અર્પણ કર્યું-કરી રહ્યા છે, તે પ્રસંગે અમે પણ તેમને અભિનંદીએ છીએ. ૭.

**सुतरामभिनन्दयामः**

'साहित्यवारिधिपदेन सुशोभमानं,
सज्ज्ञानराशिपरिपूरितबुद्धिकोशम् ।
नानाऽवधानधर-धीरजलालशाहं,
पद्यार्पणेन सुतरामभिनन्दयामः ॥ ८ ॥

'**સાહિત્યવારિધિ**' પદવી વડે સુશોભિત, સત્યજ્ઞાનના રાશિથી પરિપૂર્ણ બુદ્ધિના ખજાનાવાળા અને શતાવધાનવિદ્યાને ધારણ કરનારા એવા શ્રી ધીરજલાલ શાહને આ પદ્યો અર્પણ કરીને અમે અભિનંદીએ છીએ. ૮.

તા. ૧-૧૨-૫૭

( ભારતના સુપ્રસિદ્ધ ૫૭ વિદ્વાનો દ્વારા અપાયેલું સમ્માન–અભિનન્દનપત્ર)

॥ ॐ नमो भगवत्यै भारत्यै ॥

**निरवद्यविद्योद्यद्द्युति–प्रद्योतित–प्रतिभाविवस्वतां, सनय–विनय–विवेक–सेक–संस्कृत–धिषणानां, सुविचार–सञ्चार–चातुरी–चामीकर–चमत्कृत–कृतिमज्जनानां, सम्पादित–सच्छास्त्र–पाथोनिधि–निमज्जनानां, 'शतावधानि–साहित्यवारिधि–गणितदिनमणि–अध्यात्मविशारद'–प्रभृतिविरुदालङ्कृतिविलक्षणानाम्,**

**पण्डित–धीरजलालशाह–महानुभावानां**

# सम्मानाभिनन्दनपत्रम्

**परमादरणीयाः शब्दब्रह्मोपासनापरायणाः !**

अद्यास्मिन् निरवधिपुण्यप्रचयोपलभ्ये सदिभ्यजनप्रलोभ्ये 'मन्त्रदिवाकर'–ग्रन्थरत्नप्रकाशनोत्सव–प्रसरावसरे नानाविधमानास्पदानां तत्रभवतां भवतां पुरःसमुपस्थितविशिष्टानां सद्गुणिगणगोष्ठीगरिष्ठानां शिष्टानामिष्टतमं धन्यवादस्तवस्तबककरम्बितं वास्तवं वस्तुजातं किञ्चिच्छाब्दमुपायनमिदं प्रस्तोतुकामा अमन्दानन्दतुन्दिलतामनुविन्दामः ।

यतो हि सत्यमेव भगवत्याः सरस्वत्या वरदपुत्रतां प्रतिपन्नानां भवतां जनुष आरम्भादद्य यावदनवरतमहमहमिकया गुणनिकरैरलं कारं कारमासादितं सौहार्दमार्दवं हार्दम् । सन्ततसत्संस्कारप्रसवित्री पवित्रा च भवदीया लेखिनी त्रिशताधिकान् ग्रन्थान् विरच्याद्यापि तथैव तारुण्यं दधाति, क्षणे क्षणे च नवतां काङ्क्षन्ती कामप्यनिर्वचनीयां रचनामुपनिनीषन्ती पुरोमवत्येव । तदिदमस्ति भवतां कल्याणकल्पवल्लीप्रफुल्लसत्फलप्रवर्षणसमुज्जीवितसत्कर्मणामसंशयं समुल्लसितं किमपि विमलं फलम् ।

**विद्या–विनय–विवेक–सौशील्य–समधिष्ठिताः श्रीमन्तः !**

" विकारहेतौ सति विक्रियन्ते, येषां न चेतांसि त एव धीराः " इति महाकविकालिदासोक्तं धीर—निरुक्तं सत्यापयितुमेव भवत्पूज्याभ्यां पितृभ्यां **'मणिबहेन–टोकरशी'भ्यां** सकललोकलाल्ये बाल्ये वयसि भवन्तः **'श्रीधीरजलाल'** इत्यभिधानेन सभाजिताः किं वा वणिजामन्ववाये सम्भूतोऽप्ययं धियां रजसामितस्तत आपतितानामपाकरणपूर्वकं सद्गुणानां सङ्ग्रहणे संवरणे परिष्करणे परिस्तरणे पुरस्करणे च पाटवं सन्धार्य तेषां लाने=आदाने, अलाने=दाने च निपुणो भविष्यतीति सञ्चिन्त्यैव यथार्थनाम्ना ऽ ऽ म्नाताः । तामेवेमामारभटीं सफलयितुं सौराष्ट्रेषु स्वीयायां जन्मग्रामटिकायां ( दाणावाडा ) दानवाटिकायां प्रारम्भिकशिक्षणमासाद्य




બીરલા માતુશ્રી સભાગારમાં શ્રી ધીરજલાલ શાહ ગણિતસિદ્ધિના 'કામકુંભ' નામના હેરતભર્યા પ્રયોગમાં પ્રેક્ષકે ધારેલી સોનાની હાંસડી કામકુંભમાંથી કાઢી બતાવે છે. બાજુમાં કુ. ભારતી પ્રયોગસહાયક તરીકે ઊભેલા છે.



શ્રી ધીરજલાલ શાહે ગણિતસિદ્ધિના પ્રયોગોમાં 'સુગંધની અજાયબ સૃષ્ટિ' નામનો પ્રયોગ પાટકર હોલમાં બતાવ્યો હતો, તેનું દૃશ્ય. ચાર વ્યક્તિઓએ ધારેલી જુદી જુદી સુગંધ કટાસણાના ચાર છેડા સુંઘવાથી પ્રાપ્ત થઈ રહી છે.



શ્રી ધીરજલાલ શાહે પાટકર હોલમાં ગણિતસિદ્ધિનો 'દીપકપ્રકાશન' નામનો એક આશ્ચર્યકારી પ્રયોગ કરી બતાવ્યો હતો, તેનું દૃશ્ય. ત્રણ થાળમાં ૨૪ દિવેલિયા ઘીથી ભરેલાં છે. તેના પર સળગતો કાકડો ફેરવતાં તેમાંથી ૧૨ જ દીપકો પ્રકટયા હતા કે જે પ્રશ્નકારોએ મનમાં ધાર્યા હતા. બાજુમાં પ્રયોગ-સહાયકો શ્રી કાંતિલાલ જે. શાહ તથા શ્રી રસિકલાલ શેઠ ઊભેલા છે.

गूर्जरराष्ट्रस्योद्योगप्रधानायामहमदाबादमहानगर्यां निजपरिचर्या–संसर्गसपर्यापर्यासक्तमनसाऽध्ययनाध्यापन–चित्रचित्रण-ग्रन्थपालन–ग्रन्थलेखन–दैनिक साप्ताहिक–मासिकादिपत्रसम्पादन–समाजसमुद्धरण–मुद्रणयन्त्रालयसञ्चालनायुर्वेदविद्यावगाहनप्रभृतिभिर्नैकविधं ज्ञानार्जनमाहितम् ।

शतावधान–नैपुण्य–प्राप्तिपूर्वकमनितरसाधारणसाहससाध्यान् पादचारप्रवासान् विधाय निखिलोऽप्याह्लादितः स्वभुजोपार्जितज्ञानगरिमकन्दलितेन यशःस्तोमसोमोदयेनात्मीयवर्गोऽभिभावकवर्गो धर्ममर्मज्ञवर्गश्च । मध्येकालमापतितमापदामुत्पातञ्च तपःसाधनया पराकृत्य प्रतप्तकार्तस्वरभास्वरया भव्यभावनया माहमग्र्यां 'जैनसाहित्यविकासमण्डलसंस्था' माश्रित्याष्टाङ्गविवरणीं प्रतिक्रमणसूत्रस्य प्रबोधटीकामाटीकयद्भिर्भवद्भिर्भूरिशः समज्यासमाश्रयणपुरस्सरं धर्मज्ञानं विश्राणितम् । सौवर्णिकानि चन्द्रकाणि, प्रशस्तिपराणि हृद्यानि पद्यानि, ससम्मानं समर्पितान्युपायनानि, वाक्यपुष्पोपहाररूपाणि नानाऽभिनन्दनपत्राणि च तत्प्रमाणायालम्भवन्त्यद्यापि ।

**धर्म–समाज–राष्ट्र–सेवाहेवाकिनः सदुपासनाप्रवणाः !**

इत्थं प्रतिभाया दार्पणिके प्रासादे परितः प्रस्फुरन्तीनां भवतां मूर्तीनां प्रतिष्ठापने 'क्रियाणां खलु धर्म्याणां सत्पत्न्यो मूलकारणम्' इति कालिदासोक्त्यनुसारमेव भवतां सर्वेषां कल्याणकर्मणां मूलकारणं श्रीमत्सहधर्मचारिणी पातिव्रत्यपरायणाऽखण्डसौभाग्यवती श्रीमती चम्पाबहेनामिधाना निश्चितं वन्दनीयतां प्राप्नोति, यस्याः किल धर्मनिष्ठा–तपश्चर्याऽहर्निशसेवासत्प्रसादेन सकलं सम्पन्नम् । किञ्च तासु मूर्तिषु विभासितं भवतां प्रत्येकं भिन्नभिन्नं व्यक्तित्वं कृतित्वञ्च वीक्षमाणैरिदमनुसन्धातुं न पार्यते यत्कतमा मूर्तिरेतासु कतमस्मिन् प्रकरणे न्यूनाऽस्तीति ? यतः श्रीमद्भिर्जिनधर्मप्रतिपादकानां ग्रन्थानां लेखनेन चरितावलीनामाकलनेन स्वयं राष्ट्रियान्दोलनकालेषु राष्ट्रियतासंरक्षणाय विविधसेवाकार्यसम्पादनेन समस्तस्यापि संसारिणः कल्याणाह्निककर्मार्पणभावनया च सकलोऽपि स्वजीवनस्य कोणः प्रपुष्टो विहितः । साम्प्रतञ्च–'बहुशास्त्रकथाकन्था–रोमन्थेन वृथैव किम् ?। अन्वेष्टव्यं प्रयत्नेन, तज्ज्योतिरान्तरं सदा ॥' इत्यनुसारं भगवत्याः श्रीपद्मावत्याः निरन्तरोपास्तिपूर्वकं **'प्रज्ञाप्रकाशनमन्दिर'**–माध्यमेनाध्यात्मिकग्रन्थानां प्रणयनं प्रारब्धं विद्यते । तत्र हि क्रमशो–नमस्कारमन्त्रसिद्धि–महाप्राभाविक–उपसर्गहरस्तोत्र–जिनोपासना–महावीरवचनामृत–सङ्कल्पसिद्धि–मन्त्रविज्ञान–मन्त्रचिन्तामणि-प्रभृतिग्रन्थरत्नानि प्रकाशितानि ।

अद्यतने चास्मिन्नवसरे तस्या एव ग्रन्थपरम्परायाः प्रसूनमालिकायां मध्यप्रसूनायितस्य **'मन्त्रदिवाकर'** ग्रन्थस्य प्रकाशनं भवति तदस्ति परमप्रसत्तेरास्पदम् । मन्त्र–तन्त्र–यन्त्र–योगादिशास्त्रेषु न भवति सामान्यानां जनानां प्रवेशः । भाषाभावादिकाठिन्यमुपढौकयन्ति प्रायेण च तद्विषयकाणि पुस्तकानि । तदिदं विचिन्त्यैव जनसाधारणबोधरण्यनुसारं गूर्जरगिरागुम्फितानि तानीमानि ग्रन्थरत्नानि लोकानां प्रबोधनाय, दुर्मतीनां शोधनाय, चञ्चलचेतोवृत्तीनां रोधनाय, सन्मार्गावलम्बनायात्मोद्धरणाय च सत्यं सोपानपरम्परां सम्पादयन्तीति स्मारं स्मारं भवतां विलक्षणेन वैदुष्येणाभिभूतान्तःकरणाः सहजसहजेन सरलसरलेन केनचिदन्तरात्मनः प्रह्वीभावेन **'सरस्वती-वरदपुत्रः' 'मन्त्रमनीषी'** चेति पदवीभ्यां सम्मानयामः समुपजोषमकारणकरुणाकरणपरायणञ्च परमात्मानमभ्यर्थयामः सपरिच्छदानां भवतां सार्वदिकसार्वत्रिक–सार्वभौममाङ्गल्यायेत्योम् ।

## —एते वयं स्मो भवतां वैदुष्यवशीकृतान्तःकरणाः—

१. डा. सुरेन्द्रनाथ शास्त्री–एम्. ए., एल् एल्. बी. पीएच. डी, लिट्, भू. पू. वाइसचान्सलर वाराणसेय सं. वि. वि., इन्दौर (म. प्र.)

२. पं. हरदेव त्रिवेदी–ज्योतिषाचार्य, सम्पादक–ज्योतिष्मती, विश्वविजय–पञ्चाङ्ग, तथा श्रीगजेन्द्र विजयपञ्चांग, अध्यक्ष–अ. भा. ज्योतिष परिषद, सोलन ( हि. प्र. )

३. पं. लालचन्द्र भगवान् गान्धी,–प्राच्यविद्या विशारद, पण्डितरत्न, बड़ौदा.

४. श्री १०८ पं. सत्यदेव वासिष्ठ–सामस्वर–भास्कर साङ्गवेद वेदचतुष्टयी, आयुर्वेदानूचान, भिवानी.

५. पं. शारदानिवास शर्म्मा–ज्योतिषसाहित्याचार्य, काश्मीरराजगुरु, जम्मू ( काश्मीर ).

६. पं. मित्रनाथ योगी–न्यायसांख्ययोगाचार्य श्रीगोरक्षनाथ पीठ, मृगस्थली, काठमाण्डू ( नेपाल ).

७. पं. नरेन्द्रचन्द्र झा शर्म्मा–नव्यव्याकरण–नव्य–न्याय–साहित्याचार्य, प्राध्यापक बम्बई.

८. पं. मंगलदेव उद्धवजी शास्त्री–सद्विद्यालङ्कार व्याख्यान–विशारद, अहमदाबाद.

९. पं. विष्णुदेव सकलेश्वर शास्त्री–एम्. ए. वेदान्ताचार्य, व्याख्यानदिवाकर, अहमदाबाद.

१०. श्री रामप्रसाद बक्षी–एम्. ए. सुप्रसिद्ध गूर्जर साक्षर, बम्बई.

११. श्री. ज्योतिन्द्र ह. दवे–एम्. ए. सुप्रसिद्ध गूर्जरसाक्षर, निवृत्त प्रमुख, गुज. सा. परिषद्, बम्बई.

१२. श्री अमृतलाल बी. याज्ञिक–प्रसिद्ध साहित्यकार, शिक्षाशास्त्री, प्रिन्सिपाल–मीठीबाई आर्ट्स कॉलेज वीले पारले–बम्बई.

१३. डॉ. रमणलाल सी. शाह–एम्. ए., पीएच. डी. प्राध्यापक–सेन्ट–झेवियर्स कॉलेज, बम्बई.

१४. डॉ. रेवाप्रसाद द्विवेदी–साहित्यशास्त्राचार्य एम्. ए.; पिएच. डी., प्राध्यापक–इन्दौर.

१५. डॉ. श्रीकृष्ण गुप्त–एम्. ए. पीएच. डी. संस्कृतविभागाध्यक्ष, प्राध्यापक, ग्वालियर.

१६. डॉ. राजेन्द्र शुक्ल–एम्. ए., पीएच. डी. आचार्य, प्राध्यापक–हिन्दू कालेज, दिल्ली.

१७. डॉ. कृष्णलाल शर्मा–एम्. ए. पीएच. डी. प्राध्यापक तथा सं. विभागाध्यक्ष, दिल्ली.

१८. डॉ. रामनिहाल शर्मा–एम्. ए. पीएच. डी. आचार्य, प्राध्यापक एवं विभागाध्यक्ष, रायपुर.

१९. पं. इन्द्रलाल शास्त्री–जैन विद्यालङ्कार, धर्मवीर, धर्मदिवाकर, जयपुर ( राज. )

२०. गोस्वामी पं. धनगिरिशास्त्री–बी. ए. साहित्यविशारद, काव्यपुराणतीर्थ, सीतामऊ.

२१. श्री. अगरचन्द नाहटा–सिद्धान्ताचार्य, विद्यावारिधि, जैन सा. इतिहासरत्न बीकानेर ( रा. )

२२. पं. भगवतीलाल राजपुरोहित–शास्त्री एम्. ए. ( संस्कृत–हिन्दी तथा भारतीय संस्कृति ) उज्जैन.

२३. पं. बलिराम शुक्ल–नव्यन्यायाचार्य एम्. ए., ब्रह्मघाट, वाराणसी.

२४. श्री विश्वप्रकाश–एम्. ए. साहित्याचार्य, गोरखपुर.

२५. पं. शुकदेव शास्त्री–ज्योतिष–साहित्याचार्य सा. रत्न. लब्धस्वर्णपदक, मथुरा.

२६. पं. मुक्ताप्रसाद पटेरिया–जैन दर्शनाचार्य सा. रत्न. लब्धस्वर्णपदक, चुरारा ( झाँसी ).

२७. पं. श्रीराम मिश्र–साहित्याचार्य, सा. रत्न. लब्धस्वर्णपदक, वाराणसी.

२८. पं. राजेन्द्र झा साहित्याचार्य–बी. ए. सांख्ययोगशास्त्री, गोल्डमेडलिस्ट, मुजफ्फरपुर ( बिहार ).

२९. पं. वशिष्ठनारायण पाण्डेय–ज्योतिषाचार्य गणितशास्त्री, गोल्डमेडलिस्ट, छपरा, ( बिहार ).

३०. डॉ. हरीन्द्रभूषण जैन–एम्. ए. पीएच. डी. साहित्याचार्य, प्राध्यापक, उज्जैन, ( म. प्र. ).

३१. प्रो. बाबूलाल शुक्ल–शास्त्री, साहित्याचार्य, साहित्यरत्न, सं. विभागाध्यक्ष, नरसिंहगढ़ ( म. प्र. ).

३२. डॉ. रामप्रताप–एम्. ए. पीएच. डी. शास्त्री जम्मूविश्वविद्यालय जम्मू ( काश्मीर ).

३३. पं. विश्वनाथ झा–ज्योतिषगणित फलिताचार्य·लब्धस्वर्णपदक, असीस्टेन्ट डायरेक्टर, एस्ट्रोलोजिकल रिसर्च इन्स्टीट्यूट, दिल्ली.

३४. डॉ. भवानीशंकर त्रिपाठी–एम्. ए. पीएच. डी. साहित्यरत्न, धमनार ( म. प्र. ).

३५. पं. प्रभातशास्त्री–साहित्याचार्य सम्पादक–"संगमनी", इलाहाबाद.

३६. पं. वसन्त अनन्त गाडगील–एम्. ए. सम्पादक–"शारदा" सं. पत्रिका पूना.

३७. श्री वर्धमान पार्श्वनाथ शास्त्री, विद्यावाचस्पति न्यायकाव्यतीर्थ, व्याख्यानकेसरी, सोलापुर.

३८. डॉ. विष्णुदत्त भारद्वाज–एम्. ए. ( संस्कृत-हिन्दी ) पीएच. डी., दिल्ली–७

३९. पं. भाग्यनारायण झा–व्याकरण साहित्याचार्य लब्धस्वर्णपदक, दरभंगा ( बिहार )

४०. पं. बदरीनारायण पंचोली–शास्त्री, सा. रत्न साहित्य–सांख्य–योग–पुराणेतिहासाचार्य, दिल्ली.

४१. श्री श्रीचन्द्र रामपुरिया–बी. ए.–बी. एल्. संयोजक–आगम–साहित्य–प्रकाशन समिति, कलकत्ता.

४२. पं. लालनकृष्ण शास्त्री–वेद–धर्मशास्त्राचार्य नागरगली–मथुरा ( उ. प्र. ).

४३. पं. भगवानदत्त शास्त्री–राकेश एम्. ए. व्याकरण साहित्याचार्य, कलकत्ता.

४४. कविराज सीताराम शास्त्री–आयुर्वेदाचार्य, कलकत्ता.

४५. श्रीशान्तिकुमार ज. भट्ट–एम्. ए. एल् एल्. बी. साहित्यरत्न, सम्पादक-मुंबई समाचार साप्ताहिक–बम्बई.

४६. डॉ. चन्द्रशेखर गो. ठक्कुर–डी. एस. सी. ( ए. ) डी. ए. एस्. एफ्. आयुर्वेदाचार्य, बम्बई.

४७. प्रा. वी. एम. शाह–एम्. ए. अहमदाबाद.

४८. डॉ. जयदेव मो. शुक्ल–एम्. ए. पीएच. डी. प्राध्यापक–एल्. डी. आर्ट्स कॉलेज, अहमदाबाद.

४९. डॉ. भगवत्शरण अग्रवाल–एम्. ए. पीएच. डी. प्राध्यापक–एल्. डी. आर्ट्स कॉलेज, अहमदाबाद.

५०. श्रीकालिदास वसनजी दवे–निवृत्त आचार्य–गर्ल्स ओन स्कूल, अहमदाबाद.

५१. पं. रमेशचतुर्वेदी–साहित्यपुराणेतिहासाचार्य महामन्त्री–दिल्ली प्रदेश सं. सा. सम्मेलन, दिल्ली.

५२. ज्यो. पं. यति मोतीहंस–डी. आइ. ए. एस्. जातकभूषण, साहित्यरत्न, उन्हेल ( म. प्र. ).

५३. श्रीविजयसिंह नहार–एम्. एल्. ए. प्रसिद्ध तत्त्वचिन्तक तथा राजनीतिज्ञ–कलकत्ता.

५४. पं. के. भुजबलीशास्त्री–विद्याभूषण मूडबिद्री–( दक्षिण कन्नड ).

५५. पं. मदनलाल जोशी–'भागवत–भास्कर' शास्त्री, साहित्यरत्न, मन्दसौर ( म. प्र. ).

समारोहस्यप्र मुख्यातिथि : **श्री. टी. एस. भारदे,** बी. ए, एल्–एल्. बी. अध्यात्मविद्यानुरागी, महाराष्ट्र राज्य विधान–सभाध्यक्षः, बम्बइ.

**दिनाङ्क : १९–१०–१९६९ रविवासर : प्रात : ९–००**

समारोहाध्यक्ष : **डॉ. रुद्रदेव त्रिपाठी,** साहित्य–सांख्ययोगाचार्य : एम्. ए. ( संस्कृत–हिन्दी ). पी-एच. डी., बी. एड., काव्यपुराणतीर्थ :, साहित्यालंकारः, साहित्यरत्नम्–दिल्ली.

**–समर्पणस्थानम्–बिरला–मातुश्री–सभागारः, क्वीन्स रोड, बम्बई–१.**

ॐ ભગવતી ભારતીને નમસ્કાર હો.

પરમપવિત્ર વિદ્યાના ઉદય વડે કાંતિમાન, પ્રતિભાના સૂર્યરૂપ, નીતિ, વિનય અને વિવેકના સિંચનવડે સંસ્કૃત બુદ્ધિવાળા, ઉત્તમ વિચારોના પ્રચારની નિપુણતારૂપ સુવર્ણવડે વિદ્વાનોને વિસ્મિત કરનાર, ઉત્તમ શાસ્ત્રોના સમુદ્રમાં સુસ્નાત, 'શતાવધાની, સાહિત્યવારિધિ, ગણિતદિનમણિ, અધ્યાત્મવિશારદ' વગેરે બિરુદોના અલંકારો વડે વિલક્ષણ–

**પંડિત શ્રી ધીરજલાલ શાહ મહાનુભાવને અપાતું**

# સન્માનપૂર્વક અભિનંદન–પત્ર

**પરમ આદરણીય, શબ્દબ્રહ્મની ઉપાસનામાં પરાયણ !**

આજે અનેક પુણ્યોના સમૂહવડે પ્રાપ્ય અને ઉત્તમોત્તમ વિદ્વજ્જનોને લોભાવનાર આ 'મંત્ર–દિવાકર' ગ્રંથના પ્રકાશનસમારોહમાં ઘણા ઘણા સન્માનના પાત્ર આપશ્રીની સમક્ષ અહીં ઉપસ્થિત વિશિષ્ટ ગુણિજનોની ગોષ્ઠીમાં ઉત્તમપદને પ્રાપ્ત શિષ્ટજનોને અત્યંત ઇષ્ટ એવા ધન્યવાદના સ્તવરૂપ પુષ્પગુચ્છથી યુક્ત, વાસ્તવિક વસ્તુરૂપ કેટલાક શબ્દોની ભેટ આપવાની ઇચ્છાવાળા અમે અત્યધિક આનંદનો અનુભવ કરીએ છીએ. કેમકે–ખરેખર ભગવતી સરસ્વતીના વરદપુત્ર તરીકે આપના જન્મકાળથી માંડીને આજ સુધી ગુણોનો સમૂહ આપને વારંવાર અલંકૃત કરીને આપના સૌહાર્દપૂર્ણ કોમળ હૃદયમાં વિરાજમાન થયો છે. નિરંતર ઉત્તમ સંસ્કારોને ઉપજાવનારી આપની લેખિની ૩૦૦ થી પણ વધારે ગ્રંથોને લખી આજે પણ તેવી જ જુવાનીને ભજવે છે અને તે ક્ષણે ક્ષણે નવીનતાને ઇચ્છતી ઉત્તરોત્તર ઉત્તમ રચનાને રજૂ કરે છે, એટલે આ બધું આપની કલ્યાણરૂપ કલ્પલતાના ખીલેલાં ઉત્તમ ફૂલોનાં વર્ષણથી બંધાયેલા સત્કર્મોનું જ કોઇ નિર્મળ ફળ છે.

**વિદ્યા, વિનય, વિવેક અને સુશીલતાથી યુક્ત શ્રીમાન્ !**

આપના માતુશ્રી પૂજ્ય મણિબેન તથા પિતાશ્રી પૂજ્ય ટોકરશી શાહે બધા લોકોને પ્રિય એવા બાલ્યકાળમાં આપનું 'ધીરજલાલ' નામ રાખ્યું તેમાં મહાકવિ કાલિદાસે ધીર શબ્દનું જે નિરુક્ત કર્યું છે–વિકારનું કારણ હોવા છતાં જેમનાં ચિત્તમાં વિકારો આવતા નથી, તે 'ધીર' કહેવાય છે,–તેને સત્ય કરવા માટે જ રાખ્યું છે. અથવા આપશ્રી વૈશ્ય-કુળમાં ઉત્પન્ન હોવા છતાં બુદ્ધિમાં આવેલા માલિન્યને દૂર કરવામાં પ્રયત્નશીલ બની ઉત્તમ બુધ્ધિના સંગ્રહમાં, તેનો સંસ્કાર કરવામાં, ફેલાવવામાં નિરંતર આપ–લે કરતા રહેશો એવી ભાવનાથી જ 'ધીરજલાલ' નામે ઓળખાયેલા છો. અને આપે પોતાના પૂજ્ય પિતાશ્રીની આવી ધારણાને સફળ બનાવવા માટે જ સૌરાષ્ટ્રમાં પોતાની જન્મભૂમિ દાણાવાડામાં પ્રારંભિક શિક્ષણ પૂરું કરીને ગુજરાતની ઉદ્યોગપ્રધાન મહાનગરી અમદાવાદમાં પોતાની

લાગણી, સત્સંગતિ અને સેવાભાવનાના બળે અધ્યયન કર્યું અને ક્રમે કરીને અધ્યયન, ચિત્રકલા, ગ્રંથપાલપદ, ગ્રંથલેખન, દૈનિક, સાપ્તાહિક તથા માસિક વગેરે સમાચારપત્રોનું સંપાદન, સમાજસેવા, છાપખાનાનું આધિપત્ય અને આયુર્વેદવિદ્યાનું અધ્યયન વગેરે કાર્યો સારી રીતે સંપાદન કર્યાં.

તેની સાથે જ શતાવધાનકલામાં નૈપુણ્ય મેળવીને તથા સાહસભરેલી પાદયાત્રાઓ કરીને પોતાના પરિશ્રમથી પ્રાપ્ત જ્ઞાનની ગરિમાવડે ઉત્પન્ન અપાર યશરૂપ ચંદ્રમાના ઉદયથી આત્મીય વર્ગ, હિતચિંતક વર્ગ અને ધર્મના મર્મને જાણનારા આચાર્યાદિ વર્ગને આહ્લાદિત કર્યો. વળી વચ્ચે આવેલા સંકટોને પોતાની તપશ્ચર્યા વડે દૂર કરી તપાવેલા સોનાની જેમ ઝળહળતી ભવ્ય-ભાવના સાથે મુંબઈમાં 'જૈન સાહિત્ય-વિકાસ મંડળ'ની નિશ્રામાં પ્રતિક્રમણસૂત્ર ઉપર અષ્ટાંગ વિવરણવાળી પ્રબોધટીકાનું નિર્માણ કરી આપે ઘણો ઘણો યશ મેળવ્યો તથા ધર્મજ્ઞાનનું અપૂર્વ દાન કર્યું, તેના પ્રમાણ માટે આપશ્રીને અપાયેલા સોનાના ચંદ્રકો, પ્રશસ્તિપદ્યો, સન્માનની વસ્તુઓ તથા સાહિત્યિક અભિનંદનપત્રો આજે પર્યાપ્ત છે.

## ધર્મ, સમાજ અને રાષ્ટ્રની સેવામાં તત્પર પરમ ઉપાસક !

આ રીતે આપની પ્રતિભાના આરીસામહેલમાં ચારે બાજુ ઝગહળતી આકૃતિઓનાં ચિત્રણમાં મહાકવિ કાલિદાસની-ધર્મસંમત કૃત્યોનાં અનુષ્ઠાનમાં સત્પત્નીઓ કારણભૂત હોય છે-ઉક્તિ પ્રમાણે આપનાં બધાં કલ્યાણરૂપ કાર્યોમાં મૂળ કારણભૂત આપની સહધર્મચારિણી, પતિવ્રતાપરાયણા, અખંડ સૌભાગ્યવતી શ્રીમતી ચંપાબહેન નિશ્ચિતપણે વંદન કરવા યોગ્ય છે, જેની ધર્મનિષ્ઠા, તપશ્ચર્યા અને રાતદિવસની સેવાના પ્રસાદથીજ આ બધું સંપન્ન થયું છે. અને તેથીજ આપની તે ભિન્ન ભિન્ન આકૃતિઓમાં ભિન્ન-ભિન્ન વ્યક્તિત્વ અને કૃતિત્વને જોનારા વિદ્વાનો નિર્ણય લેવામાં અસમર્થ બને છે કે આપની કઈ આકૃતિ કયા વિષયમાં અપૂર્ણ છે? એટલે કે આપનું વ્યક્તિત્વ અને કૃતિત્વ બધા વિષયોમાં પરિપૂર્ણ બન્યું છે. આપશ્રીએ જૈન ધર્મનું પ્રતિપાદન કરનારા ગ્રંથો લખીને, અનેક ચરિતાવલી-ઓનું પ્રણયન કરીને, રાષ્ટ્રીય આંદોલનમાં ભાગ ભજવીને તથા રાષ્ટ્રીયતાની સુરક્ષા માટે અનેક સેવાકાર્યો કરીને, તેમજ આખાય વિશ્વના કલ્યાણ માટે પોતાની કૃતિઓ અર્પણ કરીને જીવનનું દરેક અંગ પૂર્ણ કર્યું છે. તે પછી વર્તમાનમાં-'અનેક શાસ્ત્રોની કથારૂપ કંથાને લખવાથી શો લાભ? હવે તો અંતર્જ્યોતિનું જ પ્રયત્નપૂર્વક અન્વેષણ કરવું જોઈએ'-એવો નિર્ણય લઈ ભગવતી શ્રીપદ્માવતી માતાની નિરંતર ઉપાસનાપૂર્વક 'પ્રજ્ઞા પ્રકાશન મંદિર'ના માધ્યમથી આધ્યાત્મિક ગ્રંથોનું સર્જન ચાલુ કર્યું છે. તેમાં આજ સુધી, નમસ્કાર-મંત્રસિદ્ધિ, મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર, જિનોપાસના, મહાવીરવચનામૃત, સંકલ્પસિદ્ધિ, મંત્રવિજ્ઞાન, મંત્રચિંતામણિ વગેરે વગેરે પ્રમુખ ગ્રંથો પ્રગટ થઈ ચૂકયા છે.

આજે આ શુભ પ્રસંગે તે ગ્રંથપરંપરાની હારમાળામાં મધ્ય પુષ્પની જેમ—**મંત્ર-દિવાકર** ગ્રંથનું પ્રકાશન થાય છે, તે અત્યંત પ્રસન્નતાની વાત છે. મંત્ર, તંત્ર, યંત્ર અને યોગ આદિ શાસ્ત્રોમાં સામાન્ય લોકોનો પ્રવેશ હોતો નથી. તેમાં ભાષા અને ભાવોની કઠિનતા ઘણી હોય છે. તે બધું વિચારીને સાધારણ જનતાના ધોરણે ગુજરાતી ભાષામાં લખાયેલા આપના આ મંત્રશાસ્ત્રના ગ્રંથો લોકોને પ્રબુદ્ધ કરવામાં, તેમની દુષ્ટ બુદ્ધિને શુદ્ધ બનાવવામાં, ચંચલ ચિત્તવૃત્તિઓને રોકવામાં તથા સન્માર્ગનું આલંબન લઈ પોતાનો ઉદ્ધાર કરવામાં ઉત્તમ શ્રેણીરૂપ છે. તે વારંવાર યાદ કરી આપની વિલક્ષણ વિદ્વત્તાવડે કૃતજ્ઞ બનેલા અંતઃકરણવાળા અમે ભારતના વિદ્વાનો સહજભાવે સરળ અને વિનમ્ર અંતરાત્મા વડે પ્રેરિત થઇ આપશ્રીને **'સરસ્વતીવરદપુત્ર'** તથા **'મંત્રમનીષી'** નામની પદવીઓ વડે વિભૂષિત કરીએ છીએ. અને પરમપ્રીતિપૂર્વક અકારણ કરુણા કરવામાં તત્પર એવા પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે તે આપને, શ્રીમતી ચંપાબહેનને, આપના પુત્ર શ્રી નરેંદ્રભાઈ તથા પુત્રીઓ આદિ સમસ્ત પરિવારને બધા સમયે, બધા સ્થળે બધી જાતનું મંગળ પ્રદાન કરે. ૐ.

અમે છીએ આપની વિદ્વતા વડે વશીભૂત અંતઃકરણવાળા—

૧. **ડૉ. સૂરેન્દ્રનાથ શાસ્ત્રી**-એમ. એ., એલ. એલ. બી. પીએચ. ડી., ડી. લિટ્. ભૂ. પૂ. વાઇસ ચાન્સેલર વારાણસી સં. વિ. વિ. **ઇન્દોર** (મ. પ્ર.)
૨. **પં. હરદેવ ત્રિવેદી**-જ્યોતિષાચાર્ય, સમ્પાદક-જ્યોતિષ્મતી, વિશ્વવિજય પંચાંગ તથા શ્રી ગજેન્દ્રવિજય પંચાંગ. અધ્યક્ષ-અ. ભા. જ્યોતિષ પરિષદ્. **સોલન** (સિમલા).
૩. **પં. લાલચન્દ્ર ભગવાન ગાંધી**-પ્રાચ્યવિદ્યાવિશારદ, પંડિતરત્ન, **વડોદરા.**
૪. **શ્રી ૧૦૮ પં. સત્યદેવ વાસિષ્ઠ**-સામસ્વરભાસ્કર સાંગવેદ વેદચતુષ્ટયી, આયુર્વેદાનૂચાન, **ભિવાની.**
૫. **પં. શારદાનિવાસ શર્મ્મા**-જ્યોતિષ સાહિત્યાચાર્ય કાશ્મીર-રાજગુરુ, **જમ્મૂ (કાશ્મીર).**
૬. **પં. મિત્રનાથ યોગી**- ન્યાય-સાંખ્ય-યોગાચાર્ય શ્રી ગોરક્ષનાથપીઠ, મૃગસ્થલી, **ખટમંડુ** (નેપાલ).
૭. **પં. નરેન્દ્રચન્દ્ર ઝા. શર્મ્મા**-નવ્યવ્યાકરણ-નવ્યન્યાય-સાહિત્યાચાર્ય, પ્રાધ્યાપક, **મુંબઇ.**
૮. **પં. મંગલદેવ ઉદ્ધવજી શાસ્ત્રી**-સદ્વિદ્યાલંકાર વ્યાખ્યાન-વિશારદ, **અમદાવાદ.**
૯. **પં. વિષ્ણુદેવ સકલેશ્વર શાસ્ત્રી**-એમ. એ. વેદાન્તાચાર્ય વ્યાખ્યાનદિવાકર, **અમદાવાદ.**
૧૦ **શ્રી રામપ્રસાદ બક્ષી**-એમ. એ. સુપ્રસિદ્ધ ગૂર્જર સાક્ષર, **મુંબઈ.**
૧૧ **શ્રી જ્યોતિન્દ્ર હ. દવે**-એમ. એ. સુપ્રસિદ્ધ ગૂર્જર સાક્ષર, નિવૃત્ત પ્રમુખ ગુજ. સા. પરિષદ્, **મુંબઇ.**
૧૨ **શ્રી અમૃતલાલ બી. યાજ્ઞિક**-પ્રસિદ્ધ સાહિત્યકાર, શિક્ષણશાસ્ત્રી, પ્રિન્સિપાલ-મીઠીબાઇ આર્ટ્સ્ કોલેજ વીલેપારલે, **મુંબઇ.**
૧૩ **પ્રા. રમણલાલ સી. શાહ**-એમ. એ., પીએચ, ડી., પ્રાધ્યાપક સેન્ટઝેવિયર્સ **કોલેજ, મુંબઇ.**

૧૪ ડૉ. રેવાપ્રસાદ દ્વિવેદી–સાહિત્ય–શાસ્ત્રાચાર્ય એમ. એ. પીએચ.ડી. પ્રાધ્યાપક–ઇન્દોર.

૧૫ ડૉ. શ્રી કૃષ્ણગુપ્તા–એમ. એ,, પીએચ, ડી. સંસ્કૃત વિભાગાધ્યક્ષ, પ્રાધ્યાપક, ગ્વાલિયર.

૧૬ ડૉ. રાજેન્દ્ર શુક્લ–એમ. એ., પીએચ. ડી. આચાર્ય, પ્રાધ્યાપક–હિન્દુ કૉલેજ, દિલ્લી.

૧૭ ડૉ. કૃષ્ણલાલ શર્મા–એમ.એ., પીએચ.ડી. પ્રાધ્યાપક તથા સંસ્કૃત વિભાગાધ્યક્ષ, દિલ્લી.

૧૮ ડૉ. રામનિહાલ શર્મા–એમ.એ., પીએચ. ડી., આચાર્ય પ્રાધ્યાપક અને વિભાગાધ્યક્ષ. રાયપુર (મ. પ્ર.).

૧૯ પં. ઇન્દ્રલાલ શાસ્ત્રી–જૈન–વિદ્યાલંકાર, ધર્મવીર, ધર્મદિવાકર, જયપુર (રાજસ્થાન).

૨૦ ગોસ્વામી પં. ધનગિરિ–શાસ્ત્રી–બી. એ., સાહિત્યવિશારદ, કાવ્યપુરાણતીર્થ, સીતામઢ.

૨૧ શ્રી અગરચંદ નાહટા–સિદ્ધાન્તાચાર્ય, વિદ્યાવારિધિ, જૈન સા. ઇતિહાસરત્ન, બીકાનેર (રાજ.).

૨૨ પં. ભગવતીલાલ રાજપુરોહિત–શાસ્ત્રી, એમ. એ., (સંસ્કૃત, હિન્દી તથા ભારતીય સંસ્કૃતિ) ઉજ્જૈન.

૨૩ પં. બલિરામ શુક્લ–નવ્યન્યાયાચાર્ય એમ. એ., બ્રહ્માઘાટ, વારાણસી.

૨૪ શ્રી વિશ્વપ્રકાશ–એમ. એ., સાહિત્યાચાર્ય, ગોરખપુર.

૨૫ પં. શુકદેવ શાસ્ત્રી–જ્યોતિષ–સાહિત્યાચાર્ય સા.રત્ન, લબ્ધસ્વર્ણપદક, મથુરા.

૨૬ પં. મુક્તાપ્રસાદ પટેરિયા–જૈન દર્શનાચાર્ય, સા. રત્ન, લબ્ધસ્વર્ણપદક, ચુરારા (ઝાંસી).

૨૭ પં. શ્રીરામમિશ્ર–સાહિત્યાચાર્ય, સા. રત્ન, લબ્ધસ્વર્ણપદક, વારાણસી.

૨૮ પં. રાજેન્દ્ર ઝા–સાહિત્યાચાર્ય, બી. એ., સાંખ્ય–યોગશાસ્ત્રી, ગોલ્ડમેડલિસ્ટ, મુજફ્ફરપુર (બિહાર).

૨૯ પં. વશિષ્ઠનારાયણ પાણ્ડેય–જ્યોતિષાચાર્ય–ગણિતશાસ્ત્રી, ગોલ્ડમેડલિસ્ટ, છપરા (બિહાર).

૩૦ ડૉ. હરીન્દ્રભૂષણ જૈન–એમ.એ., પીએચ. ડી., સાહિત્યાચાર્ય; પ્રાધ્યાપક, ઉજ્જૈન (મ. પ્ર.).

૩૧ બાબૂલાલ શુક્લ–શાસ્ત્રી, સાહિત્યાચાર્ય, સાહિત્યરત્ન, સં. વિભાગાધ્યક્ષ, નરસિંહગઢ (મ. પ્ર.).

૩૨ ડૉ. રામપ્રતાપ–એમ. એ; પીએચ. ડી., શાસ્ત્રી જમ્મૂ વિશ્વવિદ્યાલય, જમ્મૂ (કાશ્મીર).

૩૩ પં. વિશ્વનાથ ઝા–જ્યોતિષગણિતફલિતાચાર્ય, લબ્ધસ્વર્ણપદક, અસ્ટ્રોલૉજિકલ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટના આસિસ્ટન્ટ ડાયરેક્ટર, દિલ્લી.

૩૪ ડૉ. ભવાનીશંકર ત્રિપાઠી–એમ. એ., પીએચ. ડી., સાહિત્યરત્ન, ધમનાર (મ. પ્ર.).

૩૫ પં. પ્રભાતશાસ્ત્રી–સાહિત્યાચાર્ય સમ્પાદક–'સંગમની' અલ્હાબાદ.

૩૬ પં. વસન્ત અનન્ત ગાડગીલ–એમ. એ; સમ્પાદક 'શારદા' સં. પત્રિકા, પૂના.

૩૭ શ્રીવર્ધમાન પાર્શ્વનાથ શાસ્ત્રી–વિદ્યાવાચસ્પતિ, ન્યાયકાવ્યતીર્થ, વ્યાખ્યાનકેસરી, સોલાપુર.

૩૮ ડૉ. વિષ્ણુદત્ત ભારદ્વાજ-એમ. એ. (સંસ્કૃત-હિન્દી) પી. એચડી. દિલ્લી-૭
૩૯ ડૉ. ભાગ્યનારાયણ ઝા-વ્યાકરણ-સાહિત્યાચાર્ય લબ્ધસ્વર્ણપદક, દરભંગા (બિહાર).
૪૦ પં બદરીનારાયણ પંચોલી-શાસ્ત્રી, સાહિત્યરત્ન, સાહિત્યસાંખ્યયોગ-પુરાણ-ઇતિહાસાચાર્ય-દિલ્લી.
૪૧ શ્રી શ્રીચન્દ્ર રામપુરિયા બી. એ. બી. એલ., સંયોજક-આગમસાહિત્ય-પ્રકાશનસમિતિ, કલકત્તા.
૪૨ પં. લાલનકૃષ્ણ શાસ્ત્રી-વેદ-ધર્મશાસ્ત્રાચાર્ય, નાગરગલી, મથુરા. (ઉ. પ્ર.)
૪૩ પં. ભગવાનદત્ત શાસ્ત્રી-રાકેશ, એમ. એ., વ્યાકરણ-સાહિત્યાચાર્ય, કલકત્તા.
૪૪ કવિરાજ સીતારામ શાસ્ત્રી-આયુર્વેદાચાર્ય, (૭૧, બડતલ્લા) કલકત્તા.
૪૫ શ્રી શાન્તિકુમાર જ. ભટ્ટ-એમ. એ., એલ્. એલ્. બી., સાહિત્યરત્ન, મુંબઈ સમાચાર સાપ્તાહિકના સમ્પાદક-મુંબઈ.
૪૬ ડૉ. ચન્દ્રશેખર ગો. ઠક્કુર-ડી. એસ. સી. (એ) ડી. એ. એસ. એફ., આયુર્વેદાચાર્ય, મુંબઈ.
૪૭ પ્રા. વી. એમ. શાહ-એમ. એ., અમદાવાદ.
૪૮ ડૉ. જયદેવ મો. શુક્લ-એમ. એ, પીએચ. ડી., પ્રાધ્યાપક, એલ્. ડી. આર્ટ્સ્ કૉલેજ, અમદાવાદ.
૪૯ ડૉ. ભગવતશરણ અગ્રવાલ-એમ. એ., પીએચ. ડી., પ્રાધ્યાપક-એલ્. ડી. આર્ટ્સ્ કૉલેજ, અમદાવાદ.
૫૦ શ્રી કાલિદાસ વસનજી દવે-નિવૃત્ત-આચાર્ય-ગર્લ્સ ઓન સ્કૂલ, અમદાવાદ.
૫૧ પં. રમેશ ચતુર્વેદી-સાહિત્ય-પુરાણેતિહાસાચાર્ય, મહામંત્રી દિલ્લી પ્રદેશ સં. સા. સમ્મેલન, દિલ્લી.
૫૨ જ્યો. પં. યતિ મોતીહંસ-ડી. આઈ. એ. એસ. જાતકભૂષણ, સાહિત્યરત્ન, ઉન્હેલ (મ. પ્ર.).
૫૩ શ્રી વિજયસિંહ નહાર-એમ. એલ્. એ., પ્રસિદ્ધ તત્ત્વચિન્તક તથા રાજનીતિજ્ઞ, કલકત્તા.
૫૪ પં. કે. ભુજબલી શાસ્ત્રી-વિદ્યાભૂષણ, મૂડબિદ્રી (દક્ષિણ કન્નડ).
૫૫ પં. મદનલાલ જોશી-ભાગવત-ભાસ્કર, શાસ્ત્રી, સાહિત્યરત્ન, મંદસૌર (મ. પ્ર.).
૫૬ સમારોહના અતિથિવિશેષ શ્રી ટી. એસ. ભારદે-બી. એલ્. એલ્. બી., મહારાષ્ટ્ર રાજ્ય વિધાન-સભાના માનનીય સ્પીકર-મુંબઈ.
૫૭ સમારોહના અધ્યક્ષ ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી, સાહિત્ય-સાંખ્ય-યોગાચાર્ય, એમ. એ. (સંસ્કૃત-હિન્દી), પીએચ. ડી., બી. એડ., કાવ્ય-પુરાણ-તીર્થ, સાહિત્યાલંકાર, સાહિત્યરત્ન, દિલ્લી.

**સમર્પણસ્થાન : બીરલા માતુશ્રી સભાગાર, ક્વીન્સ રોડ, મુંબઈ-૧,**

તા. ૧૯-૧૦-૬૯, રવિવાર, સવારના ૯-૦૦

(५)

**शुभेच्छा-सन्देशः**

साहित्योदधिचन्द्रको गणितविद् मन्त्रे च तन्त्रे बुधः,
चित्रे योगकलाऽवधानकुशलो मान्यो हि विद्वद्गणैः ।
वाग्देवीप्रतिपन्नपुत्रसदृशः स्थानेऽत्र सन्मान्यते,
दीर्घायुर्भवतात् सदा विजयतां " धैर्याभिधः पण्डितः" ॥१॥
यो विज्ञो विबुधादिमानितमतिः प्रज्ञाप्रकाशे पटुः,
योग्यान् यो मतिवैभवाद् रचितवान् ग्रन्थान् बहून् सिद्धिदान् ।
धीमान् धैर्यगुणोज्ज्वलो विविधवाग्मन्त्रादिसिद्धौ क्षमः,
दीर्घायुर्भवतात् सदा विजयतां "धैर्याभिधः पण्डितः" ॥२॥

वडौदा

**पं. लालचन्द्र भगवान् गांधी**
( निवृत्त जैन पण्डित, वडौदा राज्य )

(६)

**धीरुभाइने अभिनन्दन**

**धी-विशिष्टो महामन्त्रै- रुपकारं करोति यः ।**
**भाषा-विज्ञान-कुशल इति धीरजलालविद् ॥१॥**
**नेताऽध्येता विधाता च अतिकर्मठ एव च ।**
**भियास्य रोगशोकाश्च नं-दिष्यन्ति न यद्गृहे ॥२॥**
**दयालुर्जिनभक्तश्च नंदनश्च पदे पदे ।**
**ततो धीरुभाईत्यस्य-अभिनन्दनमस्तु नः ॥३॥**

**-पं. छबीलदास के. संघवी**
खम्भात ( गु. )

(७)

शुभेच्छा

श्रीवर्धमानस्य विचारसारः,
सम्पादिता 'धीरशतावधानिना' ।
समूलभाषा-वचनामृतं तद्
भूयात् सदा साधकमार्गदर्शकः ॥

**श्रीबालकोबाजी**

ब्रह्मविद्यामन्दिर, परंधाम आश्रम,
पवनार (वर्धा).

# ગુજરાતી વિભાગ

( ૧ )

"શ્રી ધીરજલાલભાઈની સિદ્ધિઓ માટે ગુજરાત ગૌરવ લઇ શકે એમ છે. મેં ગણિતસિદ્ધિનું સમર્પણ એટલા માટે જ સ્વીકાર્યું કે એ નિમિત્તે હું તેમના પ્રત્યેનો સદ્‌ભાવ વ્યક્ત કરી શકું."

**માનનીય શ્રી મોરારજી દેશાઇ**
ભારતના વડા નાયબ પ્રધાન

( ૨ )

"ગણિતમાં અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે તથા તેને લાગતા સુંદર ગ્રંથો તૈયાર કરવા માટે હું શ્રી ધીરજલાલ શાહને ધન્યવાદ અર્પું છું."

**માનનીય શ્રી હિતેન્દ્ર દેશાઈ**
ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી

( ૩ )

તમારી સાધના અને સાહિત્ય ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ થઈ રહી છે, તેથી અમને સૌને ઘણો આનંદ થાય છે અને તે માટે તમારા પુરુષાર્થને જેટલા અભિનંદન આપું તેટલાં ઓછાં છે.

**પદ્મશ્રી ઇન્દુમતીબેન ચીમનલાલ શેઠ**
**અમદાવાદ**

( ૪ )

"શ્રી ધીરજલાલ શાહના ગણિતસિદ્ધિના પ્રયોગો જોઇને હું ખરેખર ! પ્રભાવિત થયો છું."

**—શ્રી ફત્તેહસિંહરાવ ગાયકવાડ**

( ૫ )

પંડિત શ્રી ધીરજલાલ શાહનો કાર્યક્રમ મેં જોયો છે. તે આશ્ચર્ય અને આદર ઉત્પન્ન કરે એવો છે.

**શ્રી બાબુભાઇ જ. પટેલ**
મંત્રીશ્રી જાહેર બાંધકામ, વિદ્યુત અને
નાગરિક પુરવઠો—ગુજરાત રાજ્ય

(૬)

"તમારી અદ્‌ભુત ધારણાશક્તિનો જ નહિ પણ તેમાંથી લોકોને મનોરંજન પણ સંસ્કારી રીતે મળી રહે તેવી તમારી કલાત્મક રજુઆત માટે ખરા હૃદયના અભિનંદન પાઠવું છું."

**શ્રી અમૃતલાલ યાજ્ઞિક**
પ્રિન્સીપાલ, મીઠીબાઇ કોલેજ ઓફ આર્ટ્સ
વિલેપાર્લે, મુંબઇ

(૭)

"ગણિતની જે સિદ્ધિ તમે મેળવી છે, તે વિરલ અને આશ્ચર્યકારક છે, અને એ સિદ્ધિના પ્રયોગો તમે આજન્મ કલાકારની કુશળતાપૂર્વક, વિવિધ અને રોચક રીતે રજૂ કરો છો. આવી અદ્‌ભુત સિદ્ધિ માટે હું તમને અન્તઃકરણપૂર્વક અભિનન્દન આપું છું. તમારી આ સિદ્ધિ માત્ર ગુજરાતમાં કે ભારતમાં જ નહિ, પણ વિદેશોમાં પણ તમને ગૌરવપ્રદ બનો!"

**પ્રા. શ્રી. મનસુખલાલ ઝવેરી**

(૮)

"આપના પ્રયોગોનો કાર્યક્રમ જોઈ અદ્‌ભુત આનંદ થયો હતો. અમે બધા મિત્રો એ વિશે 'અદ્‌ભુત' એ એક જ વિશેષણ વાપરી શકતા હતા. ગણિત ઉપરનું આપનું પ્રભુત્વ અને લોકોને ચમત્કારમય બનાવી દેવાની આપની આવડતથી ખરેખર મુગ્ધ બન્યો છું."

**શ્રી ગુલાબદાસ બ્રોકર**
સુપ્રસિદ્ધ લેખક અને સાહિત્યકાર

(૯)

"વિદ્યા અને વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં આપની અદ્‌ભુત સિદ્ધિઓ સાથે આપનું વિનમ્ર અને સંસ્કારી વ્યક્તિત્વ સુવર્ણમાં સુવાસ પ્રસરાવે છે."

**શ્રી વિષ્ણુકુમાર પંડયા**
બ્રીટીશ ઇન્ફરમેશન સર્વિસીઝના તંત્રી, ગુજરાત વિભાગ

(૧૦)

તા. ૨૯–૯–૬૮ ના રોજ તમોએ ગણિતસિદ્ધિ તથા સ્મરણ–શક્તિના જે પ્રયોગો રજૂ કર્યા, તે સઘળા મને રસિક તથા નવાઈ પમાડે એવા જણાયા હતા.

તમે જે વિદ્યા પ્રાપ્ત કરી છે, તેનો ઉત્તરોત્તર વિકાસ થતો રહે એ માટે સમાજે ઉત્તેજન આપવું જોઈએ, એમ મારું નમ્ર માનવું છે.

**મીનુ દેસાઇ**
તંત્રીશ્રી મુંબઇ સમાચાર

(૧૧)

શ્રી શાહ દ્વારા ભારતીય સંસ્કૃતિનો પ્રસાર તેના ગૌરવસહ સેંકડો વર્ષ સુધી થતો રહે, એ જ ઇશ્વરને પ્રાર્થના છે.

ડૉ. બ્રહ્મમિત્ર અવસ્થી
એમ. એ. પીએચ. ડી.
સાંખ્ય-યોગાચાર્ય

ઇન્દુ પ્રકાશન,
રૂપનગર, દિલ્હી-૭

(૧૨)

પરમ પિતા પરમાત્માને પ્રાર્થના છે કે તેઓ શ્રી ધીરજલાલ શાહને દીર્ઘાયુ તથા ઉત્તમ સ્વાસ્થ્ય આપે, જેથી તેઓ ભારતવર્ષમાં સદાચાર અને સત્સાહિત્યના પ્રચારમાં અધિકથી અધિક ફાળો આપી શકે.

ડૉ. રામપ્રતાપ
વેદાલંકાર, એમ. એ., પીએચ. ડી.
જમ્મુ-કાશ્મીર વિદ્યાલય

૧૭૩, રઘુનાથ પુરા
જમ્મૂ તવી.
(કાશ્મીર)

(૧૩)

ભારતના અતીતકાલીન ચમત્કારપૂર્ણ અધ્યાયના શ્રી ગણેશમાં શતાવધાની પં. શ્રી ધીરજલાલ શાહનો ફાળો અવશ્ય છે.

પં. મદનલાલ જોશી
શાસ્ત્રી, સાહિત્યરત્ન

નવાગંજ, જનકપુરા
મંદસૌર

(૧૪)

શ્રી ધીરજલાલ શાહની સાહિત્યસેવાએ મને ઘણી પ્રેરણા આપી છે અને તેથી પ્રભાવિત થઈને માતા શારદાની એક ધાતુમૂર્તિ ભેટ સ્વરૂપ મોકલી રહ્યો છું.

મિત્રનાથ યોગી
ન્યાય-સાંખ્ય-યોગાચાર્ય

શ્રી ગોરક્ષમંદિર મૃગસ્થલી
ખટમંડૂ, નેપાલ.

(૧૫)

માનનીય શાહજીએ પોતાની ઓજસ્વિની લેખની વડે જૈન સાહિત્યના વિભિન્ન ક્ષેત્રોની નોંધપાત્ર સેવા કરી છે. તેઓ પરમ જૈન, વિદ્વાન, સજ્જન, સુસંસ્કૃત અને મધુર સ્વભાવવાળા પુરુષ છે.

પૃથ્વીરાજ જૈન એમ. એ.
શાસ્ત્રી અને સંપાદક
વિજયાનન્દ.

આત્માનંદ જૈન મહાસભા
અંબાલા શહેર
હરિયાણા.

(૧૬)

નિશ્ચિતરૂપથી શ્રી ધીરજલાલ શાહની રચનાઓ ભારતીય સાહિત્યની અમર અનામત સિદ્ધ થશે. સરલ ભાષામાં તેમનું સાહિત્ય ઘણું લોકપ્રિય થયું છે. શ્રી શાહ

પોતાની બહુમુખી પ્રતિભા તથા વિદ્વત્તાથી મા ભારતીની અધિકાધિક શ્રીવૃદ્ધિમાં સફલ થાઓ, એ જ મંગલ કામના.

મંત્રી રાજસ્થાન સંસ્કૃત વિદ્યાપીઠ, ભીલવાડા (રાજસ્થાન)

**પં. શિવકુમાર ત્રિવેદી** એમ. એ. સાહિત્યરત્ન, સંપાદક 'લોકજીવન'

(૧૭)

શ્રી ધીરજલાલ શાહ આપણા સમાજના રત્નશિરોમણિ છે. સાહિત્યના ક્ષેત્રમાં એમણે જે સર્જન કર્યું છે, તે સેંકડો વર્ષ સુધી લોકોને પ્રેરણા આપતું રહેશે.

હિન્દી સાહિત્યમંદિર બ્રહ્મપુરી; અજમેર.

**જિતમલ-લુણિયા**

(૧૮)

એમાં સંદેહ નથી કે શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહની સાહિત્યસાધના પોતાના ઢંગની અનેરી છે.

કલકત્તા

**શ્રી ચન્દ રામપુરિયા**

(૧૯)

વિદ્યાવારિધિ તપઃપૂત શ્રી ધીરજલાલભાઈના દૃઢ સંકલ્પે જ્ઞાન-વિજ્ઞાનના અનેકવિધ ક્ષેત્રોને પ્રકાશવંત કર્યાં છે.

૪, મીર બહાર ઘાટ સ્ટ્રીટ, કલકત્તા-૭

**તાજમલ બોથરા**

(૨૦)

શ્રી ધીરજલાલ ભાઈની સાહિત્ય સાધના અતિ વિસ્તૃત તથા સ્પૃહણીય છે.

**ડૉ. મદનલાલ** આચાર્ય એમ. એ. પીએચ. ડી.
શ્રી લાલબહાદુરશાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ, દિલ્લી-૭

(૨૧)

" શતાવધાની શ્રી ધીરજલાલ શાહે પંદર વર્ષની ઉંમરથી માંડીને આજ સુધી શ્રી સરસ્વતી દેવીની અનન્ય ભાવે ઉપાસના કરી છે. તેમના હાથે ભારતવર્ષના અનેક ધાર્મિક નરનારીઓ તથા રાષ્ટ્રનેતાઓનાં જીવનચરિત્રો લખાયાં છે, અનેક સૌંદર્યસ્થાનોના પરિચય આલેખાયા છે અને સામાજિક તથા ધાર્મિક પરિસ્થિતિની સુધારણા અંગે પણ સંખ્યાબંધ લેખો લખાયા છે. તે ઉપરાંત તેમની કલમમાંથી કેટલાંક કલામંડિત કાવ્યો પણ ઝર્યાં છે અને ગણિત, મનોવિજ્ઞાન તથા આધ્યાત્મિક ક્ષેત્રને પણ તેમની કલમની વિરલ પ્રસાદી મળી છે. ઓગણપચાસ વર્ષની ઉંમરમાં તેમના હાથે નાનાં મોટાં ૨૭૪

જેટલાં પુસ્તકો લખાઈને પ્રસિદ્ધિ પામ્યાં છે અને તેની ૧૫ લાખ જેટલી નકલોનો પ્રચાર થયો છે, એ સાહિત્યનાં ક્ષેત્રમાં જેવી તેવી સિદ્ધિ નથી.

સરસ્વતીની ઉપાસના કરનારને સુંવાળી સેજમાં સુવાનું હોતું નથી. એ માગે છે સતત પરિશ્રમ, અદમ્ય ઉત્સાહ અને અપૂર્વ સહનશીલતા. શ્રી ધીરજલાલ શાહમાં આ ત્રણેય ગુણોનો પ્રારંભથી જ વિકાસ થયેલો હોવાથી તેઓ સાહિત્યના ખરબચડા ક્ષેત્રમાં છેવટ સુધી ટકી શકયા અને આટલા વિશાળ સાહિત્યનું સર્જન કરવાને ભાગ્યશાળી બન્યા. આજના અનેક લેખકોને તેમનું જીવન માર્ગદર્શનરૂપ છે. ”

—**પ્રજાતંત્ર-મુંબઇ** તા. ૨-૨-૫૫

( ૨૨ )

શ્રી ધીરજલાલભાઇની સાહિત્ય સેવા જેટલી વિપુલ છે, તેટલીજ વૈવિધ્યભરી છે. જીવનચરિત્રો, પ્રવાસવર્ણનો, કથાઓ, કાવ્યો, વિવેચનો, શિલ્પ, સ્થાપત્ય, ધર્મ, તત્ત્વજ્ઞાન, અવધાન, યોગ, મંત્ર અનેક વિષયોને તેમનાં સાહિત્યસર્જને આવરી લીધા છે. તેમની વિદ્વત્તા અનેકમુખી છે અને પ્રતિભા સર્વતોમુખી છે. વિદ્વાનો, તત્ત્વજ્ઞો, સામાન્ય ભણેલાઓ, સ્ત્રીઓ અને બાળકો સૌને સુરુચિપૂર્ણ વાચન મળે તેવી મૌલિક અને કથા સાહિત્યમાંથી ઉદ્ધૃત કરેલી સરળ અને રોચક શૈલિની કૃતિઓ તેમણે સમાજને આપી છે. તેમની લેખનશૈલી સાદી, મનોહર, પ્રાસાદિક અને સરિતાના વહેતા પ્રશાન્ત જળપ્રવાહ જેવી નિર્મળ છે. વિચારો વ્યક્ત કરવાની તેમની આવડત અનોખી છે. તેમનાં લખાણોમાં સૂક્ષ્મ સૌંદર્યદષ્ટિ, વિશદ વર્ણનશક્તિ અને ગદ્યમાં પણ સ્થળે સ્થળે કાવ્ય-મમતાનાં દર્શન થાય છે. ગુજરાતી સાહિત્યના ઉચ્ચ કક્ષાના લેખકોમાં તેમણે માનવંતુ સ્થાન પ્રાપ્ત કરેલું છે.

જુલાઇ ૧૯૫૭ — સ્વ. **નાગકુમાર મકાતી**
વડોદરા. — બી. એ. એલ્ એલ્. બી.

( ૨૩ )

“ રા. રા. ભાઇ શ્રી ધીરજલાલ ટો. શાહે પોતાના જીવનમાં સંખ્યાબંધ સાહિત્યિક ગ્રંથોની રચના કરી છે. અવધાનના ક્ષેત્રમાં તેમણે આગવો વિકાસ સાધ્યો છે. ગણિતના ક્ષેત્રમાં તેમનું અર્પણ યશસ્વી છે. મંત્ર-તંત્રના વિષયમાં પણ વિશિષ્ટ કહી શકાય તેવી તેમણે સાધના કરી છે. અને તેમણે બીજા પત્રકારિત્વ આદિનાં ક્ષેત્રો પણ ખેડેલાં છે. આ રીતે એમની આપણને ઘણી મોટી દેન છે. ”

આગમપ્રભાકર **પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ.**

( ૨૪ )

માનવીના મનને તથા તેની બુદ્ધિને ખીલવવામાં આવે, તેની સુષુપ્ત આધ્યાત્મિક શક્તિઓને જગાડવામાં આવે તો તે કેવા ચમત્કારો સર્જી શકે છે ? સતત જ્ઞાનોપાસના,

આત્મવિશ્વાસ, કાર્યનિષ્ઠા અને અપ્રમત્ત ભાવનો પુરુષાર્થ આ ચાર ગુણો, અનેક વિટંબનાઓથી વીંટળાએલા એક ગૃહસ્થાશ્રમ–સેવી વ્યક્તિ પાસે પણ કેવી શ્રુતોપાસના અને ચલણી નાણાં જેવા ઉપયોગી વિષયોના વિવિધ સાહિત્યનું સર્જન કરાવી, કેવો લોકોપકાર કરી શકે છે? એનું ઉદાત્ત ઉદાહરણ શ્રીયુત શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહે પૂરું પાડ્યું છે.

કલમના ખોળે માથું મૂકીને ઉછરેલા આ કલમજીવીએ હમણાં જે સાહિત્ય આપ્યું છે તે, અને તાજેતરના વરસોમાં ગણિતવિદ્યાના નવ નવા પ્રસંગો દ્વારા અભિનવ પ્રસ્થાનો કરી માનવમનની ખૂબીઓનું જે દર્શન કરાવ્યું છે તે, અનોખું અને અદ્ભુત છે.

**મુનિશ્રી યશોવિજયજી**

( ૨૫ )

પંડિત શ્રી ધીરજલાલભાઈએ મેળવેલ સિદ્ધિઓ અપૂર્વ છે અને તે માટે દેશ ગૌરવ લઈ શકે તેમ છે.

**શ્રી ગોરધનદાસ ચોખાવાલા**
ગુજરાત રાજ્યના શિક્ષણ અને
નગરપાલિકાઓના મંત્રી

( ૨૬ )

પંડિતપ્રકાંડ ધીરજલાલભાઈને સાદર અંજલિ અર્પું છું અને એમની આધ્યાત્મિક ઉપાસના અખંડ રહે, એવું ચિરાયુષ અને સ્વાસ્થ્ય ઇચ્છું છું.

**શ્રી રામપ્રસાદ બક્ષી**
શાંતાક્રુઝ

( ૨૭ )

શ્રી ધીરજલાલભાઈએ સાહિત્ય, ધર્મ, મંત્રશાસ્ત્ર આદિ ક્ષેત્રોમાં ઘણાં વર્ષો થયાં કિંમતી સેવા બજાવી છે. મારા તેઓ એક જુના મિત્ર છે. તેઓ આરોગ્યમય દીર્ઘાયુ ભોગવે તથા પોતાના પ્રિય વિષયોની અધિકાધિક સેવા કરે, એવી શુભેચ્છા.

**શ્રી ભોગીલાલ જ. સાંડેસરા**
૯–૧૦–૬૯ નિયામક–પ્રાચ્યવિદ્યામન્દિર, વડોદરા

( ૨૮ )

વિદ્યાવિહારના સૌથી પ્રથમ અંતેવાસીઓ પૈકીના એક તરીકે શ્રી ધીરજલાલભાઈ વિદ્યાવિકાસમાં સૌ માટે અખૂટ પ્રેરણા રૂપ બન્યા છે. તેમની સિદ્ધિઓ ઉગતી પેઢીઓ માટે ઘણી પ્રેરણારૂપ બની છે. એ દિશામાં તેમની પ્રગતિ વધતી જ રહો અને જ્ઞાન

તથા સંશોધનને ક્ષેત્રે એમનું પ્રદાન અત્યંત ઉજ્જ્વલ અને ચિરંજીવ બનો, એવી અમારા સૌની શુભેચ્છા.

**શ્રી ઝીણાભાઇ દેશાઈ (સ્નેહરશ્મિ)**
નિયામક શેઠ ચી. ન. વિદ્યાવિહાર
અમદાવાદ

( ૨૯ )

ગુજરાતી ભાષામાં મંત્રશાસ્ત્ર પરના આધારભૂત ગ્રંથોની ઘણી જ ખોટ હતી. પં. શ્રી ધીરજલાલભાઈએ 'મંત્રવિજ્ઞાન' 'મંત્રચિંતામણિ' અને 'મંત્રદિવાકર' થી આ ખોટ પૂરી છે. આ રીતે તેમણે કરેલી સાહિત્યસેવા માટે તેઓ સૌ કોઈના અભિનંદનના અધિકારી છે.

**પ્રા.વી. એમ. શાહ એમ. એ.**
અમદાવાદ.

( ૩૦ )

પંડિત શ્રી ધીરજલાલભાઇ ગુજરાતના એક આગળ પડતા સાહિત્યકાર અને કલાકાર છે. તેમણે પોતાનું સારુંયે જીવન કલાને, વિદ્યાને ક્ષેત્રે સમર્પિત કર્યું છે. જુદાં જુદાં ક્ષેત્રો આવરી લેતાં તેમણે લગભગ સાડા ત્રણસો પુસ્તકો લખી સાહિત્યની સારી એવી સેવા કરી છે. અને તેમાં મંત્રસાહિત્ય લખી મંત્રના ક્ષેત્રમાં આગવું એવું સંશોધન કરી સહુના માનના અધિકારી બન્યા છે.

**શ્રી માણેકલાલ કે. બગડીયા**
પ્રીન્સીપાલ; કન્યાવિદ્યાલય
પાલીતાણા

( ૩૧ )

પંડિત શ્રી ધીરજલાલભાઈએ સ્વતંત્ર મૌલિક ધાર્મિક આધ્યાત્મિક–સાહિત્યનું સર્જન કર્યું છે, જે વિદ્યાપીઠોમાં લખાતા ડોકટરેટ માટેના નિબંધો કરતાં નવિન દૃષ્ટિથી અને હાલના યુગને અનુકૂળ વિચારશ્રેણીથી લખાયેલું છે, તે માટે અમારાં હાર્દિક અભિનંદન.

**શ્રી નટવરલાલ જી. શાહ**
એડવોકેટ, અમદાવાદ

( ૩૨ )

તા. ૧–૩–૬૮ને શુક્રવારના રોજ સુરતના રંગભવનમાં આપશ્રીએ ગણિતસિદ્ધિ અને અવધાનના પ્રયોગોનો જે કાર્યક્રમ રજૂ કર્યો હતો, તે કાર્યક્રમથી સુરતની જનતા ખૂબ પ્રભાવિત થઈ છે. આપશ્રીના કાર્યક્રમ અંગે સુરતના દૈનિકપત્રોમાં સારી એવી પ્રસિદ્ધિ થઇ છે અને તેમણે આપશ્રીના કાર્યક્રમને આવકાર્યો છે. આ કાર્યક્રમ નિમિત્તે આપશ્રીએ જે જહેમત ઉઠાવી અને ભાવિ પ્રજામાં સંસ્કારના બીજ રોપવાનો જે પ્રયત્ન



શ્રી ધીરજલાલ શાહના પુત્ર નરેન્દ્રકુમાર તથા તેમના ધર્મપત્ની
અ. સૌ. રંજનબાલા.



શ્રી ધીરજલાલ શાહની ત્રણ પુત્રીઓ સ્વસ્તિકની રંગોળી પૂરી રહી છે. ડાબી બાજુથી : (૧) ભારતી (૩), (૨) સુલોચના (૧) તથા (૩) રશ્મિકા (૨).

## સહકાર્યકર્તાઓ



શ્રી જયંત એમ. શાહ
એફ. સી. એ.



ડૉ. રમણલાલ સી. શાહ
એમ. એ., પીએચ. ડી.



શ્રી સુંદરલાલ એસ. ઝવેરી



પ્રા કુમારપાળ દેસાઈ એમ.એ.

કર્યો તે બદલ સમિતિના સભ્યો અંતઃકરણપૂર્વક આપશ્રીનો આભાર માને છે.

મહાનગરપાલિકા કચેરી
મુગલસરા, સુરત
તા. ૫-૩-૬૯

**જયંતિલાલ ઠા. પટેલ**
મંત્રી
ગણિતસિદ્ધિ અને અવધાન
પ્રબંધક સમિતિ

( ૩૩ )

**મેરે લહુકા જોશ ખબર દે રહા હૈ ખુદ !**
**સૈયાદ કહાં છુપાતા હૈ ફેસ્લે બહારકો !**

**વિદ્યા એ કલા છે.**
**વિજ્ઞાન એ કરામત છે.**

ગમે તેવી મામુલી વિદ્યાને જ્યારે વિજ્ઞાનનો સ્પર્શ થાય છે, ત્યારે એ ઇલ્મ બની જાય છે. ઇલ્મ શબ્દ આજે જરાક અપરિચિત લાગે છે, સંસારનું એક આશ્ચર્ય બની જાય છે, એમ કહેવું ઉચિત થશે.

આવાં જ્ઞાન-વિજ્ઞાનનાં આશ્ચર્યોની એક મંજુષા લઇને, એક દહાડો ગુજરાતના પનોતા પુત્ર શ્રી કે. લાલ અમદાવાદને આંગણે આવ્યા હતા.

અમદાવાદ-ગુજરાતે ડાહ્યા દીકરાઓને દેશાવર ખેડવા આપ્યા છે. લાંબા દેશાવરેથી નહિ, પણ કલકત્તા, સિંધ, હૈદરાબાદ ને ભારતના બીજા પ્રાંતોમાં પર્યટન કરીને ગુજરાતના એક બીજા લાડીલા પુત્ર આજ આપણે આંગણે આવ્યા છે.

એ વિદ્વાન પુત્રનું નામ છે શ્રી ધીરજલાલ શાહ. એ પોતાની સાથે અંકવિદ્યાની અદ્ભુત કરામતો લાવ્યા છે. **શતાવધાની** એમની પદવી છે, **ગણિતદિનમણિ** એમનું બિરુદ છે, જનતાના એ આદમી છે, ને જનતાએ હૈયાના ઉમળકાથી એ બિરૂદોની નવાજેશ કરી છે.

કે. લાલ પાસે વસ્તુનું મેજીક હતું.

શ્રી. શાહ પાસે મેથે-મેજીક છે, આંકડાના આશ્ચર્યો છે. ભારતવર્ષમાં આ પ્રકારના અંકશાસ્ત્રનાં આશ્ચર્યો બતાવનાર ગણ્યાગાંઠયા કલાકારોમાં તેમનું નામ છે, અને બહુ ઊંચું નામ છે !

૧૩-૧૦-૬૬ **-જયભિક્ખુ**

( ૩૩ )

અથાક કાર્યશક્તિ, મન ચાહે તે વિષયને ગ્રહણ કરવાની બુદ્ધિશક્તિ અને અસાધારણ વ્યવસ્થાશક્તિ આ ત્રણ શક્તિઓના બળે શ્રી ધીરજલાલ ટોકરશી શાહ અત્યારે એકસઠ વર્ષની ઉંમરે પણ દરરોજ કલાકોના કલાકો સુધી એકાગ્રતાપૂર્વક કામ કરી શકે છે.

એમનું જીવન સાદાઇ અને સંયમને વરેલું છે. બહુજ ઓછી એમની જરૂરિયાતો

છે, અને જીવનની ટેવો નિર્દોષ અને સાત્ત્વિક છે. મુશ્કેલીઓમાંથી તેઓ સહજ રીતે માર્ગ કાઢી શકે છે અને કોઇ પણ કામને સફળતાપૂર્વક પાર કેમ પાડવું એની સૂઝ, કુનેહ અને આવડતની ભેટ એમને ઊછરતી વયમાંથી જ મળી છે.

તેઓએ જીવનચરિત્રો, વાર્તાઓ, સાહસકથાઓ ઉપરાંત ધાર્મિક-સામાજિક પુસ્તકો લખીને તથા ગણિત જેવા વૈજ્ઞાનિક વિષય ઉપર પોતાની કલમ અજમાવીને તેમજ વર્તમાનપત્ર પ્રગટ કરીને એક પંડિત તથા નામાંકિત લેખક તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. એમણે ચિત્રો પણ દોર્યાં છે, અને કવિતા પણ રચી છે. વળી માનસિક ચિકિત્સક તરીકે તેમજ વૈદ્ય તરીકે પણ કામગીરી બજાવી જાણી છે. અને શતાવધાની તરીકે તો પોતે શતાવધાનના સફળ પ્રયોગો કરવા ઉપરાંત બીજાઓને એ વિદ્યાનું માર્ગદર્શન આપીને એમનું શિક્ષકપદ પણ શોભાવ્યું છે. આમ ઊગતી ઉંમરથી જ તેઓ એક પ્રયોગવીર વ્યક્તિ તરીકે જીવનનાં અને ખાસ કરીને વિદ્યા અને કળાનાં અનેક ક્ષેત્રો ખેડતાં જ રહ્યા છે, અને હજી પણ બીજા ક્ષેત્રોમાં સાહસ કરવા પ્રેરાય એવું એમનું ખમીર અને હીર છે. એમ કહેવું જોઇએ કે પોતાના જીવન અને કાર્ય દ્વારા એમણે પોતાના વતન સૌરાષ્ટ્ર—ઝાલાવાડનું તેમજ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

તા—૨૨—૧૦—૬૬ —જૈન સપ્તાહિક

ભાવનગર

( ૩૪ )

શતાવધાની પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહનું નામ પ્રાયઃ ગુજરાતી તથા જૈન બધા લોકો જાણે છે. તેઓ એક કર્મઠ કાર્યકર્તા છે અને લગભગ ૪૫ વર્ષથી સરસ્વતીની અખંડ ઉપાસના કરતા આવ્યા છે. તેમણે ચિત્રકાર, લેખક અને કાવ્યશક્તિની અદ્ભુત પ્રતિભા પ્રાપ્ત કરી છે, જે એકી સાથે તો કોઇ વિરલ વ્યક્તિમાં જ જોવામાં આવે છે. તેમણે પોતાનું જીવન સ્વાશ્રયથી ઘડયું છે, અને વિભિન્ન સાહિત્ય અને જ્ઞાનગંગાની ધારાઓમાં મગ્ન બનીને પારગામી થયા છે. એક સફલ કલાકાર તથા સંપાદકત્વના બલ પર તેમણે 'સાહિત્યવારિધિ' ઉપાધિ તથા સુવર્ણ—ચંદ્રકો તો પ્રાપ્ત કર્યા જ છે, પણ પોતાની સ્મરણશક્તિનો અદ્ભુત ચમત્કાર પ્રદર્શિત કરીને ભારતીય જનતાને આશ્ચર્ય મુગ્ધ કરી દીધી છે. આ વિદ્યાના તેઓ ગુરુ ગણાય છે. તેમણે અનેક સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોને અવધાનપ્રયોગો શીખવીને નિષ્ણાત બનાવ્યા છે.

કલકત્તા

અગરચંદ નાહટા તથા
ભંવરલાલ નાહટા

# અંગ્રેજી વિભાગ

## APPRECIATIONS

[ 1 ]

### India is Proud of Him

Your wonderful control over your memory and your amazing great talents are the subjects of pride for India.

**Sir Philip Chetwood**
Ex. Commander-in-Chief
of India

12th December,
1934.

[ 2 ]

### Complete Satisfaction and all Success.

Having presided over a public demonstration which Prof. Dhirajlal T. Shah gave of his memory feats on Sunday the 16th April, I have pleasure in certifying that the 100 items of memory feats which were on the programme were gone through by Prof. Shah to the complete satisfaction of the audience. The general opinion at the end of the day's proceedings was that Prof. Shah had fulfilled the best expectation of the audience that morning.

I wish Prof. Shah all success.

**Purushottamdas Thakurdas**

Bombay,
26th April, 1939.

[ 3 ]

### Much Impressed by the Powers of Memory and Mind

This is to certify that I was much impressed with the exhibition of the powers of memory and mind which Prof. Dhirajlal T. Shah displayed as a SHATAVADHANI at the very successful public performance given by him at the Sir Cowasji Jehangir Hall, Bombay, on the 10th January, 1942. over which I presided.

**Pranlal Devkaran Nanjee**

Bombay,
16th January, 1942.

[4]

## Amazed and Hearty Congratulations

I witnessed your Shatavadhan demonstration at Sir Cowasji Jehangir Hall on the 10th instant They were much amazing. I had never seen such demonstration. Your memory powers and your mathematical calculations were most astonishing.

I heartily congratulate you for the developments of your talents.

Bombay,
16th January 1942.

**Manilal B. Nanavati**
Deputy Governor of the
Reserve Bank of India.

[5]

## Exceptional Powers, Fascinating Feats, Excellent Treat & Marvellous Accurcy.

This is to certify that Mr. Dhirajlal Tokershi Shah possesses exceptional powers of concentration, of attaention, and can show fascinating feats of memory in public before audiences interested in such feats. He gave an excellent treat to a meeting under the auspices of the Baroda Sahitya Sabha on 8-8-1934. He could reproduce with marvellous accuracy sentences of which disconnected portions were given to him while arithmetical figures also were being so given, and while he was listening to a story in a similar way, and attending to names of birds mentioned to him and words from languages like Sanskrit and French, and minding several other items to be remembered in a similar way. Such things mentioned to him in any awkward, disorderly way one after the other were in the end reproduced before the audience in the proper order, while his attention had interruptions in story-telling and story-listening in the middle.

I attended to feats of memory performed by different men on different occasions, but I was never so well impressad on previous occasions as I was on this occasion when I saw Mr. Shah's feats. Mr. Shah deserves recognition and encouragement by all who feel interested in the Avadhan Prayogas (Feats of memory and concentration).

**A. K. Trivedi**
Professor of Philosophy, Baroda
College, and President—Baroda
Sahitya Sabha-Baroda.

Baroda,
7-12-1934

[6]

## A Symbol of Human Efforts.

The belief that a man's powers are endowed by nature only is not correct. A man can develop his powers by his own efforts. Shri Dhirajlal Shah has proved that fact. He has developed his powers to such an extent that he can remember 100 things at a time. Shri Dhirajlal Shah should be considered a symbol of human-efforts. Everybody should admire his perseverence, industriousness and capabilities.

Bombay, **Amratlal Sheth**
13-1-1942. Editor : Janmabhoomi.

[7]

## Unimaginable & Marvellous powers

I very well remember your AVADHAN PRAYOGAS performed at Ghatakopar. I have been greatly impressed by your powers, calmness modesty and humbleness. What unimaginable and marvellous powers a man can possess have been very well demonstrated by your Prayogas. I wish you greater and greater success.

Bombay **Jamnadas Mehta**
19-1-1937. Mayor of Bombay

[8]

## A Worthy Son of India

We had the pleasure of attending two meetings in Calcutta in which wonderful powers of mental retention and reproduction were exhibited by the Shatavadhani Pandit Shri Dhirajlal Tokershi Shah of Bombay. In our ancient Yoga Shastras, we came across accounts of Super-ordinary attainments of mental powers, from Pandit Dhirajlal, we had an actual demonstration of some of these...........................
.......................The above demonstrations of the Pandit show how limited is the scope of the present day empirical psychology and how a vast region of mental capacities lies unexplored beyond the ken of the modern psychologists.

We wish a long and happy life to the Pandit who is really a worthy son of India.

Calcutta, **Harisatya Bhattacharya**
27-3-1955. M A.,B.L.,Ph.D.

[9]

**Marvellous Feats & Faultless Accuracy**

I had great pleasure to know Shri Dhirajlal Tokershi Shah of Bombay who demonstrated before me his marvellous feats of keeping in mind a number of boys working with complicated mathematical problems and state on spot the results of each with faultless accuracy. He is a giant in retaining in fixed memory a number of problems simultaneously. His natural gift in naming articles by mere touch is really deserving high credit. I pray a day may dawn when his talent is made known to many parts of the world.

Baroda,
20-12-1949.

**T. G. Gajjar**
Handwriting Expert,
C.I.D.B.P. Poona

[10]

**Spell-Bound the Audience by Unique and Admirable Proficiency.**

Under the auspices of the Jain Sangh of Vijapur, Mr. Dhirajlal T. Shah of Ahmedabad performed one hundred feats of memory commonly known as Shatavadhan. He held the audience spell bound for four hours...He is a man of versatile activities. ...He took to this branch of the science very recently. However his proficiency in the subject is unique and admirable...... This science of Avadhan is very old though its scholars are very rare It is one of the several glories of ancient India; though it is less known to the west.

I wish in him, a master of Sahasravadhan and win laurels in India and abroad.

**Ramchandra J. Amin**
29-9-1935. B.A (Hon.),LL.B ,M.L.C (Baroda)

[11]

**Attractive and Excellent**

Under the orders of His Highness the Maharaja Saheb, I have pleasure in saying that Mr. Dhirajlal Tokershi Shah, Avadhankar had given performances of Avadhan before His Highness the Maharaja Saheb, Officers of the State, prominent guests and citizens of Dharampur. Amongst the items of the programme, the talent of saying

multiplied figures by means of mathematical calculations was attractive. Besides these, there were several other items such as telling of exact birthdate, origin of panchdhatu, composing of prosody were equally excellent. His Highness the Maharaja Saheb and the audience were much pleased by his performance. On the whole Mr. Shah seems to be well-versed in his art and deserves all encouragement.

Dharampur
22-1-1935.

**Bhogilal J. Mody**
Personal Assistant to
H. H. Maharaja Saheb
of Dharampur State.

[ 12 ]

**Extremely Interesting & Admirable.**

The performance of "Shatavadhan" you have given on the 26th of last month was extremely interesting to me as well as to all present. I may say that you have considerably trained to achieve such a stage. I believe the peak of the varied programme was when you repeated at the end the eight sentences in eight different European Languages, though the spelling and meaning were strange to you.

There is every reason to admire.

Bombay,
4-1-1937.

**P. O. Dzuebenski**
Froprietor of the "Showtrust."

[ 13 ]

**Extraordinary Powers Of Memory.**

Shatavadhani Pt. Dhirajlal Tokershi Shah gave a demonstration of his powers at Bidasar on 5th November, 1939, in the presence of a very big audience and surprised us by his extraordinary powers of memory. He could remember correctly the slokas and passages from different places and different languages given to him in different order and he reproduced them in the correct order. Western and Eastern scholars and psychologists may be very interested in his achievements and may get ample materials for research and study.

Calcutta,
18-12-1939.

**Chhogmal Chopda**
Honorary Secretary,
The Jain Swetamber
Terapanthi Sabha.

[ 14 ]

### Completely Baffling and Marvellous.

Professor Shah, the Well-Known Practitioner of mental control, gave a remarkable demonstration of his mental powers to a crowded audience. About three score people asked the Professor a great number of questions on different subjects. His answers to all these were so accurate and exacting as to completely baffle the ordinary mortal. His control and concentration was nothing short of marvellous.

Karachi, **" Karachi Daily "**
23-9-1937.

[ 15 ]

### Audience Held Spell-Bound.

Mr. Dhirajlal T. Shah, a well-known Jain writer and Editor of "Jain Jyoti" of Ahmedabad performed 100 extraordinary feats of memory popularly known in India as "Shatavadhan" before a large public gathering on 29th instant here (i. e., at Bijapur). The whole audience was held spell bound for nearly four hours. High tributes were paid to him by the President of the occasion. A gold medal was awarded to him by the Jain Sangh.

3-10-1934 **" Bombay Chronicle "**

[ 16 ]

### Scholars & Examiners Wonderstruck.

Uuder the Chairmanship of the Editor of "Vishwamitra", Shri Mulchandraji Agraval, the eminent Gujarati Scholar, Shri Dhirajlal Shah, of Bombay gave a performance of Shatavadhan at the local Hall of the Royal Asiatic Society and all the scholars and examiners attending the performance were wonderstruck at the feats of Shatavadhan.

Calcntta, **" Vishwamitra "**
21-3-1955. Calcutta

[ 17 ]

**Great Intellectual & Entertaining Value.**

'I witnessed a psychic demonstration of memory and concentration presented by " Shatavadhani " Pdt. Shri D. T. Shah of Bombay, at the Royal Asiatic Society Hall, Calcutta, on Sunday, the 20th March, 1955, and do hereby certify that the items presented were of a very high order. I take this opportunity of mentioning that his remembering the calender from 1901, remembering and putting in order a sentence in any language of the world and finding and locating a missing article, had great intellectual and entertaining value. May he be given the opportunity of giving similar performances in other places.

Calcutta
3-4-1955.

**Prince Orma**

[ 18 ]

**Our Country Should Be Proud Of Such a Talented Person.**

I had the opportunity of witnessing a very interesting and educative demonstration of outstanding memory test of Shatavadhani Shri Dhirajlal Tokershi Shah of Bombay. Shri Shah is not only a reputed research student of Jainology but he has also an extraordinary developed memory and he demonstrated before learned audience at Asiatic Society of Bengal. His ability of answering large digits of mathematical calculations and other memory tests were really worth noting by all scholars. He also explained the method as to how one can develop his memory to such an extent. Our country should be proud of such a talented person.

I wish him a long and dedicated life for furtherance of the development of the country.

Calcutta.
21-3-1955

**Bijoy Singh Nahar**
General Secretary
West Bengal Pradesh
Congress Committee.

[ 19 ]

**Something Remarkable**

Prof. D. T. Shah popularly known as 'Shatavdhani' performed some memory feats before a meeting held under our auspices on the 13th April 1939. We had heard or read about such remarkable people but Prof Shah's demonstration of memory feats showed us that he was a living example before our eyes. It was something remarkable, which pleased us all. His mental faculties are acute and repeated correctly answers to our questions in French, Sanskrit, Gujrati and English, and even told the correct day of birth date of two of our members. We all wish him every success and he deserves encouragement in his endeavours.

**C. B Shethna** O.B E.,J P.
Hon. Treasurer
The Bombay Presidency Adult Education
Association.

19-4-39

[ 20 ]

**A good deal of community service**

The whole of the programme carried out here, was not only a success on your side, but it has given a valuable credit to the Rotary Club of Godhra. Your lectures arranged at College, high schools and at other places has given a new sight to the people of Godhra and we are greatly satisfied that the Rotary Club of Godhra has rendered a good deal of community service through you.

S. L. **Talati**
President
Rotary Club of Godhra

20-12-67

[ 21 ]

India can boast of men and women with remarkable gifts for listening and remembering 100 items at a time. Shri Dhirajlal Shah obviously belongs to this gifted class of people.

**Bhakt Vatsalam**
Chief Minister of Madras.

[ 22 ]

It gives me pleasure to know it is proposed to honour pandit Dhirajlal Shah, one of the reputed scholars of India and to confer on him the title of 'Saraswati Varada putra' and 'Mantra Manishi'.

**Hon'ble Shri K. C. Reddy**
Governor of Madhya pradesh,
Bhopal.

[ 23 ]

I have known Shatavdhani Pandit Shri Dhirajlal Shah. He deserves congratulations for exploring the heights that India has reached in Mathematics and explaining them to the modern generations.

**Hon'ble Shri K. K. Shah**
Minister for Health, Family Planning etc.
Government of India,
New Delhi.

[ 24 ]

Pandit Dhirajlal Shah is a noted research scholar and gifted literateur. He has rendered valuable services by writing a unique book entitled 'Mantra Divakar' on India's ancient science of Mantra.

**Hon'ble Shri V. P. Naik**
Chief Minister, Maharashtra,
**Bombay.**

[ 25 ]

Pandit Dhirajlal Shah is now well-known not only in Gujrat but also in the other parts of the country as a 'Shatavdhani'. He has a large number of books to his credit on subjects ranging from Mathematics to Philosophy and folklores. His 'Mantra Divakar' is the latest addition to more than 350 publications from his pen and I have no doubt, he will be a worthy successor to the earlier ones.

**Shri K. M. Munshi**
Kulpati, Bharatiya Vidya Bhavan
**Bombay.**

TRIBUTE FROM

## Hon'ble Shri Babubhai J. Patel

**Chief Minister of Gujarat**

I am one of those who have had the privilege of witnessing the marvellous capacity of this great Intellectual giant of Gujarat. His contribution for enrichment of our spiritual life also has been considerable. The numerous publications of Shri Shah are testimony of his enormous capacity, understanding and transmitting to a vast degree. I join you all in felicitating Shri Dhirajlal Shah.

અધ્યાત્મવિશારદ મંત્રમનીષી વિદ્યાભૂષણ શતાવધાની પંડિત

**શ્રી ધીરજલાલ ટોકરશી શાહ વિરચિત મનનીય સાહિત્ય**

[જે હાલ મળી શકે છે.]

| | |
|---|---|
| મંત્રવિજ્ઞાન (બીજી આ.) | ૧૦-૦૦ |
| મંત્રચિંતામણિ (બીજી આ.) | ૧૨-૫૦ |
| મંત્રદિવાકર (બીજી આ.) | ૧૨-૫૦ |
| જપ-ધ્યાન-રહસ્ય | ૧૦-૦૦ |
| આત્મદર્શનની અમોઘ વિદ્યા | ૧૦-૦૦ |
| સંકલ્પસિદ્ધિ યાને ઉન્નતિ સાધવાની અદ્ભુત કલા (બીજી આ.) | ૬-૦૦ |
| ગણિત-ચમત્કાર (ત્રીજી આ.) | ૫-૦૦ |
| ગણિત-રહસ્ય (ત્રીજી આ.) | ૫-૦૦ |
| ગણિત-સિદ્ધિ (બીજી આ.) | ૫-૦૦ |
| **જૈન** | |
| નમસ્કારમંત્રસિદ્ધિ (ત્રીજી આ.) | ૮-૦૦ |
| મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર (બીજી આ.) | ૧૦-૦૦ |
| હ્રીઁકારકલ્પતરુ | ૭-૫૦ |
| શ્રી પાર્શ્વ-પદ્માવતી આરાધના (બીજી આ.) | ૭-૫૦ |
| જીવવિચારપ્રકાશિકા યાને જૈનધર્મનું પ્રાણીવિજ્ઞાન (બીજી આ.) | ૮-૦૦ |
| નવતત્ત્વદીપિકા યાને જૈન ધર્મનું અદ્ભુત તત્ત્વજ્ઞાન (બીજી આ.) | ૮-૦૦ |

—: પ્રાપ્તિસ્થાન :—

**પ્રજ્ઞા પ્રકાશન મંદિર**

લધાભાઈ ગણપત બીલ્ડીંગ, બીજે માળે, ૧૧૩-૧૫, કેશવજી નાયક રોડ (ચીંચબંદર),
મુંબઈ-૪૦૦૦૦૯.

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ ૩૮૦૦૦૧